॥ ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી કાર્યરત રહો. ॥

# વિવેકાનંદ એકેડમી

## FEBRUARY-2022

# કરન્ટ અફેર્સ




## વિવેકાનંદ એકેડમી


700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

M:9925698721 | 8490927713


ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન “Vivekanand Academy” પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી

DATE : 01-02-2022

1

## . કેન્દ્રીય અંદાજપત્ર (બજેટ) 2022-23 :

**કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા તા. 01 ફેબ્રુઆરી-2022ના રોજ સંસદમાં નાણાકીય વર્ષ 2022-23 માટેનું સામાન્ય અંદાજપત્ર રજૂ કરાયું :**




**નાણાપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા ચોથી વખત બજેટ રજૂ કરાયું**

**મોદી સરકારનું આ 10મું બજેટ**

**બજેટના મહત્વના તથ્યો :**

- ✓ વર્તમાન બજેટનું કુલ કદ:રૂ. 39.45 લાખ કરોડ
- ✓ રાજકોષીય ખાધ જીડીપીના 6.4 ટકા અંદાજવામાં આવી. 2021-22માં સુધારીને 6.9 ટકા એટલે કે 15.07 લાખ કરોડની કરાઇ હતી.જે વર્ષ 2025-26માં GDPનાં 4.5 ટકા રહેવાની ધારણા.
- ✓ ચાલુ નાણાકીય વર્ષમાં 9.27 ટકાનો GDP ગ્રોથ થવાની આશા વ્યક્ત કરી હતી.

**રાજકોષીય વ્યવસ્થાપન :**

- ✓ બજેટ અનુમાન 2021-22 : રૂ. 34.83 લાખ કરોડ
- ✓ સુધારવામાં આવેલું અનુમાન 2021-22 : રૂ. 37.70 લાખ કરોડ
- ✓ વર્ષ 2022-23માં કુલ અનુમાનિત ખર્ચ : રૂ. 39.45 લાખ કરોડ રૂપિયા
- ✓ વર્ષ 2022-23માં ઉધારી સિવાય કુલ પ્રાપ્તિ : રૂ. 22.84 લાખ કરોડ
- ✓ 2022-23માં સરકારને કુલ રૂ. 22.94 લાખ કરોડની આવક થશે.
- ✓ વર્ષ 2022-23ની મહેસૂલી આવક અંદાજ રૂ. 22.04 લાખ કરોડ
- ✓ વર્ષ 2022-23માં રોજકોષીય ખાધ GDPના 6.4 ટકા અનુમાનિત
- ✓ 90-91 મિનિટની બજેટ સ્પીચમાં આર્થિક વિકાસની 25 વર્ષની રૂપરેખા સાથેનો માસ્ટર પ્લાન રજૂ કરાયો હતો.
- ✓ 2022-23નું વર્ષ આંતરરાષ્ટ્રીય દાળ વર્ષ જાહેર કરાયું
- ✓ રાજ્યોને નાણાકીય સહાય માટે સામાન્ય ઋણ ઉપરાંત 50 વર્ષ માટે સામાન્ય લોન ઉપરાંતની રૂ. 1 લાખ કરોડની વ્યાજમુક્ત લોન આપવાની જાહેરાત
- ✓ નાણાકીય વર્ષ તા. 1લી એપ્રિલથી 31 માર્ચ સુધી

₹6,400 કરોડ
આત્મનિર્ભર ભારત રોજગાર યોજના માટે.

₹37,800 કરોડ
૨૦૨૨-૨૩માં નેશનલ હેલ્થ મિશન માટે વધારાઈ

₹ 528 કરોડ
ટેલિકોમ અને નેટવર્કિંગ ઉત્પાદનો માટે.

₹5,300 કરોડ
ઈલેક્ટ્રોનિક અને આઈટી હાર્ડવેર માટે.

₹48,000
કરોડના ખર્ચે પીએમ આવાસ યોજના હેઠળ ૮૦ લાખ મકાનો

₹68,000 કરોડ
કરોડ પીએમ કિસાન યોજના માટે, ૨૦૨૨-૨૩માં ફાળવણી વધારાઈ

₹74,000 કરોડ
કેન્દ્રને RBI, બેન્કો પાસેથી ડિવિડન્ડ મળશે.

₹1,50,000 કરોડ
પોસ્ટ ઓફિસને કોર બેન્કિંગ સિસ્ટમ સાથે જોડાશે.

₹18,00,000 કરોડ
કૃષિ ધિરાણ લક્ષ્યાંક સુધારીને વર્ષ ૨૦૨૨-૨૩ માટે કરાયો.

₹5,00,000 કરોડ
ગેરન્ટી કવચ ઈસીએલજીએસ માટે વધારાયું અને પ્રોગ્રામ માર્ચ ૨૦૨૩ સુધી લંબાવાયો.

₹44,605 કરોડ
કેન બેતવા લિંક પ્રોજેક્ટના અમલથી ૯.૧ લાખ ખેતરોને લાભ મળશે.

₹10,355 કરોડ
ફાળવણી દિલ્હી પોલીસ માટે કરાઈ.

₹6,000 કરોડ
ફાળવણી રેઈઝિંગ એન્ડ એસેલરેટિંગ એમએસએમઈ પરફોર્મન્સ પ્રોગ્રામ.

₹1,629 કરોડ
ફાર્માસ્યુટિકલ માટે.



## બજેટ ૨૦૨૨-૨૩

### ઊડતી નજરે (રૂપિયા કરોડમાં)

| | ૨૦૨૦-૨૧ વાસ્તવિક | ૨૦૨૧-૨૨ બજેટનો અંદાજ | ૨૦૨૧-૨૨ સુધારિત અંદાજ | ૨૦૨૨-૨૩ બજેટ અંદાજ |
|---|---|---|---|---|
| મહેસૂલી આવક | ૧૬૩૩૯૨૦ | ૧૭૮૮૪૨૪ | ૨૦૭૮૯૩૬ | ૨૨૦૪૪૨૨ |
| મૂડીગત આવક | ૧૮૭૫૯૧૬ | ૧૬૯૪૮૧૨ | ૧૬૯૧૦૬૪ | ૧૭૪૦૪૮૭ |
| કુલ આવક | ૩૫૦૯૮૩૬ | ૩૪૮૩૨૩૬ | ૩૭૭૦૦૦૦ | ૩૯૪૪૯૦૯ |
| મહેસૂલી ખાતું | ૩૦૮૩૫૧૯ | ૨૯૨૯૦૦૦ | ૩૧૬૭૨૮૯ | ૩૧૯૪૬૬૩ |
| મૂડીગત ખાતા | ૪૨૬૩૧૭ | ૫૫૪૨૩૬ | ૬૦૨૭૧૧ | ૭૫૦૨૪૬ |
| કુલ ખર્ચ | ૩૫૦૯૮૩૬ | ૩૪૮૩૨૩૬ | ૩૭૭૦૦૦૦ | ૩૯૪૪૯૦૯ |
| મહેસૂલી ખાધ | ૧૪૪૯૫૯૯ | ૧૧૪૦૫૭૬ | ૧૦૮૮૩૫૨ | ૯૯૦૨૪૧ |
| રાજકોષીય ખાધ | ૧૮૧૮૨૯૧ | ૧૫૦૬૮૧૨ | ૧૫૯૧૦૮૯ | ૧૬૬૧૧૯૬ |
| પ્રાથમિક ખાધ | ૧૧૩૮૪૨૨ | ૬૯૭૧૧૧ | ૭૭૭૨૯૮ | ૭૨૦૫૪૫ |




## બજેટમાં વિવિધ ક્ષેત્રોને ફાળવણી

(રકમ કરોડ રૂપિયામાં છે)

| | | | | | |
|---|---|---|---|---|---|
| વ્યાજ માટે 9,40,651 | સંરક્ષણ 3,85,370 | મહત્વની સબસિડી (ખાતર, ખાદ્ય, પેટ્રોલ) 3,17,866 | પેન્શન 2,07,132 | રાજ્યોને ટ્રાન્સફર 3,34,339 | પરીવહન 3,51,851 |
| કૃષિ 1,51,521 | ટેક્સ એડમિનિસ્ટ્રેશન 1,71,677 | ગ્રામીણ વિકાસ 2,06,293 | ગૃહ 2,06,293 | શિક્ષણ 1,04,278 | સ્વાસ્થ્ય 86,606 |
| આઈટી-ટેલિકોમ 79,887 | શહેરી કલ્યાણ 76,549 | સમાજ કલ્યાણ 51,780 | કેન્દ્રશાસિત પ્રદેશો માટે 58,757 | વાણિજ્ય અને ઉદ્યોગ 53,116 | |
| ઊર્જા 49,220 | ફાઈનાન્સ 21,354 | વિજ્ઞાન વિભાગ 30,571 | વિદેશ મંત્રાલય 17,250 | આયોજન-આંકડા વિભાગ 5,720 | |
| પૂર્વોત્તરના વિકાસ માટે 2,800 | અન્ય 1,13,301 | કુલ 39,44,909 | | | |

### બજેટમાં ગ્રોથનાં સાત એન્જિન નક્કી કરાયા

1. પીએમ ગતિશક્તિ
2. સમાવેશી વિકાસ
3. ઉત્પાદકતામાં વધારો
4. સનરાઇઝ ઓપોર્ચ્યુનિટી
5. એનર્જી ટ્રાન્ઝિશન
6. ક્લાઇમેટ એક્શન
7. ઇન્વેસ્ટમેન્ટના ફાઇનાન્સિંગ.

### વર્ષ 2022-23 માટે કરમાળખુ

✓ **વ્યક્તિગત ટેક્સ દરમાં કોઈ બદલાવ નહીં**

| સ્લેબ | વિકલ્પ-૧ | વિકલ્પ-૨ |
|---|---|---|
| ૦-૨.૫ લાખ | કોઈ ટેક્સ નહીં | કોઈ ટેક્સ નહીં |
| ૨.૫ લાખથી ૫ લાખ | પાંચ ટકા | પાંચ ટકા |
| ૫ લાખથી ૭.૫ લાખ | ૧૦ ટકા | ૨૦ ટકા |
| ૭.૫ લાખથી ૧૦ લાખ | ૧૫ ટકા | ૨૦ ટકા |
| ૧૦ લાખથી ૧૨.૫ લાખ | ૨૦ ટકા | ૩૦ ટકા |
| ૧૨.૫ લાખથી ૧૫ લાખ | ૨૫ ટકા | ૩૦ ટકા |
| ૧૫ લાખથી વધુ | ૩૦ ટકા | ૩૦ ટકા |

### ક્ષેત્રો મુજબ બજેટના મહત્વના અંશો :

#### સ્વાસ્થ્ય

- ✓ કોરોનામાં મેન્ટલ હેલ્થ સામે ફોકસ
- ✓ ટેલિમેન્ટલ હેલ્થ પ્રોગ્રામમાં આનાથી મદદ થશે
- ✓ નેશનલ ડિજિટલ હેલ્થ મિશન લોન્ચ થશે
- ✓ રાષ્ટ્રીય ડિજિટલ સ્વાસ્થ્ય ઇકોસિસ્ટમ માટે ખુલ્લો મંચ શરૂ કરવામાં આવશે.
- ✓ ગુણવત્તાપૂર્ણ માનસિક સ્વાસ્થ્ય પરામર્શ અને દેખરેખ સેવાઓ માટે રાષ્ટ્રીય ટેલી માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.
- ✓ 23 ટેલિ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રોનું એક નેટવર્ક સ્થાપવામાં આવશે. તેના નોડલ સેન્ટર નિમ્હાન્સ (NIMHANS) રહેશે અને આંતરરાષ્ટ્રીય ઇન્ફોર્મેશન ટેકનોલોજી સંસ્થા- બેંગલુરુ (IIITB) તેને ટેકનિકલ સહાયતા પૂરી પાડશે..

#### રોજગારી

- ✓ 14 ક્ષેત્રથી શરૂ થયેલી PLI સ્કીમ લંબાશે
- ✓ 60 લાખ નવી નોકરી આપવાનો પ્રયત્ન
- ✓ આગામી 10 વર્ષમાં 30 લાખ નવી નોકરી મળશે

**ડિફેન્સ**

- ✓ મેક ઇન ઇન્ડિયા માટે 68%નું પ્રોવિઝન
- ✓ આયાતના સ્થાને રક્ષા સંસાધનો દેશમાં જ બનશે
- ✓ ગત વર્ષથી 58% વધુ ગૃહ ઉત્પાદન થશે
- ✓ સંરક્ષણ ક્ષેત્રે સંશોધન માટે 25 ટકા બજેટ અને આયાત ઘટાડવામાં આવશે.

**ક્રિપ્ટોકરન્સી**

- ✓ **ક્રિપ્ટોથી થતી કમાણી સામે 30% ટેક્સ**
- ✓ RBI 2023માં જ ડિજિટલ કરન્સી રૂપી લોન્ચ કરશે, આના માટે બ્લોકચેન ટેક્નિક વપરાશે

**GST GDP**

- ✓ ઇકોનોમી 9.2%ના દરથી વધવાનું અનુમાન
- ✓ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વેક્સિનેશન પર ફોકસ
- ✓ GST કલેક્શન પહેલાંથી એક લાખ 40 હજાર કરોડ વધ્યું

**એજ્યુકેશન**

- ✓ એક ક્લાસ- એક ટીવી ચેનલ 12થી વધી 200 ચેનલ
- ✓ બિઝનેસ સ્ટડી માટે ડિજિટલ યુનિવર્સિટી બનશે
- ✓ 2 લાખ આંગણવાડીમાં સોલર એનર્જીનો વપરાશ થશે

**રેલવે**

- ✓ PM ગતિ શક્તિ સ્કીમ અંતર્ગત 3 વર્ષમાં 100 કાર્ગો ટર્મિનલ
- ✓ **3 વર્ષમા 400 નવી પેઢીની વંદે ભારત ટ્રેન બનાવાશે**
- ✓ 2000 કિમી રેલ નેટવર્ક કવચ ટેક્નિકમાં કવર થશે

**ખેડૂત**

- ✓ ડિજિટલ સર્વિસ, ઓર્ગેનિક ફાર્મિંગને પ્રાધાન્ય
- ✓ MSPના 2.37 લાખ કરોડ ખેડૂતોનાં ખાતાંમાં
- ✓ 1000 LMT ધાન્ય ખરીદીનું અનુમાન

**સામાન્ય માણસ**

- ✓ ગરીબો માટે 48000 કરોડથી 80 લાખ ઘર બનશે
- ✓ શહેરી વિસ્તારમાં PM આવાસ યોજનાને પ્રાધાન્ય
- ✓ 1.5 લાખ પોસ્ટ ઓફિસમાં કોર બેન્કિંગ, ATM સુવિધા પણ

**MSME**

- ✓ ઉદ્યોગોને 5.54 લાખ કરોડથી વધી 7.55 લાખ કરોડની જોગવાઈ
- ✓ રોકાણકારોની ક્ષમતા વધારાશે, સરકાર મદદ કરશે
- ✓ સુક્ષ્મ અને લઘુ ઉધોગો માટે ધીરાણ બાયંધરી ટ્રસ્ટ (CGTMSE) હેઠળ સુક્ષ્મ અને લઘુ ઉધોગોને વધારાના ધીરાણ માટે રૂ. 2 લાખ કરોડની સુવિધા પૂરી પાડવામાં આવશે.

**ટ્રાવેલ**

- ✓ વર્ષ 2022-23માં ઈ-પાસપોર્ટ શરૂ કરાશે
- ✓ આ RFID અને બાયોમેટ્રિક્સ પર કામ કરશે
- ✓ એવામાં પાસપોર્ટમાં ઇલેક્ટ્રોનિક્સ માઇક્રોચિપ લાગશે

**શું મોંઘું થશે**

- ✓ સ્ટીલ સ્ક્રેપની આયાત પર કસ્ટમ ડ્યૂટી વધી
- ✓ 350થી વધુ કસ્ટમ ડ્યૂટીમાં છૂટછાટ પૂરી થશે

**શું સસ્તું થયું**

- ✓ કૃષિ ઉત્પાદન, કેમિકલ ટેક્સટાઇલ અને મેટલ
- ✓ ફોન ચાર્જર અને મોબાઈલ કેમેરા લેન્સ પર છૂટછાટ
- ✓ ફર્નિચર ફિટિંગ, પેકેજિંગ બોક્સ, લેધર ગાર્મેન્ટ- ફૂટવેર પર છૂટ

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર**

- ✓ **વર્ષ 2025 સુધીમાં તમામ ગામમાં ઓપ્ટિકલ ફાઇબર**
- ✓ **નેશનલ હાઈવે 25 હજાર કિમી સુધી વધારાશે**
- ✓ હાઈવે માટે 20 હજાર કરોડની જોગવાઈ
- ✓ SEZ માટે કસ્ટમ નિયમ સરળ કરાશે
- ✓ **પૂર્વોત્તરના વિસ્તાર માટે પ્રધાનમંત્રીની વિકાસ પહેલ (PM-DevINE)**
- ✓ પૂર્વોત્તર ક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓ અને સામાજિક વિકાસની પરિયોજનાઓ તેમજ આર્થિક પોષણ માટે નવી યોજના PM-DevINEનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- ✓ આ યોજના અંતર્ગત યુવાનો અને મહિલાઓને આજીવિકાની ગતિવિધીઓમાં સમર્થ બનાવવા માટે 1500 કરોડ રૂપિયાની પ્રારંભિક ફાળવણી કરવામાં આવી છે.

**બેન્કિંગ**

- ✓ રાજ્યોને 1 લાખ કરોડની આર્થિક મદદ કરાશે
- ✓ વર્ષ 2021-22માં કુલ ખર્ચ રૂ. 37.7 લાખ કરોડ થશે
- ✓ આ રકમથી રાજ્યોની ઈકોનોમી મજબૂત થશે

**5G સર્વિસ**

- ✓ વર્ષ 2022માં જ દેશમાં 5G સ્પેક્ટ્રમની હરાજી થશે
- ✓ આ વર્ષે મોબાઈલની 56 ટેક્નિક લોન્ચ થશે
- ✓ વર્ષ 2025 સુધીમાં મોટા ભાગના ગામ ફાઈબર બ્રોડબેન્ડથી જોડાશે

**ક્લીન એનર્જી**

- ✓ ઇ-વાહનના ચાર્જિંગ સ્ટેશનને સ્થાને બેટરી
- ✓ અદલા-બદલી નીતિ બ્લેન્ડેડ ફ્યૂલને પ્રાધાન્ય આપવા નોન-બ્લેન્ડેડ ફ્યૂલ પર સરચાર્જ
- ✓ સોલર એનર્જી દ્વારા આંગણવાડીઓમાં શ્રેષ્ઠ સંસાધન

**ઇલેક્ટ્રોનિક્સ ઈન્ડસ્ટ્રી**

- ✓ ઓડિયો, વીડિયો, ગેમિંગને વિકસિત કરવાની કમિટી બનશે
- ✓ આ ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવા વિશેષ ડિસ્કાઉન્ટ અને જોગવાઈ

**કો-ઓપરેટિવ**

- ✓ રૂ. 1થી 10 કરોડની આવક ધરાવતી કો-ઓપોરેટિવ ટેક્સ ઘટીને 18%થી 15% કરાયો જેના પર સરચાર્જમાં પણ કપાત 12%થી ઘટી 7% કરાયો

**ઇન્કમટેક્સ**

- ✓ ITRનો ગોટાળો 2 વર્ષની અંદર સુધારી શકાશે ટેક્સની આવકનો દાયરો નથી વધારાયો
- ✓ અઘોષિત આવક સામે SET OFF સમાપ્ત કરાયું
- ✓ **NPS :** નેશનલ પેન્શન સ્કિમ-એનપીએસમાં યોગદાન વધારવામાં આવ્યુ છે. રાજ્ય સરકારના કર્મચારીઓ હવે એનપીએસમાં 14 ટકા અંશદાન આપી શકશે.
- ✓ **રોકાણ :** ખાનગી રોકાણકારોની ક્ષમતા વધારવા બજેટમાં જોગવાઈ રૂ. 5.54 લાખ કરોડથી વધારીને 7.55 લાખ કરોડ કરવામાં આવી.

- ✓ **ઓર્ગેનિક ખેતી :** ગંગા કિનારે 5 કિમી વિસ્તારની મર્યાદામાં આવતી જમીન પર ઓર્ગેનિક ખેતીને સરકાર પ્રોત્સાહન આપશે. ઉપરાંત જમીન દસ્તાવેજોનું ડિજિટલીકરણ કરવામાં આવશે.
- ✓ **કાયદા:** દેશમાં લાગૂ 1486 બિનઉપયોગી કાયદાને સમાપ્ત કરવામાં આવશે. સેસની જગ્યાએ નવો કાયદો લાવવામાં આવશે.
- ✓ **ડિજિટલ યુનિવર્સિટી :** હવે ધો.1થી 12 સુધીનો અભ્યાસ ક્ષેત્રિય ભાષાઓમાં થશે. વ્યાવસાયિક શિક્ષણને પ્રોત્સાહન આપવા ટેકનિકની મદદ લેવાશે અને એક ડિજિટલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે.
- ✓ **કોર્પોરેટને રાહત :** કોર્પોરેટ ટેક્સ 18 ટકાથી ઘટાડી 15 ટકા કરાયો. સહકારી સંસ્થાઓ પરનો ટેક્સ પણ ઘટાડીને 15 ટકા કરવામાં આવ્યો છે.
- ✓ **આંગણવાડી :** કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં 2 લાખ આંગણવાડીઓને અપગ્રેડ કરવાની કેન્દ્રીય બજેટમાં જોગવાઇ કરવામાં આવી.
- ✓ **ગ્રીન બોન્ડ :** ક્લાયમેન્ટ ચેંજનો સામનો કરવા સૉવરેન ગ્રીન બોન્ડ જારી કરવામાં આવશે. તેમાંથી મળતી રકમને એવા પ્રોજેક્ટમાં લગાવવામાં આવશે જે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદરૂપ બને.

**બજેટની મુખ્ય હાઈલાઈટ્સ :**

- ✓ વર્ષ 2022-23 દરમિયાન ખર્ચ સકલ ઘરેલુ ઉત્પાદ (GDP)ના 2.9 ટકા રહેશે.
- ✓ કેન્દ્ર સરકારનો અસરકારક મૂડીગત ખર્ચ 2022-23માં 10.68 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી જશે તેવું અનુમાન, જે GDPના લગભગ 4.1 ટકા છે.
- ✓ PPP મોડ દ્વારા રાષ્ટ્રીય રોપવે વિકાસ કાર્યક્રમ 'પર્વતમાલા' હાથ ધરવામાં આવશે.
- ✓ 60 કિમી લંબાઇના 8 રોપવે પ્રોજેક્ટ માટે 2022-23 દરમિયાન કરારોની ફાળવણી કરવામાં આવશે.
- ✓ **જીવંત ગ્રામ કાર્યક્રમ- વાઈબ્રન્ટ વિલેજ :** ઉત્તર સરહદે છુટીછવાઇ વસ્તી, સિમિત સંપર્ક અને માળખાકીય સુવિધાઓવાળા સરહદી ગામડાઓના વિકાસ માટે જીવંત ગ્રામ કાર્યક્રમનો અમલ કરવામાં આવશે.
- ✓ સરહદી ગામોમાંથી લોકોનું સ્થળાંતર રાષ્ટ્રીય સુરક્ષા માટે ચિંતાનો વિષય. આ ઉપરાંત સરહદી વિસ્તારોમાં આવેલી સ્કૂલોમાં NCC સેન્ટર શરૂ કરાશે.
- ✓ **ભૂમિ રેકોર્ડ વ્યવસ્થાપન :** ભૂમિના રેકોર્ડ માટે IT આધારિત વ્યવસ્થાપન માટે વિશિષ્ટ ભૂમિ પાર્સલ ઓળખ નંબર. ત્વરિત કોર્પોરેટ નિર્ગમન
- ✓ કંપનીઓને ઝડપથી બંધ કરવા માટે સેન્ટર ફોર પ્રોસેસિંગ એક્સેલરેટેડ કોર્પોરેટ એક્ઝિટ (C-PACE) સ્થાપિત કરવામાં આવશે.
- ✓ **સનરાઇઝ (અરુણોદય) તક :** આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, જીઓસ્પેટિઅલ સિસ્ટમ્સ અને ડ્રોન, સેમી કન્ડક્ટર અને તેની ઇકોસિસ્ટમ, અંતરીક્ષ અર્થતંત્ર, જીઓનોમિક્સ અને ફાર્માસ્યુટિકલ, હરિત ઊર્જા અને સ્વચ્છ ગતિશિલતા પ્રણાલી જેવી સનરાઇઝ (અરુણોદય) તકોમાં સંશોધન અને વિકાસ માટે સરકારી યોગદાન ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ✓ બેંકિંગસરળ ધિરાણની ઉપલબ્ધતા માટે ડેટા સેન્ટર્સ અને એનર્જી સ્ટોરેજ સિસ્ટમને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્ટેટસ
- ✓ જાહેર-ખાનગી ભાગીદારી હેઠળ ખેડૂતોને ડિજિટલ અને હાઇ-ટેક સર્વિસ પૂરી પાડવી.
- ✓ ખેડૂતોને મદદ માટે કિસાન ડ્રોનનો ઉપયોગ.
- ✓ ગંગા નદીની આજુબાજુ પાંચ કિ.મી. વિસ્તારમાં રસાયણ મુક્ત કુદરતી ખેતીને પ્રોત્સાહન અપાશે.
- ✓ ઉધમ, ઈ-શ્રમ, એનસીએસ અને અસીમ પોર્ટલ્સને જોડાશે અને તેમનો વ્યાપ વધારાશે.
- ✓ ડ્રોન-એઝ-અ-સર્વિસ માટે ડ્રોન શક્તિની સુવિધા મેળવવા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન અપાશે.
- ✓ વ્યક્તિગત આવકવેરા દરોમાં કોઈ ફેરફાર નહીં.
- ✓ એસેસમેન્ટ વર્ષ પૂરું થયા પછી બે વર્ષના સમયમાં આઇટી રીટર્નમાં સુધારો કરી શકાશે.
- ✓ **સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન :** કર રાહતો મેળવવા માટે લાયક સ્ટાર્ટ-અપ્સ માટે સમય એક વર્ષ લંબાવી માર્ચ 2023 કરાયો.
- ✓ **હર ઘર, નલ સે જલ :** 2022-23માં 3.8 કરોડ પરિવારોને આવરી લેવાશે.
- ✓ **મહિલાઓ માટે નવી યોજનાઓ :** મિશન શક્તિ, મિશન વાત્સલ્ય, સક્ષમ આંગણવાડી, પોષણ 2.0
- ✓ 2 લાખ આંગણવાડીઓને સક્ષમ આંગણવાડી તરીકે અપગ્રેડ કરાશે.
- ✓ ઓનલાઈન ટ્રેનિંગ માટે ડિજિટલ ઇકોસિસ્ટમ ફોર સ્કેલિંગ એન્ડ લાઈવલીહૂડ (દેશ-સ્ટેક) ઈ-પોર્ટલ.

**ફાળવણી અને સુધારા**

- ✓ માઇક્રો અને સ્મોલ એન્ટરપ્રાઇઝીસ માટે ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટ સ્કીમ હેઠળ બે લાખ કરોડની વધારાની માઇક્રો ક્રેડિટ
- ✓ **પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ હેઠળ ઉચ્ચસ્તરીય કાર્યક્ષમતા ધરાવતા સોલર મોડ્યુલ્સનું ઉત્પાદન કરવા વધારાના 19,500 કરોડની ફાળવણી. 2030 સુધીમાં 280 ગીગાવોટની સૌર ઊર્જાનું ધ્યેય હાંસલ કરવા માટે લેવાયેલું પગલું.**
- ✓ પ્રાઇમ મિનિસ્ટર ડેવલપમેન્ટ ઇનિશિયેટિવ ફોર નોર્થ-ઇસ્ટ રિજિયન હેઠળ યુવા અને મહિલાની આજીવિકા માટે 1,500 કરોડની પ્રારંભિક ફાળવણી
- ✓ **દિવ્યાંગ વ્યક્તિઓ માટે કર રાહત :** દિવ્યાંગ આશ્રિતોને તેમના માતા-પિતા/વાલીઓના જીવનકાળ દરમિયાન એટલે કે માતા-પિતા/વાલીઓને સાંઇઠ વર્ષની ઉંમર પ્રાપ્ત કરવા પર પણ વીમા યોજનાઓથી વાર્ષિકી અને ઉચ્ચક રકમ પેશગીની પરવાનગી રહેશે.
- ✓ મિશ્રણરહિત ઇંધણ ઉપર 1 ઓક્ટોબર, 2022થી પ્રતિ લીટર 2 રૂપિયાની વધારાની વિભાજક આબકારી જકાત લાગશે, જેથી ઇંધણના મિશ્રણને પ્રોત્સાહન આપી શકાય.
- ✓ શેડ્યુલ્ડ કોમર્સિયલ બેન્ક 75 જિલ્લામાં 75 ડિજિટલ બેન્કિંગ યુનિટ્સ (ડીબીયુ)ની સ્થાપના કરશે.
- ✓ શહેરી વિસ્તારોમાં ઇલેક્ટ્રિક મોબિલિટીને પ્રોત્સાહન આપવા ચાર્જિંગ સ્ટેશનની સાથે બેટરી સ્વોપિંગ પોલિસી પણ લાવવામાં આવશે.

- ✓ સેન્ટર ફોર પ્રોસેસિંગ એક્સીલરેટ કોર્પોરેટ એક્ઝિટ (સી-પેસ) સ્થાપના કરાશે, જેથી કંપની બંધ કરવાની પ્રક્રિયા ઝડપી કરી શકાય.
- ✓ ડેટા સેન્ટર અને એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સને ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો અપાયો.
- ✓ **કેન-બેતવા રિવર લિન્કિંગ પ્રોજેક્ટની જાહેરાત, 44,605 કરોડની ફાળવણી**
- ✓ **દેશની 5 નદીઓને જોડવામાં આવશે**

**કૃષિક્ષેત્ર માટેની મહત્વની જાહેરાતો :**

- ✓ **2022-23નું વર્ષ આંતરરાષ્ટ્રીય દાળ વર્ષ જાહેર કરાયું**
- ✓ MSPની રકમ સીધી ખેડૂતોનાં ખાતામાં જમા થશે
- ✓ બજાર અને આડતિયાઓની દખલ ઘટશે
- ✓ ચાલુ વર્ષે ઘઉં અને ડાંગરની ખરીદી માટે 1.63 કરોડ ખેડૂતોને 2.37 લાખ કરોડની MSP પેટે સીધી ચૂકવણી
- ✓ ચાલુ વર્ષે 1000 લાખ મેટ્રિક ટન ડાંગરની ખરીદી કરશે
- ✓ નાના ખેડૂતો અને MSME માટે રેલવે નવી પ્રોડક્ટ્સ વિકસિત
- ✓ દેશમાં તેલીબિયાંની ખરીદીને પ્રોત્સાહિત કરાશે, જેથી આયાતમાં ઘટાડો થશે
- ✓ દેશભરમાં રસાયણમુક્ત ખેતીને પ્રોત્સાહિત કરાશે
- ✓ ખેડૂતોના પાકનાં મૂલ્યાંકન, લેન્ડ રેકોર્ડ, જંતુનાશકના છંટકાવ માટે કિસાન ડ્રોન્સનો ઉપયોગ
- ✓ કૃષિ સંબંધિત સ્ટાર્ટઅપ્સને નાબાર્ડ દ્વારા લોન અપાશે
- ✓ મંત્રાલયો દ્વારા ખેતીની પ્રોડક્ટ્સની ખરીદી માટે પેપરલેસ ઇ-બિલ સિસ્ટમ
- ✓ ખેડૂતોને એગ્રો-ફોરેસ્ટ્રી અપનાવવા માટે નાણાકીય ટેકો અપાશે
- ✓ પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ અપાતી રકમ યથાવત્
- ✓ રાજ્યોને કૃષિ યુનિવર્સિટીનો સિલેબસ બદલવા નિર્દેશ
- ✓ **સ્થાનિક પ્રોડક્ટ્સની સપ્લાય ચેઇન માટે એક સ્ટેશન એક પ્રોડક્ટ યોજના**
- ✓ રૂ. 480 અબજ 2022-23ના બજેટમાં એફોર્ડેબલ હાઉસિંગ માટે.

**મહત્વની દરખાસ્તો**

- ✓ સોલર ઇક્વિપમેન્ટ્સના મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા વધારાના રૂ. 195 અબજ ફાળવાયા
- ✓ નાણાકીય વર્ષ-2023માં ચાર મલ્ટિ-મોડલ નેશનલ પાર્ક કોન્ટ્રાક્ટ્સ અપાશે
- ✓ USO ફંડના પાંચ ટકા રકમ R&D અને ટેક્નોલોજી અપગ્રેડેશન માટે ઉપલબ્ધ કરાશે

**આ છે બજેટના સૌથી મહત્વપૂર્ણ 5 આંકડા, સરકારની કમાણીનો ખર્ચનો સંપૂર્ણ હિસાબ**

- ✓ સરકારની આવકના 15 ટકા ઈન્કમ ટેક્સમાંથી આવે છે. જ્યારે 7 ટકા એક્સાઇઝ ડ્યુટીમાંથી, 15 ટકા કોર્પોરેશન ટેક્સમાંથી, 16 ટકા જીએસટીમાંથી આવે છે.
- ✓ બજેટ એટલે કમાણી અને ખર્ચનો હિસાબ, જે સમજવું દરેક માટે સરળ નથી. જો આપણે ભારત જેવા ઝડપથી વિકસતા અર્થતંત્રની વાત કરીએ તો આ બજેટના (Budget) આંકડા વધુ મુશ્કેલ બની જાય છે. જો કે, આ બધું હોવા છતાં, દરેક વ્યક્તિ એ જાણવા માંગે છે કે સરકારની આવક કેટલી છે અને તે કેટલો ખર્ચ કરશે. આજે અમે તમને સરકારની બેલેન્સ શીટમાં આપવામાં આવેલા 5 સૌથી મહત્વપૂર્ણ આંકડાઓ ( Key Budget data) વિશે ખૂબ જ સરળ શબ્દોમાં જણાવવા જઈ રહ્યા છીએ. જો તમે આ આંકડાઓ વાંચશો તો તમને સમજાશે કે સરકારને કેટલી કમાણી (Revenue) થઈ અને કેટલો ખર્ચ થશે અને જો કમાણી કરતાં ખર્ચ વધુ હશે તો સરકાર આ ઉણપ કેવી રીતે ભરશે. અહીં બજેટના 5 સૌથી મહત્વપૂર્ણ આંકડા.

**પૈસા ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે :**

**સરકારની આવક :**

- ✓ 15 ટકા આવક ટેક્સમાંથી આવે છે. જ્યારે એક્સાઇઝ ડ્યુટીમાંથી 7 ટકા, કોર્પોરેશન ટેક્સમાંથી 15 ટકા, જીએસટીમાંથી 16 ટકા, કસ્ટમમાંથી 5 ટકા, ટેક્સ સિવાયની આવકમાંથી 5 ટકા, ઋણમાંથી 35 ટકા, ઋણ સિવાયની મૂડી રસીદમાંથી 2 ટકાની કમાણી થાય છે.

**નાણાકીય ખર્ચ :**

- ✓ કેન્દ્રીય ક્ષેત્રની યોજનાઓ પર 15 ટકા, વ્યાજની ચુકવણી પર 20 ટકા, સંરક્ષણ પર 8 ટકા, સબસિડી પર 8 ટકા, કેન્દ્ર દ્વારા પ્રાયોજક યોજના પર 9 ટકા તેમજ 4 ટકા પેન્શન પર અને 9 ટકા અન્ય ખર્ચાઓ પર ખર્ચવામાં આવે છે.

**આવક : રૂ. 39.44 લાખ કરોડ :**

- ✓ રૂ. 39.44 લાખ કરોડનું બજેટ છે, એટલે કે સરકાર આ બજેટમાં આટલી રકમ ખર્ચવા જઈ રહી છે. ગત બજેટમાં સરકારનો અંદાજ 34 લાખ કરોડ રૂપિયાથી વધુ હતો. જો કે, બાદમાં તેમાં સુધારો કરીને રૂ. 37.70 લાખ કરોડ કરવામાં આવ્યો હતો.

**ટેક્સમાંથી કમાણી : રૂ. 27.57 લાખ કરોડ :**

- ✓ આગામી નાણાકીય વર્ષમાં ટેક્સથી થનારી આવક જેમાં ડાયરેક્ટ, ઈન ડાયરેક્ટ અને સેસ બધાનો સામેલ છે. એકંદરે, રૂ. 27.57 લાખ કરોડ રહી શકે છે.
- ✓ આમાં રાજ્ય સરકારોનો ટેક્સ હિસ્સો લગભગ રૂ. 8 લાખ કરોડ છે. એટલે કે લગભગ રૂ. 19 લાખ કેન્દ્ર સરકાર પાસે બચશે.

**દેવું : રૂ. 16.61 લાખ કરોડ :**

- ✓ કેન્દ્ર સરકારની આવક તેના ખર્ચ કરતા રૂ. 20 લાખ કરોડ ઓછી છે. સરકાર આને પૂર્ણ કરવા માટે ઘણા પગલાં લે છે, જેમાં સૌથી મોટો ભાગ દેવાનો છે.
- ✓ સરકારે અંદાજ આપ્યો છે કે આ તફાવતને પહોંચી વળવા માટે તે રૂ. 16.61 લાખ કરોડની લોન લેશે.

**બિન-કરપાત્ર આવક : રૂ. 2.70 લાખ કરોડ :**

- ✓ સરકારની આવકનો નોંધપાત્ર હિસ્સો ટેક્સ સિવાયની આવકમાંથી આવે છે. તેમાં સરકારી કંપનીઓ, રિઝર્વ બેંક વગેરે પાસેથી મળેલા ડિવિડન્ડ વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ સરકારને લગભગ રૂ. 2.7 લાખ કરોડની નોન-ટેક્સ રેવન્યુ મળી શકે છે.

**ડિસઇન્વેસ્ટમેન્ટ : રૂ. 65 હજાર કરોડ :**

- ✓ ઉપરોક્ત તમામ કમાણી અને ખર્ચના આંકડા ઉમેરીએ તો હજુ પણ ખર્ચની બરાબરી કરવા માટે લગભગ 65 હજાર કરોડની રકમ બાકી છે. સરકાર આ રકમ સરકારી કંપનીઓમાં ડિસઇન્વેસ્ટમેન્ટ

દ્વારા એકત્ર કરશે. તો આ રીતે સરકાર તેની આવક અને ખર્ચ સરખા કરશે.

- ✓ આ આંકડા સરકારનું અનુમાન છે અને નાણાકીય વર્ષ દરમિયાન આમાં ફેરફાર જોવા મળી શકે છે.

**બજેટમાં ગુજરાતલક્ષી જાહેરાતો :**

- ✓ ગાંધીનગર ગિફ્ટ સિટીમાં ફિનટેક યુનિવર્સિટી સ્થપાશે
- ✓ કોઇ પણ પ્રકારના પ્રાદેશિક નિયમન વિના વિશ્વ-સ્તરીય યુનિવર્સિટીઓની સ્થાપનાથી ફાઇનાન્સિયલ સર્વિસીસ ક્ષેત્રે કુશળ માનવબળની ઉપલબ્ધતા સરળ બનશે.
- ✓ ઇન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર ગિફ્ટ આઇએફએસસી ખાતે તકરાર નિવારણને મજબૂત કરશે તથા ગિફ્ટ ખાતે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને વેગ આપશે.

**કટ-પોલિશ્ડ હીરા, જેમ્સ પર કસ્ટમ ડ્યૂટી ઘટાડીને 5% કરાઈ**

- ✓ ઇ-કોમર્સના માધ્યમથી જ્વેલરી એક્સપોર્ટની સુવિધા શરૂ કરવા માટે સરકાર જૂન 2022માં સિમ્પ્લિફાઇડ રેગ્યુલેટર ફ્રેમવર્ક લઈને આવશે. વિશેષમાં ઇમિટેશન જ્વેલરી માટે કસ્ટમ ડ્યૂટી 400 રૂપિયા પ્રતિ કિલોગ્રામ નક્કી કરાઈ છે.

**ઇમિટેશન જ્વેલરી બિઝનેસ પર ભાર વધશે**

- ✓ બજેટમાં ઇમિટેશન જ્વેલરીની આયાત ડ્યૂટી એક કિલો રો-મટીરિયલ્સમાં 100 રૂપિયા હતી જે હવે 400 રૂપિયા કરાઈ છે.
- ✓ દેશમાં 65,000 કરોડના માર્કેટમાંથી ગુજરાતનું ઇમિટેશન જ્વેલરી માર્કેટ સરેરાશ 25,000 કરોડનું છે. કાચા માલની ડ્યૂટીના ભારણથી વેપારમાં અવરોધ આવશે.

**તાપી-નર્મદાને પણ લિન્ક કરાશે**

- ✓ બજેટ 2022માં દેશની પાંચ નદીઓને લિંક્ કરવાની જાહેરાત કરવામાં આવી છે. **જેમાં રાજ્યની દમણગંગા-પિંજલ તથા તાપી-નર્મદાનો પણ સમાવેશ થાય છે.**
- ✓ આ પ્રોજેક્ટ માટેના ડ્રાફ્ટ ડીપીઆરને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. રાજ્યો વચ્ચે સર્વસંમતિ બાદ પ્રોજેક્ટ આગળ વધશે.

**બજેટનો અર્થ :**

- ✓ બજેટ શબ્દની ઉત્પત્તિ ફ્રાન્સીસી શબ્દ બૌગેટ (Bougette)થી થઇ છે, જેનો અર્થ છે- નાની બેગ. સરકાર દર વર્ષ 1લી એપ્રિલથી લઇને 31 માર્ચ સુધી થનારી તમામ ખર્ચાઓ માટે એક લેખાજોખા તૈયાર કરે છે, જેને કેન્દ્રીય બજેટ કહેવામાં આવે છે.

**બજેટના પ્રકાર :**

- ✓ **બેલેન્સ્ડ બજેટ, સરપ્લસ બજેટ અને ડેફિસિટ બજેટ.** બેલેન્સ્ડ બજેટમાં ઇનકમ અને ખર્ચની માત્રાનુ સામાન્ય હોવુ જરૂરી છે. વળી, સરપ્લસ બજેટમાં સરકારની આવક ખર્ચાથી વધુ હોય છે. ડેફિસિટ બજેટમાં સરકારના ખર્ચ તેની આવકના સોર્સથી વધુ હોય છે.

**ભારતનું સૌપ્રથમ બજેટ કોણે-ક્યારે રજૂ કર્યું હતું :**

- ✓ બ્રિટનના જાણીતા અર્થશાસ્ત્રી જેમ્સ વિલ્સને 1860માં રજૂ કર્યું હતું. તેઓ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ફાઇનાન્શિયલ એડવાઇઝર હતા
- ✓ ભારતનું સૌપ્રથમ બજેટ વર્ષ 1860માં રજૂ કરવામાં આવ્યું હતું. તે સમયના બ્રિટનના જાણીતા અર્થશાસ્ત્રી જેમ્સ વિલસન દ્વારા બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. વિલ્સન ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ફઈનાન્શિયલ એડવાઈઝર પણ હતા.

**બજેટ શબ્દ ક્યાંથી આવ્યો :**

- ✓ **બજેટ શબ્દ ફ્રેન્ચ ભાષાના એક શબ્દ bougette પરથી બન્યો છે. જેનો અર્થચામડાનો થેલો થાય છે.** અંગ્રેજો જતાં રહ્યાં પણ આપણને બજેટ શબ્દ આપતા ગયા.
- ✓ **ભારતના સંવિધાનમાં ક્યાંય પણ બજેટ શબ્દનો ઉલ્લેખ જોવા મળતો નથી. સંવિધાનના અનુછેદ 112માં બજેટ માટે વાર્ષિક વિત્તીય વિવરણ શબ્દનો ઉલ્લેખ કરાયો છે.**

**બજેટ કોણ રજૂ કરશે તે કોણ નક્કી કરે છે :**

- ✓ **આઝાદ ભારતના પ્રથમ નાણામંત્રી આર. કે ષણમુખમ ચેટ્ટીએ તા. 26 નવેમ્બર 1947માં આઝાદ ભારતનું પ્રથમ બજેટ સંસદમાં રજૂ કર્યું હતું.** તેઓ એક સૂટકેસ લઈને બજેટ રજૂ કરવા માટે પહોંચ્યા હતા.
- ✓ તા. 26 જાન્યુઆરી 1950માં જ્યારે આઝાદ ભારતનું બંધારણ અમલમાં આવ્યું ત્યારે જોન મથાઈએ સંસદમાં ગણતંત્ર ભારતનું પ્રથમ બજેટ રજૂ કર્યું હતું. ત્યારે તેઓ દેશના રેલવે મંત્રી હતા. **ભારતમાં યુનિયન બજેટ સંસદમાં કોણ રજૂ કરશે તે રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરાઈ છે.**

**બજેટ સમયે નાણામંત્રી સૂટકેસ લઈને કેમ આવે છે :**

- ✓ ભારતમાં બજેટ રજૂ કરતા સમયે નાણામંત્રીના હાથમાં જોવા મળતી સૂટકેસની પ્રથા અંગ્રેજોના સમયથી ચાલતી આવે છે. ભારત દેશ આઝાદ થયા પછી પણ આ પરંપરા યથાવત્ રહી હતી. પરંતુ **વર્ષ-2021માં નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા સૌપ્રથમવાર ડિજિટલી બજેટ રજૂ કર્યું હતું**

**1 ફેબ્રુઆરીએ જ કેમ રજૂ કરવામાં આવે છે :**

- ✓ અટલ બિહારી વાજપેયી સરકાર દ્વારા બજેટના સમયમાં તો ફેરફર કર્યો પરંતુ તેને સંસદમાં રજૂ કરવાની તારીખને બદલવાનું ચૂકી ગયા.
- ✓ બ્રિટિશ શાસન દરમિયાન બજેટ 28 ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવતું હતું જે પરંપરાને **મોદી સરકાર દ્વારા 2017માં બદલીને બજેટની તારીખ 1 ફેબ્રુઆરી કરી દેવામાં આવી.**
- ✓ જ્યારે બજેટ 28 ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવતું ત્યારે તેને નવા નાણાકીય વર્ષ એટલે 1 એપ્રિલે લાગુ કરવામાં ખૂબ મુશ્કેલીઓ ઊભી થતી. જે બાબતને ધ્યાનમાં રાખીને મોદીએ બજેટની તારીખ બદલીને 1 ફેબ્રુઆરી કરી નાંખી.

**અલગથી રજૂ થતાં રેલવે બજેટને સામાન્ય બજેટમાં ક્યારે સમાવેશ કરવામાં આવ્યો :**

- ✓ **ભારત દેશમાં 2017 પહેલાં રેલવે બજેટને સામાન્ય બજેટથી અલગથી રજૂ કરવામાં આવતું પરંતુ 2017માં સૌપ્રથમવાર બજેટને સામાન્ય બજેટમાં સમાવેશ કરી દેવામાં આવ્યો.** 2022ના સામાન્ય બજેટમાં જ રેલવે બજેટ રજૂ કરવામાં આવ્યું.

**અત્યાર સુધીનું સૌથી લાંબું અને સૌથી ટૂંકું બજેટ ભાષણ કોણે અને ક્યારે આપ્યું :**

- ✓ 2020માં હાલના નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા સૌથી લાંબું બજેટ ભાષણ આપ્યું હતું જેમાં તેઓએ 2 કલાક અને 40 મિનિટ સુધી ભાષણ આપ્યું હતું. દેશનું સૌથી ટૂંકું બજેટ 1970માં

નાણામંત્રી એચ.એમ. પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. આ બજેટ માત્ર 800 શબ્દોનું હતું.

**દેશમાં બજેટની બદલાયેલી ટ્રેડિશન :**

- ✓ 1970માં બજેટ રજૂ કરનારા ઈન્દિરા ગાંધી દેશના પ્રથમ મહિલા બન્યાં હતાં
- ✓ મનમોહન સિંહે 1991નું બજેટ 18,650 શબ્દોમાં રજૂ કર્યું હતું, એ રેકોર્ડ હજુય અતૂટ
- ✓ 1999માં યશવંત સિંહાએ સાંજે પાંચ વાગ્યાને બદલે સવારે 11 વાગ્યે બજેટ રજૂ કરવાની પરંપરા શરૂ કરી હતી
- ✓ 2 કલાકને 42 મિનિટનું સૌથી લાંબું બજેટભાષણ નિર્મલા સીતારામને ગયા વર્ષે આપ્યું હતું ઐતિહાસિક બજેટ
- ✓ **બ્લેક બજેટ :** 1973-74ના વર્ષનું બજેટ બ્લેક બજેટ કહેવાયું હતું. કારણ કે એ વર્ષે દેશનું કુલ દેવું વધીને 550 કરોડને પાર થયું હતું. એ વર્ષનું બજેટ તત્કાલિન નાણામંત્રી યશવંતરાવ બી. ચવ્વાણે રજૂ કર્યું હતું. વિપક્ષો ઉપરાંત મીડિયાએ પણ બજેટને બ્લેક બજેટ કરાર આપતા એ બજેટ ઈતિહાસમાં બ્લેક બજેટથી ઓળખાય છે.
- ✓ **યુગાંતર બજેટ :** આર્થિક ઉદારીકરણના મીઠા ફળ દેશને હવે ચાખવા મળી રહ્યા છે. આ ઉદારીકરણ જે બજેટથી થયું તેને યુગાંતર બજેટ કહે છે. સદીમાં એક વખત રજૂ થતું બજેટ બીજા કોઈએ નહીં, પણ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે રજૂ કર્યું હતું. મનમોહન સિંહ નરસિમ્હા રાવની સરકારમાં નાણામંત્રી હતા. તેમણે આર્થિક સુધારા સૂચવતું ઐતિહાસિક બજેટ 1991માં રજૂ કર્યું હતું. તેનાથી ભારતને લાંબાંગાળે આર્થિક ક્ષેત્રે ઘણો લાભ મળ્યો હતો. ભારતના બંધ અર્થતંત્રને મનમોહન સિંહના એ બજેટથી વૈશ્વિક બારી મળી ગઈ હતી.
- ✓ **ડ્રીમ બજેટ :** 1997-98ના વર્ષનું બજેટ પી. ચિદમ્બરમે રજૂ કર્યું હતું. એ બજેટ દેશનું ડ્રીમ બજેટ કહેવાય છે. કારણ કે એ વખતે કોર્પોરેટ ટેક્સ અને ઈન્કમટેક્સ ઘટાડાયો હતો. ઉદ્યોગજગત ઉપરાંત સામાન્ય લોકોમાં પણ એ બજેટનું સ્વાગત થયું હતું.
- ✓ **મિલેનિયમ બજેટ :** યશવંત સિંહાએ 2000ના વર્ષનું બજેટ રજૂ કર્યું તે મિલેનિયમ બજેટ ગણાયું હતું. 20મી સદીનું એ છેલ્લું બજેટ હતું. 21મી સદીમાં ભારતને આઈટી ક્ષેત્રની નવી દિશા આપવા માટે આ બજેટ યાદ કરાય છે. સોફ્ટવેરની નિકાસ વગેરેને વિશેષ છૂટછાટો એ બજેટમાં મળી હતી.
- ✓ **રોલબેક બજેટ :** 2002-2003નું બજેટ રોલબેક બજેટ કહેવાય છે. અટલ બિહારી વાજપેયીની સરકાર વખતે નાણામંત્રી યશવંત સિંહાએ બજેટ રજૂ કર્યું હતું અને ઘણાં નવા પ્રસ્તાવો મૂક્યા હતા, પરંતુ વિપક્ષો ઉપરાંત સાથીપક્ષોની રજૂઆત અને વિરોધના કારણે નાણામંત્રીએ કેટલાક પ્રસ્તાવો પાછા ખેંચી લીધા હતા. ખાંડ, એલપીજી, પીડીએસ અંતર્ગત મળતી ચીજોમાં ભાવવધારાનો પ્રસ્તાવ પાછો ખેંચવો પડયો હતો.

**2. મહત્વનો નિર્ણય : કોમનવેલ્થ ગેમ્સમાં 24 વર્ષ બાદ ક્રિકેટનું પુનરાગમન : પ્રથમ વખત વિમેન્સ ક્રિકેટર્સ રમશે**

- ✓ અગાઉ વર્ષ 1998 કોમનવેલ્થ ગેમ્સમાં ક્રિકેટને સામેલ હતી
- ✓ બર્મિંગહામ ખાતે રમાનારી 2022ની કોમનવેલ્થ ગેમ્સમાં આઠ વિમેન્સ ટીમો ભાગ લેશે.


**કોમનવેલ્થ ગેમ્સમાં પ્રથમ વખત વિમેન્સ ક્રિકેટ**

- ✓ ઓસ્ટ્રેલિયા, બાર્બાડોસ, ઇંગ્લેન્ડ, ભારત, ન્યૂઝીલેન્ડ, સાઉથ આફ્રિકા અને પાકિસ્તાન અગાઉથી ક્વોલિફાય કરી ચૂક્યા હતા.

**3. દિન વિશેષ : 01 ફેબ્રુઆરી**

**ભારતીય તટ રક્ષક દિવસ**

- ✓ સૂત્ર – વયંમ રક્ષામ
- ✓ આકસ્મિક દરિયાઇ સંશોધન અને બચવા માટે હેલ્પલાઇન-1554
- ✓ દક્ષિણ પશ્ચિમનું વડુમથક-ગાંધીનગર




**4. જન્મદિન વિશેષ : 01 ફેબ્રુઆરી**

**તારી આંખનો અફીણી : વેણીભાઇ પુરોહિત**

**જન્મ : 01 ફેબ્રુઆરી-1918 અવસાન : 03 જાન્યુઆરી-1980**



- ✓ જેમને સાહિત્યની સાધના સિવાય કશામા રસ ન હતો તેવા ગીતકાર વેણીભાઇ જમનાદાસ પુરોહિતનો જન્મદિવસ.
- ✓ જામખંભાળિયામા જન્મેલા વેણીભાઇએ પ્રાથમિક શિક્ષણ મુબઇ અને માધ્યિમક શિક્ષણ જામખંભાળિયામા લીધુ હતુ.
- ✓ અભ્યાસ પછી "બે ઘડી મોજ" સામયિકથી પોતાની કારકિર્દી શરૂ કરી અને તેનુ જ પરિણામ વેણીભાઇનુ સાહિત્ય સર્જન.
- ✓ પત્રકાર તરીકે જન્મભૂમિ જેવા અનેક સામયિકોમાં પણ વેણીભાઇએ કામ કર્યું હતુ.
- ✓ ગોફણગીતા શીર્ષકથી કોલમ પણ લખતા હતા.
- ✓ ઉપનામ : અખા ભગત અને સંત ખુરશીદાસ

**સાહિત્ય સર્જન :**

- ✓ તેઓએ સિંજારવ, ગુલજારે શાયરી, આચમન જેવા ગીત સંગ્રહો અને અત્તરના દીવા, વાંસનું વન તથા સેતુ જેવા વાર્તાસંગ્રહ રચ્યા છે.
- ✓ કંકુ ફિલ્મના બધા ગીતો વેણીભાઇએ લખ્યા હતા.
- ✓ વેણીભાઇના નાનકડી નારનો મેળો, ઝરમર, અમારા મનમા, પરોઢિયાની પદમણી જેવા ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા.
- ✓ ઉમાશંકર જોષી તેમને "બંદો બદામી" કહેતા હતા.
- ✓ એમના વિસામો અને કાવડીયો જેવા ભજનો ગાધીજીને પણ પસંદ હતા.
- ✓ તેમનુ અખોવન માવડી કાવ્ય સ્વાતંત્ર્ય ભાવનાનું ઉત્તમ કાવ્ય છે.
- ✓ તેમની કવિતાઓમાં આઝાદીના ઉલ્લાસની સાથે ભકિતનો ગેરૂઓ રંગ પણ ઝળકી આવે છે.

✓ વેણીભાઇએ હિંદ છોડો આંદોલનમા જેલવાસ પણ ભોગવ્યો હતો.
✓ વેણીભાઇ પુરોહિત કુશળ પત્રકાર, ગીતકાર-સાહિત્યકાર અને આઝાદીના લડવૈયા હતા.

## કેન્દ્રીય અંદાજપત્ર 2022-23ના મહત્વના પ્રશ્ન-જવાબ (01-02-2022)

**1.** કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા તા. 01 ફેબ્રુઆરી-2022ના રોજ સંસદમાં રજૂ કરાયેલ નાણાકીય વર્ષ 2022-23 માટેના સામાન્ય અંદાજપત્રનું કુલ કદ જણાવો
(A) રૂ. 39.43 લાખ કરોડ **(B) રૂ. 39.45 લાખ કરોડ**
(C) રૂ. 39.46 લાખ કરોડ (D) રૂ. 39.44 લાખ કરોડ

**2.** તા. 01 ફેબ્રુઆરી-2022ના રોજ કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા ચોથી વખત બજેટ રજૂ કરાયું જ્યારે મોદી સરકારનું આ કેટલામુ બજેટ હતું
(A) 08 (B) 09 **(C) 10** (D) 11

**3.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23 મુજબ રાજકોષીય ખાધ જીડીપીના 6.4 ટકા અંદાજવામાં આવી જે વર્ષ 2021-22માં સુધારીને GDPના કેટલા ટકા કરાઈ હતી
(A) 6.4 ટકા (B) 6.5 ટકા (C) 6.8 ટકા **(D) 6.9 ટકા**

**4.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23 મુજબ ચાલુ નાણાકીય વર્ષમાં GDP ગ્રોથ કેટલા ટકા થવાની આશા વ્યક્ત કરાઈ છે
(A) 9.20 ટકા (B) 9.25 ટકા **(C) 9.27 ટકા** (D) 9.28 ટકા

**5.** કેન્દ્રીય અંદાજપત્ર મુજબ વર્ષ 2022-23માં રોજકોષીય ખાધ GDPના કેટલા ટકા અનુમાનિત કરાઈ છે
**(A) 6.4 ટકા** (B) 6.7 ટકા (C) 6.8 ટકા (D) 6.9 ટકા

**6.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં નાણાપ્રધાન નિર્મલા સીતારામનની 90-91 મિનિટની બજેટ સ્પીચમાં આર્થિક વિકાસની કેટલા વર્ષની રૂપરેખા સાથેનો માસ્ટર પ્લાન રજૂ કરાયો હતો
**(A) 25** (B) 40 (C) 50 (D) 60

**7.** કેન્દ્રીય અંદાજપત્ર મુજબ 2022-23નું વર્ષ કયા વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું
(A) આંતરરાષ્ટ્રીય ચણા **(B) આંતરરાષ્ટ્રીય દાળ**
(C) આંતરરાષ્ટ્રીય તુવેર (D) આંતરરાષ્ટ્રીય સોયાબીન

**8.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23 મુજબ સૌથી વધુ 35 પૈસાની આવક જ્યારે સૌથી વધુ 20 પૈસાની જાવક કયા ક્ષેત્રમાંથી થશે
(A) કસ્ટમ અને સંરક્ષણ
(B) આવકવેરો અને વ્યાજની ચૂકવણી
(C) કોર્પોરેશન વેરો તથા કેન્દ્રીય ક્ષેત્રની સ્કીમ
**(D) કરજ અને અન્ય જવાબદારી તથા કેન્દ્રએ સ્પોન્સર કરેલી વિવિધ યોજનાઓ**

**9.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23 મુજબ રાજકોષીય વ્યવસ્થાપન સંદર્ભે નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે
1. બજેટ અનુમાન 2021-22 : રૂ. 34.83 લાખ કરોડ
2. સુધારવામાં આવેલું અનુમાન 2021-22 : રૂ. 37.70 લાખ કરોડ
3. વર્ષ 2022-23માં ઉધારી સિવાય કુલ પ્રાપ્તિ: રૂ. 22.84 લાખ કરોડ
4. 2022-23માં સરકારને કુલ રૂ. 22.94 લાખ કરોડની આવક થશે
5. વર્ષ 2022-23ની મહેસૂલી આવક અંદાજ રૂ. 22.04 લાખ કરોડ
(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**10.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં ગ્રોથનાં એન્જિનમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થાય છે
1. પીએમ ગતિશક્તિ તથા સમાવેશી વિકાસ
2. ઉત્પાદકતામાં વધારો તથા સનરાઇઝ ઓપોર્ચ્યુનિટી
3. એનર્જી ટ્રાન્ઝિશન, ક્લાઇમેટ એક્શન તથા ઇન્વેસ્ટમેન્ટના ફાઇનાન્સિંગ
(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**11.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23 મુજબ વ્યક્તિગત ટેક્સમાં કોઈ બદલાવ કરાયો નથી તે મુજબ વિકલ્પ-1 અને વિકલ્પ-2માં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે
1. બંને વિકલ્પમાં રૂ. 2.5 લાખ સુધી ઝીરો ટેક્સ તથા રૂ. 2.5 લાખથી રૂ. 5 લાખ સુધી 5-5 ટકા ટેક્સ
2. રૂ. 5 લાખથી રૂ. 7.5 લાખ સુધી 10 અને 20 ટકા જ્યારે રૂ. 7.5 લાખથી રૂ. 10 લાખ સુધી 15 અને 20 ટકા ટેક્સ
3. રૂ. 10 લાખથી રૂ. 12.5 લાખ સુધી 20 અને 30 ટકા સુધીનો જયારે રૂ. 12.5 લાખથી રૂ. 15 લાખ સુધી 25 અને 30 ટકા ટેક્સ
4. રૂ. 15 લાખથી વધુ ઉપર 30-30 ટકા ટેક્સ
(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**12.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં રોજગારી સંલગ્ન કરાયેલી મહત્વની જાહેરાતમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે
1. 14 ક્ષેત્રથી શરૂ થયેલી PLI સ્કીમ લંબાશે
2. 60 લાખ નવી નોકરી આપવાનો પ્રયત્ન
3. આગામી 10 વર્ષમાં 30 લાખ નવી નોકરી મળશે
(A) માત્ર 1 (B) માત્ર (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**13.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં સંરક્ષણ ક્ષેત્રે કરેલી મહત્વની જોગવાઈમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે
1. મેક ઇન ઇન્ડિયા માટે 68%નું પ્રોવિઝન
2. આયાતના સ્થાને રક્ષા સંસાધનો દેશમાં જ બનશે
3. ગત વર્ષથી 58% વધુ ગૃહ ઉત્પાદન થશે
4. સંરક્ષણ ક્ષેત્રે સંશોધન માટે 25 ટકા બજેટ અને આયાત ઘટાડવામાં આવશે
(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**14.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં ક્રિપ્ટોકરન્સી અને GST GDP બાબતે નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે
1. ક્રિપ્ટોથી થતી કમાણી ઉપર 30% ટેક્સ
2. RBI 2023માં બ્લોકચેન ટેક્નિકની મદદથી ડિજિટલ કરન્સી રૂપી લોન્ચ કરશે
3. ઇકોનોમી 9.2%ના દરથી વધવાનું અનુમાન
4. GST કલેક્શન પહેલાંથી એક લાખ 40 હજાર કરોડ વધ્યું
(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**15.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં શિક્ષણ ક્ષેત્રે નીચેના પૈકી કઈ મહત્વની જોગવાઈ કરાઈ છે
1. એક ક્લાસ- એક ટીવી ચેનલ 12થી વધી 200 ચેનલ
2. બિઝનેસ સ્ટડી માટે ડિજિટલ યુનિવર્સિટી બનશે
3. બે લાખ આંગણવાડીમાં સોલર એનર્જીનો વપરાશ થશે
(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**16.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં રેલવે ક્ષેત્રે કરાયેલી મહત્વની જોગવાઇમાં નીચેનામાંથી કઇ બાબતોનો સમાવેશ થાય છે
1. PM ગતિ શક્તિ સ્કીમ અંતર્ગત 3 વર્ષમાં 100 કાર્ગો ટર્મિનલ
2. ત્રણ વર્ષમા 400 નવી પેઢીની વંદે ભારત ટ્રેન બનાવાશે
3. બે હજાર કિમી રેલ નેટવર્ક કવચ ટેક્નિકમાં કવર થશે
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**17.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં સામાન્ય નાગરિક માટે નીચેના પૈકી કઇ મહત્વની જોગવાઇ કરાઇ છે
1. ગરીબો માટે 48000 કરોડથી 80 લાખ ઘર બનશે
2. શહેરી વિસ્તારમાં PM આવાસ યોજનાને પ્રાધાન્ય
3. દોઢ લાખ પોસ્ટ ઓફિસમાં કોર બેન્કિંગ, ATM સુવિધા પણ
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**18.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં માળખાગત વિકાસ-સુવિધા અંતર્ગત કરાયેલી જાહેરાતમાં નીચેના પૈકી કઇ બાબતોનો સમાવેશ થાય છે
1. વર્ષ 2025 સુધીમાં મોબાઇલ નેટવર્ક માટે તમામ ગામમાં ઓપ્ટિકલ ફાઇબર
2. નેશનલ હાઇવે 25 હજાર કિમી સુધી વધારાશે
3. હાઇવે માટે 20 હજાર કરોડની જોગવાઇ
(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**19.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં 5G સર્વિસ સંબંધિત નીચેના પૈકી કઇ બાબતોનો સમાવેશ કરાયો છે
1. વર્ષ 2022માં જ દેશમાં 5G સ્પેક્ટ્રમની હરાજી થશે
2. આ વર્ષે મોબાઇલની 56 ટેક્નિક લોન્ચ થશે
3.વર્ષ 2025 સુધી મોટાભાગના ગામ ફાઇબર બ્રોડબેન્ડથી જોડાશે
(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**20.** અંદાજપત્ર 2022-23માં 'પર્વતમાલા' કાર્યક્રમ તથા જીવંત ગ્રામ કાર્યક્રમ-વાઇબ્રન્ટ વિલેજ સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે
1. PPP મોડ દ્વારા રાષ્ટ્રીય રોપવે વિકાસ કાર્યક્રમ
2. 60 કિમી લંબાઇના 8 રોપવે પ્રોજેક્ટ માટે 2022-23 દરમિયાન કરારોની ફાળવણી કરાશે
3. સરહદી ગામોમાંથી લોકોનું સ્થળાંતર અટકાવવા વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમનો અમલ
4. સરહદી વિસ્તારોમાં આવેલી સ્કૂલોમાં NCC સેન્ટર શરૂ કરાશે
(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**21.** અંદાજપત્ર 2022-23માં કૃષિક્ષેત્ર માટે કરાયેલી મહત્વની જાહેરાતો સંદર્ભે નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે
1. MSPની રકમ સીધી ખેડૂતોનાં ખાતામાં જમા થશે
2. ચાલુ વર્ષે ઘઉં અને ડાંગરની ખરીદી માટે 1.63 કરોડ ખેડૂતોને 2.37 લાખ કરોડની MSP પેટે સીધી ચૂકવણી
3. ચાલુ વર્ષે 1000 લાખ મેટ્રિક ટન ડાંગરની ખરીદી કરશે
4. ખેડૂતોના પાકનાં મૂલ્યાંકન, લેન્ડ રેકોર્ડ, જંતુનાશકના છંટકાવ માટે કિસાન ડ્રોન્સનો ઉપયોગ
5. સ્થાનિક પ્રોડક્ટ્સની સપ્લાય ચેઇન માટે એક સ્ટેશન એક પ્રોડક્ટ યોજના
(A) 1 અને 5 (B) 2 અને 3 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**22.** અંદાજપત્ર 2022-23માં ગુજરાતલક્ષી કરવામાં આવેલી જાહેરાતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે
1. ગાંધીનગર ગિફ્ટ સિટીમાં ફિનટેક યુનિવર્સિટી સ્થપાશે
2. કટ-પોલિશ્ડ હીરા, જેમ્સ પર કસ્ટમ ડ્યૂટી ઘટાડીને 5% કરાઇ
3. ઇમિટેશન જ્વેલરીની આયાત ડ્યૂટી એક કિલો રો-મટીરિયલ્સમાં 100 રૂપિયા હતી જે હવે 400 રૂપિયા કરાઇ
4. રિવર લિંક્ પ્રોજેક્ટમાં ગુજરાતની દમણગંગા-પિંજલ તથા તાપી-નર્મદાનો સમાવેશ
(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**23.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં આરોગ્ય ક્ષેત્રે કેટલા ટેલિ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રનું એક નેટવર્ક સ્થાપવામાં આવશે
(A) 22 **(B) 23** (C) 24 (D) 25

**24.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં દેશના ક્યા વિસ્તાર માટે પ્રધાનમંત્રી વિકાસ પહેલ (PM-DevINE)ની જાહેરાત કરાઇ
(A) ઉત્તર ભારત (B) દક્ષિણ ભારત
**(C) પૂર્વ ભારત** (D) પશ્ચિમ ભારત

**25.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23માં કો-ઓપોરેટિવ ક્ષેત્રમાં કેટલી આવક ધરાવતી કો-ઓપોરેટિવ સંસ્થા માટેનો ટેક્સ 18%થી ઘટાડી 15% કરાયો જેના પર સરચાર્જમાં પણ કપાત 12%થી ઘટી 7% કરાઇ
(A) રૂ. 50 લાખથી 10 કરોડ (B) રૂ. 1થી 5 કરોડ
**(C) રૂ. 1 થી 10 કરોડ** (D) રૂ. 1થી 20 કરોડ

**26.** કેન્દ્રીય અંદાજપત્ર 2022-23 મુજબ ITRનો ગોટાળો કેટલા વર્ષની અંદર સુધારી શકાશે
(A) 01 વર્ષ (B) 1.5 વર્ષ **(C) 02 વર્ષ** (D) 2.5 વર્ષ

**27.** અંદાજપત્ર 2022-23 મુજબ રાજ્ય સરકારના કર્મચારીઓ હવે નેશનલ પેન્શન સ્કિમ(NPS)માં કેટલા ટકાનું અંશદાન આપી શકશે
(A) 12 ટકા **(B) 14 ટકા** (C) 15 ટકા (D) 16 ટકા

**28.** કઇ નદીના કિનારે 5 કિમી વિસ્તારની મર્યાદામાં આવતી જમીન પર ઓર્ગેનિક ખેતીને સરકાર પ્રોત્સાહન આપશે
યમુના નર્મદા કોસી
**(A) ગંગા** (B) યમુના (C) નર્મદા (D) કોસી

**29.** અંદાજપત્ર 2022-23માં કોર્પોરેટ ટેક્સ અને સહકારી સંસ્થાઓ પરનો ટેક્સ ઘટાડી કેટલા ટકા કરાયો
(A) 5-5 ટકા (B) 12-12 ટકા **(C) 15-15 ટકા** (D) 18-18 ટકા

**30.** અંદાજપત્ર 2022-23 મુજબ ક્લાયમેન્ટ ચેંજનો સામનો કરવા ક્યા બોન્ડ જારી કરાશે
(A) સોલર બોન્ડ **(B) સૉવરેન ગ્રીન બોન્ડ**
(C) ક્લિન બોન્ડ (D) ગ્રીન બોન્ડ

**31.** અંદાજપત્ર 2022-23માં સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા કર રાહતો માટેનો સમયગાળો ક્યાં સુધી લંબાવાયો
**(A) માર્ચ 2023** (B) એપ્રિલ-2023
(C) માર્ચ-2024 (D) માર્ચ-2025

**32.** અંદાજપત્ર 2022-23 મુજબ હર ઘર, નલ સે જલ અંતર્ગત વર્ષ 2022-23માં કેટલા પરિવારોને આવરી લેવાશે
(A) 2 કરોડ (B) 3 કરોડ **(C) 3.8 કરોડ** (D) 5 કરોડ

**33.** અંદાજપત્ર 2022-23માં મહિલાઓ માટે શરૂ કરાયેલી નવી યોજનાઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

(A) મિશન શક્તિ (B) મિશન વાત્સલ્ય
(C) પોષણ 2.0 **(D) આપેલ તમામ**

**34.** અંદાજપત્ર 2022-23માં પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ હેઠળ ઉચ્ચસ્તરીય કાર્યક્ષમતા ધરાવતા સોલર મોડ્યુલ્સના ઉત્પાદન માટે વધારાના રૂ. 19,500 કરોડની ફાળવણી કરાઇ જેમાં કયા વર્ષ સુધીમાં 280 ગીગાવોટની સૌર ઊર્જાનું ધ્યેય હાંસલ કરવા માટે આ મહત્વનું પગલું લેવાયું છે
(A) વર્ષ 2025 **(B) વર્ષ 2030** (C) વર્ષ 2035 (D) વર્ષ 2040

**35.** અંદાજપત્ર 2022-23માં પ્રાઇમ મિનિસ્ટર ડેવલપમેન્ટ ઇનિશિયેટિવ ફોર નોર્થ-ઇસ્ટ રિજિયન હેઠળ યુવા અને મહિલાની આજીવિકા માટે કેટલી પ્રારંભિક ફાળવણી કરાઇ
(A) રૂ. 1,000 કરોડ (B) રૂ. 1,200 કરોડ
**(C) રૂ. 1,500 કરોડ** (D) રૂ. 15,000 કરોડ

**36.** અંદાજપત્ર 2022-23 મુજબ શેડ્યુલ્ડ કોમર્સિયલ બેન્ક 75 જિલ્લામાં કેટલા ડિજિટલ બેન્કિંગ યુનિટ્સ (ડીબીયુ)ની સ્થાપના કરશે
(A) 25 (B) 50 (C) 60 **(D) 75**

**37.** અંદાજપત્ર 2022-23માં રિવર લિન્કિંગ પ્રોજેક્ટ અંતર્ગત દેશની કેટલી નદીઓને જોડાશે
**(A) 05** (B) 06 (C) 07 (D) 08

**38.** અંદાજપત્ર 2022-23માં સોલર ઇક્વિપમેન્ટ્સના મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા વધારાના કેટલા અબજ તેમજ નાણાકીય વર્ષ-2022-23માં કેટલા મલ્ટિ-મોડલ નેશનલ પાર્ક કોન્ટ્રાક્ટ્સને મંજૂરી અપાશે
(A) રૂ. 175 અબજ તથા બે **(B) રૂ. 195 અબજ તથા ચાર**
(C) રૂ. 200 અબજ તથા પાંચ (D) રૂ. 210 અબજ તથા સાત

અન્ય પ્રશ્નો-જવાબો

**39.** આગામી વર્ષ-2022માં બર્મિંગહામ ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સમાં વર્ષ 1998 બાદ કઇ રમતનો પુન સમાવેશ કરાયો
(A) કબડ્ડી (B) ચેસ **(C) ક્રિકેટ** (D) ખો-ખો

**40.** ભારતીય તટ રક્ષક દિવસ ક્યારે મનાવવામાં આવે છે
(A) તા. 04 ફેબ્રુઆરી (B) તા. 03 ફેબ્રુઆરી
(C) તા. 02 ફેબ્રુઆરી **(D) તા. 01 ફેબ્રુઆરી**

**41.** આકસ્મિક દરિયાઇ સંશોધન અને બચવા માટેનો હેલ્પલાઇન નંબર જણાવો
(A) 1111 (B) 1155 **(C) 1554** (D) 5555

**42.** ભારતીય તટરક્ષક દળનું દક્ષિણ પશ્ચિમનું વડુમથક જણાવો
(A) પોરબંદર (B) ભાવનગર **(C) ગાંધીનગર** (D) કંડલા

**43.** તારી આંખનો અફીણી ગીતના રચનકાર કવિ વેણીભાઇ પુરોહિતનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો
(A) તા. 04 ફેબ્રુઆરી-1921 તથા જામનગર
(B) તા. 03 ફેબ્રુઆરી-1920 તથા જામવંથલી
(C) તા. 02 ફેબ્રુઆરી-1919 તથા જામજોધપુર
**(D) તા. 01 ફેબ્રુઆરી-1918 તથા જામખંભાળિયા**

**DATE : 02-02-2022**

## 1. ગુજરાતનું ગૌરવ : જામનગર જિલ્લાનું ખીજડીયા વન્યજીવ અભયારણ્ય નવી રામસર સાઇટ/વેટલેન્ડનો દરજ્જો




**વિગત :**

- ✓ **ભારત સરકાર દ્વારા વર્લ્ડ વેટલેન્ડના દિવસે ગુજરાતમાં જામનગર ખાતે આવેલા ખિજડિયાને રાજ્યમાં ચોથા વેટલેન્ડ વિસ્તાર/'રામસર સાઇટ' તરીકે સ્થાન અપાયું**
- ✓ હરિયાણાના ગુરુગ્રામ સ્થિત સુલતાનપુર નેશનલ પાર્ક ખાતે ગુજરાત સરકારને ખીજડીયા વન્યજીવ અભયારણ્યને નવી રામસર સાઇટ તરીકેનો દરજ્જો મળ્યા અંગેનું પ્રમાણપત્ર અપાયું.



- ✓ આ પ્રસંગે ભારતમાં આર્દ્રભૂમિ ધરાવતા સ્પેસ એપ્લીકેશન સેન્ટરના ભૌગોલિક નક્શાનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.
- ✓ ઇરાનમાં રામસર સચિવાલય દ્વારા નવા વેટલેન્ડની આ જાહેરાત કરવામાં આવી છે.

**ખીજડીયા વન્યજીવ અભયારણ્ય વિશે :**

- ✓ ખીજડીયા પક્ષી અભયારણ્ય એ 6.05 ચો. કિ.મી.ના વિસ્તારમાં તાજા પાણીનાં તળાવો, ખારા તેમજ મીઠા પાણીનાં ખાબોચિયાં ધરાવતું હોવાથી અલગ તરી આવે છે.
- ✓ દેશની આઝાદી પૂર્વે રૂપારેલ નદીનાં પાણીને દરિયામાં વહી જતું રોકવા માટે ચેક ડેમ બનાવવામાં આવ્યો હતો.
- ✓ વર્ષો વીત્યે એક બાજુ વરસાદ અને નદીનું તાજું પાણી અને બીજી તરફ દરિયાનું ખારું પાણી હોઇ એક અલગ વિસ્તારનું નિર્માણ થયું.
- ✓ ખીજડીયા પક્ષી અભયારણ્ય કચ્છની ખાડીમાં જામનગર જિલ્લાના ઉત્તર પૂર્વ દરિયાકિનારે **રૂપારેલ નદી અને કાલિન્દ્રી નદીના સંગમ પાસે** આવેલું છે અને તેથી એકદમ ખાસ અને અલગ જીવસૃષ્ટિ ધરાવે છે.
- ✓ ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક મહત્વપૂર્ણ વોટરબર્ડ વસવાટ તરીકે આ સ્થળ વિશાળ શ્રેણીના રહેવાસી જળચર અને જમીન આધારિત પ્રાણીઓ માટે સંવર્ધન, ખોરાક અને રોસ્ટિંગ મેદાન પ્રદાન કરે છે.
- ✓ ખિજડિયા એ ગુજરાતના સર્વોત્તમ પક્ષી અભ્યારણ્ય પૈકી એક છે. અલ્પ વિસ્તારમાં 125 વોટર બર્ડ્સ સહિત 300થી વધુ પક્ષીઓની પ્રજાતિઓ જોવા મળે છે. આ સ્થળે 1.65 લાખ જેટલા પક્ષીઓની વ્યક્તિગત ગણતરી કરવામાં આવી છે જેમાં લુપ્તપ્રાય પલાસની ફિશ ઇગલ, ભાકતીય સ્કિમર (રાજયન્કોપ્સ, આલ્બીકોલિસ) અને સંવેદનશીલ સામાન્ય પોચાર્ડ (એન્થા ફેરીના)નો સમાવેશ થાય છે.
- ✓ આ પક્ષી અભયારણ્ય કચ્છના અખાતના દક્ષિણ તટ પર, જામનગરથી આશરે 10 કિમી ઉત્તરપૂર્વીય અંતરે આવેલું છે, જે

મોસમી તાજા પાણીના છીછરા તળાવ, આંતરિક ભરતીના કાદવ, ખાડીઓ, મીઠાના અગર, ખારી જમીન અને મેન્ગ્રોવની ઝાડીઓનું સંયોજન છે. અભયારણ્યનો કુલ વિસ્તાર 605 હેક્ટર છે. આ સમગ્ર વેટલેન્ડ સંકુલ ત્રણ તાજા પાણીના તળાવોથી ઘેરાયેલું છે.

- ✓ આ સાઇટ પર 180થી વધુ છોડની પ્રજાતિઓ ઉપસ્થિત છે જેમાં ગંભીર રીતે જોખમમાં મુકાયેલા ભારતીય બડેલિયમ-ટ્રી (કોમ્નીફોરા વિટી)નો સમાવેશ થાય છે.
- ✓ ભારતના જાણીતા પક્ષીનિષ્ણાત સલીમ અલી એ 1984માં ખીજડીયા પક્ષી અભયારણ્યની મુલાકાત લીધી ત્યારે એક દિવસમાં પક્ષીઓની 104 જાતો શોધી કાઢી હોવાનું નોંધાયું હતું.
- ✓ દેશમાં કુલ ક્ષેત્રફળ વિસ્તારમાં 4.63 ટકા વિસ્તારમાં વેટલેન્ડ્સ આવેલા છે, જ્યારે ગુજરાતમાં તેના ક્ષેત્રફળના કુલ વિસ્તારમાંથી 17.56 ટકા વિસ્તારમાં રક્ષિત અને બિનરક્ષિત મળીને કુલ 14,183 વેટલેન્ડ્સ આવેલા છે. જે પૈકી પ્રત્યેક 8 રક્ષિત વેટલેન્ડનો વિસ્તાર 2.25 હેક્ટરથી વધુ છે.

**ગુજરાતમાં આવેલી 4 રામસર સાઇટ :**

1. નળ સરોવર-અમદાવાદ : વર્ષ 2012
2. થોળ અભ્યારણ-મહેસાણા : એપ્રિલ-2021
3. વઢવાણા તળાવ-ડભોઇ, વડોદરા : એપ્રિલ-2021
4. ખિજડિયા પક્ષી અભયારણ્ય-જામનગર : વર્ષ 2022

**(2) તા. 2 ફેબ્રુઆરી-2022ના રોજ ઉત્તરપ્રદેશના બખીરા અભયારણ્યને પણ રામસર સાઇટ તરીકે ઘોષિત કરવામાં આવી.**

- ✓ તા. 2જી ફેબ્રુઆરી-2022ની સ્થિતિએ દેશમાં રામસર સાઇટની સંખ્યા કુલ 49 થઇ છે.

## 2. ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી :




- ✓ ધરોહર સમાન ભારતીય જ્ઞાન પ્રણાલી પ્રમાણપત્ર અભ્યાસક્રમોનો પ્રારંભ

**કુલ 6 ઓનલાઇન પ્રમાણપત્ર અભ્યાસક્રમો**

1. વેદોનો અભ્યાસ
2. પુરાણોનો અભ્યાસ
3. ઉપનિષદનો અભ્યાસ
4. કૌટિલ્યની રાજનીતિ વિજ્ઞાન અને અર્થશાસ્ત્રનો અભ્યાસ
5. પ્રાચીન ભારતીય વાસ્તુકળાનો અભ્યાસ
6. પ્રાચીન ભારતીય વિજ્ઞાન અને તંત્રજ્ઞાનનું અધ્યયન

- ✓ સમયગાળો : માર્ચથી મે-2022 (ત્રણ મહિના)
- ✓ વેબસાઇટ : www.gtu.bhishmaindics.org
- ✓ **સંસ્થા :** જીટીયુ સેન્ટર ફોર ઇન્ડિયન નોલેજસિસ્ટમ અને ભીષ્મ સ્કૂલ ઓફ ઇન્ડિક સ્ટડીસ

## 3. લૉરિયસ વર્લ્ડ બ્રેક થ્રૂ એવોર્ડ ઓફ ધ યર માટે ભારતીય એથ્લેટ્સ નીરજ ચોપરા નોમિનેટ :




- ✓ ટોક્યો ઓલિમ્પિકની ટ્રેક એન્ડ ફિલ્ડ ઇવેન્ટની જ્વેલિન થ્રો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતના નીરજ ચોપરાને 2002 લૉરિયસ વર્લ્ડ બ્રેક થ્રૂ એવોર્ડ ઓફ ધ યરના પુરસ્કાર માટે છ નોમિનેટ થયેલા એથ્લેટ્સમાં સ્થાન અપાયું.
- ✓ **નીરજ નોમિનેટ થનાર ત્રીજો ભારતીય ખેલાડી**
- ✓ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકર વર્ષ 2000-2020ના સમયગાળા માટે તથા રેસલર વિનેશ ફોગાટ (2019) આ એવોર્ડ વિજેતા.

**એવોર્ડ માટે નોમિનિટે થયેલા વિશ્વના અન્ય રમતવીરો**

- ✓ બ્રિટનની ટેનિસ ખેલાડી એમ્મા રાડૂકાનુ, રશિયાનો ટેનિસ પ્લેયર ડેનિલ મેડવેડેવ, સ્પેનનો ફૂટબોલર પેડ્રી, વેનેઝૂએલાનો એથ્લેટ યુલીમાર રોજાસ તથા ઓસ્ટ્રેલિયન સ્વિમર એરિયન ટિટમસ સામેલ છે.

**લૉરિયસ એવોર્ડ શું છે ?**

- ✓ લૉરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ પ્રત્યેક વર્ષે આપવામાં આવતો વાર્ષિક પુરસ્કાર છે. પૂરા વર્ષ દરમિયાન રમતજગતમાં અસાધારણ પ્રદર્શન કરીને સિદ્ધિ હાંસલ કરનાર ખેલાડીઓ તથા ટીમોને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આ એવોર્ડની શરૂઆત 1999માં લૉરિયસ સ્પોર્ટ્સ ફોર ગુડ ફાઉન્ડેશનના સંસ્થાપક ડેમલર અને રિકેમોન્ટ દ્વારા કરવામાં આવી હતી.

## 4. મેટાવર્સ કેવી દુનિયા છે :




- ✓ મેટાવર્સ માર્ક ઝુકરબર્ગે સર્જેલું એક એવું વર્ચ્યુઅલ વિશ્વ છે જ્યાં તમે હેડસેટ પહેરીને ફિલ્મ અવતારની જેમ એક વર્ચ્યુઅલ જગતમાં એક પાત્ર બનીને પ્રવેશ કરી શકો. ત્યાં કાલ્પનિક દેશ, શહેર, મહાસાગરો, આકાશ, જંગલો, બીચ, ટાપુઓ વગેરે પર તમારી કલ્પના મુજબનાં સાહસો કરી શકે. મન ફાવે એવાં કામ કરી શકે.

## 5. ઇંગ્લેન્ડની રાણી એલિઝાબેથ દ્વિતીયએ સત્તા સંભાળ્યાનાં 70 વર્ષ પૂરા કર્યાની ભવ્ય ઉજવણી કરાશે

- ✓ રાણી એલિઝાબેથ દ્વિતીય તા. 6 ફેબ્રુઆરી-2022ના રોજ બ્રિટનના રાજવી તરીકે 70 વર્ષ પૂરા કરશે. તે પ્રસંગે પ્લેટિનમ જ્યુબિલી વર્ષ ઉજવણીની શરૂઆત થશે.



- ✓ <u>તેઓ 25 વર્ષની વયના હતા ત્યારે રાજગાદી સંભાળી હતી. બ્રિટનના થયેલા ઝડપી સામાજિક અને રાજકીય પરિવર્તનોના સાક્ષી રહ્યાં.</u>
- ✓ <u>રાણી એલિઝાબેથ દ્વિતીય તે આધુનિક બ્રિટનને તેના સામ્રાજ્યકાળના ભૂતકાળ સાથે જોડતી કડી.</u>
- ✓ <u>તા. 23 જાન્યુઆરીએ થયેલા સર્વેક્ષણમાં રાણી સૌથી લોકપ્રિય રાજવી તરીકે ઉપસી આવ્યા હતા.</u>

**6. પેગાસસ સોફ્ટવેર કેવી રીતે કામ કરે છે : ઈઝરાયેલના શાલેવ હુલિયો અને ઓમરીલાવીયે નામના બે મિત્રો દ્વારા શરૂ કરેલી કંપની**



- ✓ વર્ષ 2019 સુધી, અન્ય સામાન્ય સ્પાયવેરની જેમ, પેગાસસ સોફ્ટવેરમાં પણ એસએમએસ, ઈ-મેઇલ કે મેસેજિંગ એપ દ્વારા વારંવાર ફિશિંગ લિંક્સ મોકલવામાં આવતી હતી.
- ✓ ટાર્ગેટ ભૂલથી કોઈ લિંક ક્લિક કરે, તો સોફ્ટવેર તેના સ્માર્ટફોનમાં ઇન્સ્ટોલ થતો હતો.
- ✓ હવે પેગાસસે ઝીરો-ક્લિક તરીકે ઓળખાતી ટેકનોલોજી અપનાવી છે.
- ✓ નામ મુજબ, ટાર્ગેટ તરફથી કોઈ એક્શન કે ભૂલ વિના, આ સોફ્ટવેર તેના ફોનમાં ઘૂસી શકે છે. એ પછી સોફ્ટવેર ટાર્ગેટના ફોનમાંના વિવિધ એકાઉન્ટના યૂઝરનેમ-પાસવર્ડ મેળવે છે. પછી, ટાર્ગેટના વિવિધ ઓનલાઇન એકાઉન્ટમાંની માહિતી તથા ફોનમાંનો વિવિધ ડેટા સ્પાયવેરના સર્વર પર મોકલવાનું શરૂ થઈ જાય છે.
- ✓ પેગાસસ સોફ્ટવેરની વિશેષતા એ છે કે તે એન્ડ્રોઇડ ઉપરાંત આઇફોનમાં પણ ઘૂસી શકે છે. તે આ બંને ઓપરેટિંગ સિસ્ટમની સિક્યોરિટી વ્યવસ્થાઓનો પોતાના લાભ માટે ઉપયોગ કરી, યૂઝરને સંપૂર્ણપણે અંધારામાં રાખીને કોન્ટેક્ટ્સ, ફોન કોલ્સ, મેઇલ્સ, મેસેજ, લોકેશન, નેટવર્ક, ડિવાઇસનાં સેટિંગ્સ, બ્રાઉઝિંગ હિસ્ટ્રી, સોશિયલ નેટવર્ક્સ, કેલેન્ડરમાંની નોટ્સ, ફાઇલ્સ, ફોટોઝની એક્સેસ મેળવી શકે છે. ફોટો/વીડિયો કેપ્ચર કરી શકે છે અને માઇક્રોફોનથી રેકોર્ડિંગ કરી શકે છે.

**7. દિન વિશેષ : 02 ફેબ્રુઆરી**

**વિશ્વ વેટલેન્ડ દિવસ**




- ✓ થીમ-2022 : **'Wetland's action for people and nature**
- ✓ વર્ષ 1997થી વિશ્વ વેટલેન્ડ દિવસની શરૂઆત કરવામાં આવી.
- ✓ **<u>વેટલેન્ડ શ્રેણી સાઇટનું પ્રથમ બહુમાન 1981માં ઓડિશાના ચિલ્કા તળાવ અને રાજસ્થાનના દેવલાદેવ રાષ્ટ્રીય ઉધાનને મળ્યું હતું.</u>**
- ✓ લોકો તેમજ પૃથ્વી માટે આર્દ્રભૂમિની ભૂમિકા અંગે વૈશ્વિક જાગૃતિ વધારવાના હેતુસર વર્ષ 1971માં ઈરાનના રામસર શહેરમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આર્દ્ર ભૂમિના મહત્વ અંગે થયેલ 'રામસર સંધિ' પર થયેલ હસ્તાક્ષરને અનુલક્ષીને દર વર્ષે 2જી ફેબ્રુઆરીના રોજ વૈશ્વિક આર્દ્રભૂમિ દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- ✓ પર્યાવરણની દ્રષ્ટિએ ખૂબ જ વિશિષ્ટ હોય એવા આદ્ર (ભેજવાળા) સ્થળોને જ્યાં પ્રવાસીઓનાં સંવર્ધનની પ્રાકૃતિક સંભાવનાઓને ધ્યાને લઇ રામસર સાઇટ તરીકે ગણના કરી આંતરરાષ્ટ્રીય સંધિ પ્રમાણે તે સાઇટને સંરક્ષણ આપવામાં આવે છે.
- ✓ <u>ઓડિશામાં આવેલા ચિલ્કા સરોવરના સંરક્ષણ અને તેની મરામત માટે ભારતને વર્ષ 2002માં "રામસર સંરક્ષણ એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવેલ છે.</u>

**8. જન્મદિન વિશેષ : 02 ફેબ્રુઆરી લોકહૃદયની રાજકુમારી : અમૃત કૌર**

**જન્મ : 2 ફેબ્રુઆરી 1889**

**અવસાન : 6 ફેબ્રુઆરી 1964**




- ✓ <u>આજે સ્વતંત્રતા સૈનિક અને પ્રથમ મહિલા પ્રધાન રાજકુમારી અમૃતકૌરનો જન્મદિવસ</u>.
- ✓ પંજાબ પ્રદેશના રાજા હરનામસિંઘના 8 સંતાનો પૈકી એક માત્ર દીકરી <u>અમૃતકૌરનો જન્મ લખનૌમાં</u> થયો હતો.
- ✓ પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ દેશમાં અને ઉચ્ચ શિક્ષણ ઓક્સફર્ડ યુનિ.માંથી પ્રાપ્ત કર્યું.
- ✓ <u>ટેનિસનાં આ બહેતરીન ખેલાડી</u> અને તેમાં અનેક ઈનામો જીતનાર અમૃતકૌર અભ્યાસ પછી ભારત આવી રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયાં
- ✓ 1919માં મહાત્મા ગાંધીને મળ્યાં, દેશોદ્ધારના વિચારો મૂક્યા અને જલિયાંવાલા બાગ હત્યાકાંડ પછી હિન્દી રાષ્ટ્રીય મહાસભાના સભ્ય બન્યાં. તે પછી તો અમૃત કૌરે રજવાડી ઠાઠ છોડી જીવન રાષ્ટ્રને સમર્પિત કરી દીધું.
- ✓ 1930ની દાંડીકૂચ, 1942નું હિંદ છોડો આંદોલન સહિત અનેક નાના મોટા અનેક આંદોલનોમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો.

✓ સ્વતંત્રતા સૈનિક ઉપરાંત બાળલગ્ન નાબૂદી, પરદાપ્રથા તથા દલિત ઉત્કર્ષ રાજકુમારી અમૃતકૌરના જીવનની પ્રાથમિકતાઓ હતી.

✓ તેઓ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સની સ્થાપનાના ચાલક બળ પણ હતાં.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (02-02-2022)

**1.** તા. 2 ફેબ્રુઆરી-2022ના રોજ વર્લ્ડ વેટલેન્ડ દિવસ નિમિત્તે ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ નવી રામસર સાઇટ/વેટલેન્ડ સંદર્ભે નીચેના પૈકી કઇ બાબતો યોગ્ય છે

1.ખીજડીયા વન્યજીવ અભયારણ્ય તથા બખીરા અભયારણ્ય

2. ભારતમાં આર્દ્રભૂમિ ધરાવતા સ્પેસ એપ્લીકેશન સેન્ટરના ભૌગોલિક નક્શાનું અનાવરણ

3. હરિયાણાના ગુરુગ્રામ સ્થિત સુલતાનપુર નેશનલ પાર્ક ખાતેથી રામસર સાઇટની જાહેરાત

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** જામનગર જિલ્લાના ખીજડીયા વન્યજીવ અભયારણ્ય સંદર્ભે નીચેનામાંથી કઇ બાબત યોગ્ય છે

1. દેશની આઝાદી પૂર્વે રૂપારેલ નદીનાં પાણીને દરિયામાં વહી જતું રોકવા માટે ચેક ડેમ બનાવાયો હતો

2. ખીજડીયા પક્ષી અભયારણ્ય એ 6.05 ચો. કિ.મી.ના વિસ્તારમાં તાજા પાણીનાં તળાવો, ખારા તેમજ મીઠા પાણીનાં ખાબોચિયું ધરાવે છે

3. કચ્છની ખાડીમાં જામનગર જિલ્લાના ઉત્તર પૂર્વ દરિયાકિનારે રૂપારેલ નદી અને કાલિન્દ્રી નદીના સંગમ પાસે આવેલું છે

4. ખિજડિયા ગુજરાતના સર્વોત્તમ પક્ષી અભ્યારણ્ય પૈકી એક

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** વિશ્વ વેટલેન્ડ દિવસ સંદર્ભે નીચેનામાંથી ક્યા તથ્યો યોગ્ય છે

1. થીમ-2022:'Wetland's action for people and nature

2. વર્ષ 1997થી વિશ્વ વેટલેન્ડ દિવસ ઉજવણીની શરૂઆત

3. ભારતમાં વેટલેન્ડ શ્રેણી સાઇટનું પ્રથમ બહુમાન 1981માં ઓડિસાના ચિલકા તળાવ અને રાજસ્થાનના દેવલાદેવ રાષ્ટ્રીય ઉધાનને મળ્યું હતું

4. પૃથ્વી માટે આર્દ્રભૂમિની ભૂમિકા અંગે વૈશ્વિક જાગૃતિ વધારવાના હેતુસર તા. 2 ફેબ્રુઆરી-1971માં ઈરાનના રામસર શહેરમાં આંતરરાષ્ટ્રીય સ્તરે 'રામસર સંધિ' પર હસ્તાક્ષર

5. ઓરિસ્સામાં આવેલા ચિલ્કા સરોવરના સંરક્ષણ અને તેની મરામત માટે ભારતને વર્ષ 2002માં "રામસર સંરક્ષણ એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવેલ

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 2 અને 5 **(D) આપેલ તમામ**

**4.** ભારતમાં તા. 2 ફેબ્રુઆરી-2022ની સ્થિતિએ કુલ કેટલી રામસર સાઇટ આવેલી છે

(A) 48 **(B) 49** (C) 50 (D) 51

**5.** ફેબ્રુઆરી-2022માં લૉરિયસ વર્લ્ડ બ્રેક થ્રૂ એવોર્ડ ઓફ ધ યર માટે કયા ત્રીજા ભારતીય ખેલાડીને નોમિનેટ કરાયો

(A) સ્મૃતિ મંધાના (B) વિરાટ કોહલી

(C) એમ.સી. મેરિકોમ **(D) નીરજ ચોપરા**

**6.** ફેબ્રુઆરી-2022માં ઇંગ્લેન્ડની રાણી એલિઝાબેથ દ્વિતીયએ સત્તા સંભાળ્યાનાં કેટલા વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભવ્ય ઉજવણી કરાશે

(A) 50 (B) 60 **(C) 70** (D) 75

**7.** ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી(GTU) દ્વારા તાજેતરમાં સૌપ્રથમ શરૂ કરાયેલા ધરોહર સમાન ભારતીય જ્ઞાન પ્રણાલી પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં કોનો સમાવેશ થતો નથી

(A) ઉપનિષદનો અભ્યાસ કૌટિલ્યની રાજનીતિ વિજ્ઞાન અને અર્થશાસ્ત્રનો અભ્યાસ

(B) વેદોનો અભ્યાસ તથા પુરાણોનો અભ્યાસ

(C) પ્રાચીન ભારતીય વાસ્તુકળાનો અભ્યાસ પ્રાચીન ભારતીય વિજ્ઞાન અને તંત્રજ્ઞાનનું અધ્યયન

**(D) પતંજલી યોગ અભ્યાસ**

**8.** ફેબ્રુઆરી-2022ની સ્થિતિએ ગુજરાતમાં આવેલી રામસર સાઇટમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

(A) નળ સરોવર-અમદાવાદ : વર્ષ 2012

(B) થોળ અભ્યારણ-મહેસાણા તથા વઢવાણા તળાવ-ડભોઇ, વડોદરા : એપ્રિલ-2021

(C) ખિજડિયા પક્ષી અભયારણ્ય-જામનગર : વર્ષ 2022

**(D) આપેલ તમામ**

**9.** દર વર્ષે વર્લ્ડ વેટલેન્ડ ડે ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 01 ફેબ્રુઆરી **(B) તા. 02 ફેબ્રુઆરી**

(C) તા. 03 ફેબ્રુઆરી (D) તા. 04 ફેબ્રુઆરી

**10.**ગુજરાતમાં "નળ સરોવર પક્ષી અભ્યારણ્ય"ને ક્યા વર્ષે 'રામસર સાઇટ" તરીકે જાહેર કરાઈ હતી

(A) વર્ષ-2010 (B) વર્ષ-2011 **(C) વર્ષ-2012** (D) વર્ષ-2013

**11.**ભારતના પ્રથમ મહિલા મંત્રી રાજકુમારી અમૃત કૌરનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા.01/02/1888 તથા કાનપુર

**(B) તા.02/02/1889 તથા લખનઉ**

(C) તા.03/02/1890 તથા મથુરા

(D) તા.04/02/1891 તથા વારાણસી

## DATE : 03-02-2022

**1. નવી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી : શિક્ષણ વિભાગ-ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ રૂ. 300 કરોડ તથા યુનિવર્સિટીઓ કંપનીઓના સીએસઆર ભંડોળમાંથી રૂ.200 કરોડ મેચિંગ અનુદાન તરીકે મેળવશે**

SSIP
Student Startup Innovation Policy

**સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસીનો અમલ :**

✓ ગુજરાતના શિક્ષણ વિભાગે પાંચ વર્ષ માટે અમલમાં મૂકેલી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલિસીમાં 10 હજાર જેટલા વિદ્યાર્થીઓને તેમને બનાવેલા પ્રોટોટાઇપ મોડેલ માટે રૂ. અઢી

લાખ સુધીની અને એમાંથી 500 જેટલા મોડેલ જો બિઝનેસ વેન્ચરમાં કન્વર્ટ થાય તો તેમને રૂ.10 લાખ સુધીની સહાય આપવાનો લક્ષ્યાંક

**પોલિસીમાં નવી બાબતો :**

- ✓ 35 વર્ષ સુધીના અભ્યાસ અધવચ્ચેથી છોડી જનારા યુવાનોને પણ તેમના પ્રોટોટાઇપ અને સ્ટાર્ટઅપ બિઝનેસ મોડેલ માટે રૂ. અઢી લાખથી રૂ. 10 લાખ સુધીની સહાય આપવામાં આવશે.

**અગાઉની જોગવાઈ :**

- ✓ અગાઉની પાંચ વર્ષની પોલિસીમાં વિધાર્થીઓના પ્રોટોટાઇપ મોડેલ પસંદ થાય તો રૂ. 2 લાખ સુધીની સહાય અપાતી હતી, જે નવી પોલિસીમાં વધારીને રૂ. અઢી લાખ સુધીની કરાઈ છે.

**કોને કેટલી સહાય અપાશે**

**સહાય મેળવનાર સહાયનું ધોરણ**

- ✓ **યુનિવર્સિટી :** રૂ. 5 કરોડ
- ✓ **શિક્ષણ સંસ્થા :** રૂ. 2 કરોડ
- ✓ **ધો. 9થી 12ના વિધાર્થીને પ્રોટોટાઇપ માટે** : રૂ. 20 હજાર
- ✓ **કોલેજ-ઉચ્ચશિક્ષણના વિધાર્થીને પ્રોટોટાઇપ માટે** રૂ. 2.5 લાખ **સ્ટાર્ટઅપ મોડેલ માટે** રૂ. 10 લાખ સુધી
- ✓ **35 વર્ષ સુધીના વચ્ચેથી અભ્યાસ છોડનારા યુવાનને પ્રોટોટાઇપ માટે** રૂ. 2.5 લાખ **સ્ટાર્ટઅપ મોડેલ માટે** રૂ. 10 લાખ સુધી
- ✓ **ઇન્ટે. પ્રોપર્ટીની અરજી દેશમાં ફાઇલિંગ માટે** રૂ. 75 હજાર, **વિદેશમાં ફાઇલિંગ માટે** રૂ. 1.5 લાખ

## 2. ગુજરાતનું ગૌરવ : થોળ અભયારણ્ય

**વાઇલ્ડ લાઇફ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયાના વૈજ્ઞાનિકો દ્વારા થોળ અભયારણ્યમાં માદા કુંજ પક્ષીને "થોળ" નામ અપાયું**




**થોળ અભયારણ્યમાં કુંજ પક્ષીનીઓના પગમાં GPS-GSM સિસ્ટમ લગાવાઈ**

- ✓ ઉત્તરિયા ગોળાર્ધથી હજારો કુંજ સહિત યાયાવર પક્ષીઓ શિયાળો ગાળવા નળ સરોવર, થોળ અભ્યારણ અને રામસર સાઇટ પર આવે છે.
- ✓ પ્રજનન સ્થળ તેમજ આકાશમાં લાંબા અંતરના પ્રવાસની જાણકારી મળી રહે તે માટે કુંજ પક્ષીના પગે જીપીએસ સિસ્ટમ લગાવવાનો વાઇલ્ડ લાઇફ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયાના વૈજ્ઞાનિક દ્વારા થોળ અભ્યારણમાં પ્રથમવાર સફળ પ્રયોગ હાથ ધરાયો.
- ✓ પક્ષીના પગમાં પીળા રંગની રીંગ લગાવવામાં આવી હતી જેથી પક્ષીની ઓળખ થઇ શકે.આ કુંજ પક્ષીને થોળ નામ અપાયુ હતુ.
- ✓ જીપીએસ સિસ્ટમ દર દસ મિનીટે કુંજ પક્ષીનું લોકેશન નોંધે છે જેની સંશોધકોને જાણકારી મળે છે. આ કુંજ પક્ષીનુ વજન 4.1 કિલો હતું.

**અગાઉના પ્રયોગ :**


- ✓ વર્ષ 2020માં નળ સરોવર નજીક લખતર તાલુકાના વડલા ગામે કુંજ પક્ષીને જીપીએસ સિસ્ટમ લગાવાઇ હતી. આ પક્ષીએ પ્રજનન સ્થળથી માંડીને કજાકિસ્તાન સુધીનો પ્રવાસ માર્ચ- એપ્રિલ 2020માં 4800 કિમી સુધીનું અંતર કાપી ગુજરાત પરત ફર્યુ હતું.

## 3. 'ભીક્ષા નહીં શિક્ષા' : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC) દ્વારા 'ભીક્ષા નહીં શિક્ષા' અંતર્ગત સિગ્નલ સ્કૂલ પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાશે

**હેતુ :**

- ✓ શહેરમાં રસ્તાઓ પર ભીખ માંગતા 6થી 14 વર્ષના બાળકોને શિક્ષણ આપવાના પાયલોટ પ્રોજેક્ટ સિગ્નલ સ્કૂલ માટે રૂ. 2.27 કરોડના ખર્ચે 10 બસોને મોડિફાય કરવામાં આવશે.
- ✓ મ્યુનિ. સ્કૂલ બોર્ડ તથા ગુજરાત સ્ટેટ લિગલ સર્વિસ ઓથોરિટીની સંયુક્ત રીતે પ્રોજેક્ટ શરૂ કરાશે.
- ✓ **ફેઝ-1 :** ચાર રસ્તા પર 6 થી 14 વર્ષની વય જૂથના ભીખ માંગતા બાળકોને આવરી લેવાશે.
- ✓ શાળાને અનુરૂપ 8 મોટી બસની ડિઝાઈન તૈયાર કરી જે-તે સ્થળે શિક્ષણ આપવાની જોગવાઈ
- ✓ દરેક બસમાં 2-શિક્ષક અને 1-હેલ્પરની વ્યવસ્થા બાળકોને શૈક્ષણિક કીટ, પાઠય પુસ્તક, એમ.ડી.એમ., સ્કોલરશીપ યોજનાઓનો લાભ બાળકોને એ.એમ. સી. આરોગ્ય વિભાગ દ્વારા હેલ્થ ચકાસણી
- ✓ **ફેઝ-2 :** કન્સ્ટ્રક્શન સાઈટના બાળકોને આવરી લેવાશે.
- ✓ **ફેઝ-3 :** સ્લમ અને આંગણવાડીના બાળકોને આવરી લેવાશે.

## 4. ઈલેક્ટોરલ બોન્ડ શું છે :




- ✓ નાણા મંત્રાલયના મતે, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની દેશભરમાં 29 શાખામાં ચૂંટણી બોન્ડ વેચાય છે. આ શાખાઓમાંથી કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે કંપની પોતાનું નામ ગુપ્ત રાખીને પસંદગીના રાજકીય પક્ષ માટે રૂ. એક હજાર, દસ હજાર, એક લાખ કે એક કરોડના મૂલ્યના ચૂંટણી બોન્ડ ખરીદી શકે છે. પક્ષે 15 દિવસમાં બેંક ખાતામાં તે જમા કરાવવાના હોય છે.
- ✓ કેન્દ્ર સરકારે લોકસભા ચૂંટણી પહેલા 2018માં ચૂંટણી બોન્ડ થકી રાજકીય પક્ષોને મળતા ભંડોળમાં પારદર્શકતા લાવવા કાયદો બનાવ્યો હતો.

## 5. કેન્દ્રીય બજેટ 2022-23 :

**મહિલાઓ માટેના જેન્ડર બજેટ 17 વર્ષમાં પહેલીવાર 11 ટકાનો વધારો**

✓ મહિલા અને બાળવિકાસ મંત્રાલયનું બજેટ 5%થી વધારી 8.5% કરાયુ.




**નાણામંત્રીએ મહિલાઓ માટે આ જાહેરાતો કરી**

✓ **મિશન શક્તિ :** તેના માટે સરકારે 5,806 કરોડ રૂપિયાનું બજેટ રાખ્યું છે. ગત વર્ષે 4,242 કરોડ રૂપિયા ફાળવ્યા હતા. સંબલ યોજના હેઠળ બેટી બચાવો, બેટી પઢાઓ યોજના, મહિલા હેલ્પલાઇન વગેરે સામેલ છે. વડાપ્રધાન માતૃવંદના યોજના, મહિલા સંબંધી શોધ, કૌશલ્ય, ટ્રેનિંગ પણ તેમાં સામેલ છે.

✓ **મિશન વાત્સલ્ય :** તેમાં 1,472 કરોડ રૂપિયાની જોગવાઈ છે. ગત બજેટમાં 829 કરોડ રૂપિયા ફાળવાયા હતા.

**જેન્ડર બજેટની કુલ બજેટમાં હિસ્સેદારી**

✓ બજેટમાં મહિલાઓના સશક્તીકરણ અને બાળકલ્યાણ માટે ફાળવાયેલી રકમને જેન્ડર બજેટ કહેવાય છે. ભારતમાં 2005માં તેને બજેટમાં સામેલ કરાયું છે.

✓ આ વખતે જેન્ડર બજેટ માટે 1,71,006 કરોડ રૂપિયા રખાયા છે જે 11% વધુ છે. ગત બજેટમાં આ રકમ 1,66,182 કરોડ રૂપિયા હતા. જોકે ગત 16 વર્ષમાં ભારતનું જેન્ડર બજેટ કુલ બજેટના 5 ટકાની આજુબાજુ રહ્યું છે.

| વર્ષ | હિસ્સેદારી | | |
|---|---|---|---|
| ✓ 2015-16 | 4.56% | 2016-17 | 4.79% |
| ✓ 2017-18 | 4.34% | 2018-19 | 4.98% |
| ✓ 2019-20 | 5.30% | 2020-21 | 4.72% |
| ✓ 2021-22 | 5% | | |

**મોદીના કાર્યકાળમાં મહિલાઓ સંબંધિત 5 યોજનાઓ :**

✓ (1) ઉજ્જ્વલા યોજના - 1 મે 2016, (2) બેટી બચાવો-બેટી પઢાવો યોજના- 22 જાન્યુ. 2015, (3) સુરક્ષિત માતૃત્વ આશ્વાસન સુમન યોજના-10 ઓક્ટોબર 2019, (4) મહિલા શક્તિ કેન્દ્ર યોજના - 2017, (5) સુકન્યા સમૃદ્ધિ યોજના - 22 જાન્યુ.2015.

**6. વિન્ટર ઓલિમ્પિક - બેઇજિંગ,ચીન :**

**ભારત દ્વારા બેઇજિંગ વિન્ટર ઓલિમ્પિક ગેમ્સનો રાજદ્વારી બહિષ્કાર**




✓ ચીને ગલવાન ખીણમાં ભારત સાથેની હિંસક અથડામણમાં સામેલ રહેલા એક સૈન્ય કમાન્ડરને બેઇજિંગ વિન્ટર ઓલિમ્પિક માટે મશાલવાહક બનાવતા ભારતીય રાજદ્વારીઓએ તેનો વિરોધ કર્યો.

✓ ચીનની હરકતના વિરોધમાં ભારતીય વિદેશ મંત્રાલયે જાહેરાત કરી છે કે ભારતનું ચીન સ્થિત દૂતાવાસ બેઇજિંગમાં યોજાનાર વિન્ટર ઓલિમ્પિક રમતોના ઉદ્ઘાટન અને સમાપન સમારંભનો ભાગ નહીં રહે.

✓ આ ઉપરાંત દૂરદર્શનની સ્પોર્ટ્સ ચેનલ ડીડી સ્પોર્ટ્સ પણ બેઇજિંગમાં યોજાનારી વિન્ટર ઓલિમ્પિક રમતોના ઉદ્ઘાટન અને સમાપન સમારંભનું પ્રસારણ નહીં કરે.

✓ ભારતનો એકમાત્ર એથ્લીટ આરિફ ખાન બે ઈવેન્ટમાં ક્વોલિફાય ભારતીય ટીમ ઉદ્ઘાટન અને સમાપન સમારંભમાં ભાગ નહીં લે

**7. વિન્ટર ઓલિમ્પિક - બેઇજિંગ,ચીન :**


✓ ગેમ્સમાં 91 દેશો ભાગ લેશે : 2,800થી વધુ ખેલાડીઓ વિવિધ સ્પર્ધાઓમાં ઉતરશે

✓ 15 રમતોમાં 109 ગોલ્ડ મેડલના વિજેતા નક્કી થશે

✓ **સમયગાળો : તા.04 ફેબ્રુઆરીથી તા.20 ફેબ્રુઆરી- 2022.**

**8. સીરિયામાં યુએસનું ઓપરેશન : ISISનો વડો અબુ ઇબ્રાહીમ ઠાર કરાયો**

**યુએસ પ્રમુખ જો બાઈડેન દ્વારા હુમલાની જાહેરાત**



**ઓપરેશનની વિગત :**

✓ અમેરિકાના સ્પેશિયલ ઓપરેશન્સ ફોર્સ દ્વારા સીરિયાનાં ઇદલિબ પ્રાંતમાં દિલધડક સિક્રેટ મિશન હાથ ધરીને હુમલો કરવામાં આવ્યા હતો. આ હુમલામાં ISISનો વડો અબુ ઈબાહીમ અલ હાશમી અલ કુરેશી ઠાર મરાયો હતો.

✓ યુએસ પ્રમુખ જો બાઈડેન દ્વારા કમાન્ડો ઓપરેશન સફળ રહ્યાની અને આતંકી નેતાને ફૂંકી માર્યાની જાહેરાત કરાઇ હતી.

✓ મોડી રાત્રે 1 વાગ્યે કમાન્ડો અતમેહ ગામમાં હેલિકોપ્ટર્સમાં આવ્યા હતા અને ગ્રેનેડ હુમલો કરીને ઘરમાં છુપાયેલા આતંકી નેતાને ફૂંકી માર્યો.

**બાતમી પછી હુમલો કરાયો :**

✓ ઘરમાં ISISનો કોઇ મોટો લીડર છુપાયો હોવાની બાતમી મળી હતી. આથી યુએસ આર્મીએ મિશન માટે કમાન્ડો મોકલ્યા હતા. ઘરમાંથી 9 મૃતદેહો બહાર કઢાયા હતા.

✓ ઠાર કરાયેલો આતંકી ISISનો લીડર અબુ ઈબ્રાહીમ અલ હાશિમી અલ કુરેશી હતો.

✓ થોડા વર્ષો પહેલાં પાકિસ્તાનનાં અબોટાબાદમાં જે રીતે ખૂંખાર આતંકી નેતા ઓસામા બિન લાદેનને ઠાર કરાયો હતો તેવું દિલધડક ઓપરેશન યુએસ આર્મી કમાન્ડો દ્વારા હાથ ધરાયું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (03-02-2022)

**1.** ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ફેબ્રુઆરી-2022માં જાહેર કરાયેલી નવી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. શિક્ષણ વિભાગ રૂ. 300 કરોડ તથા યુનિવર્સિટીઓ કંપનીઓના સીએસઆર ભંડોળમાંથી રૂ.200 કરોડ મેચિંગ અનુદાન તરીકે મેળવશે

2. શિક્ષણ વિભાગે પાંચ વર્ષ માટે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલિસી અમલમાં મૂકી

3. 10 હજાર જેટલા વિદ્યાર્થીઓને તેમને બનાવેલા પ્રોટોટાઇપ મોડેલ માટે રૂ. અઢી લાખ સુધીની સહાય

4. પ્રોટોટાઇપ મોડેલમાંથી 500 જેટલા મોડેલ જો બિઝનેસ વેન્ચરમાં કન્વર્ટ થાય તો તેમને રૂ.10 લાખ સુધીની સહાય

5. 35 વર્ષ સુધીના વચ્ચેથી અભ્યાસ છોડનારા યુવાનને પ્રોટોટાઇપ માટે રૂ. 2.5 લાખ સ્ટાર્ટઅપ મોડેલ માટે રૂ. 10 લાખ સુધી

(A) 1 અને 5 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાત સરકારની નવી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસીમાં સહાય સંદર્ભે નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

1. યુનિવર્સિટીને રૂ. 5 કરોડની સહાય
2. શિક્ષણ સંસ્થાઓને રૂ. 2 કરોડની સહાય
3. ધો. 9થી 12ના વિદ્યાર્થીને પ્રોટોટાઇપ માટે રૂ. 20 હજારની સહાય
4. કોલેજ-ઉચ્ચશિક્ષણના વિદ્યાર્થીને પ્રોટોટાઇપ માટે રૂ. 2.5 લાખ સ્ટાર્ટઅપ મોડેલ માટે રૂ. 10 લાખ સુધી
5. ઇન્ટે. પ્રોપર્ટીની અરજી દેશમાં ફાઇલિંગ માટે રૂ. 75 હજાર, વિદેશમાં ફાઇલિંગ માટે રૂ. 1.5 લાખ સહાય

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** કેન્દ્રીય બજેટ 2022-23માં મહિલાઓ માટેના જેન્ડર બજેટ બાબતે ક્યા વિધાનો યોગ્ય છે

1. મહિલા અને બાળવિકાસ મંત્રાલયનું બજેટ 5% થી વધારી 8.5% કરાયુ
2. જેન્ડર બજેટ માટે રૂ. 1,71,006 કરોડની ફાળવણી
3. મિશન શક્તિ અને મિશન વાત્સલ્ય નવી યોજનાઓનો સમાવેશ
4. ભારતમાં વર્ષ 2005માં સામાન્ય બજેટમાં જેન્ડર બજેટનો સમાવેશ કરાયો

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**4.** કેન્દ્રમાં મોદી સરકારના કાર્યકાળમાં નીચેનામાંથી કઇ મહિલા સંબંધિત યોજનાનો સમાવેશ થતો નથી

(A)ઉજ્જ્વલા યોજના - 1 મે 2016 તથા બેટી બચાવો-બેટી પઢાવો યોજના- 22 જાન્યુ. 2015

(B) સુરક્ષિત માતૃત્વ આશ્વાસન સુમન યોજના-10 ઓક્ટોબર 2019

(C)મહિલા શક્તિ કેન્દ્ર યોજના – 2017 તથા સુકન્યા સમૃદ્ધિ યોજના - 22 જાન્યુ.2015

**(D) મા વાત્સલ્ય યોજના : 17 સપ્ટેમ્બર-2020**

**5.** ગુજરાતમાં આવેલા થોળ અભયારણ્યમાં વાઇલ્ડ લાઇફ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયાના વૈજ્ઞાનિકો દ્વારા માદા કુંજ પક્ષીને કયુ નામ અપાયું

(A) રામસર **(B) થોળ** (C) ખિજડિયા (D) ગુજરાત

**6.** વાઇલ્ડ લાઇફ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયાના વૈજ્ઞાનિકો દ્વારા ફેબ્રુઆરી-2022માં ગુજરાતના કયા અભયારણ્યમાં કુંજ પક્ષીનીઓના પગમાં GPS-GSM સિસ્ટમ લગાવાઈ

(A) ખિજડિયા અભયારણ્ય (B) વઢવાણા અભયારણ્ય

(C) નળ સરોવર અભયારણ્ય **(D) થોળ અભયારણ્ય**

**7.** ગુજરાતમાં ક્યા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પર ભીખ માંગતા 6થી 14 વર્ષના બાળકોને શિક્ષણ આપવા આગામી સમયમાં ‘ભીક્ષા નહીં શિક્ષા’ અંતર્ગત સિગ્નલ સ્કૂલ પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાશે

**(A) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

(B) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન

(C) રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

(D) વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન

**8.** કેન્દ્રીય બજેટ 2022-23માં મહિલાઓ માટેના જેન્ડર બજેટ 17 વર્ષમાં પહેલીવાર કેટલા ટકાનો વધારો કરાયો

(A) 10 **(B) 11** (C) 12 (D) 13

**9.** ફેબ્રુઆરી-2022માં ક્યા દેશમાં યોજાનાર વિન્ટર ઓલિમ્પિકનો ભારત દ્વારા રાજદ્વારી બહિષ્કાર કરાયો

(A) મ્યાનમાર (B) પાકિસ્તાન **(C) ચીન** (D) રશિયા

**10.**ફેબ્રુઆરી-2022માં કયા દેશના સ્પેશિયલ ઓપરેશન્સ ફોર્સ દ્વારા સીરિયાનાં ઇદલિબ પ્રાંતના અમેહ ગામમાં સિક્રેટ મિશન હાથ ધરી ISISના વડા અબુ ઇબ્રાહીમને ઠાર કરાયો –

(A) ફ્રાંસ **(B) અમેરિકા** (C) ઇઝરાયેલ (D) રશિયા

**DATE : 04-02-2022**

**1.મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના માટે મહત્વનો નિર્ણય : શિક્ષણ વિભાગ-ગુજરાત સરકાર**

**હવે ડિપ્લોમા, ડિપ્લોમા ટુ ડિગ્રી વિધાર્થીને પણ સીએમ સ્કોલરશિપ મળશે**

**નિર્ણય અંગે :**

- ✓ નવા નિર્ણય અનુસાર હવે ધોરણ-10 પાસ કર્યા પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી)માં પ્રવેશ મેળવનારા યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે.
- ✓ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો અત્યાર સુધી ધોરણ 12 પછીના ડિગ્રી કોર્સ કરતા વિદ્યાર્થીઓને લાભ મળતો હતો. આ યોજનામાં વિદ્યાર્થીને તેની વાર્ષિક ટ્યૂશન ફીની અડધી રકમ અથવા રૂ. 50 હજાર જે પૈકી ઓછું હોય તે અપાય છે. યોજનાનો લાભ મેળવવા પરિવારની વાર્ષિક આવક રૂ. 4.50 લાખ હોવી જોઇએ.
- ✓ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી) માં પ્રવેશ મેળવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીને ઇજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે ટ્યુશન ફી ના 50 ટકા રકમ અથવા રૂ. 1 લાખ પૈકીની જે ઓછી રકમ હશે તે મળવાપાત્ર થશે.
- ✓ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે શિષ્યવૃત્તિ મેળવનારા લાભાર્થીને આ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના નીચે પણ લાભ મળવાપાત્ર થશે. એટલે કે આ યોજના મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની પૂરક યોજના બનશે.

**2. “મા રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન યોજના”માં સહાય આપવાના માપદંડમાં સુધારા - ગુજરાત સરકાર**




**યુગલો પોતાના ઘરઆગંણે સદાઈથી પરણશે તો પણ 7 ફેરા સમૂહલગ્નની સહાય ચૂકવાશે**

**નિર્ણયની વિગતો :**

- ✓ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા આર્થિક રીતે પછાત વર્ગ-EBC, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ-OBC, અનુસૂચિત જાતિ-SC એમ ત્રણેય સમુહોના જ્ઞાતિ સમાજ, સંસ્થાઓ દ્વારા આયોજીત સમુહ લગ્નોમાં પાત્રતાના આધારે યુગલ દીઠ રૂ.12,000 સહાય તેમજ સંસ્થાને આયોજનકર્તા યુગલદિઠ રૂ.3,000 સહાયની ચૂકવણી.
- ✓ "મા રમાબાઇ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન યોજના"ને કારણે ગુજરાતમાં નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા પરીવારો સમૂહ લગ્નો કરતાં થયા છે.
- ✓ આ યોજના હેઠળ તા. 30 જૂન 2022 સુધી જો યુગલો પોતપોતાના ઘરે સાદાઈથી લગ્ન કરે અને તેનું આયોજન એક જ દિવસે એક જ સંસ્થા મારફત થનાર હોય તો તેને સમુહલગ્ન ગણીને યુગલ તેમજ સંસ્થાને મળવાપાત્ર સહાય આપવાની રહેશે.

**3. ખેલકૂદ : અનોખો સંયોગ**

**ભારતીય વન-ડે ક્રિકેટ ઈતિહાસની 1,000મી વન-ડે તા. 6 ફેબ્રુઆરી-2022ના રોજ ભારત-વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે : ભારતની ઘરઆંગણાની સૌપ્રથમ વન ડે પણ અમદાવાદમાં જ રમાઈ હતી**




**ભારતમાં વન-ડેનો ઈતિહાસ :**

- ✓ ભારતની ઘરઆંગણાની સૌપ્રથમ વન ડે તા. 25 નવેમ્બર-1981માં અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરામાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાઈ હતી.

**4. ભારતનું નવું સ્ટાર્ટઅપ કેપિટલ-દિલ્હી : બેંગલુરુને સ્થાને હવે દિલ્હી સ્ટાર્ટઅપ કેપિટલ બન્યું (ફેબ્રુઆરી-2022ની સ્થિતિ)**




**સ્ટાર્ટઅપ વિશે :**

- ✓ દિલ્હી : 5000 જ્યારે બેંગલુરુ : 4500 સ્ટાર્ટઅપ શરૂ થયા
- ✓ દેશમાં 555 જિલ્લા એવા જ્યાં 2021માં ઓછામાં ઓછું 1 સ્ટાર્ટઅપ શરુ થયું
- ✓ સૌથી વધુ સ્ટાર્ટઅપ ધરાવતુ રાજ્ય-મહારાષ્ટ્ર.
- ✓ ફેબ્રુઆરી2022 સુધી દેશમાં 63096 માન્ય સ્ટાર્ટ અપ શરૂ થયા.
- ✓ **સ્ત્રોત: ઇકોનોમિક સર્વે-2022**

**5. ગણતંત્ર દિવસ પરેડ-રાજપથ, નવી દિલ્હી :**

**ઉત્તરપ્રદેશની કાશી-વિશ્વનાથની ઝાંખીને મળ્યું પ્રથમ સ્થાન, CISF સર્વશ્રેષ્ઠ માર્લિંગ ટુકડી**




**6. વિશેષ સિદ્ધિ : અરુણાચલના તવાંગમાં બીજા ક્રમનો સૌથી ઊંચો ત્રિરંગો લહેરાવાયો**

- ✓ અરુણાચલના તવાંગ ખાતે બુદ્ધ પાર્કમાં મુખ્ય મંત્રી પેમા ખાંડુ દ્વારા 104 ફૂટની ઊંચાઇનો સ્મારકીય રાષ્ટ્રધ્વજ લહેરાવાયો હતો. આ સ્થળ 10,000 ફૂટ ઉપર આવેલું છે. આ ત્રિરંગાને તવાંગમાંથી ગમે તે સ્થળેથી જોઈ શકાય છે.
- ✓ સૌથી ઊંચો ત્રિરંગો : **હાલમાં ભારતમાં સૌથી ઊંચો ધ્વજ લદાખમાં છે. અહીંયા 225 ફૂટ ઊંચા પોલ ઉપર ત્રિરંગો લહેરાવાયેલો છે.**

**7. દિન વિશેષ : 04 ફેબ્રુઆરી**

**વિશ્વ કેન્સર દિવસ**

**2022થી 2024- થીમ : Close the Care Gap**




- ✓ ગુજરાતમાં મોઢાના કેન્સર સૌથી વધુ

**8. જન્મદિન વિશેષ : 4 ફેબ્રુઆરી**

**મિલે સૂર મેરા તુમ્હારા : ભારત રત્ન પંડિત ભીમસેન જોશી**



**જન્મ : 4 ફેબ્રુઆરી 1922 અવસાન : 24 જાન્યુઆરી-2011**

- ✓ ભારતીય શાસ્ત્રીય સંગીત પરંપરાને સુદ્રઢ બનાવનારા પંડિત ભીમસેન જોશીનો આજે જન્મદિવસ.
- ✓ કર્ણાટકના ગડગ પાસેના રોણ ગામમાં જન્મેલા ભીમસેન માતાપિતાના 16 સંતાનમાં સૌથી મોટા હતા.

✓ પંડિતજીએ બાલ્યાવસ્થામાં કિરાના ધરાનાના ગાયક અબ્દુલ કરીમ ખાનને ગાતા જોઈ ગાયકીની પ્રેરણા પ્રાપ્ત કરી હતી.

✓ કિરાના ધરાનાને અપનાવ્યો. વર્ષ 1941થી 2000 એટલે કે, 59 વર્ષ સુધી સંગીત ક્ષેત્રમાં સક્રિય રહ્યાં હતાં.

✓ તાનની ગતિ, તેમનો સૂર વગેરે તેમને સ્વરના વિશેષ અભ્યાસથી પ્રાપ્ત કરી હતી

**વિવિધ રાગ :**

✓ પંડિતજીએ શુદ્ધ કલ્યાણ, મિયા કી તોડી, પુરીયા ધનાશ્રી, મુલતાની, દરબારી અને રામકલી વગેરે રાગમાં મહારથ હાંસલ કરી હતી.

✓ ભારતીય શાસ્ત્રીય સંગીતને નવો મુકામ આપનાર પં. ભીમસેન જોષીના 'મિલે સૂર મેરા તુમ્હારા' ગીતે વૈશ્વિક પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

**વિવિધ સન્માન :**

✓ પંડિત ભીમસેન જોશીનું પદ્મશ્રી, પદ્મભૂષણ, સંગીત નાટક અકાદમી, ફિલ્મ સંગીતનો રાષ્ટ્રીય પુરસ્કાર અને ભારતરત્ન જેવા અનેક એવોર્ડથી સન્માન થયું હતું.

### વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (04-02-2022)

**1.** મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ફેબ્રુઆરી-2022માં કરાયેલા સુધારામાં નીચેની કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. નવા સુધારા મુજબ ડિપ્લોમા, ડિપ્લોમા ટુ ડિગ્રી વિધાર્થીને પણ યોજનાનમો લાભ

2. આ યોજનામાં વિધાર્થીને તેની વાર્ષિક ટ્યૂશન ફીની અડધી રકમ અથવા રૂ. 50 હજાર જે પૈકી ઓછું હોય તે અપાય છે

3. પરિવારની વાર્ષિક આવક રૂ. 4.50 લાખ હોવી જોઇએ

4. પાત્રતા ધરાવતા વિધાર્થીને ઇજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે ટ્યુશન ફી ના 50 ટકા રકમ અથવા રૂ. 1 લાખ પૈકીની જે ઓછી રકમ હશે તે મળવાપાત્ર

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાત સરકાર દ્વારા મા રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન યોજનામાં ફેબ્રુઆરી-2022ની સ્થિતિએ કયા મહત્વના સુધારા કરાયા

1. કોરોનાને કારણે યુગલો પોતાના ઘરઆગંણે સદાઈથી પરણશે તો પણ 7 ફેરા સમૂહલગ્નની સહાય ચૂકવાશે

2. સમૂહલગ્નોમાં પાત્રતાના આધારે યુગલ દીઠ રૂ.12,000 સહાય

3. સમૂહલગ્નોની આયોજક સંસ્થાને યુગલદિઠ રૂ.3,000 સહાયની ચૂકવણી

4. આ યોજના અંતર્ગત તા. 30 જૂન 2022 સુધી જ ઘરે સાદાઈથી લગ્ન કરનારને જ લાભ મળશે

(A) 1 અને 4 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** ભારતની ઘરઆંગણાની સૌપ્રથમ વન ડે તા. 25 નવેમ્બર-1981ના રોજ ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ક્યાં રમાઈ હતી

(A) કોલકત્તા **(B) સરદાર પટેલ સ્ટેડિયમ-અમદાવાદ**
(C) મુંબઇ (D) દિલ્હી

**4.** ભારતીય વન-ડે ક્રિકેટ ઈતિહાસની 1,000મી વન-ડે તા. 6 ફેબ્રુઆરી-2022ના રોજ ભારત-વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ક્યા રમાશે

(A) દિલ્હી (B) મુંબઇ
(C) કોલકત્તા **(D) નરેન્દ્ર મોદી સ્ટેડિયમ-અમદાવાદ**

**5.** ફેબ્રુઆરી-2022ની સ્થિતિએ ભારતનું બેંગલુરુને સ્થાને ક્યુ નવુ શહેર સ્ટાર્ટઅપ કેપિટલ બન્યું

**(A) દિલ્હી** (B) ચેન્નઈ (C) મુંબઇ (D) કોલકત્તા

**6.** નવી દિલ્હીના રાજપથ ખાતે યોજાયેલી ગણતંત્ર દિવસ પરેડમાં ક્યા રાજ્યની તેમજ કયા સુરક્ષા દળની ટૂકડીને પ્રથમ સ્થાન અપાયું

(A) ગુજરાત તથા BSF (B) ઉત્તરાખંડ તથા CRPF
**(C) કાશી વિશ્વનાથ-ઉત્તરપ્રદેશ તથા CISF**
(D) ગોવા તથા નેવી

**7.** ફેબ્રુઆરી-2022માં અરુણાચલના ક્યા શહેરમાં બીજા ક્રમનો સૌથી ઊંચો ત્રિરંગો લહેરાવાયો

**(A) તવાંગ** (B) કુલુમનાલી (C) સિમલા (D) ધરમશાલા

**8.** વર્ષ 2022થી 2024 દરમિયાન Close the Care Gap થીમ કયા દિવસ માટે નક્કી કરાઈ

(A) વિશ્વ એઈડ્સ દિવસ **(B) વિશ્વ કેન્સર દિવસ**
(C) વિશ્વ આરોગ્ય દિવસ (D) વિશ્વ દિવ્યાંગજન દિવસ

**9.** વિશ્વ કેન્સર દિવસ કયારે મનાવવામાં આવે છે

**(A) તા.04 ફેબ્રુઆરી** (B) તા.03 ફેબ્રુઆરી
(C) તા.02 ફેબ્રુઆરી (D) તા.01 ફેબ્રુઆરી

**10.** ભારતીય શાસ્ત્રીય સંગીત પરંપરાને સુદઢ બનાવનારા પંડિત ભીમસેન જોશીનો જન્મ કયારે-ક્યાં થયો હતો

(A) તા.1 ફેબ્રુઆરી 1922 તથા તામિલનાડુના રોણ ગામ
(B) તા.2 ફેબ્રુઆરી 1922 તથા કેરળના રોણ ગામ
(C) તા.3 ફેબ્રુઆરી 1922 તથા તેલંગણાના રોણ ગામ
**(D) તા.4 ફેબ્રુઆરી 1922 તથા કર્ણાટકના રોણ ગામ**

**11.** 'મિલે સૂર મેરા તુમ્હારા' ગીતથી વૈશ્વિક પ્રસિદ્ધિ મેળવનારા પંડિત ભીમસેન જોશીએ કયા રાગમાં મહારથ હાંસલ કરી હતી

(A) મિયા કી તોડી અને મુલતાની (B) દરબારી અને રામકલી
(C) શુદ્ધ કલ્યાણ અને પુરીયા ધનાશ્રી **(D) આપેલ તમામ**

## DATE : 05-02-2022

**1. રાષ્ટ્રીય અંધત્વ અને દૃષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ : "મોતિયા અંધત્વમુક્ત ગુજરાત"ઝુંબેશનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતેથી શુભારંભ**

**વિનામૂલ્યે નેત્રમણિ પુરૂ પાડનારૂ ગુજરાત પ્રથમ રાજ્ય**



- ✓ મોતિયાની અસર સામાન્ય રીતે 50 વર્ષ બાદ જોવા મળતી હોય છે જેના કારણે દ્રષ્ટિમાં ઝાંખપ આવતી હોય છે.
- ✓ મોતિયાના કારણે અંધત્વનું ભારણ 36% જેટલું જણાયેલ છે. અન્ય કારણોમાં ચશમાના નંબરની ખામી, ઝામર, ત્રાંસી આંખ, કીકીના રોગો, ડાયાબેટિક રેટિનોપેથી હોય છે.
- ✓ છેલ્લા દાયકામાં રાજ્યમાં દર વર્ષે સરેરાશ 7 લાખ જેટલા મોતિયાના ઓપરેશન કરવામાં આવે છે. પ્રતિ 10 લાખ વસ્તીએ 1000થી વધુ મોતિયાના ઓપરેશનનો દર હાંસલ કરીને રાજ્ય અગ્રેસર રહ્યું છે.

**"મોતિયા અંધત્વમુકત ગુજરાત" ઝુંબેશ વિશે**

- ✓ "મોતિયા અંધત્વમુકત ગુજરાત" ઝુંબેશ અંતર્ગત રાજયમાં બંને આંખે મોતિયાના કારણે અંધ હોય એટલે કે, જેમની દૃષ્ટિ બંને આંખે 3 મીટર કરતાં પણ ઓછી હોય તેવા તમામ વ્યક્તિઓની સરકારી તથા રજિસ્ટર્ડ સ્વૈચ્છિક સંસ્થા ખાતે મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.
- ✓ રાજ્યની તમામ જિલ્લા કક્ષાની-તાલુકા કક્ષાની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન માટેનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને અધતન સાધનો ઉપલબ્ધ કરાવ્યા છે
- ✓ રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અન્વયે 18 વર્ષ સુધીના બાળકોની દ્રષ્ટિ ચકાસણી કરીને ખામીયુકત બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરાય છે
- ✓ **લક્ષ્યાંક : આગામી 2025 સુધીમાં રાજ્યમાં અંધત્વનો દર ઘટાડીને 0.25 ટકા સુધી લઇ જવાનો લક્ષ્યાંક.**

**2. સિદ્ધિ - આયુષ્યમાન ભારત :**

**PMJAY-મા યોજના હેઠળ લાભાર્થી દર્દીઓને દાવા-ચૂકવણીમાં ગુજરાત દેશમાં પ્રથમ**

Pradhan Mantri Jan Arogya Yojana
Ayushman Bharat
PM-JAY

**આરોગ્ય ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિ :**

- ✓ ગુજરાતમાં 1.15 કરોડ નાગરિકો પાસે આયુષ્યમાન કાર્ડ છે. આ કાર્ડધારકોની સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત સમગ્ર દેશમાં ચોથા ક્રમાંકે છે.
- ✓ આયુષ્યમાન ભારત યોજના હેઠળ લાભાર્થીઓને રૂ. 4300 કરોડથી વધુ રકમના 26 લાખથી વધુ દાવા મંજૂર કરાયા.

**આયુષ્યમાન ભારત વિશે :**

- ✓ રાજ્યની 1875 સરકારી અને 713 ખાનગી હોસ્પિટલમાં PMJAY-મા યોજના હેઠળ કેશલેસ અને વિનામૂલ્યે સુવિધા ઉપલબ્ધ
- ✓ સામાન્ય બિમારી સાથે,અતિ મોંઘી સર્જરી તેમજ કેન્સર, કિડની, હૃદયરોગ સંબંધિત બિમારીઓનો પણ સમાવેશ થાય છે.
- ✓ યોજનાની વધુ વિગતો માટેનો ટોલ ફ્રી નંબર : 1800-233-1022 અને 14555.

**3. 'સ્ટેચ્યૂ ઓફ ઇક્વાલિટી' : PM નરેન્દ્ર મોદીએ વસંત પંચમીએ હૈદરાબાદમાં વૈષ્ણવ સંત રામાનુજાચાર્ય સ્વામીની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ ઇક્વાલિટી' દેશને સમર્પિત કરી**




**'સ્ટેચ્યૂ ઓફ ઇક્વાલિટી' વિશે :**

- ✓ 120 કિલો સોનામાંથી બનેલી 216 ફૂટ ઊંચી પ્રતિમા શ્રદ્ધાળુઓના રૂ. 1000 કરોડ દાનથી બની
- ✓ રામાનુજાચાર્યના જન્મના 1,000 વર્ષ નિમિતે પ્રતિમાનું નિર્માણ
- ✓ રામાનુજાચાર્ય સ્વામી સનાતન ધર્મા સૌપ્રથમ સંત છે, જેમનું આટલું ભવ્ય મંદિર બનાવાયું છે. તેમની પ્રતિમા હૈદરાબાદ નજીક શમશાબાદમાં 45 એકરના ભવ્ય મંદિર પરિસરમાં સ્થાપિત કરાઇ
- ✓ આ મંદિરનું નિર્માણ વર્ષ 2014માં શરૂ થયું હતું. આ પ્રતિમાનું નિર્માણ સોના, ચાંદી, તાંબા, પિત્તળ અને જસત એમ પંચધાતુથી કરાયું છે.
- ✓ સંત શ્રી રામાનુજાચાર્યની બેઠેલી મુદ્રાની આ પ્રતિમા દુનિયાની બીજી સૌથી મોટી પ્રતિમા છે. દુનિયામાં થાઇલેન્ડમાં સ્થિત 302 ફૂટની બુદ્ધની પ્રતિમા સૌથી ઊંચી પ્રતિમા છે.
- ✓ આ પ્રતિમા 64 ફૂટ ઊંચા આધાર પર સ્થાપિત કરાઇ છે, જેને ભદ્રવેદી નામ અપાયું છે.
- ✓ ભદ્ર વેદીમાં ડિજિટલ લાઇબ્રેરી અને રિસર્ચ સેન્ટર બનાવાયું છે, જ્યાં પ્રાચીન ભારતીય ગ્રંથો અને સંત શ્રી રામાનુજાચાર્યના કામોની માહિતી આપતી ગેલેરી સ્થાપિત કરાઇ છે.

**'સ્ટેચ્યૂ ઓફ ઇક્વાલિટી' નામ શા માટે અપાયું :**

- ✓ સંત શ્રી રામાનુજાચાર્ય રાષ્ટ્ર, જાતિ, ધર્મ, પંથના નામે થતા ભેદભાવના વિરોધી હતા. તેથી તેમની પ્રતિમાની બાજુમાં દુનિયાના બધા જ દેશોના ધ્વજ લગાવાશે.
- ✓ સંસારનું કલ્યાણ જાતિથી નહીં ગુણોથી થાય છે..
- ✓ સ્થળ : **શમશાબાદ**

**4. ICRISATની ગોલ્ડન જ્યુબિલી :**

**PM મોદીએ પોસ્ટ ટિકિટ અને સંસ્થાનનો નવો લોગો લોન્ચ કર્યો- પાટનચેરુ, હૈદરાબાદ**




- ✓ **ICRISAT :** ઇન્ટરનેશનલ ક્રોપ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ફોર ધ સેમી એરિડ ટોપિક્સ

**5. નિમણૂક – UGC :**

**એમ. જગદીશકુમારનની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી)ના ચેરપર્સન તરીકે નિમણૂક**




- ✓ પૂર્વ વાઇસ ચાન્સેલર- જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જેએનયુ)
- ✓ <u>યુજીસી દેશમાં ઉચ્ચ શિક્ષણ-કોલેજ-યુનિવર્સિટીઓ પર નિયંત્રણ રાખતી સર્વોચ્ચ સંસ્થા.</u>
- ✓ <u>**UGC :** યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન-દિલ્હી</u>

**<u>6. ખેલકૂદ-વિશેષ સિદ્ધિ : અંડર-19 વર્લ્ડ કપ-2022</u>**

**<u>અંડર-19 વર્લ્ડ કપમાં ભારત 5મી વખત વિજેતા</u>**

- ✓ <u>ઉપ વિજેતા : ઈંગ્લેન્ડ યજમાન : વેસ્ટઈન્ડિઝ</u>
- ✓ અંડર-19 ભારતીય ટીમના કેપ્ટન : યશ ધૂલ




- ✓ **<u>ભારતીય અંડર-19 ટીમે વર્ષ 2000, 2008, 2012, 2018 અને 2022માં વર્લ્ડકપ જીત્યો.</u>**

**<u>7. દિન વિશેષ : શુક્લ પક્ષ-વસંતપંચમી</u>**




- ✓ વસંતપંચમી ફેબ્રુઆરી મહિનાની શરૂઆતમાં કે જાન્યુઆરી મહિનાનાં અંતમાં આવે છે.
- ✓ <u>વસંતપંચમીનો તહેવાર 'સરસ્વતી પૂજા', 'શ્રી પંચમી', 'જ્ઞાન પંચમી' તરીકે પણ ઓળખાય છે.</u>
- ✓ <u>હિંદુ સંસ્કૃતિમાં વસંતપંચમીનો દિવસ તે વસંત ઋતુનો પ્રથમ દિવસ ગણવામાં આવે છે એટલે કે આ દિવસથી વસંત ઋતુની શરૂઆત થાય છે.</u>
- ✓ <u>તમામ છ ઋતુઓમાં વસંતઋતુ 'ઋતુરાજ' તરીકે ઓળખાય છે.</u>
- ✓ ભગવાન સ્વામિનારાયણ દ્વારા શિક્ષાપત્રી લખવાનું કામ વસંતપંચમીના દિવસે પૂર્ણ કરાયું

<u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (05-02-2022)</u>

**1.** તા. 5 ફેબ્રુઆરી-2022ના રોજ PM નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ કરાયેલ 'સ્ટેચ્યૂ ઓફ ઇક્વાલિટી' સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. વસંત પંચમીએ હૈદરાબાદના શમશાબાદમાં વૈષ્ણવ સંત રામાનુજાચાર્ય સ્વામીની પ્રતિમાનું અનાવરણ

2. 120 કિલો સોનામાંથી બનેલી 216 ફૂટ ઊંચી પ્રતિમા શ્રદ્ધાળુઓના રૂ. 1000 કરોડ દાનથી બની

3. રામાનુજાચાર્યના જન્મના 1,000 વર્ષ નિમિતે પ્રતિમાનું નિર્માણ

4. સંત શ્રી રામાનુજાચાર્ય રાષ્ટ્ર, જાતિ, ધર્મ, પંથના નામે થતા ભેદભાવના વિરોધી હતા

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 4 **<u>(D) આપેલ તમામ</u>**

**2.** જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં યોજાયેલા અંડર-19 વર્લ્ડ કપ-2022 સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. અંડર-19 વર્લ્ડ કપમાં ભારત 5મી વખત વિજેતા

2. ઉપ વિજેતા : ઈંગ્લેન્ડ

3. યજમાન : વેસ્ટઈન્ડિઝ

4. અંડર-19 ભારતીય ટીમના કેપ્ટન : યશ ધૂલ

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **<u>(D) આપેલ તમામ</u>**

**3.** શુક્લ પક્ષ/વસંતપંચમીના મહિમા અંગે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. વસંતપંચમીનો તહેવાર 'સરસ્વતી પૂજા', 'શ્રી પંચમી', 'જ્ઞાન પંચમી' તરીકે પણ ઓળખાય છે

2. હિંદુ સંસ્કૃતિમાં વસંતપંચમીનો દિવસ તે વસંત ઋતુનો પ્રથમ દિવસ

3. તમામ છ ઋતુમાં વસંતઋતુ 'ઋતુરાજ' તરીકે ઓળખાય છે

4. ભગવાન સ્વામિનારાયણ દ્વારા શિક્ષાપત્રી લખવાનું કામ વસંતપંચમીના દિવસે પૂર્ણ કરાયું હતુ

(A) 1 અને 4 (B) 2 અને 3(C) 3 અને 4 **<u>(D) આપેલ તમામ</u>**

**4.**રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં "મોતિયા અંધત્વમુક્ત ગુજરાત"ઝુંબેશનો કાર્યક્રમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ક્યાંથી કરાયો

(A) સિવિલ હોસ્પિટલ, રાજકોટ

(B) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ

**<u>(C) સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર</u>**

(D) સિવિલ હોસ્પિટલ, વડોદરા

**5.**રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વિનામૂલ્યે નેત્રમણિ પુરૂ પાડનારૂ દેશનું પ્રથમ રાજ્ય કયુ છે

(A)ઉત્તરપ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) કેરળ **<u>(D) ગુજરાત</u>**

**6.** "મોતિયા અંધત્વમુક્ત ગુજરાત" અંતર્ગત આગામી વર્ષ 2025 સુધીમાં રાજ્યમાં અંધત્વનો દર ઘટાડીને કેટલા ટકા સુધી લઇ જવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે

**<u>(A) 0.25</u>** (B) 0. 50 (C) 0.75 (D) 1

**7.** PMJAY-મા યોજના હેઠળ લાભાર્થી દર્દીઓને દાવા-ચૂકવણીમાં દેશમાં પ્રથમ નંબરનું રાજ્ય જણાવો

**<u>(A) ગુજરાત</u>** (B) તામિલનાડુ (C) મધ્યપ્રદેશ (D) દિલ્હી

**8.** ગુજરાતમાં 1.15 કરોડ નાગરિકો પાસે આયુષ્યમાન કાર્ડ છે, જે સંખ્યાની દ્રષ્ટિએ ફેબ્રુઆરી 2022ની સ્થિતિએ ગુજરાત સમગ્ર દેશમાં કયો ક્રમ ધરાવે છે

(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો **<u>(D) ચોથો</u>**

**9.** ઇન્ટરનેશનલ ક્રોપ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ફોર ધ સેમી એરિડ ટોપિક્સ (ICRISAT) પાટનચેરુ, હૈદરાબાદ ની ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે ક્યા મહાનુભાવ દ્વારા પોસ્ટ ટિકિટ અને સંસ્થાનનો નવો લોગો લોન્ચ કરાયો

(A) રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ **<u>(B) વડાપ્રધાન નરેન્દ્ર મોદી</u>**

(C) ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકેયા નાયડુ (D) જગમોહન રેડ્ડી

**10.** ફેબ્રુઆરી-2022માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી)ના નવા ચેરપર્સન તરીકે કોની નિમણૂક કરાઇ

(A) હસમુખ અઢીયા (B) હસમુખ જોષી

(C) દિનેશ દાસા **<u>(D) એમ. જગદીશકુમારન</u>**


**11.** ભારતીય અંડર-19 ટીમ ક્યા વર્ષે વર્લ્ડકપ વિજેતા બની છે

(A) વર્ષ 2000 તથા 2008 (B) વર્ષ 2012 તથા 2018 (C) વર્ષ 2022 **(D) આપેલ તમામ**

**DATE : 06-02-2022**

**1. અવસાન : ગિરનારી તપોભૂમિ/ નિરંજની અખાડાના વરિષ્ઠ સંત કાશ્મીરી બાપુ 97 વર્ષની વયે બ્રહ્મલીન**

- ✓ ગિરનારની દત્ત અને દાતારની પાવન ભૂમિમાં વર્ષો સુધી તપ અને સાધના કરી




**પરિચય :**

- ✓ મૂળ કાશ્મીર તરફથી વર્ષો પહેલા ગિરનાર આવી પહોચેલા કાશ્મીરીબાપુનું મુળ નામ ઓમકારગીરી ગુરુ નિરંજનદેવ હતું. કાશ્મીરથી આવેલા હોવાથી તેમનું નામ કાશ્મીરી બાપુ પડયું.

**સાધના-સેવાકીય પ્રવૃત્તિ :**

- ✓ તેઓ વનખંડી સાધુ હતા એટલે સતત વનમાં પરિભ્રમણ કરીને જપ-તપ કરતા રહેતા હતા, આશરે 75-80 વર્ષ પહેલા ગિરનાર આવી ગયેલા અને અહી ગિરનાર તમામ ધાર્મિક જગ્યાએ તેઓ નિત્ય ક્રમ મુજબ પરિભ્રમણ કરીને જપ-તપ કરતા
- ✓ સેવકોના સહયોગથી આમકુ જગ્યામાં આશ્રામ સ્થાપી વર્ષોથી ભજન-ભોજન અને ભક્તિનો સમન્વય ચાલુ કરી અન્નક્ષેત્ર ચલાવતા આવ્યા હતા. તેઓએ અંતિમ શ્વાસ સુધી અહી આવતા સેવકો, ભક્તો અને યાત્રાળુઓને જમ્યા વગર જવા નથી દીધા. ગરમા ગરમ ભોજન પીરસીને બાપુ ભોજન લેતા હતા.
- ✓ તેમનો સેવક સમુદાય સમગ્ર ભારતભર અને વિશ્વમાં ફેલાયેલ છે.

**2. નિધન : સ્વરસામ્રાજ્ઞી/સ્વર કોકિલા ભારતરત્ન લત્તા મંગેશકરનું તા. 6 ફેબ્રુઆરી, 2022ના રોજ 92 વર્ષની વયે અવસાન : બે દિવસનો રાષ્ટ્રીય શોક**




- ✓ સદીના મહાન ગાયિકા-સંગીતની દુનિયા પર સાત દાયકા સુધી એકચક્રી શાસન કરી સંગીતના ચાહકોના દિલમાં કાયમી સ્થાન જમાવનારાં ભારતરત્ન લતા મંગેશકરનું મુંબઇની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં નિધન
- ✓ મુંબઈના શિવાજી પાર્કના મેદાનમાં અંતિમવિધિ
- ✓ જળ, થલ અને વાયુસેનાના અધિકારીઓએ સૂર સામ્રાજ્ઞીને સલામી આપી હતી અને 21 બંદૂકોની સલામી સાથે ભારતના સ્વર કોકિલા અનંતની સફરે સિધાવ્યા હતા.
- ✓ ગાર્ડ ઓફ ઓનર સાથે લતા મંગેશકરને અંતિમ વિદાય આપવામાં આવી.

**પરિચય :**

- ✓ જન્મ : 28 સપ્ટેમ્બર, 1929ના રોજ મધ્યપ્રદેશના ઈન્દોરમાં.
- ✓ પિતા પંડિત દીનાનાથ મંગેશકર થિયેટર આર્ટિસ્ટ તથા ગાયક હતા.
- ✓ 13 વર્ષની ઉંમરમાં 1942માં મરાઠી ફિલ્મ 'પહલી મંગલાગૌર'માં ગીત ગાયું હતું.
- ✓ વર્ષ 1947માં હિંદી ફિલ્મ 'આપકી સેવા'થી બોલિવૂડ ડેબ્યૂ કર્યું હતું.
- ✓ તેમણે 36 ભાષાનાં 50 હજારથી વધુ ગીતો ગાયાં.
- ✓ વર્ષ 2015માં છેલ્લીવાર નિખિલ કામતની ફિલ્મ 'ડોન્નો વાય 2'માં ગીત ગાયું હતું.
- ✓ 03 રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડસ

**મૂળ નામ : હેમા હરિડકર**


- ✓ લતા મંગેશકરનું સાચું નામ હેમા હરિડકર હતું. તેમના પિતાએ તેમના ગામ મંગેશી પરથી બાળકોની અટક મંગેશકર કરી દીધી હતી. ત્યાર બાદ હેમાએ સંગીતની દુનિયામાં ડગ માંડ્યા અને તેઓ લતા મંગેશકર તરીકે ઓળખાયા.
- ✓ લતા મંગેશકર ખૂબ નાના હતા ત્યારે જ તેમના પિતાનું અવસાન થયું હતું અને ઘરની જવાબદારી તેમના માથે આવી ગઇ હતી.

**લત્તા મંગેશકરની સંગીત કારકિર્દી**

- ✓ 13 વર્ષની વયે તેમણે ગીત ગાવાનું શરૂ કર્યુ
- ✓ 1949માં 20 વર્ષે મહલ ફિલ્મમાં આયેગા આયેગા આના વાલા
- ✓ 1951માં સૌથી વધારે ગીતો ગાયાં
- ✓ આવારાનું ઘર આયા મેરા પરદેશી, એ અલબેલાનું શોલા જો ભડકે સૌથી લોકપ્રિય રહ્યા
- ✓ નરગિસ અને મધુબાલાના મોટાભાગનાં ગીતોને આપ્યો કંઠ
- ✓ લતાના અડધા કરતાં વધારે ગીત સોલો સોંગ્સ
- ✓ લતાએ 3,482 ગીત સોલો ગાયાં હતાં
- ✓ 1919 ગીતો ડયૂએટ અથવા એકથી વધારે ગાયક સાથે હતાં
- ✓ લતા દીદીએ મોહમ્મદ રફી સાથે સૌથી વધારે 450 ગીત ગાયાં
- ✓ કિશોરકુમાર સાથે 348, મુકેશ સાથે 161 ગીત ગાયાં
- ✓ મોટાભાગના સંગીતકારો સાથે આપ્યા હિટ ગીતો
- ✓ લક્ષ્મીકાંત-પ્યારેલાલ સાથે 689 ગીત ગાયાં
- ✓ શંકર-જયકિશન સાથે 461, આર ડી બર્મન સાથે 355 ગીત ગાયાં
- ✓ દીદીએ ઓ પી નૈયર સાથે ક્યારેય કામ નથી કર્યું
- ✓ 90ના દાયકામાં કાજોલ માટે ગાનારા લતાએ કાજોલની માતા તનુજા, અને તેમની નાની શોભના સમર્થ માટે પણ ગીત ગાયાં છે.
- ✓ 2015માં તેમણે છેલ્લું ગીત ગાયું.
- ✓ લતા દીદીએ કેરિયરમાં ફિલ્મી ગીતો ઉપરાંત, ભજન અને ગઝલો પણ ગાઇ.

**મુખ્ય વિવિધ સન્માન-એવોર્ડ અને વર્ષ**

- ✓ ફિલ્મફેર અવોર્ડ : (1958, 1962, 1965, 1969, 1993 અને 1994)
- ✓ નેશનલ અવોર્ડ : (1972, 1975 અને 1990)
- ✓ મહારાષ્ટ્ર સરકાર અવોર્ડ : (1966 અને 1967)




- ✓ 1969- પદ્મભૂષણ
- ✓ 1989- દાદા સાહેબ ફાળકે અવોર્ડ
- ✓ 1993- ફિલ્મફેર લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડ
- ✓ 1996- સ્ક્રીન લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડ, રાજીવ ગાંધી રાષ્ટ્રીય સદભાવના પુરસ્કાર
- ✓ 1999- પદ્મવિભૂષણ, મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડ, ઝી સિને લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડ
- ✓ 2000- IIFA લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડ
- ✓ 2001- સ્ટારડસ્ટ લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડ, નૂરજહાં અવોર્ડ, મહારાષ્ટ્ર ભૂષણ અવોર્ડ
- ✓ **2001- ભારત રત્ન**

**અન્ય અવોર્ડ તથા સન્માન**

- ✓ 1974 - 'ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ (દુનિયામાં સૌથી વધુ ગીત ગાવા માટે)
- ✓ 1985 - ટોરેન્ટો, ઓન્ટારિયો, કેનેડામાં તેમના સન્માનમાં એશિયા દિવસ તરીકે જાહેર કર્યો
- ✓ 1990 - શ્રી રાજા લક્ષ્મી ફાઉન્ડેશન, ચેન્નઈનો રાજા લક્ષ્મી અવોર્ડ
- ✓ 1996 - 'હમ આપકે હૈ કૌન' માટે બેસ્ટ પ્લેકબેક સિંગર ફીમેલનો સ્ટાર સ્ક્રીન અવોર્ડ
- ✓ 1996 - રાજીવ ગાંધી નેશનલ સદભાવના અવોર્ડ
- ✓ 1996-સ્ટાર સ્ક્રીન લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડ
- ✓ 1997 - રાજીવ ગાંધી અવોર્ડ
- ✓ 1998 - સાઉથ ઇન્ડિયન એજ્યુકેશન સોસાયટીનો લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડ
- ✓ 1999 - NTR નેશનલ અવોર્ડ
- ✓ 1999 - ઝીને સિને અવોર્ડનો લાઇફટાઇમ એચીવમેન્ટ અવોર્ડ
- ✓ 1999 - 'દિલ તો પાગલ હૈ' માટે બેસ્ટ પ્લેબેક સિંગર ફીમેલનો ઝી સિને અવોર્ડ
- ✓ 2000 - IIFA લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડ
- ✓ 2001 - હીરો હોન્ડા તથા મેગેઝિન 'સ્ટાર ડાસ્ટ'નો મિલેનિયમ બેસ્ટ પ્લેબેક સિંગર
- ✓ 2001 - નૂરજહાં અવોર્ડ
- ✓ 2002 - સ્વર રત્ન અવોર્ડ
- ✓ 2002 - હકીમ ખાન સૂર અવોર્ડ
- ✓ 2002 - આશા ભોસલે અવોર્ડ
- ✓ 2004 - લિવિંગ લીજેન્ડ અવોર્ડ
- ✓ 2005 - સહારા વન મ્યૂઝિક અવોર્ડનો લીજેન્ડ ઑનર
- ✓ 2006 - લાઇફ ટાઇમ અચીવમેન્ટ અવોર્ડ
- ✓ 2007 - ફોરએવર ઇન્ડિયન અવોર્ડ
- ✓ 2009 - ANR નેશનલ અવોર્ડ
- ✓ 2010 - નાઇટ ઑફ ધ લીઝન ઓફ ઑનર
- ✓ 2010 - પ્રાઇડ ઑફ ઇન્ડિયાઃ કલા સરસ્વતી
- ✓ 2010 - લાઇફટાઇમ અચીવમેન્ટ માટે બિગ મરાઠી મ્યૂઝિક અવોર્ડ
- ✓ 2010 - GIMA લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડ
- ✓ 2010 - 'શ્રી હનુમાન ચાલીસા' માટે બેસ્ટ ભક્તિ આલ્બમ GIMA અવોર્ડ
- ✓ 2011 - પુણે નગર નિગમનો સ્વરભાસ્કર અવોર્ડ
- ✓ 2011- શ્રી ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતી નેશનલ અવોર્ડ
- ✓ 2011 - સ્વરલય યેસુદાસ લીજેન્ડરી અવોર્ડ
- ✓ 2020-TRAનો મોસ્ટ ડિઝાયર્ડ પર્સનાલિટી અવોર્ડ

**પ્રોડ્યૂસર તરીકેની કારકિર્દી :**

- ✓ લતાજીએ 'લતા વાદલ', 'ઝાંઝર', 'કંચન ગંગા' તથા 'લેકિન' જેવી ફિલ્મો પ્રોડ્યૂસ કરી હતી.
- ✓ ઇન્ડસ્ટ્રીના મોટાભાગના સેલેબ્સ જાહેરાતમાંથી કરોડોની કમાણી કરતાં હોય છે, પરંતુ લતાજીએ માત્ર 1991માં ગ્લાયકોડિન કફ સિરપની એડમાં જોવા મળ્યાં હતાં.

**લતા મંગેશકરના જાણીતા ગુજરાતી ગીતો**

**ગુજરાતી ગીત : ગુજરાતી ફિલ્મ**

- ✓ મારા તે ચિત્તનો ચોર : અખંડ સૌભાગ્યવતી
- ✓ મહેંદી તે વાવી માળવે ને : મહેંદી રંગ લાગ્યો
- ✓ પાંદડું લીલું ને રંગ રાતો : મહેંદી રંગ લાગ્યો
- ✓ તને સાચવે પારવતી : અખંડ સૌભાગ્યવતી
- ✓ હંસલા હાલો રે : કસુંબીનો રંગ
- ✓ દીકરી તો પારકી થાપણ કહેવાય : પારકી થાપણ
- ✓ ઓધાજી મારા વાલાને વઢીને : મારા મનડાની મીત

**લતાના પિતા દીનાનાથ મંગેશકરે બે ગુજરાતી બહેનો સાથે લગ્ન કર્યા હતા :**

- ✓ દિનાનાથે સૌપ્રથમ નર્મદાબેન લાડ સાથે લગ્ન કર્યાં હતા તેમના અવસાન બાદ વર્ષ 1927માં તેમણે શેઠ હરિદાસની જ નાની દીકરી શેવંતીબેન સાથે બીજા લગ્ન કર્યા. લતા મંગેશકર આ લગ્નથી થયેલું પહેલું સંતાન હતાં.
- ✓ શેવંતીબેનનું નામ પાછળથી બદલીને સુધામતી રાખવામાં આવ્યું હતું.
- ✓ દીનાનાથ અને સુધામતીને પાંચ સંતાનો થયા. ચાર દીકરીઓ લતા, મીના, આશા, ઉષા અને એક દીકરો હૃદયનાથ.
- ✓ લતા મંગેશકરે એક પુસ્તકના લેખક સમક્ષ સ્વીકાર્યું હતું કે, હું અડધી ગુજરાતી છું. મારી નાની પાસેથી માતાજીના ગરબા શીખી હતી. પાવાગઢના ગરબા સૌથી વધુ ગમતા.

**લતાજીએ જ્યારે કહ્યું કે ફિલ્મઉદ્યોગના 100 વર્ષમાંથી 71 વર્ષ મારાં છે**

- ✓ બોલિવૂડમાં એક સમય હતો જ્યારે મુખ્ય ગાયિકા તરીકે લતાજી છવાઈ ગયા હતા. કોઈપણ અભિનેત્રી હોય તેમનો અવાજ તેને ફિટ થઈ જતો હતો. તેમના માટે આ કુદરતી બક્ષિસ હતી.
- ✓ કોઈપણ ફિલ્મનું કોઈપણ ગીત તેઓ ગાતા ત્યારે તે સુપરહિટ થઈ જતું હતું.
- ✓ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીને જ્યારે 100 વર્ષ પૂરા થયા ત્યારે તેમનો સિતારો બુલંદી પર હતો. તેમનાં નામે અનેક રેકોર્ડ બૂક થઈ ગયા હતા. તેમણે આ વખતે કહ્યું હતું કે, અગર ફિલ્મ ઈન્ડસ્ટ્રી 100 સાલ હૈ તો ઈસમેં 71 સાલ મેરે ભી હૈ.

**બોલીવૂડ અભિનેત્રી માટે ગાયેલા ગીતો :**

- ✓ 60થી 70 વર્ષની ઉંમરમાં તેમણે માધુરી દીક્ષિત, કાજોલ, જુહી ચાવલા, પ્રીતિ ઝિન્ટા જેવી યુવાન અભિનેત્રીઓ માટે ગીત ગાઈને લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

**25 રૂપિયાથી કમાણીની શરૂઆત**

- ✓ પહેલીવાર લતાજીને વર્ષ 1942માં મરાઠી ફિલ્મ 'કિતી હસાલ'માં ગીત ગાયું હતું. આ ગીત માટે લતાજીને 25 રૂપિયા મળ્યાં હતાં.
- ✓ 25 રૂપિયાથી કમાણીની શરૂઆત કરનાર લતાજી અવસાન બાદ પરિવાર માટે 370 કરોડની સંપત્તિ મૂકીને ગયાં.

**2 દિવસનો રાષ્ટ્રીય શોક**

- ✓ કેન્દ્ર સરકારે લતા મંગેશકરના અવસાન પર 2 દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે. તેમને સન્માન આપવા માટે રાષ્ટ્રીય ધ્વજને 2 દિવસ સુધી અડધી કાઠીએ રાખવામાં આવશે.
- ✓ લતા મંગેશકરને શ્રદ્ધાંજલિ આપવા માટે મહારાષ્ટ્રમાં એક દિવસનો સાર્વજનિક અવકાશ જાહેર કરવામાં આવ્યો છે જ્યારે પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારે અડધા દિવસના અવકાશની જાહેરાત કરી છે.

**એ મેરે વતન કે લોગોં'ના સર્જક કવિ પ્રદીપનો જન્મદિન અને લતાજીનો વિદાય દિન**

- ✓ આ ગીત સાંભળીને પં.જવાહરલાલ નહેરૂ રડી પડયા હતા
- ✓ દેશભક્તિની ભાવના જાગૃત કરતા અમર ગીત એ મેરે વતન કે લોગો...ના સર્જક કવિ પ્રદીપનો આજે જન્મદિન અને આ ગીતને કંઠ આપી સહુના હૃદયમાં ગુંજતુ કરનારા લતા મંગેશકરનો આજે વિદાય દિન.
- ✓ કવિ પ્રદીપજીના પુત્રી મિતુલ પ્રદીપે જણાવ્યું હતું કે મારા સ્વર્ગસ્થ પિતા અને લતા મંગેશકરને એકબીજા પ્રત્યે આદરની લાગણી હતી. કેવો યોગાનુયોગ કહેવાય ? કે પિતાજીની જન્મતિથિએ લતાજીએ દુનિયાથી વિદાય લીધી.
- ✓ ભારત રત્ન લતા મંગેશકરના નિધનથી ભારત સાથે પાકિસ્તાન-નેપાળમાં પણ શોકની લહેર.
- ✓ નેપાલના રાષ્ટ્રપતિબિદિયા દેવી ભંડારી અને પાકિસ્તાનના સૂચના પ્રસારણ મંત્રી ફવાદ ચૌધરી, નેતા પ્રતિપક્ષ શહબાઝ સહિત ઘણા પ્રશંસકોએ સોશયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને લતાજીના નિધન પર શોક વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ આપી.

**પિતાના નામ પર હોસ્પિટલ બનાવી**

- ✓ લતા મંગેશકરે 1989માં 'લતા મંગેશકર ફાઉન્ડેશન'નો પાયો નાખ્યો હતો. આ ફાઉન્ડેશનના માધ્યમથી લતાજીએ પુણેમાં પિતા દીનાનાથ મંગેશકરના નામ પર હોસ્પિટલ બનાવી હતી. આ હોસ્પિટલ છ એકરમાં બનાવવામાં આવી છે.

**3. ખેલકૂદ : ટીમ ઈન્ડિયાનો 1,000મી વનડેમાં વેસ્ટઈન્ડીઝ સામે 6 વિકેટે વિજય**




- ✓ 177 રનના લક્ષ્યને ભારતે 28 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધું
- ✓ **યજમાન : નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ**
- ✓ ત્રણ મેચની સિરીઝની પ્રથમ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ રમાઈ હતી. ભારતે ટોસ જીતીને પહેલાં બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આ સાથે ભારતે 1,000 મેચમાંથી 519 વનડે મેચમાં વિજય હાંસલ કર્યો છે.

**ઘરઆંગણે કોહલીના 5,000 રન પૂરા**

- ✓ કોહલી આઠ રન બનાવીને આઉટ થયો હતો પરંતુ તેણે ઘરઆંગણે વન-ડેમાં પાંચ હજાર રન પૂરા કરવાની સિદ્ધિ મેળવી હતી. તેની એવરેજ 60.3ની રહી છે અને તેણે ઘરઆંગણે 19 સદી ફટકારી છે.

**4. દિન વિશેષ : 06 ફેબ્રુઆરી**

**રાષ્ટ્રવાદની બુલંદી : કવિ પ્રદિપ**

**જન્મ : 6 ફેબ્રુઆરી 1915 અવસાન : 11 ડિસેમ્બર-1998**



- ✓ આજ હિમાલય કી ચોટી સે હમને લલકારા છે, દૂર હટો ઓ દુનિયાવાલો હિન્દુસ્તાન હમારા હૈ" ગીત ગુંજ્યું અને 1942ના હિંદ છોડો આંદોલનમાં દેશ આંદોલિત થયો, અંગ્રેજ સરકાર દ્વારા રચયિતાની ધરપકડનું વોરંટ નીકળ્યું પણ સમય વર્તી કવિ ભૂગર્ભમાં ચાલ્યા ગયા.
- ✓ મધ્ય પ્રદેશના ઉજ્જૈન પાસે બડનગરમાં જન્મેલા કવિ પ્રદીપ લખનૌથી સ્નાતક થયા હતા.
- ✓ કવિતાઓ લખવાની શરૂ કરી, મુંબઈમાં કવિ સંમેલનમાં ગયા અને ફિલ્મી રાષ્ટ્રવાદી ગીતો લખવાનો શુભારંભ થયો.
- ✓ 5 દાયકાની કવિ કારકિર્દી દરમિયાન 70થી વધુ ફિલ્મો અને 1700થી વધુ ગીતો લખ્યા અને ભારત આખું પ્રદીપમય બની રહ્યું.

**લોકપ્રિય ગીતો :**

- ✓ **દેશભક્તિની ભાવના જાગૃત કરતું અમર ગીત એ મેરે વતન કે લોગો,** ચલ ચલા રે નૌજવાન, આઓ બચ્ચો તુમ્હ દિખાયે ઝાંખી

હિન્દુસ્તાન કી, ઇસ મિટ્ટી સે તિલક કરો એ ધરતી હે બલિદાન કી, દે દી હમે આઝાદી બીના ખડગ બીના ઢાલ સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ અને મેં તો આરતી ઉતારુ રે સંતોષી માતા કી જેવા અનેક ગીતો દ્વારા પ્રદીપજી ખૂબ લોકપ્રિય થયા હતા.

**મહત્વના સન્માન :**

✓ રાષ્ટ્ર કવિ, દાદાસાહેબ ફાળકે સન્માન, સંગીત નાટક અકાદમી એવોર્ડ, સ્મૃતિ ટપાલ ટિકિટ

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (06-02-2022)

**1.** ગાયિકા લત્તા મંગેશકરના જીવન સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. જન્મ : 28 સપ્ટેમ્બર, 1929ના રોજ મધ્યપ્રદેશના ઈન્દોરમાં
2. મૂળ નામ : હેમા હરિકર
3. થિયેટર આર્ટિસ્ટ તથા ગાયક પિતા પંડિત દીનાનાથ મંગેશકરે ગામ મંગેશી પરથી બાળકોની અટક મંગેશકર રાખી
4. 13 વર્ષની ઉંમરમાં 1942માં મરાઠી ફિલ્મ 'પહલી મંગલાગૌર'માં ગીત ગાયું હતું
5. વર્ષ 1947માં હિંદી ફિલ્મ 'આપકી સેવા'થી બોલિવૂડ ડેબ્યૂ કર્યું હતું

(A) 1 અને 5 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**2.** ગાયિકા લત્તા મંગેશકરને મળેલા મહત્વના એવોર્ડ સંદર્ભે નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે

1. 1969- પદ્મભૂષણ 2. 1989- દાદા સાહેબ ફાળકે અવોર્ડ
3. 1999- પદ્મવિભૂષણ 4. 2001- ભારત રત્ન
5. નેશનલ અવોર્ડ : (1972, 1975 અને 1990)

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**3.** એ મેરે વતન કે લોગો ગીતના ગાયક એવા લતાજીના જાણીતા ગુજરાતી ગીતો અને ફિલ્મોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

1. મારા તે ચિત્તનો ચોર : અખંડ સૌભાગ્યવતી
2. મહેંદી તે વાવી માળવે ને અને પાંદડું લીલું ને રંગ રાતો : મહેંદી રંગ લાગ્યો
3. હંસલા હાલો રે : કસુંબીનો રંગ
4. દીકરી તો પારકી થાપણ કહેવાય : પારકી થાપણ
5. ઓધાજી મારા વાલાને વઢીને : મારા મનડાની મીત

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**4.** તપોભૂમિ/ નિરંજની અખાડાના વરિષ્ઠ સંત ઓમકારગીરી ગુરુ નિરંજનદેવ જે કાશ્મીરી બાપુ તરીકે ઓળખાતા તેમનું 97 વર્ષની વયે તા. 6 ફેબ્રુઆરી-2022ના રોજ ક્યાં અવસાન થયુ

(A) દ્વારકા **(B) ગિરનાર** (C) પાવાગઢ (D) અંબાજી

**5.**સ્વરસામ્રાજ્ઞી/સ્વર કોકિલા ભારતરત્ન લત્તા મંગેશકરનું તા. 6 ફેબ્રુઆરી, 2022ના રોજ 92 વર્ષની વયે ક્યાં અવસાન થયુ

(A) ટાટા હોસ્પિટલ-મુંબઇ (B) જસલોક હોસ્પિટલ-મુંબઇ

**(C) બ્રીચ કેન્ડી હોસ્પિટલ-મુંબઇ**

(D) કોકિલાબેન અંબાણી હોસ્પિટલ-મુંબઇ

**6.** તા. 6 ફેબ્રુઆરી-2022ના રોજ ક્યાં રમાયેલી ક્રિકેટ મેચમાં ટીમ ઇન્ડિયાની ઐતિહાસિક 1,000મી વનડેમાં વેસ્ટઇન્ડીઝ સામે 6 વિકેટે વિજય થયો

(A) સરદાર પટેલ સ્ટેડિયમ-અમદાવાદ

(B) ખંઢેરી સ્ટેડિયમ-રાજકોટ (C) વાનખેડે સ્ટેડિયમ મુંબઇ

**(D) નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ**

**7.** દેશભક્તિની ભાવના જાગૃત કરતું અમર ગીત એ મેરે વતન કે લોગો ગીતના રચયિતાનું નામ જણાવો

(A) કવિ ઝવેરચંદ મેઘાણી **(B) કવિ પ્રદિપ**

(C) લત્તા મંગેશકર (D) ગુલઝાર

**8.** દાદાસાહેબ ફાળકે એવોર્ડ વિજેતા કવિ પ્રદિપનો જન્મ કયાં થયો હતો

(A) મહારાષ્ટ્રના અમરનાથ પાસે ઝડનગર

**(B) મધ્ય પ્રદેશના ઉજ્જૈન પાસે બડનગર**

(C) ઉત્તરપ્રદેશના કાનપુર પાસે રામનગર

(D) ગુજરાતનાના વડનગર પાસે વડેશ્વર

**9.**રાષ્ટ્રવાદની બુલંદી સમાન કવિ પ્રદિપનો જન્મદિવસ જણાવો

(A) તા.4 ફેબ્રુઆરી 1913 (B) તા.5 ફેબ્રુઆરી 1914

**(C) તા.6 ફેબ્રુઆરી 1915** (D) તા.7 ફેબ્રુઆરી 1916

**DATE : 07-02-2022**

**1."મિશન ઇન્દ્રધનુષ" 4.0-ચોથા તબક્કાનો પ્રારંભ :**

**ગુજરાત સહિતના 12 રાજ્યોમાં મિશન ઇન્દ્રધનુષ-4.0નો વીડિયો કોન્ફરન્સના માધ્યમથી શુભારંભ કરાવતા કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવિયા**




✓ **સમયગાળો :** કોવિડ-19ની પરિસ્થિતિને ધ્યાને રાખીને 12 રાજ્યોમાં ફેબ્રુઆરી થી એપ્રિલ, અન્ય 19 રાજ્યોમાં માર્ચ થી મે દરમ્યાન મિશન ઇન્દ્રધનુષ કાર્યરત રહેશે.

✓ વર્ષ 2014 અગાઉ વિવિધ પ્રકારની રસીનું પ્રમાણ 43 ટકા હતું જે આજે દેશભરમાં 76 ટકા સુધી પહોંચ્યું છે.

✓ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી એ વર્ષ-2015માં આરંભેલા મિશન ઇન્દ્રધનુષમાં દેશના 90 ટકા થી વધુ લોકો સુધી રસીનો લાભ પહોંચાડવાનો દ્રઢ નિર્ધાર કરાયો છે.

ગુજરાતમાં આરંભ થયેલ મિશન ઇન્દ્રધનુષ 4.0 વિશે

✓ મિશન ઇન્દ્રધનુષ 4.0 ત્રણ તબક્કામાં તા. 7 ફેબ્રુઆરી, 7 મી માર્ચ અને 4 એપ્રિલના રોજ કાર્યરત કરાશે.

✓ આ અભિયાન અંતર્ગત રાજ્યના 33 જિલ્લા અને 8 મહાનગરપાલિકાઓમાં સગર્ભા બહેનો અને બાળકોને આવરી લઇ આરોગ્ય સંલગ્ન વિવિધ રસીઓ આપવામાં આવશે.

✓ રાજયમાં અગાઉ મિશન ઇન્દ્રધનુષના વર્ષ-2015થી વર્ષ-2021 દરમ્યાન સફળ અમલીકરણ કરવામાં આવ્યો છે. આ દરમ્યાન કુલ 9,61,380 બાળકો અને 2,05,925 સગર્ભા સ્ત્રીઓને 1,94,193 વધારાના રસીકરણ/મમતા સેશનનું આયોજન કરી રસીકરણ સેવાઓ અંતર્ગત આવરી લેવામાં આવ્યા.

**મિશન ઇન્દ્રધનુષ 4.0 વિશે :**

- ✓ આ અભિયાન અંતર્ગત ધનુર, ઝેરી કમળો, પોલિયો, ક્ષય, ડીપ્થેરીયા, ઉટાટીયુ, હીબ બેક્ટેરિયાથી થતા ન્યુમોનિયા તેમજ મગજનો તાવ જેવા રોગો અને ઓરી, રૂબેલા જેવા ઘાતક રોગો સામે પ્રતિરોધક રસી આપવામાં આવશે.
- ✓ બે વર્ષથી નાની ઉમરના બાળકો અને રાજ્યની સગર્ભા બહેનોને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવાનો છે.
- ✓ બે વર્ષથી વધુ ઉમરના બાળકોને પણ કોઇ પણ રસીકરણ સેશન પર રસીકરણ સેવાઓ પૂરી પાડવાનો આ રસીકરણ અભિયાનનો ઉદ્દેશ છે.

**2. લતા મંગેશકરની સ્મૃતિમાં ઇન્દોરમાં સંગીત અકાદમી તેમજ મ્યુઝિયમ બનાવાશે : સરકાર ટપાલટિકિટ બહાર પાડશે**

- ✓ કેન્દ્ર સરકાર : કોકિલ કંઠી પાર્શ્વ ગાયિકા ભારતરત્ન દિવંગત લતા મંગેશકરની સ્મૃતિમાં કેન્દ્ર સરકાર દ્વારા ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવશે.
- ✓ મધ્યપ્રદેશ સરકાર :ઉપરાંત લતાજીનાં જન્મસ્થળ ઇન્દોરમાં તેમની યાદમાં સંગીત અકાદમી તેમજ મ્યુઝિયમ બનાવાશે. આ મ્યુઝિયમમાં લતાજીએ ગાયેલા ગીતોનો સંગ્રહ સાચવવામાં આવશે.
- ✓ દર વર્ષે તેમનાં જન્મ દિવસે લતા મંગેશકર પુરસ્કાર જાહેર કરાશે
- ✓ **પૂર્વ PM અટલબિહારી વાજપેયીની સરકારમાં લત્તાજીની વર્ષ 1999થી 2005 સુધી રાજ્યસભાના સભ્ય તરીકે નિમણૂક કરાઇ હતી**

**3.નિયુક્તિ : પ્રો.શાંતિશ્રી ધૂલિપુડીની JNUના પ્રથમ મહિલા કુલપતિ તરીકે વરણી**



- ✓ સાવિત્રીબાઇ ફુલે વિશ્વવિધાલયના પ્રોફેસર શાંતિશ્રી ધૂલિપુડી જવાહરલાલ નહેરુ વિશ્વવિધાલય-JNUના નવા કુલપતિ તરીકે વરણી કરવામાં આવી.
- ✓ કાર્યકાળ : પાંચ વર્ષ

**પરિચય અને કારકિર્દી :**

- ✓ પ્રોફેસર પંડિત પોતાની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન 29 પીએચડી રિસર્ચરનું માર્ગદર્શન કરી ચૂક્યા છે.
- ✓ સાયન્સ વિષયમાં એમએનો અભ્યાસ કર્યો હતો. તે પછી ઇન્ટરનેશનલ રિલેશન્સ વિષયમાં એમફિલની પદવી મેળવી હતી.
- ✓ તેઓ જેએનયુ યુનિવર્સિટીમાં જ ઇન્ટરનેશનલ રિલેશન્સ વિષયમાં 83.4 ટકા ગુણ મેળવીને યુનિવર્સિટી ટોપર રહ્યા હતા.
- ✓ તેમણે ભારતીય સંસદ અને વિદેશ નીતિ પર પીએચડીની પદવી પણ જેએનયુમાંથી જ મેળવી હતી.
- ✓ અમેરિકાની જાણીતી કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટીમાં સોશિયલ વર્ક વિષયમાં ડિપ્લોમાની પદવી પણ મેળવેલી છે.
- ✓ JNUમાં તેઓ 1985-87 દરમિયાન તામિલનાડુ વિદ્યાર્થી સંગઠનના સેક્રેટરી રહ્યા હતા. પ્રોફેસર શાંતિશ્રી ધૂલિપુડી 1985-86થી અત્યારસુધીનો અર્થાત કુલ 34 વર્ષનો શાંતિશ્રી ધૂલિપુડીએ પોલિટિકલ શૈક્ષણિક અનુભવ ધરાવે છે
- ✓ JNU : જવાહરલાલ નહેરુ વિશ્વવિધાલય.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (07-02-2022)

**1.** ફેબ્રુઆરી-2022માં શરૂ કરાયેલ મિશન ઇન્દ્રધનુષ સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. તા. 7 ફેબ્રુઆરી-2022ના રોજ "મિશન ઇન્દ્રધનુષ" 4.0-ચોથા તબક્કાનો પ્રારંભ
2. દિલ્હીથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવિયા દ્વારા પ્રારંભ
3. ગુજરાત સહિતના 12 રાજ્યોમાં મિશન ઇન્દ્રધનુષ-4.0નો પ્રારંભ
4. સૌપ્રથમ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ-2015માં મિશન ઇન્દ્રધનુષનો પ્રારંભ
5. ભારતમાં વર્ષ 2014 અગાઉ વિવિધ પ્રકારની રસીનું પ્રમાણ 43 ટકા હતું જે આજે 76 ટકા સુધી પહોંચ્યું

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાતમાં આરંભ થયેલ મિશન ઇન્દ્રધનુષ 4.0 વિશે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. તા. 7 ફેબ્રુઆરી, 7 મી માર્ચ અને 4 એપ્રિલ એમ કુલ મિશન ઇન્દ્રધનુષ 4.0 ત્રણ તબક્કામાં કાર્યરત કરાશે
2. રાજયમાં અગાઉ મિશન ઇન્દ્રધનુષના વર્ષ-2015થી વર્ષ-2021 દરમ્યાન સફળ અમલીકરણ
3. આ અભિયાન અંતર્ગત રાજ્યના 33 જિલ્લા અને 8 મહાનગરપાલિકાઓમાં સગર્ભા બહેનો અને બાળકોને આવરી લેવાશે

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**3.** મિશન ઇન્દ્રધનુષ 4.0 સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. આ અભિયાન અંતર્ગત ધનુર, ઝેરી કમળો, પોલિયો, ક્ષય, ડીપ્થેરીયા, ઉટાટીયુ, હીબ બેક્ટેરિયાથી થતા ન્યુમોનિયા તેમજ મગજનો તાવ જેવા રોગો અને ઓરી, રૂબેલા જેવા ઘાતક રોગો સામે પ્રતિરોધક રસી અપાશે
2. બે વર્ષથી નાની ઉમરના બાળકોને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવાશે
3. સગર્ભા બહેનોને પણ સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવાશે
4. બે વર્ષથી વધુ ઉમરના બાળકોને પણ કોઇ પણ રસીકરણ સેશન પર રસીકરણ સેવાઓ પૂરી પડાશે

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**4.** ફેબ્રુઆરી-2022માં રાષ્ટ્રપતિ દ્વારા જવાહરલાલ નહેરુ વિશ્વવિધાલય (JNU)-દિલ્હીના કુલપતિની નિમણૂક કરાઇ એ સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. પ્રો.શાંતિશ્રી ધૂલિપુડીની JNUના પ્રથમ મહિલા કુલપતિ તરીકે વરણી
2. કાર્યકાળ : પાંચ વર્ષ
3. શાંતિશ્રી ધૂલિપુડી હાલમાં સાવિત્રીબાઇ ફુલે વિશ્વવિધાલયના પ્રોફેસર તરીકે કાર્યરત
4. શાંતિશ્રી ધૂલિપુડી 1985-86થી અત્યારસુધીનો અર્થાત કુલ 34 વર્ષનો પોલિટિકલ શૈક્ષણિક અનુભવ ધરાવે છે

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**5.** લતા મંગેશકરની સ્મૃતિમાં ક્યા સ્થળે સંગીત અકાદમી તેમજ મ્યુઝિયમ બનાવવાની મધ્યપ્રદેશ સરકારે જાહેરાત કરી

(A) ઉજ્જૈન (B) ઓમકારેશ્વર **(C) ઇન્દોર** (D) ભોપાલ

**6.** ભારતરત્ન દિવંગત લતા મંગેશકરની સ્મૃતિમાં કોના દ્વારા ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવશે

**(A) કેન્દ્ર સરકાર** (B) મધ્યપ્રદેશ સરકાર

(C) મહારાષ્ટ્ર સરકાર (D) ગોવા સરકાર

**7.** પૂર્વ PM અટલબિહારી વાજપેયીની સરકારમાં લત્તાજીની ક્યા સમયગાળા દરમિયાન રાજ્યસભાના સભ્ય તરીકે નિમણૂક કરાઇ હતી

**(A) વર્ષ 1999થી 2005** (B) વર્ષ 2000થી 2006

(C) વર્ષ 2001થી 2007 (D) વર્ષ 2002થી 2008

**DATE : 08-02-2022**

## 1. નવી "ઇન્ફર્મેશન ટેક્નોલોજી અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી એનેબલ્ડ સર્વિસ પોલિસી" 2022-27 જાહેર : ગુજરાત સરકાર

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તા. 8 ફેબ્રુઆરી-2022ના રોજ વર્ષ 2022થી 2027 સુધી પાંચ વર્ષ માટે નવી ઇન્ફર્મેશન ટેક્નોલોજી અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી એનેબલ્ડ સર્વિસ પોલિસી જાહેર કરી**

- ✓ સ્થળ : ઈન્ફો સિટી, ગાંધીનગર

**નવી પોલિસીમાં હવે 1 લાખ નવી નોકરીની તકો**

**હેતુ :**

- ✓ રાજ્યમાં એક સુદ્રઢ કલાઉડ ઇકોસિસ્ટમ સ્થાપિત કરીને આર્ટિફિશયલ ઇન્ટેલીજન્સ-મશીન લર્નીંગ -ક્વોન્ટમ કોમ્પ્યુટીંગ-બ્લોકચેન જેવી નવી ઉભરતી ટેક્નોલોજીમાં રિસર્ચ-ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવાનો ધ્યેય

**નવી IT-ITeS નીતિની હાઇલાઇટસ :**

- ✓ હાઇ સ્કીલ્ડ ઉધોગો માટે IT ટેલેન્ટ પૂલ બનાવાશે
- ✓ સમગ્ર દેશમાં પ્રથમવાર ગુજરાતની આઇ.ટી પોલિસીમાં CAPEX-OPEX - કેપિટલ એક્સપેન્ડીચર-ઓપરેશનલ એક્સપેન્ડીચર મોડલનો યુનિક કોન્સેપ્ટ
- ✓ ઇન્ફર્મેશન ટેક્નોલોજી ઉધોગો માટે તૈયાર કુશળ પ્રતિભાઓના અગ્રણી સ્ત્રોત બનવા રાજ્યમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ સ્કૂલ-આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરાશે
- ✓ IT સેક્ટરમાં ગુજરાતની વાર્ષિક IT નિકાસ 3 હજાર કરોડથી વધારીને 25 હજાર કરોડ સુધી લઇ જવાનો લક્ષ્ય
- ✓ તમામ પાત્ર IT-ITeS એકમોને 100 ટકા ઇલેક્ટ્રીસિટી ડ્યુટીનું વળતર અપાશે
- ✓ સામાન્ય પ્રોજેક્ટ માટે વધુમાં વધુ રૂ.50 કરોડની મર્યાદામાં 25 ટકાનો CAPEX સપોર્ટ અપાશે. મેગા પ્રોજેક્ટ માટે આ મર્યાદા રૂ.200 કરોડ સુધીની રહેશે.
- ✓ દર વર્ષે રૂ.20 કરોડ સુધીના સામાન્ય પ્રોજેક્ટ માટે અને દર વર્ષે રૂ.40 કરોડના મેગા પ્રોજેક્ટ્સ માટે 15%નો OPEX સપોર્ટ
- ✓ રાજ્યમાં IT રોજગારને વેગ આપવાના પ્રયાસરૂપે ગુજરાત સરકારે પોલિસીમાં બે વિશેષ પ્રોત્સાહનો સમાવિષ્ટ કર્યા છે:

**1.** એમ્પ્લોયમેન્ટ જનરેશન ઇન્સેન્ટિવ (EGI), પ્રતિ કર્મચારી 60,000 રૂપિયા સુધી આત્મનિર્ભર ગુજરાત રોજગાર સહાય દ્વારા એમ્પ્લોયરના EPF યોગદાનનું 100% સુધીનું વળતર

**2.** રૂ.5 કરોડ સુધીની ટર્મ લોન પર 7% લેખે વ્યાજની ચૂકવણી માટે સહાય. તમામ પાત્ર IT/ITeS એકમોને 100% ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીનું વળતર

- ✓ કૌશલ્ય વિકાસ માટે સ્નાતક વિદ્યાર્થીઓ અને કાર્યકારી વ્યાવસાયિકોને અભ્યાસક્રમની ફી પેટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા વ્યક્તિ દીઠ મહત્તમ રૂ. 50,000 સુધીની નાણાકીય સહાય.
- ✓ ડિજિટલ સાક્ષરતામાં સુધારો કરવા અને માહિતી ટેક્નોલોજીની જાગૃતિ વધારવા માટે શાળાના બાળકો અને સામાન્ય જનતાને લક્ષ્ય બનાવી મોટા પાયે માહિતી, શિક્ષણ અને સંચાર (IEC) કાર્યક્રમો કરવામાં આવશે.
- ✓ રૂ.100 કરોડ સુધીના CAPEX સપોર્ટ સાથે IT શહેરો/ટાઉનશીપ્સના વિકાસને પ્રોત્સાહન અને નિયમનકારી અને FCI ધોરણોમાં છૂટછાટ આપવી.
- ✓ કોઈપણ આઇટી કંપની રાજ્યમાં તેમની આઇટી કામગીરીને ઝડપી રીતે કરી શકે તે માટે વિશ્વ કક્ષાની સહ-કાર્યકારી જગ્યાઓના નિર્માણની સુવિધા આપવી.
- ✓ જૂની પોલિસીનો સમયગાળો :વર્ષ 2017થી 2022

## 2. નિમણૂક : ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ-ગાંધીનગરનો વધારાનો ચાર્જ GADના અધિક મુખ્ય સચિવ IAS એ કે રાકેશને સોંપાયો




## 3. સિદ્ધિ : ઇન્ટર ઓપરેબલ ક્રિમીનલ જસ્ટિસ સિસ્ટમ (ICJS)ના અમલ અને રેન્કીંગમાં ગુજરાતના જેલ વિભાગને દ્વિતીય ક્રમનો એવોર્ડ



**વિગત :**

- ✓ ગુજરાતના જેલ વિભાગને "ગુડ પ્રેક્ટીસીસ ઓન ક્રાઇમ ક્રિમીનલ ટ્રેકીંગ એન્ડ નેટવર્ક સિસ્ટમ ICJS" ની વાર્ષિક મિટીંગમાં આ સિસ્ટમના શ્રેષ્ઠ અમલીકરણ માટેનો દ્વિતીય પુરસ્કાર-એવોર્ડ પ્રાપ્ત થયો

**CCTNS પ્રોજેક્ટ વિશે :**

- ✓ ભારત સરકારના ગૃહ મંત્રાલયના ઉપક્રમે NIC દ્વારા આ CCTNS પ્રોજેક્ટ વિકસાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ICJS પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે.
- ✓ આ પોર્ટલ પર રાષ્ટ્રીયકક્ષાએ પોલીસ, કોર્ટ, પ્રિઝન્સ, ગુનામાં સંડોવાયેલ વાહનો, ગુમ/બિનવારસી વ્યકિતઓની માહિતી,

વિઝા-પાસપોર્ટ, કેન્દ્રીય એજન્સીઓ, એફએસએલ, પ્રોસીક્યુશન, એલીસ(આર્મસ લાયસન્સ) વિભાગોના ડેટાનો વિનિમય કરીને તપાસ કરનાર એજન્સીને એક જ ડીજીટલ સીક્યોર પ્લેટફોર્મ ઉપર ડેટા જોઇ શકે તેવી વ્યવસ્થા કાર્યાન્વિત કરેલી છે

- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આ સીસીટીએનએસ-આઇ.સી.જે.એસ. પ્રોજેક્ટ હેઠળ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશમાં થયેલ અમલીકરણ અંગેના એવોર્ડની થયેલી જાહેરાતમાં આઇ.સી.જે.એસ. પ્રોજેક્ટ હેઠળ વિવિધ સ્તંભો પોલીસ, પ્રિઝન, એફ.એસ.એલ., પ્રોસીક્યુશનમાં કરેલી કાર્યવાહી અંગેના એવોર્ડ અન્વયે દેશના 37 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશમાં શ્રેષ્ઠ અમલીકરણ બદલ પ્રિઝન સ્તંભમાં ગુજરાતને દ્વિતીય ક્રમનો એવોર્ડ પ્રાપ્ત થયો છે.

**પુસ્તક વિમોચન :**

- ✓ મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની જેલોના વડા અને અધિક પોલીસ મહાનિદેશક ડૉ. કે. એલ. એન. રાવના પુસ્તક ‘જેલ ઇતિહાસ અને વર્તમાન’ના અંગ્રેજી સંસ્કરણ ‘જેઇલ-પાસ્ટ એન્ડ પ્રેઝન્ટ’ પુસ્તકનું વિમોચન પણ કર્યુ હતું
- ✓ ગાંધી-સરદાર જેવા યુગ પુરૂષોની સાથે સંકળાયેલો ગુજરાતની જેલોનો ભવ્ય ઇતિહાસ અને વર્તમાનમાં ગુજરાત સરકાર દ્વારા થઇ રહેલી કેદી સુધારણાની કામગીરીનો ચિતાર, પુસ્તકના આ અંગ્રેજી સંસ્કરણના માધ્યમથી હવે દેશ-વિદેશના પ્રબુદ્ધ વાચકો સુધી પહોચતો થશે.
- ✓ ડૉ. રાવનું પુસ્તક ‘જેલ ઇતિહાસ અને વર્તમાન’નું ગુજરાતી સંસ્કરણ આ અગાઉ ઓગષ્ટ-2021માં પ્રકાશિત થયેલું છે

**4. પ્રસાદ યોજના-કેન્દ્ર સરકાર :**

**રૂપાલ વરદાયિની માતાના મંદિરનો કેન્દ્રની પ્રસાદ યોજનામાં સમાવેશ**

- ✓ ગુજરાતમાંથી સોમનાથ અને અંબાજી બાદ રૂપાલ મંદિરની આ યોજના હેઠળ વિકાસ માટે પસંદગી કરાઈ.

**પ્રસાદ યોજના વિશે :**

- ✓ પ્રસાદ યોજના હેઠળ યાત્રાધામોની કાયાકલ્પ કરવાનું એક રાષ્ટ્રીય મિશન છે. વર્ષ 2014-15માં પ્રવાસન મંત્રાલય હેઠળ દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી હતી. જેમાં યાત્રાધામના વિકાસ માટે સંપૂર્ણપણે કેન્દ્રમાંથી ગ્રાન્ટ મળે છે.

**યોજનાનો મુખ્ય ઉદ્દેશ :**

- ✓ ઐતિહાસિક પ્રાચીન મંદિરો-યાત્રાધામોને ધાર્મિક પર્યટનના રૂપે વિકસાવવા અને દેશભરમાં તીર્થસ્થાનોની ઓળખ પ્રસ્થાપિત કરવા
- ✓ ઉપરાંત પ્રવાસીઓમાં કાયમી ધોરણે યાત્રાધામનું આકર્ષણ વધે, ધાર્મિક પર્યટનને ઉત્તેજન આપવાથી રોજગારી પેદા થવાની સાથે આર્થિક વિકાસમાં પણ તેનો સીધો પ્રભાવ પડે સ્થાનિક કલા-સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવા સહિતની બાબતો

**રૂપાલનિ વરદાયિની માતાના મંદિર વિશે :**

- ✓ મહાભારત સમયનું આ મંદિર પ્રાચીન ગણાય છે. એટલું જ નહિ રૂપાલની પલ્લીનો દેશ-વિદેશ સુધી મહિમા છે. નવરાત્રિમાં નોમની રાત્રીએ નીકળતી માતાની પલ્લી પર માનતાના ઘીના અભિષેકની એક અલગ જ ગાથા છે. પલ્લીના દિવસે અહીં રૂપાલ ગામમાં ઘીની નદીઓ વહી ઉઠે છે.
- ✓ રૂપાલ મંદિરનો ગુજરાત સરકાર દ્વારા પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કર્યા પછી જિર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે.

**5. ફેમ યોજના (ફાસ્ટર એડોપ્શન એન્ડ મેન્યુફેક્ચરિંગ ઑફ હાઇબ્રિડ એન્ડ ઇલેક્ટ્રિક વ્હીકલ ઇ ઇન્ડિયા) ફેઝ-2 : ઉધોગ મંત્રાલય**

**ફેમ યોજના અંતર્ગત દેશમાં 9 એક્સપ્રેસ વે પર 184 અને 16 હાઇવે પર 1392 ઇવી ચાર્જિંગ સ્ટેશન સ્થપાશે તે ઉપરાંત 68 શહેરોમાં 2877 ઇવી ચાર્જિંગ સ્ટેશન પણ ખોલવામાં આવશે**



- ✓ આગામી નાણાકીય વર્ષમાં સ્ટેશન નિર્માણમાં મદદ માટે 1000 કરોડ રૂપિયાની ફાળવણી
- ✓ ફેમ યોજનાના પહેલાં તબક્કામાં 520 ઇલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશનને મંજૂરી આપવામાં આવી છે. તેમાંથી 462 સ્ટેશનનું નિર્માણ પૂર્ણ થઇ ચૂક્યું છે. 10 શહેરોમાં 382 ચાર્જિંગ સ્ટેશનો ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

**ફેબ્રુઆરી-2022ની સ્થિતિએ ભારતમાં ચાર્જિંગ સ્ટેશન :**

**1. રાજસ્થાનમાં સૌથી વધુ 174 ચાર્જિંગ સ્ટેશન**

| | |
|---|---|
| **2. મધ્યપ્રદેશ : 167** | **3. ઉત્તરપ્રદેશ : 128** |
| **4. હરિયાણા : 114** | **5. તેલંગાણા : 112** |
| **6. કર્ણાટક : 100** | **7. મહારાષ્ટ્ર : 88** |
| **8. ગુજરાત : 87** | **9. તામિલનાડુ : 76** |
| **10. બંગાળ : 71** | |

**6. ક્લાઇમેટ ચેન્જ : આ સદીના મધ્યમાં માઉન્ટ એવરેસ્ટનું 2,000 વર્ષ જૂનું ગ્લેશિયર ગાયબ થઇ જવાનો અહેવાલ**



- ✓ એવરેસ્ટની ચોટી પર બરફની આ જાડા થરને બનવામાં લાગેલા 2,000 વર્ષની તુલનામાં માપવામાં આવેલા બરફના નુકસાનનો દર 80 ગણો વધારે ઝડપી છે.

**એવરેસ્ટ મુદ્દે આ રિપોર્ટમાં શું કહેવાયું છે?**

- ✓ આ રિપોર્ટ પ્રમાણે, 8,020 મીટરની ઊંચાઇએ સાઉથ કૉલ ગ્લેશિયરમાં બરફ લગભગ બે મીટર પ્રતિ વર્ષના દરે પીગળી રહ્યો છે.
- ✓ આ નિષ્કર્ષ દક્ષિણ કોલ ગ્લેશિયર પરના 10 મીટર લાંબા બરફના ડેટા અને દુનિયાના બે સૌથી ઊંચા ઓટોમેટિક હવામાન સ્ટેશનના ડેટા પર આધારિત છે.

- ✓ એવરેસ્ટનો દક્ષિણ ઢોળાવ 7,945 ને 8,430 મીટર છે. શોધકર્તાઓએ રેડિયોકાર્બન ડેટિંગના આધારે ગ્લેશિયરમાં બરફની ઉંમર 2,000 વર્ષ હોવાનું અનુમાન લગાવ્યું હતું.
- ✓ રિસર્ચમાં કહેવાયું છે કે એવરેસ્ટમાં બરફના આવરણમાં ફેરફાર ક્લાઈમેટ ચેન્જા કારણે છે.
- ✓ ડિસેમ્બર 2002માં ચીન અને નેપાળે જાહેરાત કરી હતી કે દુનિયાનો સૌથી ઊંચો પર્વત હવે 86 સે.મી. વધુ ઊંચો છે, જ્યારે તેમણે એવરેસ્ટને ફરીથી માપી તેની ઊંચાઇ 8,848.86 મીટર ગણાવી. આ સંશોધને દસકાઓથી થતાં ઊંચાઇના વિવાદને સમાપ્ત કરી દીધો છે.

## 7. હિજાબ વિવાદ – કર્ણાટક

**વિવાદ અંગે :**

- ✓ કર્ણાટકમાં હિજાબ વિવાદનો પ્રારંભ જાન્યુઆરીમાં ઉડુપીમાં થયો હતો. શહેરની પ્રી-યૂનિવર્સિટી કોલેજમાં 6 વિદ્યાર્થિનીઓને હિજાબને કારણે વર્ગમાં પ્રવેશ નહોતો અપાયો.
- ✓ કોલેજ તંત્રે તેના માટે ડ્રેસમાં સમાનતા રાખવાનું કારણ ગણાવ્યું હતું. તે બાદ રાજ્યના અનેક વિસ્તારોમાં આ વિવાદ વધ્યો. ઘણી વિદ્યાર્થિનીઓએ હિજાબ પહેરીને આવવાનું શરુ કર્યું હતું. જેના વિરોધમાં વિદ્યાર્થીઓ ભગવો ખેસ પહેરીને આવવા લાગ્યા હતા.



- ✓ હિજાબ સાથે પ્રવેશ અટકાવાતા વિદ્યાર્થિનીઓએ હાઇકોર્ટમાં અરજી કરી હતી અને બંધારણની કલમનો હવાલો આપીને હિજાબ પહેરવાને પોતાનો મૌલિક અધિકાર ગણાવ્યો હતો.

**મધ્યપ્રદેશની સ્કૂલોમાં પણ હિજાબ સામે પ્રતિબંધ લદાશે**

- ✓ રાજ્યના સ્કૂલ શિક્ષણ પ્રધાન ઇન્દરસિંહ પહરામે કહ્યું હતું કે હિજાબ યૂનિફોર્મ કોડનો ભાગ નથી. અમે શિસ્તને પ્રાથમિકતા આપીશું. તેથી સ્કૂલમાં વિદ્યાર્થિનીઓનો એક જ ડ્રેસકોડ રહેશે. જો કોઇ સ્કૂલમાં હિજાબ પહેરીને આવશે તો પ્રતિબંધ લાદશે.

## 8. નિધન : બીઆર ચોપરાની સીરિયલ મહાભારતમાં ભીમનો રોલ ભજવનાર પ્રવીણકુમાર સોબતીનું 74 વર્ષની વયે 8 ફેબ્રુઆરીના રોજ નિધન





**પરિચય અને કારકિર્દી :**

- ✓ જન્મ : તા. 06 ડિસેમ્બર 1947
- ✓ જન્મ સ્થળ : સરહાલી કલાન, પંજાબ
- ✓ અવસાન : તા. 7 ફેબ્રુઆરી 2022, નવી દિલ્હી
- ✓ બોર્ડર સિક્યોરિટી ફોર્સ(BSF)માં ડેપ્યુટી કમાન્ડન્ટ તરીકે સેવા આપી હતી.
- ✓ 90ના દશકમાં દૂરદર્શનની લોકપ્રિય ધારાવાહિક 'મહાભારત'માં ભીમની ભૂમિકા ભજવનાર
- ✓ પ્રવીણે બોલીવૂડમાં વર્ષ-1981ની ફિલ્મ રક્ષાથી ડેબ્યુ કર્યું હતું. તેમની છેલ્લી ફિલ્મ વર્ષ-1998માં આવેલી ટ્રેન ટુ પાકિસ્તાન હતી.

**રમત : હેમર અને ડિસ્કસ થ્રો એથલીટ**

- ✓ તેઓ 1968માં મેક્સિકો, 1972માં મ્યૂનિક ઓલમ્પિક અને ચાર વારના એશિયન ગેમ્સ મેડલિસ્ટ (2 ગોલ્ડ, 1 સિલ્વર, 1 બ્રોન્ઝ) હતા.
- ✓ એવોર્ડ : અર્જુન એવોર્ડ

## 9. OSCAR 2022 : ભારતની ફિલ્મ 'રાઇટિંગ વિથ ફાયર' બેસ્ટ ડોક્યુમેન્ટરી કેટેગરીમાં નોમિનેટ

- ✓ એકેડમી અવૉર્ડ્સની 94મી એડિશનના ફાઈનલ લિસ્ટમાં આ ઈન્ડિયન ડોક્યુમેન્ટરીને બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચર કેટેગરીમાં સામેલ કરાઈ.

**ઓસ્કર 2022માં એન્ટ્રી લેનાર એકમાત્ર ભારતીય ડોક્યુમેન્ટરી ફિલ્મ**

- ✓ નોમિનેશનની જાહેરાત ટ્રેસી એલિસ રોસ અને લેસ્લી જોર્ડન દ્વારા એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સના ટ્વિટર પેજ પર કરવામાં આવી.
- ✓ ઈન્ડિયન ડોક્યુમેન્ટરીનું રિન્ટુ થોમસ અને સુષ્મિતા ઘોષ દ્વારા નિર્દેશન કરવામાં આવ્યું છે. બંનેનાં કરિયરની આ પહેલી ડોક્યુમેન્ટરી છે.
- ✓ રાઈટિંગ વિથ ફાયરની કહાની દલિત મહિલા દ્વારા ચલાવવામાં આવતા ભારતના એકમાત્ર ન્યૂઝપેપર "ખબર લહરિયા" સાથે સંબંધિત છે.
- ✓ ડોક્યુમેન્ટરીમાં દલિત મહિલાઓ "ખબર લહરિયા" અખબારને પ્રિન્ટમાંથી ડિજિટલમાં કન્વર્ટ કરે છે અને એને સામાજિક વર્તુળ સાથે જોડવામાં આવે છે.
- ✓ આ દરમિયાન તેમની સામે જ્ઞાતિ અને જેન્ડર સાથે સંબંધિત ઘણા પડકારો સામે આવે છે.

## 10. દિન વિશેષ : 08 ફેબ્રુઆરી

**પ્રથમ મહિલા જ્ઞાનપીઠ વિજેતા:આશાપૂર્ણાદેવી**

**જન્મ : 8 ફેબ્રુઆરી-1909 અવસાન : 13 જૂલાઈ-1995**




- ✓ પશ્ચિમ બંગાળમાં કોલકાતા પાસે પોટલદંગામાં ચિત્રકાર પિતા અને સાહિત્યકાર માતાને ત્યાં તેમનો જન્મ થયો હતો છતાં સાહિત્ય સર્જન માટે વાતાવરણ આશાસ્પદ ન હતું.
- ✓ પહેલી કૃતિ જલ ઓર જામુન વાર્તા સંગ્રહ
- ✓ સમગ્ર જીવનકાળ દરમિયાન 225થી વધુ કૃતિઓનું સર્જન કર્યું.

**મહત્વની કૃતિઓ :**

- ✓ સ્વર્ણલતા, પ્રથમ પ્રતિકૃતિ, પ્રેમ ઓ પ્રયોજન, અગ્નિ પરીક્ષા, બકુલ કથા, ગાછે પાતા નીલ, છાડપત્ર, માયો દર્પણ, આકાશ માટી, અધૂરે સપને, આનંદધામ, ઉદાસ મન, ચમે બદલ જાતે હૈ, મન કી

ઉડાન જેવી અનેક નવલકથાઓ, વાર્તા સંગ્રહો વગેરેનો સમાવેશ થાય છે.

- ✓ તેમના લેખનનો પ્રધાન સૂર નારી જીવન અને કુટુંબ જીવનની સમસ્યાઓનું ચિત્રણ છે. આશાદેવીએ મહિલા સર્જક તરીકે નારી મનોવિજ્ઞાનની સૂક્ષ્મ અભિવ્યક્તિ કરી છે.
- ✓ આશાદેવી પોતાને 'હું તો સરસ્વતીની સ્ટેનો છું' તેમ માનતા હતા.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (08-02-2022)

**1.** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા તા. 8 ફેબ્રુઆરી-2022ના રોજ વર્ષ 2022થી 2027 સુધી પાંચ વર્ષ માટે જાહેર કરાયેલી નવી ઇન્ફર્મેશન ટેક્નોલોજી અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી એનેબલ્ડ સર્વિસ પોલિસી સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. એક લાખ નવી નોકરીની તકો ઉભી કરવાનું લક્ષ્યાંક
2. હાઇ સ્કીલ્ડ ઉધોગો માટે IT ટેલેન્ટ પૂલ બનાવાશે
3. સમગ્ર દેશમાં પ્રથમવાર ગુજરાતની આઇ.ટી પોલિસીમાં CAPEX-OPEX - કેપિટલ એક્સપેન્ડીચર-ઓપરેશનલ એક્સપેન્ડીચર મોડલનો યુનિક કન્સેપ્ટ
4. રાજ્યમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ સ્કૂલ-આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરાશે
5. IT સેક્ટરમાં ગુજરાતની વાર્ષિક IT નિકાસ 3 હજાર કરોડથી વધારીને 25 હજાર કરોડ સુધી લઇ જવાનો લક્ષ્ય

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**2.** તા. 8 ફેબ્રુઆરી-2022ના રોજ ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી ઇન્ફર્મેશન ટેક્નોલોજી અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી એનેબલ્ડ સર્વિસ પોલિસી સંદર્ભે નીચેના પૈકી ક્યુ વિધાન યોગ્ય નથી

1. તમામ પાત્ર IT-ITeS એકમોને 100 ટકા ઇલેક્ટ્રીસિટી ડ્યુટીનું વળતર અપાશે
2. સામાન્ય પ્રોજેક્ટ માટે વધુમાં વધુ રૂ.50 કરોડની મર્યાદામાં 25 ટકાનો CAPEX સપોર્ટ અપાશે.
3. એમ્પ્લોયમેન્ટ જનરેશન ઇન્સેન્ટિવ (EGI), પ્રતિ કર્મચારી 60,000 રૂપિયા સુધી આત્મનિર્ભર ગુજરાત રોજગાર સહાય દ્વારા એમ્પ્લોયરના EPF યોગદાનનું 100% સુધીનું વળતર
4. રૂ.5 કરોડ સુધીની ટર્મ લોન પર 5% લેખે વ્યાજની ચૂકવણી માટે સહાય

(A) 1 (B) 2 (C) 3 **(D) 4**

**3.** તા. 8 ફેબ્રુઆરી-2022ના રોજ હિન્દી અભિનેતા પ્રવીણકુમાર સોબતીનું 74 વર્ષની વયે નિધન થયુ છે તેમના સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. 90ના દશકમાં દૂરદર્શનની લોકપ્રિય ધારાવાહિક બીઆર ચોપરાની સીરિયલ મહાભારતમાં ભીમનો રોલ ભજવનાર
2. જન્મ : તા. 06 ડિસેમ્બર 1947, સરહાલી કલાન, પંજાબ
3. બોર્ડર સિક્યોરિટી ફોર્સ(BSF)માં ડેપ્યુટી કમાન્ડન્ટ તરીકે સેવા આપી હતી
4. હેમર અને ડિસ્કસ થ્રો રમતમાં વૈશ્વિકકક્ષાએ ગોલ્ડ મેડલ વિજેતા
5. અર્જુન એવોર્ડ વિજેતા

(A) 1 અને 5 (B) 2 અને 3 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**4.** ઓસ્કાર એવોર્ડ-2022 માટે ભારતની ફિલ્મ 'રાઇટિંગ વિથ ફાયર'ને બેસ્ટ ડોક્યુમેન્ટરી કેટેગરીમાં નોમિનેટ કરાઇ એ સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. એકેડમી અવૉર્ડ્સની 94મી એડિશનના ફાઇનલ લિસ્ટમાં સામેલ
2. ઓસ્કર 2022માં એન્ટ્રી લેનાર એકમાત્ર ભારતીય ડોક્યુમેન્ટરી ફિલ્મ
3. આ ડોક્યુમેન્ટરીનું રિન્ટુ થોમસ અને સુષ્મિતા ઘોષ દ્વારા નિર્દેશન કરાયું
4. રાઇટિંગ વિથ ફાયરની કહાની દલિત મહિલા દ્વારા ચલાવવામાં આવતા ભારતના એકમાત્ર ન્યૂઝપેપર "ખબર લહરિયા" સાથે સંબંધિત છે

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**5.** ગુજરાત સરકાર દ્વારા તા. 8 ફેબ્રુઆરી-2022ના રોજ ગાંધીનગરથી નવી જાહેર કરાયેલી "ઇન્ફર્મેશન ટેક્નોલોજી અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી એનેબલ્ડ સર્વિસ પોલિસી"નો સમયગાળો જણાવો

**(A) વર્ષ 2022-27** (B) વર્ષ 2023-28
(C) વર્ષ 2024-29 (D) વર્ષ 2021-26

**6.** ફેબ્રુઆરી-2022માં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ-ગાંધીનગરનો વધારાનો ચાર્જ કોને સોંપાયો

(A) પંકજ જોશી (B) એસ. જે હૈદર
**(C) એ કે રાકેશ** (D) મનોજ અગ્રવાલ

**7.** ફેબ્રુઆરી-2022માં ઇન્ટર ઓપરેબલ ક્રિમીનલ જસ્ટિસ સિસ્ટમ (ICJS)ના અમલ અને રેન્કીંગમાં ગુજરાતના જેલ વિભાગને ક્યા ક્રમનો એવોર્ડ મળ્યો

(A) પ્રથમ **(B) દ્વિતીય** (C) તૃતિય (D) ચોથો

**8.** કેન્દ્ર સરકારની પ્રસાદ યોજના અંતર્ગત ફેબ્રુઆરી-2022માં ગુજરાતના ક્યા મંદિરનો પ્રસાદ યોજનામાં સમાવેશ કરાયો

(A) ડાકોર (B) સોમનાથ
(C) અંબાજી **(D) રૂપાલ વરદાયિની માતા, રૂપાલ**

**9.** ફેમ યોજના (ફાસ્ટર એડોપ્શન એન્ડ મેન્યુફેક્ચરિંગ ઑફ હાઇબ્રિડ એન્ડ ઇલેક્ટ્રિક વ્હીકલ ઇ ઇન્ડિયા) ફેઝ-2 અંતર્ગત દેશમાં દેશમાં 9 એક્સપ્રેસ વે તથા 16 હાઇવે પર કેટલા ઇવી ચાર્જીંગ સ્ટેશન સ્થપવાની ફેબ્રુઆરી-2022માં કેન્દ્ર સરકાર દ્વારા જાહેરાત કરાઇ

(A) 1390 **(B) 1392** (C) 1395 (D) 2887

**10.** ભારતના પ્રથમ મહિલા જ્ઞાનપીઠ વિજેતાનું નામ જણાવો

(A) મહાશ્વેતા દેવી (B) મહાદેવી વર્મા
**(C) આશાપૂર્ણા દેવી** (D) વિધાબેન નિલકંઠ

**11.** આશાપૂર્ણા દેવીનો જન્મદિવસ જણાવો

(A) તા. 7 ફેબ્રુઆરી 1996 **(B) તા. 8 ફેબ્રુઆરી 1995**
(C) તા. 9 ફેબ્રુઆરી 1994 (D) તા. 10 ફેબ્રુઆરી 1993

**DATE : 09-02-2022**

**1. "અટલ ભૂજલ યોજના" : ભારત સરકાર**

**ગુજરાતમાં જળસંપતિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ દ્વારા ગાંધીનગરથી પાણી અંગે જનજાગૃતિ માટે "અટલ ભૂજલ રથ"ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાયું**



**અટલ ભૂજલ રથ વિશે :**

- ✓ રાજ્યના 6 જિલ્લાઓના 36 તાલુકાના 2,252 ગામોના ગ્રામજનોને માહિતગાર કરવા રથ ભ્રમણ કરશે.
- ✓ અટલ ભૂજલ યોજના અંગે જનજાગૃતિ વધે તે માટે ગુજરાત રિસોર્સિસ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા રાજ્યના ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ અને કચ્છ એમ કુલ 6 જિલ્લાઓના 36 તાલુકાઓના 2252 ગામડાઓમાં અટલ જલ રથનું ભ્રમણ કરવામાં આવશે.
- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ અંતર્ગત દેશભરમાં 'અટલ ભૂજલ યોજના' શરૂ કરવામાં આવી.

**હેતુ :**

- ✓ સરકાર અને સમાજના સહિયારા પ્રયાસ અને જનભાગિદારીથી પાણીના ટીપે ટીપાનો કાર્યક્ષમ ઉપયોગ થાય, પાણીનો વ્યય ઘટે અને સંગ્રહમાં વધારો થાય, ટકાઉ ભૂગર્ભજળ વ્યવસ્થાપન પધ્ધતિઓ દ્વારા પાણીની અછતવાળા વિસ્તારોમાં ભૂગર્ભજળ સંશાધનોના સંચાલનને વધુ સુદ્રઢ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

**યોજના માટે નાણાકીય ફાળવણી :**

- ✓ કેન્દ્ર સરકાર દ્વારા આ યોજનાની શ્રેષ્ઠ અમલવારી કરવા વિવિધ રાજ્યો માટે કુલ 6,000 કરોડની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યને કુલ રૂ. 741.23 કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ✓ જેમા રૂ.202.12 કરોડ ઇંવેસ્ટમેન્ટ કમ્પોનન્ટ માટે અને રૂ.539.11 કરોડ ઇન્સેન્ટીવ કમ્પોનન્ટ માટે ફાળવણી કરવામાં આવી છે.

**2. નિર્ણય : મહારાષ્ટ્ર સરકાર**

**મુંબઈમાં લતા મંગેશકરના નામે આંતરરાષ્ટ્રીય સંગીત યુનિવર્સિટી બનશે**




- ✓ મહારાષ્ટ્ર કેબિનેટે તેની મંજૂરી આપી.
- ✓ 92 વર્ષીય લતા મંગેશકરનું 6 ફેબ્રુઆરીએ મલ્ટી ઓર્ગન ફેલ્યોર પછી નિધન થયું હતું.

**3. નવતર પહેલ : નાઇટ્રિક ઓક્સાઇડ નોઝલ સ્પ્રે : ભારતમાં પુખ્તવયના કોરોના દર્દીઓની સારવાર માટે નોઝલ સ્પ્રે લોન્ચ**

**વિગત :**

- ✓ નોઝલ સ્પ્રે માટે ભારતની ફાર્મા કંપનીને ડ્રગ્સ કન્ટ્રોલર મેન્યુફેક્ચરિંગ અને માર્કિટેંગની પણ મંજૂરી મળી.

**નોઝલ સ્પ્રે વિશે :**

- ✓ નાઇટ્રિક એસિડ આધારિત આ નોઝલ સ્પ્રે નાકના ઉપરના ભાગ પર કોરોના વાઇરસને અસરકારક રીતે નાશ કરવાનું કાર્ય કરે છે.
- ✓ પરીક્ષણ દરમિયાન જોવા મળ્યું છે કે તેને કોવિડ 19ના નાશ અને દવાના એન્ટી માઇક્રોબિયલ ગુણોને સાબિત કર્યો છે. જ્યારે આ સ્પ્રે નાકના મ્યુક્સ પર છાંટવામાં આવે છે ત્યારે તે વાઇરસને વધવા અને શરીરમાં ફેલાવવાથી રોકવા માટે શારીરિક અને રાસાયણિક અવરોધ ઉત્પન્ન કરે છે અને આવી રીતે તે આ વાઇરસને ફેફસામાં ફેલાવતા રોકે છે.

**4. ખેલકૂદ : IPL-2022 : 15મી સિઝન**




**અમદાવાદની નવી IPL ટીમ વિશે :**

- ✓ **નામ : 'ગુજરાત ટાઇટન્સ'** **કેપ્ટન : હાર્દિક પંડ્યા**
- ✓ **કૉચ : આશિષ નેહરા** **મેન્ટર : ગેરી કર્સ્ટન**
- ✓ **હોમગ્રાઉન્ડ : નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ**

**5. કોર્પ નોર્થ 22 યુદ્ધાભ્યાસ :**

**ચીનની નજીક અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનું 130 વિમાનો સાથેનું શક્તિ પ્રદર્શન - એલિફન્ટ વોકનું આયોજન**




- ✓ **સમયગાળો : તા.02 થી તા. 18 ફેબ્રુઆરી-2022**
- ✓ **સ્થળ : એન્ડરસન એરફોર્સ બેઝ, ગુઆમ**
- ✓ **ભાગ લેનાર દેશો : અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા**

**યુદ્ધાભ્યાસનું મહત્વ :**

- ✓ યુક્રેનના મુદ્દે રશિયા-ચીનની જોડે વધતા તનાવના પગલે અમેરિકાએ પ્રશાંત મહાસાગરમાં મોટો યુદ્ધાભ્યાસ કરી રહ્યું છે.
- ✓ કોર્પ નોર્થ 22 નામના આ યુદ્ધાભ્યાસમાં અમેરિકન હવાઇદળ ઉપરાંત જાપાન અને ઓસ્ટ્રેલિયાની એરફોર્સ પણ ભાગ લઈ રહ્યો છે.
- ✓ વિમાનોએ હવામાં એક સાથે કેટલાય યુદ્ધ ફોર્મેશન રચતા ઉડાન પણ ભરી હતી. ચીનથી 2,900 કિલોમીટર દૂર અમેરિકાના શક્તિ પ્રદર્શનને સીધા બૈજિંગ અન મોસ્કો માટે ચેતવણીના સ્વરૂપમાં જોવામાં આવી રહ્યું છે.
- ✓ ગુઆમ પ્રશાંત મહાસાગરમાં અમેરિકાનું સૌથી મોટો નૌકાદળ અને હવાઈ દળનું મથક છે. આ બેઝનો મુખ્ય હેતુ પ્રશાંત મહાસાગરમાં ચીન અને રશિયાની આક્રમકતા પર લગામ લગાવવાનો છે. આ ઉપરાંત જાપાનમાં અમેરિકન લશ્કરની સાતમી ટુકડી પણ ઉપલબ્ધ છે.

**6. દિન વિશેષ : 09 ફેબ્રુઆરી**

**પ્રથમ ગુજરાતી મહિલા અનુસ્નાતક : વિનોદિની નીલકંઠ**




**જન્મ : 09 ફેબ્રુઆરી-1907** **અવસાન : 1987, અમદાવાદ**

**પરિચય :** ગુજરાતી સાહિત્ય અને સમાજજીવનના ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહિપતરામ રૂપરામ તેમના દાદા અને રમણભાઈ નીલકંઠ-વિધાગૌરી નીલકંઠ તેમના માતા-પિતા હતા.

- ✓ વિનોદીની બેન વર્ષ-1930મા અમેરિકાની મિશિગન યુનિ.થી સમાજશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્ર સાથે અનુસ્નાતક થયા હતા.
- ✓ <u>તે સમયે ગુજરાતી સમાજમાં તેઓ સૌપ્રથમ મહિલા અનુસ્નાતક હતા.</u>
- ✓ તેમની વ્યવસાયી કારકિર્દી <u>અમદાવાદ મ્યુ. હાઈસ્કુલમાં હેડ મિસ્ટ્રેસ અને એસ.એન.ડી.ટી યુનિ.માં પ્રાધ્યાપિકા તરીકે</u> રહી હતી વિનોદિની નીલકંઠનું માતબર યોગદાન ગુજરાતી સાહિત્યના સર્જન અને સંશોધન ક્ષેત્રે રહ્યું છે.

**<u>રચનાઓ :</u>**

- ✓ કદલીવન, દરિયાવનાં મોતી, અંગુલીનો સ્પર્શ, કાર્પાસી અને બીજી વાર્તાઓ, રસદ્વાર, ઘર ઘરની જ્યોત(ચાર ભાગમાં) નિજાનંદ, શિશુ રંજના, મેંદીની મંજરી, બાળકોની દુનિયામાં ડોકિયું, સફરચંદ વગેરે તેમના યોગદાન છે.
- ✓ અનુવાદ સાહિત્યમાં તેઓએ બટ્રાન્ડ રસેલના પુસ્તકનો ગુજરાતીમાં "સુખની સિદ્ધિઓ" નામે અનુવાદ કર્યો છે.
- ✓ વિનોદિનીબેને સમાચારપત્રોમાં સતત 40 વર્ષ સુધી ગુણવત્તાસભર કોલમ પણ ચલાવી હતી.
- ✓ ગુજરાતમાં સામાજિક સેવાઓની અનેક સંસ્થાઓ સાથે પણ તેમનું ગાઢ જોડાણ રહ્યું હતું.
- ✓ તેમના વિષે "roadless travelled"શીર્ષકથી પુસ્તક પણ લખાયું છે.

**<u>(2) પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ</u>**

**<u>જન્મ : 9 ફેબ્રુઆરી-1911 (નડીયાદ)</u>**

**<u>અવસાન:19 ડિસેમ્બર-2002(91ની વયે)</u>**

- ✓ બે વખત ગુજરાતના મુખ્યમંત્રીપદે.

**<u>કાર્યકાળ :</u>**

- ✓ પ્રથમ જૂન 1975થી માર્ચ-1976 સુધી જનતા મોર્ચાના નેતા તરીકે અને બીજી વખત એપ્રિલ-1977થી ફેબ્રુઆરી-1980 સુધી જનતા પાર્ટીના નેતા તરીકે.
- ✓ રાજકીય પક્ષ : જનતા મોર્ચો, જનતા પાર્ટી
- ✓ સન્માન :વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવૉર્ડ




**<u>કારકિર્દી</u>**

- ✓ વ્યવસાયે વકીલ હતા.
- ✓ મુંબઈ રાજ્યના તે વખતના મંત્રીમંડળમાં વર્ષ 1952થી 1957 સુધી કેબિનેટ મંત્રી રહ્યા. ગુજરાતની રચના પછી વર્ષ-1967માં તેઓ ગુજરાતની ધારાસભામાં ચૂંટાયા અને વિવિધ મંત્રાલયો સંભાળેલા
- ✓ વર્ષ 1974માં ચીમનભાઈ પટેલે નવનિર્માણ આંદોલનને કારણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું અને ધારાસભાનું વિસર્જન કરાયું.
- ✓ ચૂંટણી પછી તા.18 જૂન-1957માં તેઓ ગુજરાતના <u>પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા.</u>
- ✓ તેઓ વિવિધ પક્ષોના ગઠબંધનથી બનેલા જનતા મોર્ચાના નેતા બન્યા. એક અઠવાડીયા પછી, ઈન્દિરા ગાંધી દ્વારા દેશમાં કટોકટી લાદવામાં આવી પણ તેઓ માર્ચ 1976 સુધી પદ પર કાયમ રહ્યા. બીજી વખત તેઓ વર્ષ 1977થી 1980 સુધી જનતા પાર્ટીના નેતા તરીકે મુખ્યમંત્રી બન્યા.

**<u>મુખ્યમંત્રી તરીકે કાર્યો :</u>**

- ✓ 60 વર્ષથી ઉપરની નિરાધાર મહિલાઓ અને 65 વર્ષથી ઉપરના નિરાધાર પુરૂષો, <u>અપંગ અને અશક્તો માટે માસિક રૂ.30ની સહાય માટેની પેન્શનની યોજના</u> શરૂ કરી.
- ✓ તેમણે <u>ગ્રામીણ બેંકોની સ્થાપના કરી હતી. રાજ્યમાં લોકાયુક્તની નિમણૂક માટે</u> તેમણે પગલાં લીધાં અને <u>લોકાયુક્તની નિમણૂક</u> કરી. ઉપરાંત <u>દરેક જિલ્લામાં દૂધની ડેરીઓની સ્થાપના</u> કરી. ગાંધીનગરને અત્યાધુનિક પાટનગર બનાવવામાં તેમનો સિંહફાળો હતો. તેમણે <u>માતૃભાષામાં વહીવટની શરૂઆત કરી</u>.
- ✓ તેમણે રાજ્યની બંધ મિલો ચાલુ કરાવી. વધુ પેટ્રોકેમિકલ્સ સંકુલોની સ્થાપના કરી. તા.18 ઑગસ્ટ-1978ના રોજ 'નર્મદા જળવિવાદ ટ્રીબ્યુનલ'નો ચુકાદો આવ્યો. તે મુજબ 163 મીટર બાંધકામની મંજૂરી આપવામાં આવી. તેના આધારે વર્ષ-1979માં કામ શરૂ કરવામાં આવ્યું.
- ✓ તેમના શાસનકાળ દરમ્યાન <u>તા. 12 ઑગસ્ટ, 1979માં મોરબીમાં મચ્છુ ડેમ તૂટવાની ઘટના બની</u>. તેના કારણે સૌરાષ્ટ્રમાં ભારે તારાજી સર્જાઈ. અહીં <u>રાહતકાર્યમાં થયેલા વિલંબને કારણે તા. 17 ફેબ્રુઆરી, 1980ના રોજ મંત્રીમંડળ બરખાસ્ત કરવામાં આવ્યું</u> અને <u>રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન</u> લદાયુ.
- ✓ <u>ભાવનગર યુનિ.ની સ્થાપના અને શિક્ષણમાં 10+2+3ની પદ્ધતિ દાખલ કરવામાં આવી. 20 મુદ્દા કાર્યક્રમનો ગુજરાતમાં અમલ શરૂ થયો.</u>
- ✓ જાન્યુઆરી, 1978માં <u>અન્ય પછાત જ્ઞાતિઓ માટે 10% અનામત રાખવાનો નિર્ણય</u> કરાયો. તેમણે <u>બઢતીમાં રોસ્ટર પદ્ધતિ દાખલ કરી</u>.
- ✓ તેમણે <u>પોલીસ યુનિયનને માન્યતા આપી હતી, જે 1988માં રદ કરાઈ. અંત્યોદય યોજનાની શરૂઆત</u> થઈ. તેમણે બોમ્બે હાઈ તેલક્ષેત્રમાંથી ગુજરાતને ગેસનો હિસ્સો અપાવ્યો.
- ✓ 1976માં બજેટ સત્ર દરમ્યાન વિધાનસભામાં નાગરિક પૂરવઠાની માગણી દરમ્યાન મતદાનમાં તેમનો પરાજય થતાં રાજ્યમાં તા.12 માર્ચ, 1976ના રોજ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું.
- ✓ <u>તેમના સમય દરમ્યાન ગુજરાતમાં બે વાર રાષ્ટ્રપતિ શાસન અમલમાં આવ્યું.</u>

**<u>ત્રીજું રાષ્ટ્રપતિ શાસન :</u>**

- ✓ (12 માર્ચ, 1976 – 24 ડિસેમ્બર, 1976)
- ✓ રાષ્ટ્રપતિ : શ્રી ફખરૂદ્દીન અલી એહમદ
- ✓ રાજ્યપાલ : શ્રી કે. કે. વિશ્વનાથન

**<u>ચોથું રાષ્ટ્રપતિ શાસન :</u>**

- ✓ (17 ફેબ્રુઆરી, 1980 – 6 જૂન, 1980)
- ✓ રાષ્ટ્રપતિ : શ્રી નીલમ સંજીવ રેડ્ડી
- ✓ રાજ્યપાલ : શ્રીમતી શારદાબેન મુખરજી

<u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (09-02-2022)</u>

**1.** ગુજરાતમાં ફેબ્રુઆરી-2022માં પાણી અંગે જનજાગૃતિ માટે શરૂ કરાયેલા અટલ ભૂજલ રથ સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે
1. રાજ્યના 6 જિલ્લાઓના 36 તાલુકાના 2,252 ગામોમાં રથ ભ્રમણ કરશે
2. જનજાગૃતિ વધે તે માટે ગુજરાત રિસોર્સિસ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા રાજ્યના ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ અને કચ્છ એમ કુલ 6 જિલ્લાઓના સમાવેશ
3. કેન્દ્ર દ્વારા વિવિધ રાજ્યો માટે કુલ 6,000 કરોડમાંથી ગુજરાતને કુલ રૂ. 741.23 કરોડની ફાળવણી
(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** IPL-2022ની 15મી સિઝન માટેની અમદાવાદની નવી IPL ટીમ સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે
1. નામ : 'ગુજરાત ટાઇટન્સ'
2. કેપ્ટન : હાર્દિક પંડ્યા
3. કૉચ : આશિષ નેહરા
4. મેન્ટર : ગેરી કર્સ્ટન
5. હોમગ્રાઉન્ડ : નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ
(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**3.** તાજેતરમાં આયોજિત કોર્પ નોર્થ 2022 યુદ્ધાભ્યાસ સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે
1. ચીનની નજીક અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનું 130 વિમાનો સાથેનું શક્તિ પ્રદર્શન-એલિફન્ટ વોક
2. સમયગાળો : તા.02 થી તા. 18 ફેબ્રુઆરી-2022
3. સ્થળ : એન્ડરસન એરફોર્સ બેઝ, ગુઆમ
4. ગુઆમ પ્રશાંત મહાસાગરમાં અમેરિકાનું સૌથી મોટો નૌકાદળ અને હવાઈ દળનું મથક
(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**4.** ગુજરાતમાં જળસંપતિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ દ્વારા ગાંધીનગરથી પાણી અંગે જનજાગૃતિ માટે તા. 09 ફેબ્રુઆરી-2022ના રોજ કયા રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાયું
(A) હર ઘર જલ રથ (B) સુજલામ સુફલામ રથ
(C) હર ઘર નલ સે જલ રથ **(D) અટલ ભૂજલ રથ**

**5.** મહારાષ્ટ્ર સરકાર દ્વારા કયા શહેરમાં લતા મંગેશકરના નામે આંતરરાષ્ટ્રીય સંગીત યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય કરાયો
**(A) મુંબઈ** (B) પૂણે (C) ઔરંગાબાદ (D) નાસિક

**6.** ભારતમાં પુખ્તવયના કોરોના દર્દીઓની સારવાર માટે નવતર પહેલના ભાગરૂપે ભારતની ફાર્માકંપની દ્વારા તૈયાર કરાયેલી નોઝલ સ્પ્રેને કયુ વૈજ્ઞાનિક નામ અપાયું
(A) ક્વિક રિલિફ નોઝલ સ્પ્રે (B) એન્ટિ માઇક્રોબિયલ
**(C) નાઇટ્રિક ઓક્સાઇડ** (D) કોવિડ-19 નોઝલ સ્પ્રે

**7.** ગુજરાતના પહેલા મહિલા અનુસ્નાતકનું નામ જણાવો
(A) વિદ્યાગૌરી નિલકંઠ **(B) વિનોદિની નીલકંઠ**
(C) રમીલા નિલકંઠ (D) આશાદેવી નિલકંઠ

**8.** સાહિત્યકાર વિનોદિની નીલકંઠનો જન્મદિવસ જણાવો
(A) તા. 02 ફેબ્રુઆરી 1902 (B) તા. 03 ફેબ્રુઆરી 1903
(C) તા. 04 ફેબ્રુઆરી 1904 **(D) તા. 09 ફેબ્રુઆરી 1907**

**9.** ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રીનું નામ જણાવો
(A) શંકરસિંહ વાઘેલા (B) નરેન્દ્ર મોદી
**(C) બાબુભાઈ જ. પટેલ** (D) મોરારજી દેસાઈ

**10.** ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જસાભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો
(A) તા. 11 ફેબ્રુઆરી 1908 (B) તા. 10 ફેબ્રુઆરી 1909
**(C) તા. 9 ફેબ્રુઆરી 1911** (D) તા. 8 ફેબ્રુઆરી 1910

## DATE : 10-02-2022

### 1. ઇલેક્ટ્રોનિક ફંડ ફ્લો એપ (eFFA) મોડેલ-2
**ભારતમાં સૌપ્રથમ હેલ્થ મિશનની યોજનાઓના લાભો એક સપ્તાહમાં આપવા નવી એપનું CMના હસ્તે ગાંધીનગરથી લોન્ચિંગ**




**એપના લાભ :**
- ✓ નેશનલ હેલ્થ મિશનની વિવિધ યોજનાઓ પૈકી રાષ્ટ્રીય બાલિકા સુરક્ષા યોજના, ટીબી રોગની સારવાર, અંધત્વ નિવારણ-દૃષ્ટિ ખામી વગેરે યોજનાઓની સહાયના નાણાં લાભાર્થીઓને તેમના બૅન્ક ખાતામાં અતિ ઝડપથી મળે તે માટે **ઇલેક્ટ્રોનિક ફંડ ફ્લો એપ્લિકેશન મોડેલ-2નો દેશમાં પ્રથમ વખત ગુજરાતથી આરંભ** કરાવ્યો.

**અગાઉની સ્થિતિ :**
- ✓ અત્યાર સુધી ઉપરોક્ત યોજનાઓમાં નાણાં આખરે લાભાર્થી સુધી પહોંચે એમાં ચાર-પાંચ અઠવાડિયાનો સમય થતો હતો.
- ✓ રાજ્ય સરકારે ફંડની ફાળવણી અને દેખરેખ માટે સિંગલ નોડલ એજન્સી તરીકે સ્ટેટ હેલ્થ સોસાયટી ગાંધીનગરને નિયુક્ત કરી છે, જેના થકી આ ઇલેક્ટ્રોનિક ફંડ ફ્લો એપ્લિકેશન મોડેલ-2 શરૂ કરાઈ.

### 2.'નરસિંહ મહેતાઇ' કરોળિયાની શોધ : નરસિંહ મહેતા યુનિ.,ઝૂલોજી વિભાગ- જૂનાગઢ



**વિગત :**
- ✓ જૂનાગઢની નરસિંહ મહેતા યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ લાઇફ સાયન્સીસના પ્રાણીશાસ્ત્ર (ઝૂલોજી) વિભાગે ગિરનારના જંગલમાંથી તદ્દન નવા જ પ્રકારના કરોળીયાની શોધ કરી છે.
- ✓ ખાસ કરીને વિશ્વના કુલ 49,858 જાતિના કરોળીયા કરતા આ કરોળીયો અલગ છે. આ કરોળીયો ઝાંખા કે ઘાટા લાલાશ પડતા રંગનું ગોળાકાર માથું, ભૂરૂ પેટ, શરીર પર આછી કાળી રૂવાટી ધરાવે છે.
- ✓ પગની પ્રથમ જોડી પગની અન્ય ત્રણ જોડીની તુલનામાં ખૂબજ ભારે અને મજબૂત છે.આ કરોળીયો સામાન્ય રીતે ગિરનારના

જંગલમાં, દાતારની ટેકરીમાં જોવા મળત હોય તેને નરસિંહ મહેતાઇ નામ અપાયું છે.

**3. ગૌરવ : અમદાવાદ એરપોર્ટને "વોઇસ ઓફ ધ કસ્ટમર"નો એવોર્ડ**




- ✓ અમદાવાદના સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટને ACIનો પ્રતિષ્ઠિત ધ વોઇસ ઓફ ધ કસ્ટમર એવોર્ડ

**માપદંડ :**

- ✓ અમદાવાદ એરપોર્ટ પર પેસેન્જરોને મળતી સુવિધાઓ સહિત અન્ય બાબતોને ધ્યાનમાં રાખીને એરપોર્ટ્સ કાઉન્સિલ ઇન્ટરનેશનલ (ACI)એ આ એવોર્ડ આપવાની જાહેરાત.

**સુવિધા :**

- ✓ એરપોર્ટ પર આવતા- જતા પેસેન્જરોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે લેવાયેલા પગલાં, સિક્યોરિટી ચેકમાં સુવિધા, લાંબી લાઇનમાં ઉભા રહેવામાંથી મુક્તિ, ખાણી-પીણીની સુવિધા, કોરોનાકાળમાં ફેસ માસ્કની સુવિધા, ટર્મિનલ બહાર વાહનોની સરળ અવરજવરની સુવિધા સહિતની બાબતોને ધ્યાને રખાઇ છે.

**4. નિમણૂક : MS યુનિવર્સિટી વડોદરાના 18માં વાઇસ ચાન્સેલર તરીકે પ્રો.વિજય શ્રીવાસ્તવની નિમણૂક**

- ✓ પ્રો.પરિમલ વ્યાસની વાઇસ ચાન્સેલર તરીકે ટર્મ પૂરી થતા પ્રો.વિજય શ્રીવાસ્તવની નિમણૂક


**પરિચય :**

- ✓ પ્રો.વિજય શ્રીવાસ્તવ અમદાવાદની ઇન્ડસ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે સેવારત હતા.
- ✓ 49 વર્ષના પ્રો.શ્રીવાસ્તવ 26 વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે. વર્ષ-1996માં તેમણે ભરુચની એસવીએમઆઇટી ખાતેથી કેરિયરની શરુઆત કરી હતી.

**5. વૈશ્વિક બહુમાન : અટલ ટનલ-રોહતાંગ**

**અટલ ટનલને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન**

**અટલ ટનલને વિશ્વની સૌથી લાંબી પરિવહન ટનલ તરીકે મળ્યું બહુમાન**




**વિશ્વની સૌથી લાંબી પરિવહન અટલ ટનલ વિશે :**

- ✓ અત્યાધુનિક ટેક્નોલોજી વડે તૈયાર કરવામાં આવેલી ભારતની સૌથી મહત્વપૂર્ણ રણનૈતિક રીતે મહત્વની એવી અટલ ટનલ રોહતાંગનું નામ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધવામાં આવ્યું.
- ✓ સમુદ્રની સપાટીથી 10,044 ફૂટની ઉંચાઇએ આવેલી અટલ ટનલને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સે સત્તાવાર રીતે વિશ્વની સૌથી લાંબી પરિવહન ટનલ તરીકે આ બહુમાન આપ્યું.
- ✓ આ ટનલની લંબાઇ 9.02 કિમી.
- ✓ બીઆરઓ દ્વારા આશરે 10 વર્ષના સમયગાળામાં હિમાલયની પીરપંજાલની ચોટીઓને ભેદીને આ ટનલ બનાવવામાં આવી છે.
- ✓ ભારતીય અને ઓસ્ટ્રિયા કંપની સ્ટ્રોબેગ અને એફકોન એ પણ ટનલ નિર્માણમાં સહયોગ આપ્યો હતો.
- ✓ તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ વર્ષ 2002માં જનજાતીય જિલ્લા લાહૌલ-સ્પીતિના મુખ્યાલય કેલાંગ ખાતે ટનલ નિર્માણની ઘોષણા કરી હતી.
- ✓ ટનલના નિર્માણમાં રૂ. 3,600 કરોડ ખર્ચ થયો.
- ✓ અટલ ટનલ બન્યા બાદ મનાલીથી ચીનની સરહદને અડીને આવેલા લેહનું અંતર આશરે 45 કિમી ઘટી ગયું. સાથે જ આ રૂટની મુસાફરી ઓછામાં ઓછી 5 કલાક ઘટી ગઇ છે.
- ✓ શિયાળા દરમિયાન હિમવર્ષાના કારણે બંધ થઇ જતું જનજાતીય ક્ષેત્ર લાહૌલ 12 મહિના દેશ સાથે જોડાઇ ગયું છે.
- ✓ વડાપ્રધાન મોદીએ તા. 3 ઓક્ટોબર, 2020ના રોજ અટલ ટનલ રોહતાંગનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્યાર બાદ અટલ ટનલ દેશભરના પર્યટકોની પહેલી પસંદ બની ગઇ છે.

**અટલ ટનલની વિશેષતા :**

- ✓ આ વિશ્વની પ્રથમ ટનલ છે જેમાં 4જી કનેક્ટિવિટી ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ટનલમાં દર 500 મીટરના અંતરે ઇમરજન્સી સુરંગ છે જે ટનલના બંને છેડે નીકળે છે.
- ✓ દર 150 મીટરે ઇમરજન્સી 4જી ફોનની સુવિધા છે. દર 60 મીટરે સીસીટીવી છે.
- ✓ અટલ ટનલ રોહતાંગના બંને છેડે સમગ્ર ટનલનો કંટ્રોલ રૂમ છે અને ત્યાંથી સૌ કોઇના પર નજર રાખી શકાય છે.
- ✓ **ટનલ તૈયાર કરનાર : બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન (BRO)**

**6.RBI : મોનેટરી પોલિસી કમિટી (MPC)ની બેઠક - ક્રેડિટ પોલિસી જાહેર :**

- ✓ **પોલિસીમાં વ્યાજ દર 4% પર યથાવત**
- ✓ **રિવર્સ રેપોરેટ 3.35% પર યથાવત**




**'અકમોડેટીવ' અને 'ન્યુટ્રલ' સ્ટેંસનો અર્થ**

- ✓ **અકોમોડેટિવ સ્ટેંસનો** અર્થ એ છે કે આરબીઆઇ નજીકના ભવિષ્યમાં પોલિસી રેટ ઘટાડવા જઇ રહી છે. આ બેંકિંગ સિસ્ટમમાં લિક્વિડિટી વધારવા માટે કરવામાં આવે છે. સામાન્ય રીતે જ્યારે MPCનું વલણ સાનુકૂળ હોય ત્યારે પોલિસી રેટમાં વધારો થવાની ધારણા હોતી નથી.
- ✓ **ન્યુટ્રલ સ્ટેંસ**નો અર્થ એ છે કે MPC પરિસ્થિતિ મુજબ પોલિસી રેટ વધારી કે ઘટાડી શકે છે. છેલ્લા બે વર્ષથી આરબીઆઇની એમપીસીએ અકોમોડેટિવ સ્ટેંસ પર પોતાનું વલણ અપનાવ્યું છે. તેનો હેતુ કોરોનાથી પ્રભાવિત અર્થવ્યવસ્થાને મદદ કરવાનો હતો.
- ✓ **RBI ગવર્નર : શક્તિકાંત દાસ, મુંબઇ**

**7. નિર્ણય – ભારત સરકાર :**

**કારમાં હવે બધી જ સીટ પર થ્રી-પોઇન્ટ બેલ્ટ આપવા પડશે :**

- ✓ કેન્દ્ર સરકારે કારની બધી જ સીટ પર થ્રી-પોઇન્ટ સીટ બેલ્ટ ફરજિયાત કરવા ઓટોમોબાઇલ કંપનીઓને આદેશ.

**નવી વ્યવસ્થા :**

- ✓ કંપનીઓએ કારની પાછલી સીટ પર વચ્ચે બેસનાર માટે થ્રી-પોઇન્ટ સીટ બેલ્ટ પૂરો પાડવાનો રહેશે. હાલ મોટાભાગની કારમાં બંને ફ્રન્ટ સીટ પર અને પાછળની બાજુ બે લોકો માટે જ થ્રી-પોઇન્ટ સીટ બેલ્ટ અપાય છે. સેન્ટર કે મિડલ રિયર સીટ માટે માત્ર ટુ-પોઇન્ટ કે લેપ સીટ બેલ્ટ હોય છે.
- ✓ કારમાં બેસેલા લોકોની સલામતીને ધ્યાનમાં રાખીને 8 સીટર કારમાં ઓછામાં ઓછી 6 એરબેગ ફરજિયાત કરાયેલો નિયમ ઓક્ટોબર-2022થી અમલી બનશે, તેનાથી અકસ્માતની સ્થિતિમાં મોતનું જોખમ ઘટશે.
- ✓ **કેન્દ્રીય પરિવહન મંત્રી : શ્રી નીતિન ગડકરી**

**8. નિર્ણય – ભારત સરકાર :**

**દેશની મેડિકલ કોલેજોના નવા સેશનમાં વિદ્યાર્થીઓને હિપોક્રિટ્સ ઓથના બદલે હવે ચરક શપથ લેવડાવવામાં આવશે :**

**શપથ વિશે :**

- ✓ આ શપથ વ્હાઇટ કોટ સેરેમની વખતે લેવામાં આવે છે.
- ✓ નવા સેશનથી વિદ્યાર્થીઓને સૂર્યનમસ્કાર, યોગ તથા ધ્યાન પણ શીખવવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ તનાવ અને ડિપ્રેશનથી બચી શકે.
- ✓ નેશનલ મેડિકલ કાઉન્સિલની બેઠકમાં આ નિર્ણય લેવાયો.

**9. ઉતરાખંડ : ઉતરાખંડના નવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે અભિનેતા અક્ષયકુમારની પસંદગી**



- ✓ **મુખ્યમંત્રી શ્રી પુષ્કરસિંહ ધામી દ્વારા જાહેરાત કરાઇ**
- ✓ રાજધાની : દહેરાદૂન

**10. 17મી સદીના તુલિપ મેનિયા વિશે :**

- ✓ ક્રિપ્ટોકરન્સીઝ પાછળના હાલનાં ગાંડપણને તેમણે 17મી સદીના નાણાંકીય બબલ તુલિપ મેનિયાથી પણ ખરાબ ગણાવ્યું હતું. તે વેળાએ કેટલાક લોકોએ નવા નવા આવેલા તુલિપ (એક પ્રકારના ફૂલ)ને મોટી માત્રામાં ખરીદી લીધા હતા,જેને કારણે તેના ભાવ રાતોરાત આસમાને પહોંચી ગયા હતા.
- ✓ એક ટોચ પર પહોંચી ગયા બાદ, તુલિપના ભાવ તૂટી પડયા હતા અને તુલિપના ધારકોએ દેવાળિયું ફુંકાવાનો વારો આવ્યો હતો. તે વેળાનો આ પ્રથમ જ મોટો આર્થિક ધબડકો હતો. ત્યારબાદ આવા પ્રકારના કોઇપણ નાણાંકીય બબલને તુલિપ મેનિઆ તરીકે ગણાવવામાં આવે છે, જેમાં સટોડિયા રાતોરાત નાણાં કમાઇ લેવાની લાલચે વેપાર કરે છે.
- ✓ આમ તેમણે ક્રિપ્ટોકરન્સીઝને એક બબલ હોવાના સંકેત આપ્યા છે.

**11. દિન વિશેષ : 10 ફેબ્રુઆરી વિશ્વ કઠોળ દિવસ**

- ✓ **થીમ-2022 : "Pulses to empower youth in achieving sustainable agrifood systems"**
- ✓ કઠોળના મહત્વને વધારવા માટે વર્ષ 2016ને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ જાહેર કરાયું હતું.




- ✓ આ પછી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 10 ફેબ્રુઆરીને વિશ્વ કઠોળ દિવસ તરીકે ઉજવવાનો ઠરાવ પસાર કર્યો.

**ફાયદા :**

- ✓ પોષણયુક્ત કઠોળનો આહાર સ્વાસ્થ્ય માટે જરૂરી છે. કારણ કે તેમાં પ્રોટીનની માત્રા વધારે હોય છે.
- ✓ પાક ફેરબદલી તરીકે કઠોળને ખેતીની બે મોસમ વચ્ચે વાવવામાં આવે છે. જેથી, તેનાં મૂળમાં રહેલા (રાઇઝોબીયમ નામના) જીવાણું હવામાંના નાઇટ્રોજનનું પ્રોટીનમાં રૂપાંતર કરીને જમીન ફળદ્રુપ કરે છે.
- ✓ મગ, મઠ, ચણા, વાલ, અડદ, રાજમા, સોયાબીન વગેરે કઠોળના ઉદાહરણ છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (10-02-2022)

**1.** ફેબ્રુઆરી-2022ની સ્થિતિએ અટલ ટનલ-રોહતાંગ સંદર્ભે કઇ બાબતો યોગ્ય છે

1. અટલ ટનલને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

2. અટલ ટનલને વિશ્વની સૌથી 9.02 કિમી. લાંબી પરિવહન ટનલ તરીકે બહુમાન

3. સમુદ્રની સપાટીથી 10,044 ફૂટની ઉંચાઇએ સ્થિત

4. વિશ્વની પ્રથમ ટનલ છે જેમાં 4જી કનેક્ટિવિટી ઉપલબ્ધ

5. ટનલ તૈયાર કરનાર : બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન (BRO)

(A) 1 અને 5 (B) 2 અને 3 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**2.** ભારતમાં સૌપ્રથમ હેલ્થ મિશનની યોજનાઓના લાભો એક સપ્તાહમાં આપવા ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા ગાંધીનગરથી કઇ નવી એપનું લોન્ચિંગ કરાયું

(A) ઇલેક્ટ્રોનિક DBT ફ્લો એપ

(B) નેશનલ હેલ્થ મિશન

**(C) ઇલેક્ટ્રોનિક ફંડ ફ્લો એપ (eFFA) મોડેલ-2**

(D) PM ફંડ ફ્લો એપ

**3.** ગુજરાતમાં તાજેતરમાં કઇ યુનિવર્સિટી દ્વારા નવીન કરોળિયાની શોધ કરાઇ જેને 'નરસિંહ મહેતાઇ' નામ અપાયું

**(A) નરસિંહ મહેતા યુનિ., જૂનાગઢ**

(B) દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી (C) આણંદ કૃષિ યુનિવર્સિટી

(D) નવસારી કૃષિ યુનિવર્સિટી

**4.** ગુજરાતના ક્યા ઇન્ટરનેશનલ એરપોર્ટની ફેબ્રુઆરી-2022માં ACI પ્રતિષ્ઠિત ધ વોઇસ ઓફ ધ કસ્ટમર એવોર્ડ માટે પસંદગી કરાઇ

(A) વડોદરા (B) રાજકોટ (C) સુરત **(D) અમદાવાદ**

**5.** ફેબ્રુઆરી-2022માં એમ.એસ.યુનિ., વડોદરાના 18માં નવા વાઇસ ચાન્સેલર તરીકે કોની નિમણૂક કરાઇ

(A) દિક્ષીત સોની **(B) પ્રો.વિજય શ્રીવાસ્તવ**

(C) એ.યુ પટેલ (D) પરિમલ વ્યાસ

**6.** તા. 10 ફેબ્રુઆરી 2022ની સ્થિતિએ RBI દ્વારા રિવર્સ રેપોરેટ પુન: કેટલા ટકા પર યથાવત રખાયો -

(A) 3.15% (B) 3.25% (C) 3.35% (D) 4%

**7.** ભારત સરકારના કેન્દ્રીય પરિવહન મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી 2022માં લેવાયેલા નિર્ણય મુજબ કારમાં હવે બધી જ સીટ પર ક્યા પ્રકારના સીટ બેલ્ટ ફરજિયાત કરાશે

(A) ટુ -પોઇન્ટ બેલ્ટ **(B) થ્રી-પોઇન્ટ બેલ્ટ**

(C) ફોર-પોઇન્ટ બેલ્ટ (D) ફાઇવ -પોઇન્ટ બેલ્ટ

**8.** નેશનલ મેડિકલ કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ ભારતની મેડિકલ કોલેજમાં આગામી નવા સેશનથી વિદ્યાર્થીઓને હિપોક્રિટ્સ ઓથના બદલે કયા નવા શપથ લેવડાવાશે

(A) હોમિયોપથી શપથ (B) આયુર્વેદ શપથ

(C) સુશ્રુત શપથ **(D) ચરક શપથ**

**9.** ઉતરાખંડના મુખ્યમંત્રી શ્રી પુષ્કરસિંહ ધામી દ્વારા ફેબ્રુઆરી 2022માં રાજ્યના નવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ક્યા અભિનેતાની પસંદગી કરાઇ

(A) રણવીરસિંહ **(B) અક્ષય કુમાર**

(C) અમિતાભ બચ્ચન (D) સોનુ સૂદ

**10.** "Pulses to empower youth in achieving sustainable agrifood systems" વર્ષ-2022માં આ થીમ ક્યા દિવસ માટે નક્કી કરાઈ છે

(A) વિશ્વ ખોરાક દિવસ **(B) વિશ્વ કઠોળ દિવસ**

(C) વિશ્વ આરોગ્ય દિવસ (D) વિશ્વ આયુર્વેદ દિવસ

**11.** વિશ્વ કઠોળ દિવસ કયારે ઉજવવામાં આવે છે

(A) તા.09 ફેબ્રુઆરી **(B) તા.10 ફેબ્રુઆરી**

(C) તા.11 ફેબ્રુઆરી (D) તા.12 ફેબ્રુઆરી

**12.** કઠોળના મહત્વને વધારવા માટે કયા વર્ષને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ જાહેર કરાયું હતું

(A) વર્ષ-2011 (B) વર્ષ-2013 (C) વર્ષ-2015 **(D) વર્ષ-2016**

**DATE : 11-02-2022**

**1. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટના મેડિકલ ડિવાઇસ રુલ્સમાં ફેરફાર : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય**

Ministry of Health and Family Welfare
Government of India

**નવો નિયમ :**

- ✓ હવે મેડિકલ ડિવાઇસ વેચવા માટે માત્ર રજિસ્ટ્રેશન જરૂરી : અત્યાર સુધી આ વ્યવસાય માટે ફાર્માસિસ્ટ હોવું અનિવાર્ય.
- ✓ કેટલાય પ્રકારની મેડિક્લ ડિવાઇસના ખરીદ-વેચાણ માટે હવે કોઇ પણ પ્રકારના લાઇસન્સની કે ફાર્માસિસ્ટ હોવાની જરૂર નહીં રહે.
- ✓ ધોરણ-12 પાસ અને મેડિકલ ડિવાઇસના ક્ષેત્રમાં એક વર્ષનો અનુભવ હોય તેવી કોઇ પણ વ્યક્તિ કોઈ પણ વ્યક્તિ મેડિકલ ડિવાઇસની ખરીદ-વેચાણ કરી શકશે.
- ✓ દવાની દુકાનવાળા પણ મેડિકલ ડિવાઇસનો ધંધો કરી શકશે. આ માટે તેમણે અલગથી રજિસ્ટ્રેશન કરાવવાની જરૂર નથી.

**રાજ્યમાં નોંધણી જરૂરી :**

- ✓ ડેન્ટલ પ્રોડક્ટ્સ, આઇવી ડાયગ્નોસ્ટિક્સ, થર્મોમીટર, ઓક્સીમીટર, બીપી મશીન, વજન માપવાનું મશીન, સીરિન્જ, ની કેપ, કાખઘોડી જેવી સંખ્યાબંધ વસ્તુઓના ખરીદ-વેચાણ માટે રાજ્યના રેગ્યુલેટર પાસે માત્ર નોંધણી કરાવવાની રહે

**2. ભારતમાં વર્ષ 2024 સુધી કૃષિ ક્ષેત્રને ડીઝલમુક્ત કરવાનો લક્ષ્યાંક**




- ✓ તેના માટે રિન્યુએબલ એનર્જીના 100 ટકા ઉપયોગનું લક્ષ્ય રખાયું
- ✓ કેન્દ્રીય ઊર્જામંત્રી આર.કે.સિંહે રાજ્યો સાથેની બેઠકમાં આ લક્ષ્યને પ્રાપ્ત કરવા અપીલ.

**3. નિમણૂક : તાતા સન્સના બોર્ડે હાલમાં કાર્યરત 58 વર્ષીય એન ચંદ્રશેખરનનો કંપનીના એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકેનો કાર્યકાર વધુ પાંચ વર્ષ લંબાવ્યો**




**4. NMC : મેડીકલ શિક્ષણ ક્ષેત્રના સર્વોચ્ચ નિયમનકાર સંસ્થા નેશનલ મેડીકલ કમિશન (NMC)ની બોર્ડ મીટીંગમાં ડોક્ટરને ડિગ્રી લેતા પહેલાના શપથ ગ્રીક ફિઝિશિયન હિપ્પોક્રેટિકના બદલે હવે માતૃભૂમિના ચરક શપથ લેવા સૂચન :**




**માતૃભૂમિના ચરક શપથ :**

- ✓ 'મારા પોતાના માટે નહી કે નહી કોઇ ભૌતિક સુખ કે લાભ માટે પણ માનવજાતની મેડિકલ વેદના દૂર કરવા અને દરેક દર્દીની સારવાર માટે હું શપથ લઉં છું.

**ગ્રીક ફિઝિશિયન હિપ્પોક્રેટિક શપથ :**

- ✓ 'એપોલો ફિઝિશિયન (ગ્રીક માન્યતા અનુસાર ઉપચારના ભગવાન), આરોગ્યની દેવી (હાઈજીનીયા) અને દરેક દર્દની દવા તેમને દરેક દેવી દેવતાઓના સમ ખાઇ, તેમણે સાક્ષી માની હું શપથ લઉં છું કે દરેક દર્દીને દુઃખ અને અન્યાયથી દૂર રાખી, મારી આવડત અને નિર્ણયશક્તિ અનુસાર તેમના આહાર અને પોષણ આપીશ અને તેમની સારવાર કરીશ...' આ પછી અન્ય લગભગ 10

પ્રકારના શપથ લેવામાં આવે છે જેમાં નીતિ, આચાર, કાયદાનું પાલન વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

**5. વન ઓશન સમિટ-2022 :**

**ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ મેક્રોંની શિખર બેઠક સંપન્ન**




**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તા. 11 ફેબ્રુઆરી-2022ના રોજ ફ્રાન્સના પ્રમુખ ઇમાન્યુઅલ મેક્રોંએ આપેલા નિમંત્રણને પગલે 'વન ઓશન સમિટ'ને કરેલા સંબોધનના મહત્વના અંશો**

- ✓ ભારતની હિંદ-પ્રશાંત પહેલનો આધાર સ્તંભ સમુદ્રી સંસાધન છે
- ✓ 'હું મહાસાગર માટે આવી મહત્ત્વપૂર્ણ વૈશ્વિક પહેલ કરવા બદલ પ્રમુખ મેક્રોંને અભિનંદન આપું છું. ભારતની સભ્યતા સદા સમુદ્ર સાથે સંકળાયેલી રહી છે. આજે પણ આપણી સભ્યતા અને સમૃદ્ધિ સમુદ્ર સાથે સંકળાયેલી છે.
- ✓ ભારત દ્વારા થયેલી પહેલ – ઇન્ડો- પેસિફિક ઓશન ઇનિશિએટિવ – નો મુખ્ય સ્તંભ પણ સમુદ્રી સંસાધનો છે.'
- ✓ સમુદ્રમાં પ્રદૂષણને ઘટાડવા માટે ભારત દ્વારા લેવામાં આવેલા પગલાંનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે,' ભારત સિંગલ યૂઝ પ્લાસ્ટિકના ખતમ કરવા પ્રતિબદ્ધ છે.
- ✓ ભારતે તાજેતરમાં સાગર કાંઠેથી પ્લાસ્ટિક અને કચરો સાફ કરવા માટે રાષ્ટ્રીય કક્ષાએ એક અભિયાન શરૂ કર્યું હતું. તે અભિયાનમાં 13 ટન પ્લાસ્ટિક કચરો એકત્ર થયો હતો.'

**6. ખેલકૂદ – ગુજરાત-ભારતનું ગૌરવ :**

**ઇરાન ફજ ઇન્ટરનેશનલ બેડમિન્ટન ચેલેન્જમાં મહેસાણાની તસનીમ મીર ચેમ્પિયન બનનાર સૌપ્રથમ ભારતીય જૂનિયર ખેલાડી**



- ✓ હરીફ : યૂલિયા યોસેફિન સુસાંતો, ઇન્ડોનેશિયા
- ✓ ગુજરાતની 16 વર્ષીય ખેલાડી તસનીમ મીર વિશ્વની પ્રથમ ક્રમાંકિત જુનિયર બેડમિન્ટન ખેલાડી

**7.ખેલકૂદ : વિશેષ સિદ્ધિ**

**ભારતીય ક્રિકેટ ટીમે 39 વર્ષમાં પ્રથમવાર વેસ્ટ ઇન્ડિઝ ટીમને વન-ડેમાં ક્લિન સ્વિપ આપી**




- ✓ ભારતીય ટીમના કાયમી કેપ્ટન બન્યા બાદ રોહિતે પ્રથમ સીરિઝમાં જ ઇતિહાસ રચ્યો, ભારતે 39 વર્ષમાં પ્રથમવાર વિન્ડીઝ વિરુદ્ધ વન-ડેમાં ક્લિન સ્વિપ કરવાની સિદ્ધિ મેળવી.
- ✓ મેચમાં 266 રનના ટાર્ગેટ સામે વિન્ડીઝની ટીમ 169 રને ઓલઆઉટ થઇ, શ્રેયસ ઐયર મેન ઓફ ધ મેચ તથા પ્રસિદ્ધ કૃષ્ણા પ્લેયર ઓફ ધ સીરિઝ રહ્યો.
- ✓ યજમાન :નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, અમદાવાદ

**8. UH-60A બ્લેક હોક હેલિકોપ્ટર : વિશ્વમાં સૌપ્રથમવાર USA દ્વારા સંપૂર્ણ સ્વયંસંચાલિત UH-60A બ્લેક હોક હેલિકોપ્ટરનું સફળ પરીક્ષણ**

- ✓ અમેરિકા દ્વારા વિકસાવવામાં આવેલા સંપૂર્ણ સ્વયંસંચાલિત UH-60A બ્લેક હોક હેલિકોપ્ટરે પહેલી જ વાર પાઇલોટ વિના ઉડાન ભરી હતી. અમેરિકાના આકાશમાં 30 મિનિટ સુધી ઉડાન ભરીને આ પાઇલોટ રહિત હેલિકોપ્ટરે સફળતા પૂર્વક જમીન પર ઉતરાણ કર્યું હતું.
- ✓ આની રચના પાઇલોટ પણ તેનું સંચાલન કરી શકે તે રીતની થયેલી છે. કોઇ ખાસ સંજોગોમાં પાઇલોટ પણ તેને લઇને ઉડાન ભરી શકે છે.
- ✓ **હેતુ :** ભવિષ્યમાં લડાનારા યુદ્ધોમાં સૈનિકોનાં મોત અટકાવવા આ વિકલ્પ વિકસાવાયો.
- ✓ **હેલિકોપ્ટર તૈયાર કરનાર એજન્સી : લોકહીડ માર્ટિન સિકોરસ્કાય અને ડિફેન્સ આર્મ્ડ રિસર્ચ પ્રોજેક્ટ્સ એજન્સીની સંયુક્ત ભાગીદારી**

**9. દિન વિશેષ : 11 ફેબ્રુઆરી**

**ઇન્ટરનેશનલ ડે ઓફ વિમેન એન્ડ ગર્લ્સ ઇન સાયન્સ**




વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (11-02-2022)

**1.** કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી-2022માં ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટના મેડિકલ ડિવાઇસ રુલ્સમાં કરાયેલા ફેરફાર મુજબ નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી

(A) હવે મેડિકલ ડિવાઇસ વેચવા માટે માત્ર રજિસ્ટ્રેશન જરૂરી

(B) મેડિકલ ડિવાઇસના ખરીદ-વેચાણ માટે કોઇ પણ પ્રકારના લાઇસન્સની કે ફાર્માસિસ્ટ હોવાની જરૂર નહીં રહે

(C) ધોરણ-12 પાસ અને મેડિકલ ડિવાઇસના ક્ષેત્રમાં એક વર્ષનો અનુભવ હોય તેવી કોઇ પણ વ્યક્તિ કોઇ પણ વ્યક્તિ મેડિકલ ડિવાઇસની વેચી-ખરીદી શકશે

**(D) દવાની દુકાનવાળા મેડિકલ ડિવાઇસનો ધંધો કરી શકશે નહીં**

**2.** ભારત સરકાર દ્વારા ક્યા વર્ષ સુધીમાં કૃષિ ક્ષેત્રને ડીઝલમુક્ત કરવાનો લક્ષ્યાંક રખાયો છે

**(A) વર્ષ 2024** (B) વર્ષ 2025

(C) વર્ષ 2027 (D) વર્ષ 2030

**3.** તાતા સન્સના કંપનીના એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે ફેબ્રુઆરી-2022માં એન ચંદ્રશેખરનનો કાર્યકાળ કેટલા સમય માટે લંબાવાયો

(A) બે વર્ષ (B) ત્રણ વર્ષ **(C) પાંચ વર્ષ** (D) છ વર્ષ

**4.** તા. 11 ફેબ્રુઆરી-2022ના રોજ કયા બે દેશના વડા વચ્ચે વન ઓસન સમિટ-2022 યોજાઇ

(A) ભારત અને રશિયા (B) ભારત અને ઇઝરાયેલ

**(C) ભારત અને ફ્રાન્સ** (D) ભારત અને શ્રીલંકા

**5.** ફેબ્રુઆરી-2022માં ઇરાન ફજ ઇન્ટરનેશનલ બેડમિન્ટન ચેલેન્જ જીતનાર પ્રથમ ભારતીય જૂનિયર ખેલાડીનું નામ જણાવો

(A) સાઇના નહેવાલ (B) પી.વી. સિંધૂ

(C) અંકિતા રૈના **(D) મહેસાણાની તસનીમ મીર**

**6.** અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી વન-ડે સિરિઝમાં ભારતીય ક્રિકેટ ટીમે 39 વર્ષમાં પ્રથમવાર કઇ ટીમને વન-ડેમાં ક્લિન સ્વિપ આપી –

**(A) વેસ્ટ ઇન્ડિઝ** (B) ઓસ્ટ્રેલિયા

(C) ઈંગ્લેન્ડ (D) ન્યુઝીલેન્ડ

**7.** ક્યા દેશ દ્વારા ફેબ્રુઆરી-2022માં વિશ્વમાં સૌપ્રથમવાર સંપૂર્ણ સ્વયંસંચાલિત UH-60A બ્લેક હોક હેલિકોપ્ટરનું સફળ પરીક્ષણ કરાયું

(A) ચીન (B) રશિયા **(C) અમેરિકા** (D) ઇઝરાયેલ

**8.** ઇન્ટરનેશનલ ડે ઑફ વિમેન એન્ડ ગર્લ્સ હેર સ્ટાઇલ ડે ક્યારે મનાવવામાં આવે છે

(A) તા.10 ફેબ્રુઆરી **(B) તા.11 ફેબ્રુઆરી**

(C) તા.12 ફેબ્રુઆરી (D) તા.13 ફેબ્રુઆરી

**DATE : 12-02-2022**

## 1. NGT : નવી દિલ્હીમાં 10 વર્ષ જૂના ડીઝલ વાહનોને ચલાવી શકાશે નહીં




**વિગત :**

- ✓ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે દિલ્હી-NCRમાં 10 વર્ષ જૂના ડીઝલ વાહનોને પ્રતિબંધથી છૂટ આપવા અંગેની અરજી ફગાવી દીધી.
- ✓ અરજીમાં દિવ્યાંગના આવા વાહનના આધાર પર છૂટ આપવા માગ કરાઇ હતી.
- ✓ NGT અધ્યક્ષ : પૂર્વ જસ્ટિસ આદર્શકુમાર ગોયલ, નવી દિલ્હી

## 2. નિધન : દિગ્ગજ ભારતીય ઉદ્યોગપતિ રાહુલ બજાજનું 83 વર્ષે નિધન

- ✓ અવસાન : પૂણે (મહારાષ્ટ્ર)
- ✓ કિફાયતી સ્કૂટરથી મધ્યમવર્ગનું જીવન બદલનારા... 'હમારા બજાજ'ની વિદાય




- ✓ દિગ્ગજ ઉદ્યોગપતિ અને દેશના સૌથી જૂના ઔદ્યોગિક જૂથમાંથી એક બજાજ ઉદ્યોગજૂથના પૂર્વ ચેરમેન રાહુલ બજાજનું તા. 12 ફેબ્રુઆરી-2022ના રોજ પૂણેમાં નિધન થયું.

**પરિચય :**

- ✓ કોઇ એક જ જૂથમાં લાંબા સમય સુધી ચેરમેન રહેનારા બિઝનેસમેનોમાંથી તેઓ એક હતા. પદ્મભૂષણથી સન્માનિત બજાજ 2006-10 સુધી રાજ્યસભા સાંસદ રહ્યા. તે ઉપરાંત ઇન્ડિયન એરલાઇન્સ અને IIT બોમ્બેમાં પણ ચેરમેનપદે રહ્યા હતા.

**વ્યવસાયિક કારકિર્દી :**


- ✓ સ્વાતંત્ર્યસેનાની જમનાલાલ બજાજે વર્ષ 1926માં સમૂહની સ્થાપના કરી હતી. 1942માં કમલનયન બજાજે ગ્રૂપની કમાન સંભાળી. બજાજ ઑટોની સ્થાપના કરી તેમજ સિમેન્ટથી લઇને ઇલેક્ટ્રિક ઉપકરણો અને સ્કૂટર નિર્માણ શરૂ કર્યું.
- ✓ પિતાના નિધન બાદ 1965માં 30 વર્ષની ઉંમરે રાહુલ બજાજ જૂથમાં જોડાયા હતા અને ત્યારે જૂથનું ટર્નઓવર માત્ર 7.2 કરોડ હતું.
- ✓ વર્ષ 1968માં તેઓ બજાજ ઑટોના સીઇઓ બન્યા હતા. તેમની આગેવાનીમાં જૂથ દેશનું સૌથી મોટું સ્કૂટર નિર્માતા તરીકે ઉભર્યું અને ટર્નઓવર 12 હજાર કરોડ સુધી પહોંચ્યું હતું. આ બાદ કંપનીને બિલિયન ડૉલર ક્લબમાં સામેલ કરવામાં સફળતા હાંસલ કરી.

**એવોર્ડ :** વર્ષ 2001માં ભારત સરકારે ઉદ્યોગ અને વ્યાપારક્ષેત્રમાં પદ્મભૂષણથી સન્માનિત કર્યા.

- ✓ "નાઇટ ઓફ ધ નેશનલ અવૉર્ડ ઓફ ધ લીજન ઓફ ઓનર" નામના ફ્રાંસના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરાયા હતા.

## 3. દિન વિશેષ : 12 ફેબ્રુઆરી

### વેદ તરફ પાછા વળોનો મંત્ર આપનાર મહર્ષિ દયાનંદ સરસ્વતી




**જન્મ : 12 ફેબ્રુઆરી-1824 અવસાન : 30 ઓક્ટોબર-1883**

- ✓ ક્રાંતિકારી સમાજસુધારક સ્વામી દયાનંદનો જન્મ મહા વદ દસમ, તા.12 ફેબ્રુઆરી-1824ના રોજ **મોરબી પાસેના ટંકારા ગામે** બ્રાહ્મણ પરિવારમાં જન્મ થયો હતો.
- ✓ **બાળપણનું નામ : મૂળશંકર**
- ✓ એક દિવસે મૂળશંકર સત્યની ખોજમાં ઘરેથી નીકળી ગયા. સંસારની ભૌતિકતાથી દૂર ચાલતાં ચાલતાં નર્મદા નદી પર આવ્યા.
- ✓ **પરમહંસ પરમાનંદજી પાસે વેદાન્તનો અભ્યાસ** કર્યો. અહીંથી આગળ દંડી સ્વામીના પરિચયમાં આવ્યા અને દ્વારકા સંઘમાં સામેલ થઇ ગયા.
- ✓ મૂળશંકર દંડી સ્વામીના જ્ઞાનથી પ્રભાવિત થયા. દંડી સ્વામી પણ મૂળશંકરના વિવેકથી પ્રસન્ન થયા અને **દીક્ષા આપી દયાનંદ સરસ્વતી નામ આપ્યું**. ફક્ત એક વર્ષમાં ધર્મશાસ્ત્રનું અધ્યયન કર્યું.
- ✓ ગુરુની ખોજમાં ગુજરાત છોડીને કાશી ચાલ્યા ગયા. ત્યાં યોગાભ્યાસ કર્યો. એના પછી દૃઢ મનોબળની સાથે હિમાલયમાં તપસ્યા કરી.
- ✓ યોગ્ય ગુરુ તો ન મળ્યા, પરંતુ આત્મજ્ઞાન મળી ગયું. ત્યાર બાદ અવધૂત અવસ્થામાં રહ્યા.
- ✓ 10-12 વર્ષની તપસ્યા પછી સ્વામી દયાનંદ સરસ્વતી દિવ્ય ચેતનાના સ્વામી બની ગયા. પરંતુ આત્મકલ્યાણની સાથે દેશની

હાલત, ધર્મનું પતન, દંભ, પાખંડ વગેરે દેશમાંથી કેમ દૂર કરવાં? આ એમના મનમાં વ્યથા હતી.

- ✓ **દેશની સંસ્કૃતિને કેમ બચાવવી આ જ વિચાર કરતા હતા. હિંદુ ઉદ્ધાર માટે એમણે કઠોર પરિશ્રમ કર્યો હતો.**
- ✓ **તેમણે મુર્તિપૂજાનો વિરોધ, વિધવા વિવાહ સમર્થન, હરિજનોને યજ્ઞોપવીત, પશુબલિનો વિરોધ, બુરખા પ્રથાનો વિરોધ, પરજ્ઞાતીય લગ્નો, વગેરે અંગે નવું ચિંતન પ્રગટ કર્યું.**
- ✓ તેમણે બ્રિટિશ શાસન, ઇસ્લામિક–ખ્રિસ્તી ધર્મ સાંસ્કૃતિક આક્રમણ અને હિંદુ ધર્મમાં પરિવર્તનની આડે આવતાં સાંપ્રદાયિક બળો સામે મોરચો માંડયો હતો.
- ✓ **વર્ષ 1875માં આર્યસમાજની સ્થાપના કરી હતી.**
- ✓ **કાર્યક્ષેત્ર :** હરિદ્વાર, આગ્રા, કાનપુર, કાશી, કોલકાતા, અલીગઢ, મથુરા, વૃંદાવન, અલ્હાબાદ, મુંબઈ દરેક જગ્યાએ એમને માનવસન્માન મળ્યું. પછી પોતાનું કાર્યક્ષેત્ર ઉત્તર ભારત બનાવ્યું.
- ✓ આજે પણ એમનું કીર્તિમંદિર પંજાબમાં છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી રાજસ્થાન તરફ ચાલ્યા ગયા જયાં ઘણા ધર્મના કાર્યક્રમો યોજયા હતા. દેશી રાજયોના રાજાઓને ધર્મ તરફ આકર્ષિત કર્યા.
- ✓ જૉધપુરના રાજા જશવંત સિંહ પણ એનાથી પ્રભાવિત થયા અને ભોગવિલાસ અને વ્યસનથી દૂર રહ્યા હતા.
- ✓ કહેવાય છે કે મહારાજા જશવંત સિંહની રખાત "નન્હિ ભક્તન" તેમજ સ્વામિના વિરોધી એવા પંડિતો, મુલ્લાઓ અને અંગ્રેજો સાથે મળીને, રસોઇયાની મદદથી જગન્નાથની સાથે ઝેરવાળું દૂધ મોકલ્યું એનાથી દયાનંદ સરસ્વતીનું મૃત્યુ તા.30 ઓક્ટોબર-1883ના રોજ થયું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (12-02-2022)

**1.** તા.12 ફેબ્રુઆરી-2022ના રોજ અવસાન પામનાર દિગ્ગજ ભારતીય ઉધોગપતિ રાહુલ બજાજ સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. 83 વર્ષની વયે પૂણેમાં નિધન
2. વર્ષ 1965માં 30 વર્ષની ઉંમરે રાહુલ બજાજ દેશના સૌથી જૂના ઉધોગજૂથ બજાજમાં જોડાયા બાદ ચેરમેન બન્યા હતા
3. વર્ષ 2006-10 સુધી રાજ્યસભા સાંસદ
4. વર્ષ 2001માં ભારત સરકારે ઉધોગ અને વ્યાપારક્ષેત્રમાં પદ્મભૂષણથી સન્માનિત
5. "નાઈટ ઓફ ધ નેશનલ અવૉર્ડ ઓફ ધ લીજન ઓફ ઓનર" નામના ફ્રાંસના સર્વોચ્ચ નાગરિક સન્માન

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 2 અને 5 **(D) આપેલ તમામ**

**2.** ફેબ્રુઆરી-2022માં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા પ્રદૂષણના કારણે ક્યા શહેરમાં 10 વર્ષ જૂના ડીઝલ વાહનોને ચલાવવાની મંજૂરી આપવામાં આવી નહીં

(A) અમદાવાદ **(B) નવી દિલ્હી**
(C) કોલકત્તા (D) મુંબઈ

**3.** નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ-NGTના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો

(A) પૂર્વ જસ્ટિસ તરુણ ગોગોઇ
(B) પૂર્વ જસ્ટિસ સ્વતંત્રકુમાર
**(C) પૂર્વ જસ્ટિસ આદર્શકુમાર ગોયલ**
(D) પૂર્વ જસ્ટિસ અરવિંદકુમાર

**4.** આર્યસમાજની સ્થાપના કોણે અને ક્યારે કરી હતી

(A) મહર્ષિ દયાનંદ સરસ્વતી અને વર્ષ-1869
**(B) મહર્ષિ દયાનંદ સરસ્વતી અને વર્ષ-1875**
(C) મહર્ષિ દયાનંદ સરસ્વતી અને વર્ષ-1885
(D) મહર્ષિ દયાનંદ સરસ્વતી અને વર્ષ-1888

**5.** મહર્ષિ દયાનંદ સરસ્વતીનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા.10 ફેબ્રુઆરી-1820 તથા પંચાશિયા
(B) તા.11 ફેબ્રુઆરી-1821 તથા વાંકાનેર
**(C) તા.12 ફેબ્રુઆરી-1824 તથા ટંકારા**
(D) તા.13 ફેબ્રુઆરી-1828 તથા મોરબી

## DATE : 13-02-2022

### 1. પ્રવાસન વિભાગ, ગુજરાત સરકાર :

**કચ્છમાં તૈયાર થઈ રહેલો 264 કિ.મી.નો હાઇવે ગડુલી, ધોળાવીરા, સફેદ રણ, માતાના મઢ, હાજીપીર અને ખાવડા વિસ્તારને પ્રવાસનના હેતુથી જોડશે**



**વિગત :**100 બોર્ડર આઉટપોસ્ટને પણ માર્ગ કનેક્ટિવિટીનો લાભ મળશે

- ✓ નેશનલ હાઇવેના કામો જ્યારે પૂરાં થશે ત્યારે કચ્છના સફેદ રણ થી ઐતિહાસિક વર્લ્ડ હેરિટેજ સાઇટ ધોળાવીરા જવા માટેના અંતરમાં 80 કિલોમીટરનો ઘટાડો થતાં રણોત્સવના પ્રવાસીઓ ધોળાવીરાની મુલાકાત માટે પણ જઇ શકશે.
- ✓ ગડુલી સાંતલપુર નેશનલ હાઇવે 264 કિલોમીટરનુ અંતર ધરાવે છે અને તેમાં ગડુલી, ધોળાવીરા, કચ્છનું સફેદ રણ અને ખાવડા વિસ્તારની લિંકનો સમાવેશ થાય છે, જેને કારણે માતાના મઢ અને હાજીપીર સુધીની સુવિધા ઉભી થશે. આ હાઇવે 320 કરોડના ખર્ચે આકાર પામી રહ્યો છે.

### ઐતિહાસિક મહત્વ :

- ✓ યુનેસ્કો દ્વારા કચ્છના હડપ્પન યુગના પુરાતત્વીય સ્થળ ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટનો ટેગ મળ્યા પછી ગુજરાત ટુરિઝ્મ કોર્પોરેશન તરફથી આ સ્થળે આવાસ, કાફેટેરિયા અને પ્રવાસી લાઉન્જના વિકાસ કામો શરૂ કર્યા છે. યુનેસ્કોએ આ સાઇટને પ્રાચીન શહેર તરીકે વર્ણવ્યું છે જે દક્ષિણ એશિયામાં ત્રીજી થી મધ્ય-બીજી સહાબ્દી પૂર્વેની સૌથી નોંધપાત્ર અને સારી રીતે સચવાયેલી વસાહતો પૈકીની એક છે.
- ✓ ચાંપાનેર, રાણ કી વાવ અને અમદાવાદ પછી 5000 વર્ષ પુરાણી ધોળાવીરા એ વર્લ્ડ હેરિટેજ સાઇટનો ટેગ મેળવનાર ગુજરાતનું ચોથું સ્થળ છે

### 2. કૃષિ ઉડાન યોજના 2.0 : કચ્છના ભુજ એરપોર્ટનો ઉડાન યોજનામાં કેન્દ્ર દ્વારા સમાવેશ કરાયો

### ઉડાન યોજના વિશે :

- ✓ કેન્દ્ર સરકારે સામાન્ય લોકો હવાઇ મુસાફરી કરી શકે તે માટે ઉડાન યોજના શરૂ કરી છે. જેમાં ટિકિટના ભાવ સામાન્ય લોકોને પરવડે તે પ્રકારે હોય છે.




- ✓ કચ્છમાં કંડલા અને મુંબઇ વચ્ચે ઉડાન યોજના હેઠળ હવાઇ સેવા ચાલુ છે. જેનું અંદાજે રૂા. 3300 જેટલું ભાડુ છે.

**3. યુનિફોર્મ સિવિલ કોડ/સમાન નાગરિક ધારો : ભારતની અનેક સમસ્યાઓનું નિરાકરણ લાવતું બ્રહ્માસ્ત્ર :**




**યુનિફોર્મ સિવિલ કોડ કેમ ચર્ચામાં**

- ✓ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ ફરી ભાજપની સરકાર રચાય તો ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ એટલે કે સમાન નાગરિક ધારો લાવવાનું એલાન કર્યું એ સાથે જ આ મુદ્દો ફરી ચર્ચામાં આવી ગયો છે. ધામીએ જાહેરાત કરી નાંખી કે, ભાજપની સરકાર રચાશે કે તરત જ ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડનો મુસદ્દો બનાવવા સમિતી રચાશે.

**યુનિફોર્મ સિવિલ કોડ વિશે :**

- ✓ ભારતમાં અત્યારે જુદા જુદા ધર્મનાં લોકો કે સમુદાયો માટે જે જાત જાતના ને ભાત ભાતના કાયદા છે એ રદ કરીને લગ્ન, છૂટાછેડા, જમીન-સંપત્તિ અને વારસાઈને લગતા એકસરખો કાયદો લવાશે.
- ✓ **યુનિફોર્મ સિવિલ કોડનો અર્થ છે, દેશના તમામ નાગરિકો માટે અંગત જીવનને લગતા કાયદા એકસરખા હોય.**
- ✓ અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ, કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ 370ની નાબૂદી અને યુનિફોર્મ સિવિલ કોડનો અમલ એ ત્રણ ભાજપનાં મુખ્ય વચન હતાં.
- ✓ એઆઇએમઆઇએમના અસદુદ્દીન ઓવૈસીએ પણ ધામીની જાહેરાત સામે વાંધો લીધો છે. ઓવૈસીનું કહેવું છે કે, બંધારણની કલમ 29 દેશમાં દરેક વ્યક્તિ કે સમુદાયને પોતાની સંસ્કૃતિનું પાલન અને જતન કરવાનો અધિકાર આપે છે ત્યારે ભાજપ સરકાર આ કલમનો ભંગ કઈ રીતે કરશે ?
- ✓ ઓવૈસીએ તો અઢારમા કાયદા પંચે યુનિફોર્મ સિવિલ કોડના અમલની જરૂર નથી એ વાતની પણ યાદ અપાવી છે. બીજા વિપક્ષી નેતાઓએ પણ ધામીની જાહેરાત સામે વાંધા લીધા છે ને તેના કારણે યુનિફોર્મ સિવિલ કોડનો મુદ્દો ફરી ચર્ચામાં આવી ગયો છે.
- ✓ ઓવૈસી બંધારણની કલમ 29ની વાત માંડીને બેસી ગયા છે પણ આપણા બંધારણના મૂળભૂત સિધ્ધાંતોને યાદ નથી કરતા. સિબ્બલે રાજ્ય યુનિફોર્મ સિવિલ કોડ ના બનાવી શકે એવો મુદ્દો ઉઠાવ્યો છે એ સાચો છે પણ, **કોઈ પણ રાજ્ય માટે સંસદ યુનિફોર્મ સિવિલ કોડ બનાવી જ શકે. ગોવા દેશનું એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં યુનિફોર્મ સિવિલ કોડ અમલમાં છે.**
- ✓ **યુનિફોર્મ સિવિલ કોડનો અર્થ છે, દેશના તમામ નાગરિકો માટે અંગત જીવનને લગતા કાયદા એકસરખા હોય.**
- ✓ લોકશાહી દેશમાં તમામ નાગરિકો સમાન હોય છે તેથી અંગત બાબતોને લગતા કાયદા પણ સરખા જ હોવા જોઈએ. આપણા બંધારણમાં આ વાતનો સ્વીકાર થયો છે. **બંધારણની કલમ 44 સ્પષ્ટપણે યુનિફોર્મ સિવિલ કોડના અમલની તરફેણ કરે છે. ભારતીય બંધારણના મૂળભૂત સિધ્ધાંતોમાં સમાનતાનો સિધ્ધાંત પણ છે. બંધારણની કલમ 44 દેશના તમામ નાગરિકોને એક સમાન અધિકારો આપવાની ખાતરી આપે છે** પણ તેનો અમલ થયો નથી. આ અમલ કેમ ના થયો એ સમજવાની જરૂર છે.
- ✓ મતબેંકના રાજકારણના કારણે દેશમાં યુનિફોર્મ સિવિલ કોડનો અમલ ના થયો. દેશ આઝાદ થયો પછી બનાવાયેલા બંધારણમાં યુનિફોર્મ સિવિલ કોડની તરફેણ કરાયેલી. તેની સામે મુસ્લિમોએ વાંધો લીધો. મુસ્લિમોના ધાર્મિક અધિકારો પર તરાપ મરાય છે એવી કાગારોળ કરી એટલે નહેરૂ સરકારે અંગ્રેજોએ બનાવેલો 1937નો શરીયત એક્ટ ચાલુ રાખવાનું જાહેર કરીને શરણાગતિ સ્વીકારી લીધી.
- ✓ ધર્મના આધારે પર્સનલ લો બનાવી દેવાયા. હિંદુઓ માટે હિંદુ મેરેજ એક્ટ, મુસ્લિમો માટે મુસ્લિમ પર્સનલ લો ને બીજાં ધર્મનાં લોકો માટે અલગ અલગ પર્સનલ લો બનાવીને યુનિફોર્મ સિવિલ કોડનું અચ્યુતમ કેશવમ કરી દેવાયું.
- ✓ સુપ્રીમ કોર્ટે છેક 1982માં યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવા તાકીદ કરી હતી. ઇન્દિરા ગાંધીની સરકાર એ તાકીદને ઘોળીને પી ગઈ.
- ✓ સુપ્રીમ કોર્ટે 23 એપ્રિલ, 1985ના રોજ ભોપાલની શાહબાનોને ભરણપોષણ આપવાનું ફરમાન કરીને ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો કે, કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજરની કલમ 125 દરેક ધર્મ, સંપ્રદાય અને જ્ઞાતિનાં લોકોને સમાન લાગુ પડે છે તેથી શાહબાનોને ભરણપોષણ મળે. સુપ્રીમ કોર્ટે યુનિફોર્મ સિવિલ કોડનો અમલ નથી કરાયો એ અંગે અફસોસ પણ વ્યક્ત કરેલો.
- ✓ સુપ્રીમના ચુકાદાને બદલતો કાયદો પસાર કરાવીને રાજીવે યુનિફોર્મ સિવિલ કોડની રહીસહી આશા પણ ખતમ કરી નાંખી હતી.
- ✓ શાહબાનો કેસના ચુકાદાએ દેશનાં લોકોને યુનિફોર્મ સિવિલ કોડ વિશે જાગૃત કર્યાં. ભાજપના ઉદય અને કોંગ્રેસના પતનનો પાયો આ ઘટનાએ જ નાંખ્યો.
- ✓ **સુપ્રીમ કોર્ટે ઓક્ટોબર 2015માં ભારપૂર્વક યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવાની તાકીદ કરેલી.** સુપ્રીમ કોર્ટે આકરું વલણ અપનાવીને કહેલું કે, દેશમાં દરેક ધર્મના લોકો માટે અલગ અલગ કાયદા ના ચાલે.
- ✓ સુપ્રીમ કોર્ટે ચીમકી આપી હતી કે, સરકાર યુનિફોર્મ સિવિલ કોડનો અમલ નહીં કરે તો સુપ્રીમ કોર્ટે અમલ કરાવવો પડશે. મોદી સરકારે 2016માં કાયદા પંચને યુનિફોર્મ સિવિલ કોડના અમલને લગતી બાબતો ચકાસવા કહેલું પણ કાયદા પંચની મુદત પતી જતાં આ મુદ્દે કંઈ ના થયું. તેના પગલે સુપ્રીમ કોર્ટે 2019માં પણ ફરી દેશમાં કેમ યુનિફોર્મ સિવિલ કોડ નથી એવો સવાલ કરીને બંધારણે આપેલા સમાનતાના સિધ્ધાંતનો અમલ કરવા તાકીદ કરી હતી.
- ✓ કોરોનાના કારણે 2019 પછી બધું અટવાઈ ગયું તેથી આ મુદ્દે પણ કંઈ ના થયું પણ યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવાની પ્રતિબધ્ધતા મોદી અનેક વાર વ્યક્ત કરી ચૂક્યા છે. મુસ્લિમ મહિલાઓને ટ્રિપલ તલ્લાક દ્વારા અપાતા તલ્લાક વિરોધી કાયદો એક રીતે યુનિફોર્મ સિવિલ કોડની દિશામાં ભરાયેલું પગલું જ છે.

**4. નોન- ફંગિબલ ટોકન (NFT) શું છે :**

- ✓ <u>NFT એટલે કે નોન-ફંગિબલ ટોકન એ બ્લોકચેઇન નેટવર્કમાં એક યુનિક ડિજિટલ લોકર કે એસેટ્સ છે.</u> તેનું મૂલ્ય કોઇ વ્યક્તિ તેની ચૂકવણી માટે કેટલી ઓફર કરે છે અને તેની માંગ કેટલી છે તેના પર આધાર રાખે છે.




- ✓ તમે કોઇપણને એનએફટીમાં કન્વર્ટ કરીને ફોટાઓ, રમતો, વિડિયો, ટ્વીટ્સનું વેચાણ કરી શકો છો. સૌથી ખાસ વાત એ છે કે આ ડિજિટલ એસેટ્સનું માત્ર ક્રિપ્ટોકરન્સીથી જ ખરીદ-વેચાણ થાય છે.
- ✓ એનએફટી એક યુનિક કે અદ્વીતીય આઇડી-કોડ છે, તેથી બે એનએફટી ક્યારેય એકબીજા સાથે મેળ ખાતાં નથી હોતા કે તેના ડુપ્લિકેટ બનાવી શકાતા નથી. જ્યારે તમે કોઇ એનએફટી નો અધિકાર ધરાવો છો ત્યારે તમે તે ડિજિટલ એસેટ્સના એક માત્ર માલિક હોવ છો.

## <u>5. યુક્રેન વિવાદ :</u>




- ✓ રશિયાએ યુક્રેનને ત્રણ તરફથી ઘેરી લીધું છે. રશિયાના આ પગલાં પાછળ તેનો ડર અને નાટો છે. તે માને છે કે, જો યુક્રેનને નાટોમાં સામેલ કરી દીધું, તો યુરોપ અને અમેરિકન દેશોની પહોંચ યુક્રેન થકી તેની સરહદ સુધી થઇ જશે.
- ✓ વર્ષ 1990ના દસકામાં પહેલેથી જ સોવિયત યુનિયન તૂટીને 15 દેશ બની ચૂક્યા છે. એટલે રશિયા અમેરિકાને રોકવા ઇચ્છે છે.

### <u>રશિયાની ચિંતા</u>

- ✓ રશિયન પ્રમુખ વ્લાદિમિર પુટિનનો દાવો છે કે, પશ્ચિમી દેશો મળીને રશિયાને ચારેય તરફથી ઘેરી રહ્યા છે. તેઓ ઇચ્છે છે કે, પૂર્વ યુરોપમાં નાટોની ગતિવિધિ બંધ થાય.

### <u>અમેરિકાની ધમકી</u>

- ✓ અમેરિકન પ્રમુખ જો બાઇડને કહ્યું છે કે, રશિયાને આક્રમણની ભારે કિંમત ચૂકાવવી પડશે. યુરોપને મજબૂત કરવા સેના પણ મોકલાઇ છે.

**સોવિયતથી અલગ થઇને યુક્રેન સ્વતંત્ર દેશ બન્યો હતો**

| રશિયા | દેશ | યુક્રેન |
|---|---|---|
| 17 કરોડ | ક્ષેત્રફળ (ચો.કિ.મી.) | 6.03 લાખ |
| 14.4 કરોડ | વસતી | 4.4 કરોડ |
| 80 કરોડ બેરલ | તેલ રિઝર્વ | 0.4 કરોડ બેરલ |
| 49 હજાર કરોડ બેરલ | ગેસ રિઝર્વ | 349 કરોડ બેરલ |

**સૈન્ય મોરચે રશિયા-યુક્રેન ક્યાં?**

| | | |
|---|---|---|
| 9 લાખ | જવાન (સક્રિય) | 2.09 લાખ |
| 30122 | આર્મ્ડ વ્હિકલ | 12303 |
| 544 | ફાઇટર હેલિકોપ્ટર | 34 |
| 1511 | ફાઇટર જેટ | 98 |
| 6.63 લાખ કરોડ રૂ. | સૈન્ય બજેટ | 45 હજાર કરોડ રૂ. |

### <u>નાટોમાં જ આંતરિક વિખવાદ</u>

- ✓ નાટોનું કહેવું છે કે, તેના કેટલાક સભ્ય દેશ રશિયા સાથે સરહદ વહેંચે છે અને આ એક સંરક્ષણાત્મક ગઠબંધન છે. અમેરિકા યુક્રેન સંકટ પર એકજૂટ હોવાનો દાવો કરે છે, પરંતુ આંતરિક વિખવાદો છે. બ્રિટન કહે છે કે, અમે યુદ્ધમાં સેના નહીં મોકલીએ. જર્મનીનું વલણ પણ આવું છે.

### <u>NATO વિશે :</u>

- ✓ નાટોની સ્થાપના 1949માં થઇ હતી. ત્યારે અમેરિકા, બ્રિટન સહિત 12 સ્થાપક દેશ હતા, <u>હાલ 30 સભ્ય દેશ.</u>
- ✓ <u>વર્ષ 1997 પછી નાટો સાથે 14 દેશ જોડાયા: એસ્ટોનિયા, લાતિવિયા, લિથુઆનિયા, પોલેન્ડ, ચેક રિપબ્લિક, સ્લોવેકિયા, હંગેરી, રોમાનિયા, સ્લોવેનિયા, ક્રોએશિયા, મોન્ટેનેગ્રો, અલ્બેનિયા, ઉત્તર મેસેડોનિયા, બલ્ગેરિયા.</u>
- ✓ એસ્ટોનિયા, લાતિવિયા અને નોર્વેની સરહદો રશિયા સાથે વહેંચાયેલી.
- ✓ વડુમથક : બ્રસેલ્સ (બેલ્જિયમ)
- ✓ NATO : નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઇઝેશન

## <u>6. દિન વિશેષ : 13 ફેબ્રુઆરી (1) 11મો વિશ્વ રેડિયો દિવસ</u>




- ✓ **<u>થીમ-2022:</u>કુલ ત્રણ ભાગમાં થીમ નક્કી કરાઇ**

**1) Trust in radio journalism**

**2) Trust and accessibility**

**3) Trust and viability of radio stations**

- ✓ **ભારતમાં આકાશવાણીની સ્થાપના : 1936**
- ✓ UNની સંસ્થા યુનેસ્કો દ્વારા વર્ષ 2012થી દર વર્ષે વિશ્વ રેડિયો દિવસ ઉજવવાની શરુઆત કરાઇ.
- ✓ **<u>રેડિયોના શોધક : જી. માર્કોની</u>**
- ✓ ભારતીય તાર અધિનિયમન-1885 અંતર્ગત લાઇસન્સ ઇસ્યુ કરાતું ટી.વી, મોબાઇલ બાદ ઉપયોગ ઘટ્યો પણ મહત્વ આજે પણ છે

## <u>(2) રાષ્ટ્રીય મહિલા દિવસ : હિંદના બૂલબૂલ સરોજિની નાયડુના જન્મદિવસની યાદમાં</u>




## <u>7. જન્મદિન વિશેષ : 13 ફેબ્રુઆરી</u>

## <u>ભારતનાં બુલબુલ : સરોજિની નાયડુ</u>




**<u>જન્મ : 13 ફેબ્રુઆરી-1879</u>**

**<u>અવસાન : 2 માર્ચ-1949</u>**

- ✓ ભારતનાં કોકિલા, બુલબુલ તરીકે પ્રસિદ્ધ મહાન સ્વતંત્રતા સેનાની સરોજિની નાયડુ જન્મ દિવસ.
- ✓ <u>મૂળ બાંગ્લાદેશી પણ હૈદરાબાદમાં જન્મેલાં</u> સરોજિની માતાપિતાનાં આઠ સંતાનો પૈકી સૌથી મોટાં હતાં, ઉમદા પારિવારિક અને

શૈક્ષણિક વારસો ધરાવતા સરોજિનીએ 12 વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા સમગ્ર મદ્રાસ ઇલાકામાં પહેલા નંબરે પાસ કરી હતી.

- ✓ તેઓ નિઝામની શિષ્યવૃત્તિ પર બ્રિટનમાં ભણ્યાં હતાં. અભ્યાસ પછી 1914માં મહાત્મા ગાંધીને મળ્યા પછી તેઓના પટ્ટશિષ્યા બની ગયાં.
- ✓ <u>ધરાસણા સત્યાગ્રહમાં ગાંધીજીની ધરપકડ પછી સરોજિનીએ સત્યાગ્રહનું નેતૃત્વ સંભાળ્યું. કઠોર અત્યાચારો સહન કર્યા.</u>
- ✓ 1942ના હિંદ છોડો આંદોલનમાં ભાગ લઈ 21 મહિનાની નાયડુ જેલની સજા ભોગવી હતી.
- ✓ <u>સરોજિની નાયડુકોંગ્રેસનાં પહેલાં મહિલા પ્રમુખ તથા ભારતના પહેલાં મહિલા રાજ્યપાલ હતા.</u>
- ✓ <u>ભારત સરકારે 13 ફેબ્રુઆરી 1964ના રોજ તેમની સ્મૃતિમાં 15 પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી.</u>

<u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (13-02-2022)</u>

**1.** યુનિફોર્મ સિવિલ કોડ/સમાન નાગરિક ધારા સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. દેશના તમામ નાગરિકો માટે અંગત જીવનને લગતા કાયદા એકસરખા હોય

2. કોઈ પણ રાજ્ય માટે સંસદ યુનિફોર્મ સિવિલ કોડ બનાવી જ શકે. ગોવા દેશનું એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં યુનિફોર્મ સિવિલ કોડ અમલમાં

3. બંધારણની કલમ 44 સ્પષ્ટપણે યુનિફોર્મ સિવિલ કોડના અમલની તરફેણ કરે છે

4. સુપ્રીમ કોર્ટે વર્ષ 1982 અને ઓકટોબર 2015માં યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવા તાકીદ કરી હતી

5. સુપ્રીમ કોર્ટના 23 એપ્રિલ, 1985ના રોજ ભોપાલની શાહબાનોને ભરણપોષણ આપવાના ચુકાદાએ દેશને યુનિફોર્મ સિવિલ કોડ લાગૂ કરવા જાગૃત કર્યા

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 4 અને 5 **<u>(D) આપેલ તમામ</u>**

**2.** નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન- NATO સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. સ્થાપના : 1949

2. અમેરિકા, બ્રિટન સહિત 12 સ્થાપક દેશ હતા

3. હાલ 30 સભ્ય દેશ

4. વડુમથક : બ્રસેલ્સ (બેલ્જિયમ)

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 (D) આપેલ તમામ **3.** કચ્છમાં ગડુલી, ધોળાવીરા, સફેદ રણ, માતાના મઢ, હાજીપીર અને ખાવડા વિસ્તારને પ્રવાસનના હેતુથી જોડવા કેટલા કિ.મી.નો હાઈ-વે નિર્માણ થઈ રહ્યો છે

(A) 250 કિ.મી. (B) 252 કિ.મી.
**<u>(C) 264 કિ.મી.</u>** (D) 276 કિ.મી.

**4.** ફેબ્રુઆરી-2022માં ગુજરાતના ક્યા એરપોર્ટનો કેન્દ્ર સરકારની કૃષિ ઉડાન યોજના2.0માં સમાવેશ કરાયો

(A) જામનગર એરપોર્ટ **<u>(B) ભુજ એરપોર્ટ</u>**
(C) રાજકોટ એરપોર્ટ (D) સુરત એરપોર્ટ

**5.** ભારતમાં અત્યારે જુદા જુદા ધર્મનાં લોકો કે સમુદાયો માટે અલગ-અલગ કાયદા છે એ રદ કરીને લગ્ન, છૂટાછેડા, જમીન-સંપત્તિ અને વારસાઈ અંગે કયો નવો એકસરખો કાયદો લવાશે

(A) સર્વ ધર્મ સમભાવ કાયદો (B) નાગરિક સુધારણા કાયદો
(C) એક દેશ એક ધર્મ કાયદો **<u>(D) યુનિફોર્મ સિવિલ કોડ</u>**

**6.** ક્યા દેશ દ્વારા યુક્રેનને ત્રણેય સરહદોથી ઘેરી લેવાયું છે જેના કારણે વિશ્વમાં ત્રીજા વિશ્વ યુદ્ધની સ્થિતિ સર્જાય છે

**<u>(A) રશિયા</u>** (B) ચીન (C) અમેરિકા (D) બેલારુસ

**7.** 11મો વિશ્વ રેડિયો દિવસ કયારે મનાવવામાં આવ્યો

(A) 01 ફેબ્રુઆરી 2022 (B) 10 ફેબ્રુઆરી 2022
**<u>(C) 13 ફેબ્રુઆરી 2022</u>** (D) 15 ફેબ્રુઆરી 2022

**8.** તા. 13 ફેબ્રુઆરી-2022ના રોજ ઉજવવામાં આવેલા 11માં વિશ્વ રેડિયો દિવસની થીમમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

(A) Trust in radio journalism
(B) Trust and viability of radio stations
(C) Trust and accessibility **<u>(D) આપેલ તમામ</u>**

**9.** ભારતમાં આકાશવાણીની સ્થાપના કયારે થઇ હતી

(A) વર્ષ 1928 **<u>(B) વર્ષ 1936</u>** (C) વર્ષ 1939 (D) વર્ષ 1945

**10.** યુનેસ્કો દ્વારા રેડિયો દિવસ ઉજવવાની શરુઆત કયારથી કરવામાં આવી

(A) વર્ષ 2008 (B) વર્ષ 2009 (C) વર્ષ 2011 **<u>(D) વર્ષ 2012</u>**

**11.** હિન્દના બુલબુલ સરોજની નાયડુનો જન્મદિવસ જણાવો

(A) 05 ફેબ્રુઆરી (B) 10 ફેબ્રુઆરી
**<u>(C) 13 ફેબ્રુઆરી</u>** (D) 26 ફેબ્રુઆરી

**12.** ભારતમાં રાષ્ટ્રીય મહિલા દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 02 ફેબ્રુઆરી (B) 11 ફેબ્રુઆરી
**<u>(C) 13 ફેબ્રુઆરી</u>** (D) 28 ફેબ્રુઆરી

**13.** ભારતમાં 'રાષ્ટ્રીય મહિલા દિવસ' કયા મહિલાના જન્મદિવસની યાદમાં ઉજવાય છે

(A) ઈન્દિરા ગાંધી **<u>(B) સરોજિની નાયડુ</u>**
(C) રમિલા કૃપલાની (D) એની બેસન્ટ


**14.** કોંગ્રેસનાં પહેલાં મહિલા પ્રમુખ તથા ભારતના પહેલાં મહિલા રાજ્યપાલ કોણ હતા

(A) ઈન્દિરા ગાંધી **<u>(B) સરોજિની નાયડુ</u>**
(C) રમિલા કૃપલાની (D) એની બેસન્ટ

**DATE : 14-02-2022**

**<u>1. ગુજરાત સરકાર : રાજ્યના વિવિધ ક્ષેત્રના 64 ઔદ્યોગિક શ્રમિકોનું વિશ્વકર્મા જયંતિ નિમિતે સન્માન</u>**

**<u>DISHA પોર્ટલ-એપનું લોંચીંગ-ગાંધીનગર</u>**




**<u>રાજ્ય શ્રમ પારિતોષિક વિશે :</u>**

- ✓ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2012થી શ્રમિકોને પ્રોત્સાહિત કરવા માટે પારિતોષિક આપી સન્માનિત કરવાની શરૂઆત કરી હતી.

**<u>એવોર્ડ અને ઈનામની રકમ :</u>**

- ✓ **<u>રાજ્ય શ્રમ રત્ન પારિતોષિક : રૂ.3,25,000</u>**

- ✓ **રાજ્ય શ્રમ ભૂષણ પારિતોષિક : રૂ. 15,000**
- ✓ **રાજ્ય શ્રમ વીર પારિતોષિક : રૂ. 10,000**
- ✓ **રાજ્ય શ્રમશ્રી/શ્રમદેવી પારિતોષિક : રૂ. 5,000**
- ✓ **શ્રમિકો માટે ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થના અધિકારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીને પારદર્શી અને સરળ બનાવતી DISHA એપનું લોંચીંગ**
- ✓ શ્રમ રોજગાર રાજયમંત્રી : શ્રી બ્રિજેશકુમાર મેરજા

**2. UNICEF@75 કોફી ટેબલ બુક : રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને ગૃહ વિભાગના રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા ગુજરાત યુથ કોન્કલેવ 2.0 ખાતે UNICEF@75 કોફી ટેબલ બુક લોન્ચ**




**હેતુ :**

- ✓ યુનિસેફની રચનાના 75 વર્ષ પૂરા થવા નિમિતે કોફી ટેબલ બુકનું વિમોચન

**3."કન્જનાઇટલ હાર્ટ ડીસીઝ" જન-જાગૃતિ સપ્તાહ : તા. 7થી 14 ફેબ્રુઆરી-2022 – ગુજરાત સરકાર**



**વિગત :** શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમમાં જન્મથી લઇને 18 વર્ષની ઉંમર સુધીના બાળકોની 4D (ડિફેક્ટ, ડેફિસીયન્સી, ડીસીઝ અને ડેવેલોપમેન્ટ ડીલે) માટે તપાસ કરી સારવાર અપાઈ છે.

**સારવાર :**

- ✓ બાળકોને કેમ્પમાં કાર્ડીયોલોજીસ્ટ અને પ્રીડીયાટ્રીશીયન દ્વારા તપાસ કરવામાં આવેલ તેમજ ઇકો કાર્ડીયોગ્રામ કરીને નિદાન કરવામાં આવેલ. જે બાળકને કન્જનાઇટલ હાર્ટ ડીસીઝ અથવા અન્ય હ્રદયની તકલીફ જણાઇ આવેલ તેમને ઓપરેશન માટે યુ.એન.મહેતા હોસ્પિટલ દ્વારા આગળની સારવાર પુરી પાડવામાં આવશે.

**4. ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના હોદ્દેદારોની નિમણૂક :**




- ✓ **ઉપનેતા : શૈલેષ પરમાર     દંડક : ડો. સી. જે. ચાવડા**
- ✓ **નાયબ દંડક : લલિત વસોયા   ખજાનચી : નિરંજન પટેલ**
- ✓ **મુખ્ય પ્રવકતા : પૂંજા વંશ અને વીરજી ઠુમ્મર**
- ✓ **આદિવાસી કોંગ્રેસ ડિપાર્ટમેન્ટ, જીપીસીસીના ચેરમેન : અનંત પટેલ**

**5. ISRO : વર્ષ 2022નું પ્રથમ મિશન : ઇસરો દ્વારા PSLV-C52ની મદદથી અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ-EOS-04 સૂર્યની પરિભ્રમણકક્ષામાં તરતો મૂકાયો**

**EOS-04 સહિત કુલ-3 ઉપગ્રહ લોન્ચ કરાયા**




**ત્રણ ઉપગ્રહના નામ :**

**1. EOS-04     2. ઇન્સ્પાયરસેટ-1**

**3. INS-2TD**

**(1) EOS-04 ઉપગ્રહ વિશે :**

- ✓ **ભૂમિકા : EOS-04 રડાર ઈમેજિંગ સેટેલાઇટ છે. જેને કૃષિ, વનોની અને વૃક્ષારોપણની સાથે માટીના ભેજ, જળ વિજ્ઞાન, પૂર અને હવામાનની સ્થિતિઓ સંબંધિત હાઈ રિઝોલ્યુશન ફોટા મોકલવા માટે ડિઝાઈન કરાયું.**
- ✓ **વજન : 1710 કિલો**
- ✓ **આયુષ્ય : 10 વર્ષ**
- ✓ ઉપગ્રહ તૈયાર કરનાર : U.R.RAO સેટેલાઇટ સેન્ટર, બેંગ્લુરૂ
- ✓ આ સેટેલાઇટ અંતરિક્ષમાં 529 કિલોમીટરના સૂર્યના સમકાલિક ધ્રુવીય કક્ષામાં ચક્કર કાપશે.
- ✓ આ ઉપગ્રહો દ્વારા આયનમંડલ, સૂર્યની કોરોનીલ ઉષ્માની પ્રતિક્રિયાઓ અંગે રિસર્ચ કરવામાં આવશે. તેના દ્વારા જમીનના તાપમાન અને આદ્રતાની ખબર પડશે.

**(2) ઇન્સ્પાયરસેટ-1 વિશે :**

- ✓ **પ્રકાર : સ્ટુડન્ટ સેટેલાઇટ**
- ✓ **તૈયાર કરનાર સંસ્થા :** ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સ્પેસ સાયન્સ એન્ડ ટેકનોલોજી-IIST અને લેબોરેટરી ઓફ એટમોસ્ફીયર એન્ડ સ્પેશ ફિઝિક્સ યુનિવર્સિટી ઓફ કોલારાડો બોલ્ડર, USA
- ✓ **આયુષ્ય : 1 વર્ષ**.

**(3) INS-2TD :**

- ✓ **પ્રકાર :** ભવિષ્યમાં થનારી ઘટનાઓના સંકેત- અણસાર માટે
- ✓ **આયુષ્ય : 6 માસ**.
- ✓ ભારત-ભૂતાન માટે સંયુક્ત સેટેલાઇટ (INS-2B)
- ✓ **તૈયાર કરનારા સંસ્થા : ISRO**
- ✓ **ઈસરોના વર્તમાન અધ્યક્ષ : એસ.સોમનાથ**
- ✓ **સ્થાન :** તા. 14 ફેબ્રુઆરી સવારે 5.59 કલાકે મિશન પોલાર સેટેલાઇટ લોન્ચ વ્હિકલ- PSLV-C52ની મદદથી સતિષ ધવન સ્પેશ સેન્ટર, શ્રીહરિકોટા (આંધ્રપ્રદેશ)થી લોન્ચ કરાયું.
- ✓ શ્રી હરિકોટા ખાતેથી આ 80મું લોન્ચ મિશન હતું અને PSLVની આ 54મી ફ્લાઇટ હતી

✓ **ISRO : ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન, બેંગ્લુરૂ**

**6. CPCB : ભારતભરમાં સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકાયો**

✓ પ્લાસ્ટિકમાંથી બનેલા ચમચી, ગ્લાસથી લઈ ઇયરબડ સુધી બધું થશે બંધ




✓ તમામ પક્ષકારોને 30 જૂન પહેલાં તેના માટેની તૈયારી પૂર્ણ કરી લેવા CPCB દ્વારા સૂચના

**કઈ-કઈ વસ્તુઓ પર પ્રતિબંધ :**

✓ **અમલ : જૂલાઈ-2022થી**

✓ 01 જુલાઇથી પ્લાસ્ટિકની સ્ટિક ધરાવતા ઇયરબડ, ફુગ્ગામાં લાગતી પ્લાસ્ટિક સ્ટિક, પ્લાસ્ટિકના ઝંડા, કેંડી સ્ટિક, સુશોભનના કામમાં આવતાં થર્મોકોલ વગેરેનો પ્રતિબંધિત વસ્તુઓની યાદીમાં સમાવેશ થાય છે.

✓ પ્લાસ્ટિકના કપ, પ્લેટ, ગ્લાસ, કાંટા, ચમચી, સ્ટ્રો, ટ્રે જેવી કટલરી આઇટમ, મીઠાઇના ડબ્બા પર લગાવાતું પ્લાસ્ટિક, પ્લાસ્ટિકના આમંત્રણ કાર્ડ, 100 માઇક્રોનથી ઓછી જાડાઇ ધરાવતાં પીવીસી બેનર વગેરેનો પણ તેમાં સમાવેશ થાય છે.

**આદેશનું પાલન નહીં કરનારા પર કડક કાર્યવાહી**

✓ સીપીસીબીની નોટિસમાં આ આદેશનું ઉલ્લંઘન કરનારા સામે કઠોર કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી છે. જેમાં ઉત્પાદનોને જપ્ત કરવા, પર્યાવરણને નુકસાન બદ દંડ કરવો, તેના ઉત્પાદન સાથે સંકળાયેલા ઉદ્યોગોને બંધ કરવા જેવી કાર્યવાહીનો સમાવેશ થાય છે.

**પ્રતિબંધ સાથે જોડાયેલી મહત્ત્વની બાબતો**

✓ સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો આસાનીથી નાશ થતો નથી અને રિસાઇકલ પણ થતું નથી.

✓ આ પ્લાસ્ટિકના નેનો કણ મિક્સ થઇને પાણી અને જમીનને પ્રદૂષિત કરે છે.

✓ જળચર પ્રાણીઓને તો નુકસાન કરે જ છે સાથે નદી-નાળા ચોકઅપ કરવાનું કામ પણ કરે છે.

✓ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(સીપીસીબી)

**7. નિમણૂક : AIના નવા CEO અને MD તરીકે 51 વર્ષીય મૂળ તુર્કીના ઇલ્કર આયસીની નિયુક્તિ**




✓ આયસી ટર્કિશ એરલાઇન્સના ચેરમેનપદે રહી ચૂક્યા છે.

**8. શ્રદ્ધાંજલિ - 14 ફેબ્રુઆરી**

**પુલવામા-CRPFના જવાનો ઉપર આતંકવાદી હુમલાની ત્રીજી વરસી : તા.14 ફેબ્રુઆરી-2019**

**શ્રીનગર ખાતે પુલવામાના 40 શહિદોની યાદમાં સ્મારક નિર્માણ કરાયું**




**પુલવામાની ઘટના વિશે**

✓ દેશ જ્યારે 14 ફેબ્રુઆરી 2019ના રોજ પ્રેમના દિવસની ઉજવણી કરવા થનગની રહ્યો હતો ત્યારે પરોઢિયે CRPFનો કાફલો અવંતીપોરાથી પસાર થઇ રહ્યો હતો ત્યારે તેના ઉપર આતંકી હુમલો કરવામાં આવ્યો હતો.

✓ આ હુમલામાં CRPFની 76મી બટાલિયનના 40 જવાનો શહીદ થઇ ગયા હતા અને 20થી વધુને ઈજા થઈ હતી.

✓ આ કાફલો સવારે 3.30 કલાકે જઈ રહ્યો હતો ત્યારે એક આતંકવાદીએ વિસ્ફોટકો ભરેલી કાર અથડાવી હતી.

✓ CRPF : સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (14-02-2022)

**1.** ઇસરો દ્વારા PSLV-C52ની મદદથી લોન્ચ કરાયેલા રડાર ઈમેજિંગ સેટેલાઈટ EOS-04ની કામગીરીની મદદથી નીચેનામાંથી ક્યા પરિસ્થિતિ સમયે હાઈ રિઝોલ્યુશન ફોટા મેળવી શકાશે

1. કૃષિ 2. વનોની અને વૃક્ષારોપણની સાથે માટીના ભેજ

3. જળ વિજ્ઞાન

4. પૂર અને હવામાનની સ્થિતિ

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** ફેબ્રુઆરી 2022માં ઈસરો દ્વારા લોન્ચ કરાયેલ ઇન્સ્પાયરસેટ-1 સેટેલાઈટ વિશે નીચેનામાંથી ક્યા તથ્યો યોગ્ય નથી

1. પ્રકાર : સ્ટુડન્ટ સેટેલાઈટ

2. તૈયાર કરનાર સંસ્થા : ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ સ્પેસ સાયન્સ એન્ડ ટેકનોલોજી-IIST અને લેબોરેટરી ઓફ એટમોસ્ફીયર એન્ડ સ્પેશ ફિઝિક્સ યુનિવર્સિટી ઓફ કોલારાડો બોલ્ડર, USA

3. આયુષ્ય : 10 વર્ષ

(A) માત્ર 1 (B) માત્ર 2 **(C) માત્ર 3** (D) આપેલ તમામ

**3.** વિશ્વકર્મા જયંતિ નિમિતે ગુજરાત સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રના કેટલા ઔદ્યોગિક શ્રમિકોનું શ્રમ પારિતોષિક આપી સન્માન કરાયું

(A) 45 (B) 50 **(C) 64** (D) 71

**4.** ગુજરાત સરકાર દ્વારા શ્રમિકોને આપવામાં આવતા વિવિધ શ્રમ પુરસ્કારો-ઈનામી રકમમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી

**(A) રાજ્ય શ્રમદેવ પારિતોષિક : રૂ. 5,000**

(B) રાજ્ય શ્રમ વીર પારિતોષિક : રૂ. 10,000

(C) રાજ્ય શ્રમ ભૂષણ પારિતોષિક : રૂ. 15,000

(D) રાજ્ય શ્રમ રત્ન પારિતોષિક : રૂ.25,000

**5.**વિશ્વકર્મા જયંતિ નિમિતે ગુજરાતમાં શ્રમિકો માટે ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થના અધિકારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીને પારદર્શી અને સરળ બનાવતી કઈ એપ-પોર્ટલનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોંચીંગ કરાયું

(A) VISHWAKARMA (B) PARISHRAM

**(C) DISHA** (D) SHRAM

**6.** ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા ગુજરાત યુથ કોન્ક્લેવ 2.0 ખાતે UNICEFના કેટલા વર્ષ પૂર્ણ થવા નિમિત્તે UNICEF@75 કોફી ટેબલ બુકનું લોન્ચિંગ કરાયું

(A) 50 (B) 60 **(C) 75** (D) 100

**7.** ગુજરાતમાં બાળકો માટે "કન્જનાઇટલ હાર્ટ ડીસીઝ" જન-જાગૃતિ સપ્તાહ ક્યા સમયગાળા દરમિયાન યોજાયું

(A) તા. 1થી 7 ફેબ્રુઆરી-2022

**(B) તા. 7થી 14 ફેબ્રુઆરી-2022**

(C) તા. 10થી 17 ફેબ્રુઆરી-2022

(D) તા. 14થી 21 ફેબ્રુઆરી-2022

**8.** ફેબ્રુઆરી-2022માં ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના દંડક તરીકે કોની નિમણૂક કરાઇ

(A) નિરંજન પટેલ **(B) ડૉ. સી. જે. ચાવડા**

(C) શૈલેષ પરમાર (D) લલિત વસોયા

**9.** ISRO દ્વારા તા. 14 ફેબ્રુઆરીના રોજ વર્ષ 2022ના પ્રથમ મિશન તરીકે લોન્ચ કરવામાં આવેલા ત્રણ સેટેલાઇટમાં કોનો સમાવેશ થતો નથી

**(A) INS-2TO** (B) INS-2TD

(C) ઇન્સ્પાયરસેટ-1 (D) EOS-04

**10.** U.R.RAO સેટેલાઇટ સેન્ટર, બેંગ્લુરૂ દ્વારા તૈયાર કરાયેલા અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ EOS-04નો કાર્યકાળ જણાવો

(A) 02 વર્ષ (B) 05 વર્ષ (C) 07 વર્ષ **(D) 10 વર્ષ**

**11.** EOS-04 સેટેલાઇટ અંતરિક્ષમાં કેટલા કિલોમીટરના સૂર્યના સમકાલિક ધ્રુવીય કક્ષામાં ચક્કર કાપશે

(A) 525 **(B) 529** (C) 539 (D) 551

**12.** ફેબ્રુઆરી 2022માં ઇસરો દ્વારા લોન્ચ કરાયેલ INS-2TD સેટેલાઇટ વિશે નીચેનામાંથી ક્યા તથ્યો યોગ્ય છે

(A)પ્રકાર:ભવિષ્યમાં થનારી ઘટનાઓના સંકેત અણસાર માટે

(B) ભારત-ભૂતાન માટે સંયુક્ત સેટેલાઇટ (INS-2B)

**(C) A અને B બંને** (D) આપેલ પૈકી એક પણ નહીં

**13.** ઇસરો દ્વારા તા. 14 ફેબ્રુઆરી 2022ના રોજ PSLVની મદદથી એકસાથે ત્રણ સેટેલાઇટ ક્યાંથી લોન્ચ કરાયા

**(A) સતિષ ધવન સ્પેશ સેન્ટર, શ્રીહરિકોટા**

(B) ITR, ચાંદીપુર (C) ISRO બેંગ્લુરુ

(D) વિક્રમ સારાભાઇ સ્પેશ સેન્ટર કોચ્ચિ

**14.** કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-CPCB દ્વારા ભારતભરમાં સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર કયારથી પ્રતિબંધ મુકવાની જાહેરાત કરાઇ છે

(A) મે-2022 (B) જૂન-2022

**(C) જૂલાઇ-2022** (D) સપ્ટેમ્બર-2022

**15.** ફેબ્રુઆરી-2022માં કઇ એરલાઇન્સના નવા CEO અને MD તરીકે 51 વર્ષીય મૂળ તુર્કીના ઇલ્કર આયસીની નિયુક્તિ કરાઇ

(A) એમિરાટ (B) સ્પાઇસ જેટ

(C) જેટ એરવેઝ **(D) એર ઇન્ડિયા**

**16.** તા. 14 ફેબ્રુઆરી-2022ના રોજ કાશ્મીરમાં પુલવામા આંતકવાદી હુમલાની કેટલામી વરસી નિમિતે શહિદોને શ્રદ્ધાંજલિ અપાઇ

(A) પહેલી (B) બીજી **(C) ત્રીજી** (D) ચોથી

**17.** પુલવામામાં કયા અર્ધલશ્કરી દળોના કાફલા ઉપર આંતકવાદી હુમલો થયો હતો જેમાં 40 જવાનો શહીદ થયા હતા

(A) NDRF **(B) CRPF** (C) ITBP (D) SDRF

**18.** પુલવામામાં હુમલાના શહીદો માટે કયા શહેરમાં શહીદ સ્મારક બનાવવામાં આવ્યું છે

(A) લેહ (B) લદ્દાખ (C) જમ્મુ **(D) શ્રીનગર**

## DATE : 15-02-2022

### 1. અમ્બ્રેલા સ્કીમ : કેન્દ્ર સરકાર

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર દ્વારા પોલીસ દળોના આધુનિકીકરણ (MPF)ની અમ્બ્રેલા સ્કીમને ચાલુ રાખવા મંજૂરી**




**વિગત :**

- ✓ વર્ષ 2021-22 થી 2025-26 સુધીના સમયગાળા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળોના આધુનિકીકરણ અને કામગીરીમાં સુધારો કરવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહની પહેલને ચાલુ રાખવા મંજૂરી.
- ✓ રૂ. 26,275 કરોડના કુલ કેન્દ્રીય નાણાકીય ખર્ચ સાથે, આ યોજનામાં તમામ સંબંધિત પેટા યોજનાઓનો સમાવેશ થાય છે, જે આધુનિકીકરણ અને સુધારામાં ફાળો આપે છે.

**યોજનાની મુખ્ય લાક્ષણિકતાઓ :**

- ✓ 1) યોજના હેઠળ; દેશમાં એક મજબૂત ફોરેન્સિક સિસ્ટમ વિકસાવીને આંતરિક સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા, પોલીસ દ્વારા આધુનિક ટેક્નોલોજી અપનાવવા, ડ્રગ્સ નિયંત્રણ માટે રાજ્યોને મદદ અને ફોજદારી ન્યાય વ્યવસ્થાને મજબૂત બનાવવાની જોગવાઇઓ.
- ✓ 2) રાજ્ય પોલીસ દળોના આધુનિકીકરણ માટેની યોજના માટે કેન્દ્રીય ખર્ચ તરીકે રૂ. 4,846 કરોડ ફાળવાયા.
- ✓ 3) સંસાધનોના આધુનિકીકરણ દ્વારા વિજ્ઞાન-આધારિત અને સમયસર તપાસને સમર્થન આપવા માટે ઉચ્ચ ગુણવત્તાની ફોરેન્સિક વિજ્ઞાન સુવિધાઓ વિકસાવવી, જે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા સ્વતંત્ર રીતે સંચાલિત થાય છે. રૂ. 2,080.50 કરોડના ખર્ચ સાથે ફોરેન્સિક ક્ષમતાઓના આધુનિકીકરણ માટેની કેન્દ્રીય યોજનાને મંજૂરી.
- ✓ 4)જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશો, બળવાખોરીથી પ્રભાવિત ઉત્તર પૂર્વી રાજ્યો અને ડાબેરી ઉગ્રવાદ (LWE) પ્રભાવિત વિસ્તારોમાં સુરક્ષા સંબંધિત ખર્ચ માટે રૂ. 18,839 કરોડનો કેન્દ્રીય પરિવ્યય રખાયો.
- ✓ 5) ડાબેરી ઉગ્રવાદ (LWE)નો સામનો કરવા માટે 'રાષ્ટ્રીય નીતિ અને કાર્ય યોજના' ના અમલીકરણ સાથે, LWE હિંસાના બનાવોમાં ભારે ઘટાડો થયો. આ સિદ્ધિને આગળ લઇ જવા માટે, રૂ. 8,689 કરોડના કેન્દ્રીય ખર્ચ સાથે LWE સંબંધિત છ યોજનાઓને મંજૂરી. પરિસ્થિતિને વધુ મજબૂત કરવા માટે LWE પ્રભાવિત મોટાભાગના જિલ્લાઓ અને અન્ય સંબંધિત

જિલ્લાઓને વિશેષ કેન્દ્રીય સહાય (SCA) આ યોજનાઓમાં સામેલ કરાઇ

- ✓ 6) ઇન્ડિયન રિઝર્વ બટાલિયન/સ્પેશિયલ ઇન્ડિયન રિઝર્વ બટાલિયનની સ્થાપના માટે રૂ.350 કરોડના કેન્દ્રીય ખર્ચને મંજૂરી અપાઇ.
- ✓ 7) કેન્દ્રીય ક્ષેત્રની યોજના, 'દવા નિયંત્રણ માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સહાય' રૂ. 50 કરોડના ખર્ચ સાથે ચાલુ રખાઇ

**2. ખેલકૂદ : સિદ્ધિ**

**ભારતીય મહિલા ટીમના કેપ્ટન મિતાલી રાજે સચિન તેંદુલકરની લાંબી વન-ડે કારકિર્દીનો રેકોર્ડ તોડ્યો**




**મિતાલી રાજ ક્રિકેટ કેપ્ટન તરીકે વન-ડેમાં 5000 રન પૂરા કરનારી દુનિયાની પહેલી ક્રિકેટર બની**

- ✓ ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ બીજી વન-ડેમાં 66* રનની ઈનિંગ રમીને સિદ્ધિ હાંસલ કરી.

**મિતાલી રાજની વન-ડે કારકિર્દી :**

- ✓ મિતાલી તારીખ 12 ફેબ્રુઆરી 2020ના રોજ ન્યૂઝીલેન્ડ સામે મેદાનમાં ઊતરી ત્યારે તેની વન-ડે કારકિર્દી 22 વર્ષ 231 દિવસની થઇ ગઇ હતી.
- ✓ મેન્સ અને વિમેન્સ ક્રિકેટમાં લોંગેસ્ટ કારકિર્દીનો રેકોર્ડ સચિન તેંડુલકરના નામે હતો. જેની કારકિર્દીનો સમય 22 વર્ષ 91 દિવસની છે.
- ✓ મેન્સ ક્રિકેટમાં આ રેકોર્ડ સચિનના નામે જ રહ્યો છે. સચિને પ્રથમ વનડે 1989ની 18મી ડિસેમ્બર તથા અંતિમ વન-ડે 2012ની 18મી માર્ચે રમી હતી. મિતાલી રાજે પોતાની પ્રથમ વન ડે 1999ની 26મી જૂને રમી હતી.

**3. સિંગાપોર એર શો : વિશ્વના અત્યંત પ્રતિષ્ઠિત સિંગાપોર એર શોમાં ભારતના લડાયક વિમાન તેજસે કરતબનું પ્રદર્શન કર્યુ**




**વિગત :** ભારતે તેના સંરક્ષણ ક્ષેત્રના ઇતિહાસમાં પ્રથમ વખત ઇન્ટરનેશનલ એર શોમાં તેના લડાયક પ્લેનનું પ્રદર્શન કર્યુ.

- ✓ ભારતે છેલ્લા સાત વર્ષમાં ઘરઆંગણે લડાયક વિમાનના ઉત્પાદન મોરચે નોંધપાત્ર પ્રગતિ સાધી છે અને આજે તે એર શોમાં વૈશ્વિક ફલક પર તેના લડાયક વિમાન મૂકવા સમર્થ બન્યું.

**4. ઈતિહાસનું સૌથી મોટું દાન : વિશ્વના સૌથી અમીર વ્યક્તિ ઇલોન મસ્કે તેની કંપની ટેસ્લાના 6 બિલિયન ડોલર (અંદાજે રૂ. 45 હજાર કરોડ)ના શેર દાનમાં આપ્યા**




**શા માટે દાન કર્યું**

- ✓ એલન મસ્કના દાન પાછળનું એક મોટું કારણ એ છે કે તે યુએસ સરકારને ટેક્સ ચૂકવવાનું ટાળશે કારણ કે દાન કરવામાં આવેલ પૈસા પર ટેક્સ લાગતો નથી. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ એલન મસ્કે ગત વર્ષે ટેસ્લા સ્ટોક ઓપ્શન્સનું મોટા પ્રમાણમાં રિડમ્પશન કર્યું હતું.

**મસ્કે આ દાન કોને આપ્યું?**

- ✓ એલન મસ્ક એ સમયે સંયુક્ત રાષ્ટ્રને કહ્યું હતુ કે જો તમે ખાતરી આપો કે તેમના એક સમયના દાનથી સમગ્ર વિશ્વમાં ભૂખમરાનો અંત આવશે, તો તેઓ તેમની 6 અબજ ડોલરની સંપત્તિ દાન કરવા તૈયાર છે. તેના પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે એલન મસ્કે આ દાન યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (UNWFP)ને આપ્યું હશે.
- ✓ ઘણા લોકો એવું પણ માને છે કે મસ્કે આ પૈસા યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (UNWFP)ને નહીં, પરંતુ તેના પોતાના ચેરિટી ફાઉન્ડેશનને આપ્યા છે. મસ્કના ફાઉન્ડેશને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાની સ્પર્ધા માટે 10 કરોડ ડોલર અને કોવિડ સંબંધિત સંશોધન કરી રહેલા બે વૈજ્ઞાનિકોને 50 લાખ ડોલર સહિત અનેક મોટા દાન આપ્યા છે.

**5. નવીન નામકરણ : તુર્કી દેશનું નવું નામ "તુર્કીયે" કરાયું**

**વિગત :**

- ✓ તુર્કીના વર્તમાન રાષ્ટ્રપતિ રેચેપ તૈય્યપ અર્દોગાન દ્વારા નવા નામની જાહેરાત કરાઇ
- ✓ **અર્થ : તુર્ક લોકોનું વતન એટલે તુર્કી**
- ✓ ટર્કિશ ભાષામાં તુર્કીને તુર્કીયે તરીકે જ ઓળખવામાં આવે છે
- ✓ **રાજધાની : અંકારા**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (15-02-2022)

**1.** રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળોના આધુનિકીકરણ અને કામગીરીમાં સુધારો કરવા માટેની અમ્બ્રેલા સ્કીમને આગામી સમયગાળા માટે ચાલુ રાખવા કેન્દ્ર સરકાર દ્વારા ફેબ્રુઆરી-2022માં મંજૂરી અપાઇ

(A) વર્ષ 2020-21 થી વર્ષ 2024-25 સુધી

**(B) વર્ષ 2021-22 થી વર્ષ 2025-26 સુધી**

(C) વર્ષ 2021-22 થી વર્ષ 2022-23 સુધી

(D) વર્ષ 2022-23 થી વર્ષ 2026-27 સુધી

**2.** પોલીસ દળોના આધુનિકીકરણ (MPF) માટેની અમ્બ્રેલા સ્કીમના અમલ માટે કેન્દ્ર સરકારે કુલ કેટલી રકમ ફાળવી છે

(A) રૂ. 20,257 કરોડ (B) રૂ. 24,527 કરોડ

**(C) રૂ. 26,275 કરોડ** (D) રૂ. 28,725 કરોડ

**3.** ભારતીય મહિલા ટીમના કેપ્ટન મિતાલી રાજે ફેબ્રુઆરી-2022માં ક્યા ભારતીય ક્રિકેટરની લાંબી વન-ડે કારકિર્દીનો રેકોર્ડ તોડ્યો

**(A) સચિન તેંડુલકર** (B) સૌરવ ગાંગુલી

(C) કપિલ દેવ (D) મહેન્દ્રસિંહ ધોની

**4.** ભારતીય મહિલા ક્રિકેટર મિતાલી રાજ ફેબ્રુઆરી-2022માં કેપ્ટન તરીકે વન-ડેમાં કેટલા રન પૂરા કરનારી દુનિયાની પહેલી ક્રિકેટર બની

(A) 4000 **(B) 5001** (C) 6000 (D) 8001

**5.** ફેબ્રુઆરી-2022માં વિશ્વના અત્યંત પ્રતિષ્ઠિત સિંગાપોર એર શોમાં ભારતના કયા લડાયક વિમાને પોતાના શ્રેષ્ઠ કરતબો રજૂ કર્યાં હતા

(A) સુખોઈ **(B) તેજસ** (C) મિરાજ (D) રફાલ

**6.** ફેબ્રુઆરી-2022માં વિશ્વના સૌથી કયા અમીર વ્યક્તિએ ઈતિહાસનું સૌથી મોટુ 6 બિલિયન ડોલર અંદાજે રૂ. 45 હજાર કરોડનું દાન કર્યું

(A) જેફ બેજોસ (B) બિલ ગેટ્સ

(C) વોરેન બફેટ **(D) ઇલોન મસ્ક**

**7.** તુર્કીના વર્તમાન રાષ્ટ્રપતિ રેચેપ તૈય્યપ અર્દોગાન દ્વારા ફેબ્રુઆરી-2022માં તુર્કીના કયા નવા નામની જાહેરાત કરાઈ

(A) તુર્કિંટે **(B) તુર્કીયે** (C) ટર્કે (D) તુરકે

**DATE : 16-02-2022**

**1. નિર્ણય : બાઇક-સ્કૂટર પર 9 મહિનાથી ચાર વર્ષના બાળકને કેસ હેલમેટ ફરજિયાત**

**કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલય**

**અમલ : તા. 15 ફેબ્રુઆરી 2023થી**

**સેફ્ટી હાર્નેસ હોવું જોઈશે**

- ✓ નવા નિયમ મુજબ બાળક જો દ્વિચક્રી વાહન પર ચાલકની પાછળ બેઠેલું હોય તો તેની સુરક્ષા માટે પણ પૂરતા ઉપાય જોઇશે. તે માટે દ્વિચક્રી વાહન ચાલક અને તેની પાછળ બેઠેલા બાળકે પણ સુરક્ષાના હેતુસર સેફ્ટી હાર્નેસ ધારણ કરવું જોઇશે.
- ✓ સેફ્ટી હાર્નેસ બાળકને ચાલક સાથે બાંધી રાખે છે. નવા નિયમ મુજબ સેફ્ટી હાર્નેસ હળવા વજનનું, ટકાઉ અને એવા નાયલોનનું બનેલું હોવું જોઇએ કે જે 30 કિલો સુધીનું વજન ઉપાડી શકે.

**સ્પીડ પર લાગશે બ્રેક**

- ✓ નવા નિયમોમાં કહેવામાં આવ્યું છે કે દ્વિચક્રી વાહન પર ચાર વર્ષ કરતાં નાનું બાળક બેઠેલું હોય તો વાહનની ગતિ 40 કિ.મી. પ્રતિ કલાકથી વધુ ના હોવી જોઇએ.
- ✓ ગતિ વધુ હોય અને બાળક પડી જાય તો બાળકે હેલમેટ ધારણ કરેલું હોય તેમ છતાં ઇજા પહોંચવાની શક્યતા રહે છે.

**2. કેન્દ્રીય મંત્રીમંડળ : ભારતના G20 પ્રમુખપદ અને G20 સચિવાલયની સ્થાપના અને સ્ટાફિંગ સહિતની આનુષાંગિક તૈયારીઓને મંજૂરી**




**ભારતના G20 પ્રમુખપદ વિશે :**

- ✓ ભારત 1 ડિસેમ્બર 2022 થી 30 નવેમ્બર 2023 સુધી G20નું પ્રમુખપદ સંભાળશે, જે વર્ષ 2023 માં ભારતમાં G20 સમિટ સાથે સમાપ્ત થશે. G20 એ આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ માટેનું અગ્રણી મંચ છે જે વૈશ્વિક આર્થિક શાસનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- ✓ G20 સચિવાલય બહુપક્ષીય મંચ પર વૈશ્વિક મુદ્દાઓ પર ભારતના નેતૃત્વ માટે જ્ઞાન અને કુશળતા સહિત લાંબા ગાળાની ક્ષમતા નિર્માણને સક્ષમ કરશે.

**ભૂમિકા :**

- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે G20 સચિવાલયની સ્થાપના અને તેના રિપોર્ટિંગ માળખાને મંજૂરી આપી છે, જે સમગ્ર નીતિગત નિર્ણયોના અમલીકરણ અને ભારતની આગામી G20 પ્રેસિડન્સીના સંચાલન માટે જરૂરી વ્યવસ્થાઓ માટે જવાબદાર હશે.
- ✓ પ્રેક્ટિસ મુજબ, ભારતની G20 પ્રેસિડેન્સીના વાસ્તવિક/જ્ઞાન/ સામગ્રી, ટેકનિકલ, મીડિયા, સુરક્ષા અને લોજિસ્ટિકલ પાસાઓને લગતા કામને નિયંત્રિત કરવા માટે G20 સચિવાલયની સ્થાપના કરવામાં આવી રહી છે. તે વિદેશ મંત્રાલય, નાણા મંત્રાલય અને અન્ય સંબંધિત મંત્રાલયો/વિભાગો અને ડોમેન જ્ઞાન નિષ્ણાતોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સંચાલિત કરાશે. સચિવાલય ફેબ્રુઆરી 2024 સુધી કાર્યરત રહેશે.
- ✓ સચિવાલયને પ્રધાનમંત્રીની આગેવાની હેઠળની સર્વોચ્ચ સમિતિ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે, અને તેમાં નાણાં પ્રધાન, ગૃહ મંત્રી, વિદેશ મંત્રીઅને G20 શેરપા (વાણિજ્ય અને ઉદ્યોગ, કાપડ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી સામેલ છે. ભારતના G20 પ્રેસિડેન્સી માટે.

**સર્વોચ્ચ સમિતિ વિશે**

- ✓ તમામ G20 તૈયારીઓની દેખરેખ રાખવા અને સર્વોચ્ચ સમિતિને રિપોર્ટ કરવા માટે એક સંકલન સમિતિની પણ રચના કરવામાં આવશે.

**3. નિધન : બોલિવૂડના સંગીત-નિર્દેશક બપ્પી લહેરીનું 69 વર્ષની વયે મુંબઈમાં નિધન**




**બપ્પી લહેરીનો પરિચય :-**

- ✓ **જન્મ : તા. 27 નવેમ્બર 1952**

- **જન્મ સ્થળ : પશ્ચિમ બંગાળ**
- **અવસાન : તા. 16 ફેબ્રુઆરી-2022**
- **ઉપનામ : ડિસ્કો કિંગ**
- **કર્મ ભૂમિ : મુંબઇ**
- **મૂળ નામ : આલોકેશ લહેરી/લાહિડી**
- **એવોર્ડ:લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ-2018**

**સંગીત કારકિર્દી :**

- અંદાજે 5,000 ગીત કંમ્પોઝ કર્યાં
- 3 વર્ષની ઉંમરમાં તબલા વગાડવાનું શરૂ કર્યું.
- બપ્પી લહેરી સોનું પહેરવાની તેમની શૈલી માટે પણ જાણીતા હતા.
- બપ્પી લહેરી ઇન્ડસ્ટ્રીમાં તેમના અલગ અવાજ અને સંગીત માટે જાણીતા હતા.
- વર્ષ 1975માં આવેલી ફિલ્મ 'જખ્મી'થી તેમને ઓળખ મળી હતી.
- ભારતમાં પોપ સંગીત લાવવાનું શ્રેય બપ્પી લહેરીને જ અપાય છે.

**બપ્પી દા સાથે જોડાયેલા રસપ્રદ ફેક્ટ્સ**

- મુંબઈમાં એન્ટ્રીઃ 19 વર્ષની ઉંમરમાં સ્વપ્નોના શહેર આવ્યા.
- પહેલી તકઃ બંગાળી ફિલ્મ 'દાદૂ' (1974)
- પહેલી હિન્દી ફિલ્મ: 'નન્હા શિકારી' (1973)
- પહેલી હિન્દી કમ્પોઝિશન:તૂ હી મેરા ચંદા (ફિલ્મઃ નન્હા શિકારી)
- પહેલી વખત ફ્યુઝન મ્યુઝિકનો ઉપયોગઃ 1982માં 'પગ ઘુંઘરૂ બાંધ મીરા નાચી થી' (નમક હલાલ) – ગીત 12 મિનિટ લાંબુ હતું.
- મ્યુઝિક ડિરેક્ટર ડેબ્યૂ:બપ્પી દાએ બોલિવૂડમાં મ્યુઝિક ડિરેક્ટર તરીકે
- ફિલ્મ 'એક અધૂરા સંગીત'થી ડેબ્યૂ કર્યું.
- છેલ્લું બોલિવૂડ ગીતઃ 2020ની ફિલ્મ 'બાગી 3' માટે 'ભંકસ' હતું. આ ગીત વર્ષ 1984ની ફિલ્મ 'તોહફા'ના ગીત 'એક આંખ મારું તો...'નું રિમેક હતું. તેના ઓરિજિનલ ગીતને પણ બપ્પી દાએ જ કમ્પોઝ કર્યું હતું.
- અધુરી ઇચ્છાઃ બપ્પી દાએ આમ તો અનેક એવોર્ડ જીત્યા પણ ગ્રેમી મેળવવાની તેમની ઇચ્છા અધુરી રહી ગઇ. તેમણે કુલ પાંચ વખત ગ્રેમી માટે એન્ટ્રી મોકલી. છેલ્લી વખત 'ઇન્ડિયન મેલોડી' નામથી આલ્બમ મોકલ્યું જેમાં સૂફી, લોક ગીત અને ભારતીય સંગીતશૈલીના બીજા ગીત તેમણે પ્રસ્તુત કર્યા.

**4. RBI : ઝોમ્બી' કંપનીઓ વિશે**

- ઝોમ્બી કંપનીઓ એટલે એવી કંપનીઓ જે સતત ખોટ કરતી હોય અને ઉત્પાકદીય પ્રવૃત્તિઓના નામે શૂન્ય કામગીરી હોય તેમજ ઉંચા વ્યાજે લોન લઇ અસ્તિત્વ ટકાવી રાખવાનો પ્રયાસ કરે છે.
- સામાન્ય રીતે જ્યારે બેન્કો સરળ ધિરાણ નીતિ કે નીચા વ્યાજે લોન આપતી હોય છે ત્યારે ઝોમ્બી કંપનીઓ તેનો લાભ લેવા પહોંચી જાય છે. આથી ખરેખર જેમને નીચા વ્યાજે લોન મળવી જોઇએ તેમને મળતી નથી અને અર્થતંત્રને તેનો પુરતો ફાયદો થતો નથી.
- ભારતના કોર્પોરેટ સેક્ટરને આપેલી કુલ બેન્ક ધિરાણની 10 ટકા રકમ એટલે કે રૂ. 11.4 લાખ કરોડ જેટલી જંગી લોન 'ઝોમ્બી કંપનીઓને' આપવામાં આવી છે.

**5. UN : સંયુક્ત રાષ્ટ્ર મિશન સેવાના 69 સભ્યોની પેનલમાં પહેલીવાર 25 ટકા મહિલા અધિકારી**



- દેશમાં પહેલીવાર સંયુક્ત રાષ્ટ્ર પસંદગી સહાયતા અને મૂલ્યાંકન ટીમ 2022-24 માટે 69 સભ્યોની પેનલમાં પહેલીવાર 25%થી વધુ મહિલા પોલીસ અધિકારીઓની પસંદગી કરાઇ.
- પેનલના સભ્યોને વિદેશોમાં 5 ભારતીય મિશનો પર તહેનાત કરાશે જેમાં સાઇપ્રસ, દક્ષિણ સુદાન તથા માલી સામેલ

**6. જન્મ દિન વિશેષ : મહા સુદ પુનમ**

**કવિ અને દલિત સંત રવિદાસજીની 645મી જન્મ જયંતી**




- લગભગ છસો વર્ષ પહેલા ભારતીય સમાજ અનેક બુરાઇઓથી ગ્રસ્ત હતો. તે સમયે રૈદાસ જેવા સમાજ-સુધારક સંતોનો પ્રાદુર્ભાવ થયો.
- રૈદાસનો જન્મ વિક્રમ સંવંત 1433માં મહા સુદ પુનમના દિવસે કાશીમાં ચર્મકાર કુળમાં થયો હતો.
- સંત કવિ રૈદાસ (રોહીદાસ) અથવા રવિદાસ તે મહાન સંતોમાં અગ્રણી હતાં જેમણે પોતાની રચનાઓના માધ્યમથી સમાજમાં વ્યાપ્ત બુરાઇઓ ને દૂર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન કર્યું.
- એમની રચનાઓની વિશેષતા લોક-વાણીનો અદ્વિતીય પ્રયોગ રહ્યો છે. જેનાથી જનમાનસ પર એનો અમિટ પ્રભાવ પડે છે.
- મધુર અને સહજ સંત રૈદાસ ની વાણી જ્ઞાનાશ્રયી હોવા છતાં પણ જ્ઞાનાશ્રયી અને પ્રેમાશ્રયી શાખાઓ ના મધ્ય સેતુ જેવી છે.
- પ્રાચીનકાળથી જ ભારતમાં વિભિન્ન ધર્મો તથા મતોના અનુયાયી નિવાસ કરે છે. આ બધામાં મેલ-જોલ અને ભાઈચારો વધારવા માટે સંતો એ સમયે-સમયે મહત્વપૂર્ણ યોગદાન દીધું છે. આવા સંતોમાં રૈદાસ નું નામ અગ્રગણ્ય છે. તેઓ સંત કબીર ના ગુરૂભાઈ હતા કેમ કે તેમના ગુરુ પણ સ્વામી રામાનંદ હતાં.

**7. દિન વિશેષ : 16 ફેબ્રુઆરી**

**લોક સંસ્કૃતિકાર પુષ્કર ચંદરવાકર**



**જન્મ : 16 ફેબ્રુઆરી 1921 અવસાન : 16 ઓગસ્ટ 1995**

- આજે ગુજરાતી લોકસાહિત્યના સીમાચિન્હ રૂપ સંશોધક પુષ્કર ચંદરવાકરનો જન્મદિવસ.

- ✓ <u>અમદાવાદ જિલ્લાના ધંધૂકા તાલુકાના ચંદરવા ગામે જન્મેલા</u> પુષ્કર પ્રભાશંકરે ગામના નામને અટક તરીકે ધારણ કરી ચંદરવાકર બન્યા હતા.
- ✓ તેઓનું મહત્વપૂર્ણ યોગદાન ગુજરાત અને ભારતના લોકસાહિત્યના સંશોધન અને લેખનના ક્ષેત્ર છે.

<u>સાહિત્યિક પ્રદાન :</u>

- ✓ રાંકના રતન, પ્રિયદર્શિની, ઘર જ્યોત, નંદવાયેલા હૈયા, બાવડાના બળે, ભવની કમાણી, માનવીનો મેળો, લીલુડા લેજો, નવા ચીલે, ધરતી ભાર શે ઝીલશે, ઝાંઝવાના નીર, બાંધણી, અંતરદીપ, શુકનવંતી, પિયરનો પડોશી, મહિના ઓવારે, ચંદર ઉગે ચાલવું, વાગે રૂડી વાંસળી, ખેતરનો ખેડુ, ઓખામંડળની લોકકથાઓ, ઓલ્યા કાંઠાના અમે પંખીડા, શ્રેયાર્થી દાદાસાહેબ માવલંકર જેવી નવલકથા, એકાંકી, વિવેચન લો વિધા અને ચરિત્ર સાહિત્યને લગતા પુસ્તકો લખ્યા છે.

<u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (16-02-2022)</u>

**1.** કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી 2022માં કરેલા નિર્ણય મુજબ કઈ ઉંમરના બાળકોને દ્વિચક્રી વાહન પર ક્રેસ હેલમેટ ફરજિયાત કરાશે

(A) 6 મહિનાથી ત્રણ વર્ષ **<u>(B) 9 મહિનાથી ચાર વર્ષ</u>**

(C) એક થી ચાર વર્ષ (D) બે થી પાંચ વર્ષ

**2.** 9 મહિનાથી ચાર વર્ષ સુધીના બાળકોને દ્વિચક્રી વાહન પર ક્રેસ હેલમેટ ફરજિયાત કરવાના નિર્ણયનો અમલ ક્યારથી કરાશે

(A) તા. 22 ફેબ્રુઆરી 2022થી (B) તા. 28 ફેબ્રુઆરી 2022થી

(C) તા. 1 ફેબ્રુઆરી 2023થી **<u>(D) તા. 15 ફેબ્રુઆરી 2023થી</u>**

**3.** કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ભારતના G20 પ્રમુખપદ અને G20 સચિવાલયની સ્થાપના માટે અપાયેલી મંજૂરીઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી

(A) ભારત 1 ડિસેમ્બર 2022 થી 30 નવેમ્બર 2023 સુધી G20નું પ્રમુખપદ સંભાળશે

**<u>(B) આ G20 સચિવાલયનું સમગ્ર નેતૃત્વ વિદેશ મંત્રાલય કરશે</u>**

(C) G20નું પ્રમુખપદ વર્ષ 202માં ભારતમાં G20 સમિટ સાથે સમાપ્ત થશે

(D) સચિવાલય ફેબ્રુઆરી 2024 સુધી કાર્યરત રહેશે

**4.** ફેબ્રુઆરી-2022માં બોલિવૂડના સંગીત-નિર્દેશક બપ્પી લહેરીનું 69 વર્ષની વયે ક્યાં નિધન થયુ

(A) દિલ્હી (B) કોલકત્તા (C) બેંગ્લોર **<u>(D) મુંબઈ</u>**

**5.** બોલિવૂડના સંગીત-નિર્દેશક બપ્પી લહેરી સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. જન્મ : તા. 27 નવેમ્બર 1952, પશ્ચિમ બંગાળ
2. ઉપનામ : ડિસ્કો કિંગ
3. મૂળ નામ : આલોકેશ લહેરી/લાહિડી
4. એવોર્ડ:લાઈફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ-2018

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 2 અને 4 **<u>(D) આપેલ તમામ</u>**

**6.** એવી કંપનીઓ જે સતત ખોટ કરતી હોય અને ઉત્પાદકીય પ્રવૃત્તિઓના નામે શૂન્ય કામગીરી હોય તેમજ ઉંચા વ્યાજે લોન લઇ અસ્તિત્વ ટકાવી રાખવાનો પ્રયાસ કરતી હોય એવી કંપનીઓને કયા નામે ઓળખવામાં આવે છે

(A) હાઈ વેલ્યુ કંપની **<u>(B) ઝોમ્બી કંપની</u>**

(C) ગ્રોથ કંપની (D) રિસ્કી કંપની

**7.** UNમાં સંયુક્ત રાષ્ટ્ર મિશન સેવામાં વર્ષ 2022-24 માટે 69 સભ્યોની પેનલમાં પ્રથમવાર કેટલા ટકા મહિલા અધિકારીની પસંદગી કરાઈ

(A) 10 (B) 15 **<u>(C) 25</u>** (D) 33

**8.** તાજેતરમાં મહા સુદ પુનમના રોજ કવિ-દલિત સંત રવિદાસજીની કેટલામી જન્મજયંતી ભારતભરમાં મનાવવામાં આવી

(A) 555 (B) 599 (C) 601 **<u>(D) 645</u>**

**9.** લોકસાહિત્યના સીમાચિન્હ રૂપ સંશોધક, લોકસંસ્કૃતિકાર પુષ્કર ચંદરવાકરનો જન્મ દિવસ જણાવો

(A) તા. 15 ફેબ્રુઆરી 1911 **<u>(B) તા. 16 ફેબ્રુઆરી 1921</u>**

(C) તા. 17 ફેબ્રુઆરી 1925 (D) તા. 18 ફેબ્રુઆરી 1929

**10.** લોકસાહિત્યકાર પુષ્કર ચંદરવાકરનું જન્મસ્થળ કયુ છે

(A) ચાંદરણા ગામ, તા. ધંધૂકા જિ. અમદાવાદ

(B) ચંદરકવા ગામ, તા. ધંધૂકા જિ. અમદાવાદ

**<u>(C) ચંદરવા ગામ, તા. ધંધૂકા જિ. અમદાવાદ</u>**

(D) ચાંદરણા ગામ, તા. ધંધૂકા, જિ. અમદાવાદ

**DATE : 17-02-2022**

**<u>1. ખેલ મહાકુંભ : ગુજરાત સરકાર</u>**




**<u>ખેલમહાકુંભમાં નોંધણી માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદથી કર્ટેન રેઈઝર પોર્ટલનો શુભારંભ</u>**

**<u>વિશેષતાઓ :</u>**


- ✓ વિવિધ 29 રમતો રમાશે
- ✓ **ધ્યેય મંત્ર : રમશે ગુજરાત... જીતશે ગુજરાત**
- ✓ તા. 18 ફેબ્રુઆરી, 2022થી રજિસ્ટ્રેશન શરૂ
- ✓ Online રજિસ્ટ્રેશન તથા વધુ વિગતો માટે <u>વેબસાઇટ khelmahakumbh.gujarat.gov.in</u>
- ✓ ટોલ ફ્રી : 1800 274 6151
- ✓ કુલ રૂ. 30 કરોડના ઇનામો
- ✓ દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલમહાકુંભ

**<u>સ્પોર્ટ્સ કારકિર્દી માટેની યોજનાઓનો લાભ</u>**

- ✓ "સાહસ, ઉમ્મીદ અને અવસરોનો સંગમ એટલે "ખેલમહાકુલ', રમતવીરો થઇ જાઓ તૈયાર અને કરો સંકલ્પ, આવો રમતગમત ક્ષેત્રમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે નવા કીર્તિમાન સ્થાપિત કરીને ગુજરાતનું ગૌરવ વધારીએ."
- ✓ <u>રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વતંત્ર હવાલો) મંત્રી : શ્રી હર્ષ સંઘવી</u>
- ✓ **<u>આયોજક :</u>** <u>સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાત, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ</u>

**<u>2. વિદ્યાસહાયક-પ્રાથમિક શિક્ષકો માટે મહત્વનો નિર્ણય - ગુજરાત શિક્ષણ વિભાગ : 10 વર્ષ બાદ શિક્ષકોની બદલી-બઢતીના નિયમોમાં ફેરફાર કરાયો, જિલ્લા ફેરબદલીની અરજી 10ને બદલી 5 વર્ષે કરી શકાશે</u>**

## મહત્વના નવા નિયમો :




**નવા શિક્ષક આવે ત્યારે જ છૂટા થવાનું રહેશે**

✓ જે શાળામાં બદલીવાળા શિક્ષકોને છૂટા કરવાના કારણે શૂન્ય શિક્ષકવાળી શાળા થતી હોય ત્યાં છેલ્લે છૂટા થવા પાત્ર શિક્ષકને નવા શિક્ષક આવે ત્યારે જ છૂટા થવાનું રહેશે. છેલ્લા ત્રણ વર્ષમાં બદલી થયેલી હોય અને છૂટા ન કરાયા હોય તેવા તમામ શિક્ષકોને પણ આ નિર્ણય લાગુ પડશે.

✓ **શિક્ષણ મંત્રી : શ્રી જીતુભાઈ વાઘાણી**

### 3. નવી બાયો ટેકનોલોજી પોલિસી જાહેર – ગુજરાત સરકાર : રૂ. 20,000 કરોડનું રોકાણ અને 1.20 લાખને રોજગારીનું લક્ષ્યાંક

✓ **સ્થળ : અમદાવાદ**

✓ **સમયગાળો : વર્ષ-2022થી 2027 (પાંચ વર્ષ)**




✓ ઇલેક્ટ્રિસિટી ડ્યુટી પર 100 ટકા વળતર, મહિલા કર્મચારી માટે 100 ટકા EPF સહાય: સ્પેશ્યલ પ્રોજેક્ટસને 200 કરોડની મહત્તમ મર્યાદામાં કુલ મૂડી ખર્ચના 25 ટકા અને 25 કરોડ પ્રતિવર્ષની મર્યાદામાં ઓપરેટિંગ ખર્ચમાં 15 ટકા સુધીની સહાય અપાશે

**હેતુ :**

✓ રાજ્યમાં બાયોટેકનોલોજી ઉદ્યોગો વધુ વિકાસ પામે અને ગુજરાતને તેનો મહત્તમ લાભ મળે તે આ નવી બાયોટેક્નોલોજી પોલિસીનો હેતુ છે. બાયોટેક્નોલોજી ક્ષેત્રે વધુ રોકાણો આકર્ષવા માટે વિવિધ સ્ટેકહોલ્ડર્સ જેમાં શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ, સ્ટાર્ટ-અપ્સ અને ઉદ્યોગ સાહસિકો સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો અને તેમના રચનાત્મક સૂચનોને પણ બાયોટેક્નોલોજી પોલિસી 2022-27માં આવરી લેવાયા છે.

**પોલિસીની વિશિષ્ટ જોગવાઇ :**

**1.** એક વર્ષથી વધારે સમય સુધી અરજકર્તા કંપની સાથે જોડાયેલ હોય તેવા પ્રત્યેક સ્થાનિક પુરૂષ અને મહિલાને અનુક્રમે રૂ. 50,000 અને રૂ. 60,000ની સહાય અપાશે.

**2.** પ્રત્યેક મહિલા અને પુરૂષ કર્મચારી માટે અરજકર્તા કંપનીએ ભરેલ એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઉપર અનુક્રમે 100% અને 75% વળતર.

**3.** 100 કરોડ સુધીની ટર્મ લોન ઉપર ભરેલ વ્યાજ સામે વાર્ષિક 7 કરોડની ટોચમર્યાદામાં, 7%ના દરે ત્રિમાસિક વળતર. ઉપરાંત, 100 કરોડથી વધુની ટર્મ લોન ઉપર, વાર્ષિક 20 કરોડની મહત્તમ મર્યાદામાં, ભરેલ વ્યાજ સામે 3% ના દરે ત્રિમાસિક વળતર.

**4.** પાંચ વર્ષ માટે ભરેલ ઇલેક્ટ્રીસીટી ડ્યુટી ઉપર 100% વળતર.

**5.** દેશમાં ઉત્પાદન ન થતી હોય તેવી પ્રોડક્ટસનું ઉત્પાદન કરતા ઉદ્યોગોને આત્મનિર્ભર ભારત વિઝનને સાકાર કરવાના ઉદ્દેશ્યથી સ્ટ્રેટેજીક મહત્વના પ્રોજેક્ટ્સ હેઠળ સમાવેશ કરી ઇકોસીસ્ટમ સશક્તિકરણ તથા મેગા અને લાર્જ પ્રોજેક્ટસને મળતા સ્પેશીયલ પેકેજ દ્વારા વધારાની સહાય.

**6.** સ્પેશીયલ પેકેજ હેઠળ મંજુરી મળેલા પ્રોજેક્ટસને રાજ્ય સરકારના આંતર-વિભાગીય સંકલન અને સિંગલ પોઇન્ટ ઓફ કોન્ટેકટથી જમીન ફાળવણી તથા અન્ય પાયાની ઇન્ફ્રાસ્ટ્રક્ચર સબંધિત જરૂરીયાતો જેમ, અપ્રોચ રોડ, પાણી-પૂરવઠો, ઈલેક્ટ્રીસિટી, ગટર માટે સુવિધા.

**પોલિસીની વિશેષતા :**

**1.** ઈનોવેટીવ CAPEX તેમજ OPEX મોડેલથી એકંદરે સહાયનો દર અને સહાયની માત્રા એમ બન્નેમાં મહત્વપૂર્ણ વધારો કરવામાં આવ્યો છે.

**2.** આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવા સ્ટ્રેટેજીક પ્રોજેક્ટ્સ અને લાર્જ પ્રોજેક્ટસને સ્પેશ્યલ પેકેજ આપીને આગવું મહત્વ આપવામાં આવ્યું છે.

**3.** રૂ. 200 કરોડથી ઓછી મૂડી-રોકાણ વાળા MSME ઉદ્યોગોને 40 કરોડની મહત્તમ મર્યાદામાં અને 200 કરોડથી વધુ મૂડી-રોકાણવાળા મેગા અને લાર્જ પ્રોજેક્ટસને, તેમજ ઇકોસીસ્ટમ સશક્તિકરણ, ઇમર્જીંગ ટેકનોલોજીસ ઇન ચેલેન્જીંગ એરિયાઝ અને સ્ટ્રેટેજીક મહત્વતા ધરાવતા સ્પેશ્યલ પ્રોજેક્ટસને 200 કરોડની મહત્તમ મર્યાદામાં કુલ મૂડી ખર્ચના 25% સહાય, કુલ પાંચ વર્ષમાં 20 ત્રિમાસિક હપ્તાના સ્વરૂપમાં અપાશે.

**4.** રૂ. 200 કરોડથી ઓછી મૂડી-રોકાણ વાળા MSME ઉદ્યોગોને પ્રતિવર્ષ પાંચ કરોડ પ્રતિવર્ષની મહત્તમ મર્યાદામાં અને રૂ. 200 કરોડથી વધુ મૂડી-રોકાણ વાળા મેગા અને લાર્જ પ્રોજેક્ટસને, તેમજ ઇકોસીસ્ટમ સશક્તિકરણ જેવા સ્પેશ્યલ પ્રોજેક્ટસને 25 કરોડ પ્રતિવર્ષની મહત્તમ મર્યાદામાં કુલ ઓપરેટિંગ ખર્ચના 15% સહાય અપાશે.

**5.** આ સહાયમાં પાવર ટેરિફ, પેટન્ટ સહાય, માર્કેટિંગ ડેવલપમેન્ટ સહાય, લીઝ રેન્ટલ સબસિડી, બેન્ડવિડ્થ લીઝિંગ, અને ક્વોલીટી સર્ટીફીકેશન માટેના ખર્ચનો સમાવેશ કરવામાં આવ્યો છે

✓ **વિભાગ : સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ**

✓ **મંત્રી : શ્રી જીતુભાઈ વાઘાણી**

### 4. વરિષ્ઠ નાગરિકોની સુવિધા માટે એક મહત્વપૂર્ણ પગલું : આધારફેસઆરડી એપ

**જીવન પ્રમાણપત્ર માટે ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજીની શરૂઆત**

✓ ટેકનોલોજીના માધ્યમથી ઇઝ ઓફ લિવિંગને પ્રોત્સાહિત કરવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે.




✓ <u>પેન્શન મેળવનારા નાગરિક આધારફેસઆરડી એપની મદદથી ઘેર</u> બેઠાં પોતાનું જીવન પ્રમાણપત્ર જમા કરી શકે છે.

**<u>સુવિધા-પ્રક્રિયા :</u>**

✓ તમારા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન પર ગૂગલ પ્લે સ્ટોર પરથી આધારફેસઆરડી એપ ડાઉનલોડ કરો. જીવન પ્રમાણપત્ર ફેસ એપ્લિકેશનને <u>https://jeevanpramaan.gov.in/package/download પછી ડાઉનલોડ કરો.</u>

✓ ફેસ સ્કેનના માધ્યમથી ઓપરેટર ઓથેન્ટિકેશનની સુવિધા.

✓ ફેસ સ્કેનના માધ્યમથી જીવન પ્રમાણપત્ર માટે પેન્શનર ઓથેન્ટિકેશનની સુવિધા,

✓ ઓથેન્ટિકેશન પ્રક્રિયા પૂર્ણ થતાં પેન્શન જારી કરનાર બેન્ક અથવા એજન્સીથી કન્ફર્મેશનનો મેસેજ આવશે.

**<u>5. નાણાકીય વર્ષ 2021-22 માટેનો આગોતરો અંદાજ : કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય-કેન્દ્ર સરકાર</u>**

✓ દેશમાં અનાજ-કઠોળનું રેકોર્ડ 31.6 કરોડ ટન ઉત્પાદન થશે, દેશમાં ઘઉં, દાળ, સરસવ, ચણા-મકાઈનું ઉત્પાદન વધશે

**<u>ઉત્પાદનની સંભાવના :</u>**

✓ અંદાજ મુજબ દેશમાં કુલ ખાદ્યાન્નનું ઉત્પાદન નાણાકીય વર્ષ 20-21ના રેકોર્ડ ઉત્પાદન કરતાં 53 લાખ ટન વધશે. ઉલ્લેખનીય છે કે ઘઉં, ડાંગર, મકાઈ, ચણા જેવા મુખ્ય ખાદ્ય પદાર્થોના રેકોર્ડ ઉત્પાદન નોંધાશે. સાથે કઠોળ અને શેરડીનું પણ રેકોર્ડ ઉત્પાદન થવાની અપેક્ષા છે.

✓ **<u>અગાઉના રેકોર્ડ</u>** (20-21) કરતાં ઘઉંનું ઉત્પાદન 17.3 લાખ ટન અને ડાંગરના ઉત્પાદનમાં અગાઉના રેકોર્ડ કરતાં 35.6 લાખ ટનનો વધારો થવાનો અંદાજ છે.

✓ ચણામાં 27.1 લાખ ટન અને મકાઈમાં 7.7 લાખ ટનનો વધારો થવાની ધારણા છે.

✓ અગાઉના વિક્રમી ઉત્પાદન કરતાં ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કઠોળના ઉત્પાદનમાં 15.0 લાખ ટનનો વધારો થવાની ધારણા છે.

**<u>કુલ ઉત્પાદન :</u>**

✓ વર્ષ 21-22 દરમિયાન અનાજનું ઉત્પાદન 289 મિલિયન ટન થવાનો અંદાજ છે જે 2020-21ના રેકોર્ડ 285.22 મિલિયન ટન કરતાં 39.1 લાખ ટન વધુ છે.

**<u>અનાજ ઉત્પાદન સ્થિતિ :</u>**

| ઉત્પાદન | (21-22) | (અગાઉના રેકોર્ડ કરતાં વધુ) |
|---|---|---|
| (આંકડા લાખ ટનમાં) | | |
| કુલ | 3160.6 | 53.2 |
| ઘઉં | 1113.2 | 7.3 |
| ડાંગર | 1279.3 | 35.6 |
| ચણા | 131.2 | 27.1 |
| મકાઈ | 324.2 | 7.7 |
| કઠોળ | 269.6 | 15.0 |
| અન્ય પાકોની રેકોર્ડ લણણીની અપેક્ષા | | |
| સરસવ | 114.9 | 12.4 |
| શેરડી | 4140.4 | 86.45 |

✓ કેન્દ્રીય કૃષિ મંત્રી : શ્રી નરેન્દ્રસિંહ તોમર

**<u>6. દિન વિશેષ : 17 ફેબ્રુઆરી</u>**

**<u>ગુજરાત યુનિવર્સિટીના પહેલા કુલપતિ : હરસિદ્ધ દિવેટિયા</u>**



**<u>જન્મ : 17 ફેબ્રુઆરી-1886 અવસાન : 03 ઓગષ્ટ-1968</u>**

✓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા શ્રી દિવેટિયા અમદાવાદ અને મુંબઈથી બી.એ, એમ.એ સુધીનો અભ્યાસ કરી 1910મા ઉત્તર પ્રદેશના બરેલીમાં તત્વજ્ઞાન વિષયના પ્રાધ્યાપક બન્યા હતા.

✓ અંદાજે 21 વર્ષ મુંબઇમાં વકીલાત કરી, 1933મા મુંબઇ હાઇકોર્ટમાં વધારાના ન્યાયધીશ તરીકે નિમાયા. તે પછી ગુજરાતની દેશી રિયાસતોમાં પણ ન્યાયધીશ તરીકે કામ કર્યું હતું.

✓ ગુજરાતના જાહેરજીવનની અનેક સંસ્થાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા દિવેટિયાને 23 નવે.1949ના રોજ સ્થપાયેલી ગુજરાત યુનિ.ના પ્રથમ કુલપતિ બનવાનું શ્રેય મળ્યું હતું.

✓ અહીં તેઓ બે ટર્મ એટલે કે અંદાજે આઠ વર્ષ સુધી કુલપતિપદે રહ્યા. કુલપતિ તરીકે તેઓ યુનિ.માંથી માનવધન અને ભારતનિર્માણની શક્તિઓ ઊપિજાવવા અને પાશ્ચાત્ય અને ભારતીય મૂલ્યોનો સુમેળ સાધવા માંગતા હતા.

✓ <u>તત્વજ્ઞાનના અભ્યાસી હરસિદ્ધભાઇએ સામયિકોમાં વિચારોતેજક અનેક લેખોની સાથે "The art of life in bhagavat gita"નામે ગ્રંથ પણ લખ્યો છે.</u>

<u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (17-02-2022)</u>

**1.** ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ-2022માં કુલ કેટલી રમતોનો સમાવેશ કરાયો છે

(A) 25 (B) 27 (C) 28 **<u>(D) 29</u>**

**2.** ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા ફેબ્રુઆરી-2022માં વિધાસહાયક-પ્રાથમિક શિક્ષકો માટે જાહેર કરેલા નવા નિર્ણયોમાં નીચેમાંથી કોનો સમાવેશ થતો નથી

(A) જિલ્લા ફેરબદલીની અરજી 10ને બદલે 5 વર્ષે કરી શકાશે

(B) અત્યારસુધી જિલ્લામાં ખાલી જગ્યાના 40 ટકા શિક્ષકોને અપાતો જિલ્લા ફેરબદલીનો લાભ વધારી 100 ટકા કરાયો

(C) બદલીઓના કિસ્સામાં ફરિયાદ નિવારણ માટે ફરિયાદ નિવારણ સમિતિની રચના કરાશે

**<u>(D) 10 વર્ષ એક જ જગ્યાએ નોકરી કરવાની શરતે નિમણૂંક પામેલા શિક્ષકો હવે ગમે ત્યારે અરજી કરી શકશે</u>**

**3.**ગુજરાત સરકાર દ્વારા તા. 17 ફેબ્રુઆરી-2022ના રોજ જાહેર કરેલી નવી બાયો ટેકનોલોજી પોલિસીનો સમયગાળો જણાવો

(A) વર્ષ-2022થી વર્ષ-2024 (B) વર્ષ-2022થી વર્ષ-2025
(C) વર્ષ-2022થી વર્ષ-2026 **(D) વર્ષ-2022થી વર્ષ-2027**

**4.** ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી બાયો ટેકનોલોજી પોલિસીથી આગામી પાંચ વર્ષમાં કેટલું રોકાણ અને રોજગારીનું લક્ષ્યાંક રખાયું છે
**(A) રૂ. 20,000 કરોડ તથા 1.20 લાખ**
(B) રૂ. 25,000 કરોડ તથા 1.25 લાખ
(C) રૂ. 30,000 કરોડ તથા 1.30 લાખ
(D) રૂ. 40,000 કરોડ તથા 1.40 લાખ

**5.** ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી બાયો ટેકનોલોજી પોલિસી સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે
1. પાંચ વર્ષ માટે ભરેલી ઇલેક્ટ્રિસિટી ડયુટી પર 100 ટકા વળતર
2. મહિલા કર્મચારી માટે 100 ટકા તેમજ પુરુષ કર્મચારી માટે 75 ટકા EPF સહાય
3. પ્રત્યેક સ્થાનિક પુરૂષ અને મહિલાને અનુક્રમે રૂ. 50,000 અને રૂ. 60,000ની સહાય અપાશે
4. 100 કરોડ સુધીની ટર્મ લોન ઉપર ભરેલ વ્યાજ સામે વાર્ષિક 7 કરોડની ટોચમર્યાદામાં, 7%ના દરે ત્રિમાસિક વળતર
5. પોલિસી જાહેર કરનાર :સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ
(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**6.** પેન્શનરો ઘેર બેઠાં પોતાનું જીવન પ્રમાણપત્ર જમા કરાવી શકે તેવા હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજી આધારિત કઇ એપ લોન્ચ કરી છે
(A) જીવનપ્રમાણઆઇડી (B) પેન્શનરઆઇડી
**(C) આધારફેસઆરડી** (D) ફેસઆઇડી

**7.** કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા નાણાકીય વર્ષ 2021-22 માટેના કૃષિ ઉત્પાદન અંગેના આગોતરા અંદાજ મુજબ અનાજ-કઠોળનું કેટલા કરોડ ટન ઉત્પાદન થશે
(A) 25.5 કરોડ ટન (B) 30.3 કરોડ ટન
**(C) 31.6 કરોડ ટન** (D) 33.3 કરોડ ટન

**8.** ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિનું નામ જણાવો
(A) સરદાર પટેલ (B) ગાંધીજી
**(C) હરસિદ્ધ દિવેટિયા** (D) દલપતરામ

**9.** ગુજરાતી શિક્ષણવિદ અને પ્રાધ્યાપક હરસિદ્ધ દિવેટિયાનો જન્મદિવસ જણાવો
**(A) તા. 17.02.1886** (B) તા. 18.02.1888
(C) તા. 19.02.1890 (D) તા. 17.02.1896

**10.** 'THE ART OF LIFE IN BHAGAVAT GITA' ગ્રંથ કોના દ્વારા લખાયો હતો
(A) નરસિંહરાવ દેવટિયા (B) રમણભાઇ નિલકંઠ
**(C) હરસિદ્ધ દિવેટિયા** (D) નર્મદ

**DATE : 18-02-2022**

## 1. અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસ-2008 : ભારતના ઈતિહાસમાં પ્રથમવાર એક સાથે 38 દોષિતોને ફાંસીની સજા




**ચૂકાદાની વિગતો :**

- ✓ અમદાવાદ શહેર જ નહીં પરંતુ સમગ્ર દેશને 26 જુલાઇ, 2008ના દિવસે આંચકો આપનારી શ્રેણીબદ્ધ 20 બોમ્બ બ્લાસ્ટની ઘટનામાં ખાસ જજે અંબાલાલ આર. પટેલે ઐતિહાસિક ચુકાદો આપતા **38 આરોપીઓના ગુનાને 'રેરેસ્ટ ઑફ રેર' ગણાવીને તેમને ફાંસીની સજા**, જ્યારે બાકીના 11 દોષિતોને જીવે ત્યાં સુધી જેલમાં રહેવાની સજા ફરમાવી.
- ✓ અનલૉફુલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ, આઈપીસી, એમ્પ્લોઝિવ સબસ્ટન્સ એક્ટ, ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ હેઠળ કેસ
- ✓ તમામ દોષિતોને કોર્ટે અનલૉફુલ એક્ટિવિટિઝ (પ્રિવેન્શન) એક્ટ (UAPA)ની કલમો 10, 16(A), 16(1)(A)(B) અને ભારતીય દંડ સંહિતા (ઈન્ડિયન પીનલ કોડ-IPC)ની કલમ 302 હેઠળની જોગવાઇઓ હેઠળના ગુનાઓ બિયોન્ડ રિઝનેબલ ડાઉટ પુરવાર થયા હોવાનું સ્વીકારી સબબ ફાંસી અને જીવે ત્યાં સુધીની જેલવાસ તથા દંડની સજાઓ ફરમાવી હતી.
- ✓ દોષિત ઠેરવાયેલા તમામ આરોપીઓ સાબરમતી ઉપરાંત દેશના અલગ અલગ રાજ્યોની જેલમાં અન્ય ગુનાઓ હેઠળ કેદ છે. જ્યારે આ કેસના 8 આરોપીઓ હજી પણ ભાગેડુ છે.

**કોર્ટનું અવલોકન - તત્કાલીન સીએમ નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવાયેલા**

- ✓ આરોપીઓએ અમદાવાદ અને સુરતમાં બોમ્બ વિસ્ફોટો કરીને તત્કાલીન સરકારને ઊથલાવવા, રાજદ્રોહ કરવા ઉપરાંત ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યાનું પણ કાવતરું ઘડ્યું હતું જેનો ઉલ્લેખ કોર્ટ સમક્ષ પ્રોસિક્યુશને આરોપીઓ વિરુદ્ધ ઘડેલા આરોપનામામાં કર્યો.

**ફાંસીની સજાની બહાલી માટે હાઈકોર્ટમાં પિટિશન થશે**

- ✓ 38 આરોપીઓને થયેલી ફાંસીની આ સજાને કન્ફર્મ કરવા તે ગુજરાત હાઇકોર્ટ સમક્ષ મૂકવામાં આવશે અને તેની બહાલીના આધીન રહેશે. દેખીતી રીતે જ હાઇકોર્ટના ચુકાદા બાદ આ કેસ સુપ્રીમ કોર્ટમાં જશે.
- ✓ સુપ્રીમ કોર્ટ પણ ફાંસી યથાવત્ રાખે તો દોષિતો પાસે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રપતિ સમક્ષ દયાની યાચિકાનો વિકલ્પ પણ રહેશે.

**UAPA હેઠળ પહેલી વખત ફાંસીની સજા ફટકારવામાં આવી**

- ✓ અનલોકુલ એક્ટિવિટી પ્રિવેન્શન એક્ટ હેઠળ પ્રથમવાર આટલી મોટી સંખ્યામાં ફાંસીની સજા ફટકારવામાં આવી.
- ✓ વર્ષ 1967માં અમલી બનેલા આ કાયદામાં 2019માં કેન્દ્ર સરકાર દ્વારા સુધારા કરાયા હતા. ઘણા રાજ્યો દ્વારા આ સુધારાનો વિરોધ કરાયો છે. આ સુધારા હેઠળ માત્ર શંકાના આધારે પણ વ્યક્તિઓને આતંકવાદી જાહેર કરી શકે છે. આતંકી પ્રવૃત્તિમાં

ઉપયોગ થયેલી સંપત્તિ જપ્ત કરવાનો અધિકાર પણ આ કાયદા હેઠળ મળેલો.

**રાજીવ હત્યા કેસમાં સાત વર્ષમાં જ ચુકાદો આવ્યો હતો, 26ને ફાંસીની સજા**

- ✓ તા. 21 મે 1991ના રોજ ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ચેન્નઈ નજીક શ્રી પેરામ્બદુર ખાતે એક મહિલા આત્મઘાતી બોમ્બર દ્વારા હત્યા કરાઈ હતી. આ કેસમાં કુલ 26 દોષિતોને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. તે સમયે દેશમાં આટલી મોટી સંખ્યામાં એક સાથે ફાંસીની સજા થઇ હોય તેવો પ્રથમ કિસ્સો હતો.
- ✓ તા. 29 ફેબ્રુઆરી 2022 અમદાવાદની કોર્ટ દ્વારા બોમ્બ વિસ્ફોટ કેસમાં એક સાથે 38 લોકોને ફાંસીની સજા ફટકારવામાં આવી છે.
- ✓ આ કેસમાં મહિલા દોષિત નલિનીને પણ ફાંસીની સજા થઇ હતી પરંતુ વર્ષ 2000માં મહિલા આયોગના હસ્તક્ષેપ બાદ તેને આજીવન કેદમાં ફેરવવામાં આવી હતી..

**2. ગુજરાત સરકાર : 16 પરામર્શ સમિતિઓની રચના**

**કોંગ્રેસના ધારાસભ્યો અને સાંસદોને પણ સમિતિમાં સમાવ્યા**

**હેતુ :** ગુજરાત સરકારના વહીવટી તંત્રમાં હવે સંસદસભ્યો અને ધારાસભ્યોની એન્ટ્રી કરવામાં આવી છે. પ્રજાના આ પ્રતિનિધિઓ સરકારમાં બેઠેલા કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીઓ સાથે પરામર્શ કરી વહીવટી ક્ષેત્રમાં નીતિના અમલને લગતી બાબતોમાં માર્ગદર્શન આપશે.

**સમિતિમાં કોનો સમાવેશ :**

- ✓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારના કેબિનેટ મંત્રીઓ તેમજ સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રીઓના અધ્યક્ષપદે ધારાસભ્યોની સ્થાયી પરામર્શ સમિતિમાં સંસદસભ્યોની પણ આમંત્રિત સભ્ય તરીકે નિયુક્તિ કરી છે.
- ✓ **પ્રથમ સમિતિ** મુખ્યમંત્રી પાસે રહેલા વિભાગોની બનાવવામાં આવી છે જેમાં મુખ્યમંત્રી ઉપરાંત 16 સભ્યો છે.
- ✓ આ સમિતિમાં ચાર મંત્રીઓ, વિપક્ષના નેતા સુખરામ રાઠવા, સંસદસભ્યો ઉપરાંત ધારાસભ્યોને પણ લેવામાં આવ્યા છે જેમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો પણ સમાવેશ કરાયો.
- ✓ **આમંત્રિત સભ્યોમાં** નરહરિ અમીન, દિનેશ અનાવાડિયા અને સીઆર પાટીલને સ્થાન આપવામાં આવ્યું છે.આવી **બીજી સમિતિ મહેસૂલ મંત્રીના અધ્યક્ષસ્થાને** બનાવવામાં આવી છે જેમાં મંત્રીઓ અને ધારાસભ્યો ઉપરાંત સાંસદ પૂનમ માડમ, શક્તિસિંહ ગોહિલ અને અમી યાજ્ઞિકનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ **શિક્ષણની સમિતિમાં** ધારાસભ્યો ઉપરાંત સાંસદ રતનસિંહ રાઠોડ, રંજન ભટ્ટ તેમજ નારણ કાછડિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**3. ગુજરાત પુરાતત્વ વિભાગ : પાવાગઢના માચીમાં ઉત્ખનન દરમિયાન વજનદાર તોપગોળા અને પાઇપ મળી આવ્યા**



- ✓ માચીના ચાચર ચોકમાં 17મી સદીમાં મરાઠા શાસકો દ્વારા ધર્મશાળા બનાવવામાં આવી હતી. આ ધર્મશાળા જિલ્લા પંચાયત હસ્તક હતી. હાલમાં રાજ્ય સરકાર હસ્તક છે. પાવાગઢના વિકાસ પ્રોજેક્ટ હેઠળ ધર્મશાળા તોડી પાડવામાં આવી છે. ખોદકામ કરાતા લોખંડના 10 કિલોથી 12 કિલોના વજનવાળા તોપના ગોળા તેમજ પાઇપો મળી આવી હતી.

**ચાંપાનેર વર્લ્ડ હેરિટેજ સાઇટ વિશે :**

- ✓ યુનેસ્કોએ સૌપ્રથમ વર્ષ-2004માં ચાંપાનેરને વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરતાં 114 પૈકી 39 સ્થાપત્યો ભારતીય પુરાતત્વ વિભાગના તાબા હેઠળ છે. જ્યારે અન્ય રાજ્ય સરકારના પુરાતત્વ વિભાગના તાબા હેઠળ છે.

**4. "આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના": રાજ્યની નગરપાલિકાઓ દ્વારા વસુલવામાં આવતા ટેક્ષ-કરવેરામાં રાહત આપતી યોજના**




**ટેક્ષ-કરવેરામાં રાહત યોજનાની મુખ્ય જોગવાઈ :**

- ✓ નાણાંકીય વર્ષ 2022-23ની વેરાની રકમ જો નાગરિકો તા.31-મે-2022 સુધીમાં એડવાન્સ ભરપાઇ કરે તો તેમને 10 ટકા વળતર આપવામાં આવશે.
- ✓ વેરાની રકમ મોબાઇલ એપ કે ઇ-નગરના ઓનલાઇન પોર્ટલ મારફતે તા.31-મે-2022 સુધીમાં ભરપાઇ કરનારા નાગરિકોને વધારાનું 5 ટકા વળતર અપાશે. એટલે કે, ડિઝીટલ ટ્રાન્ઝેકશન કરનારા નાગરિકોને કુલ 15 ટકા વળતરનો લાભ મળશે.
- ✓ જે કરદાતા-નાગરિકને તેમની મિલ્કત પેટે અગાઉના વર્ષોના વેરા ભરવાના બાકી હોય તે જો તા.31 માર્ચ-2022 સુધીમાં ભરપાઇ કરે તો નોટિસ ફી, વ્યાજ, પેનલ્ટી, વોરંટ ફી ની રકમ 100 ટકા માફ કરવામાં આવશે.

**5. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) : ગુજરાત-ભારત સરકાર આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ દ્વારા ગાંધીનગરથી રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના વાહનોને ફ્લેગ ઓફ કરાવ્યું**

- ✓ ગાંધીનગર જિલ્લામાં 24 RBSK વાહનોનું લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાયું



**RBSKનો હેતુ :**

- ✓ **RBSK અંતર્ગત જન્મથી લઇ 18 વર્ષ સુધીના બાળકોનુ સ્ક્રિનિંગ,નિદાન અને સારવાર કરવામાં આવે છે.**

**RBSK વિશે :**

- ✓ આ કામગીરી સ્વસ્થ અને સક્ષમ પેઢીના નિર્માણ માટે મહત્વની બની રહેશે.
- ✓ આર.બી એસ.કે ની ટીમ શહેરથી લઈને ગામના અંતિમ બાળકને પ્રાઇમરી અને ટર્સરી પ્રકારની તમામ આરોગ્યલક્ષી સેવાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા આ વાહનોમા સજ્જ હેલ્થ ટીમ મહત્વની ભૂમિકા અદા કરી રહી છે.

✓ સમગ્ર ગુજરાતમાં 992 વાહનો રાજ્યના બાળકોનું ઘરે ઘરે જઈને સ્ક્રિનિંગ અને તપાસની શ્રેષ્ઠતમ કામગીરી કરી રહ્યા છે.

**લક્ષ્યાંક :**

✓ રાજ્યના 1 કરોડ 60 લાખ બાળકોને આર.બી એસ.કે અંતર્ગત સુવિધા અને સારવાર માટે આવરી લેવામાં આવ્યા છે.

**6. નવતર પહેલ : ગુજરાત સરકાર સંચાલિત સંસ્થામાં દેશભરમાં પ્રથમવાર હાઇ એન્ડ જિનોમ સિકવન્સિંગ મશીન ઇન્સ્ટોલ કરવાની સિદ્ધિ**

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે હાઇ-થ્રુપુટ નેક્સ્ટ જનરેશન સિકવન્સિંગ-Novaseq 6000નું અનાવરણ કર્યું**

**સંસ્થા :**

✓ ગુજરાતમાં બાયોટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રોમાં ટ્રાન્સનેશનલ રિસર્ચ કરવા માટે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ અંતર્ગત આ ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર GBRCની સ્થાપના કરવામાં આવેલી છે.

**સુવિધા :**

✓ GBRCએ ખરીદી કરીને ઇન્સ્ટોલ કરેલા આ Novaseq 6000 મશીનને પરિણામે GBRCની સિકવન્સિંગ કેપેસિટીમાં 9 ગણો વધારો થયો છે.

✓ આ Illumina Novaseq 6000 બે દિવસમાં 6Tb અને 20 બિલિયન રીડ જનરેટ કરવાની ક્ષમતા ધરાવે છે.

✓ GBRCમાં ઇન્સ્ટોલ થયેલા આ મશીનની મદદથી એક મહિનામાં 3000થી વધુ SARS-CoV-2 (COVID-19) જીનોમનું સિક્વન્સિંગ કરવું શક્ય છે, તેના સહયોગથી નવા મ્યુટેશન અથવા સ્ટ્રેનનું નિરીક્ષણ કરવું પણ વધુ સરળ બનશે

✓ અન્ય સંશોધનો કેન્સર, રેર જીનેટીક ડિસઓર્ડર, પોપ્યુલેશન જીનેટીક્સ, સંપૂર્ણ જીનોમ/એક્ઝોમ/ટ્રાન્સક્રિપ્ટોમ વગેરે સરળતાથી કરવા શક્ય બનશે.

✓ આ મશીનની મદદથી એકસાથે 2-3 દિવસમાં લગભગ 50 મનુષ્યના પૂર્ણ જીનોમનું સિક્વન્સિંગ થઇ શકે છે

✓ વધુ સારી જાતિના પશુ અથવા છોડની પસંદગી માટે પશુ જાતિ અને છોડના સુધારણા કાર્યક્રમોમાં પણ આ મશીન ઉપયોગી થઇ શકે છે.

✓ **વિભાગ : સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ**

**7. વિશેષ સિદ્ધિ : નેપાળ ભારતની UPI સિસ્ટમ અપનાવનાર પ્રથમ દેશ**

**નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા-NPCI : UPI પેમેન્ટ સિસ્ટમ હવે ભારતની બહાર પણ વપરાશે**




**વિગત :**ભારતની આ પેમેન્ટ સિસ્ટમ હવે પાડોશી દેશની ડિજિટલ અર્થવ્યવસ્થાને વેગ આપવા નીવડશે.

✓ એનપીસીઆઇની આંતરરાષ્ટ્રીય શાખા ઇન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ (એનઆઇપીએલ)એ નેપાળમાં સેવાઓ પ્રદાન કરવા માટે ગેટવે પેમેન્ટ્સ સર્વિસ (જીપીએસ) અને મનમ ઇન્ફોટેક સાથે હાથ મિલાવ્યા છે.

✓ જીપીએસ નેપાળમાં અધિકૃત પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર છે. મનમ ઇન્ફોટેક નેપાળમાં **યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઇ)** લાગુ કરશે.

**8. જન્મદિન વિશેષ : 18 ફેબ્રુઆરી**

**સર્વ ધર્મ સમભાવ દ્રષ્ટા : સ્વામી રામકૃષ્ણ પરમહંસ**

**જન્મ : તા.18-02-1836, પશ્ચિમ બંગાળ**

**અવસાન : તા. 16-8-1886**




✓ ભારતના આધ્યાત્મિક સંત, વિચારક અને સ્વામી વિવેકાનંદના ગુરુ - સ્વામી રામકૃષ્ણ પરમહંસ

**પ્રદાન :**

✓ તેઓ તમામ ધર્મોને એકસમાન માનતા હતા. માનવતાના પૂજારી, લોકોનાં દુ:ખ દર્દને પામી શકતા તેઓએ સ્વામી વિવેકાનંદને પણ હિમાલયમાં અધ્યાત્મ સાધના કરતા લોકસેવાનું વધુ મહત્ત્વ હોવાનું સમજાવ્યું હતું.

✓ **બાળપણનું નામ : ગદાધર એટલે વિષ્ણુ**

✓ કાલીમાતાને પોતાની સૃષ્ટિ માનતા તેઓ નિરંતર સાધના કરતા તેથી લોકો તેમને પાગલ માનતા.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (18-02-2022)

**1.** અમદાવાદ ક્યારે થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસની ઘટનામાં તાજેતરમાં ભારતના ઇતિહાસમાં પ્રથમવાર એક સાથે 38 દોષિતોને ફાંસીની સજા તેમજ બાકીના 11 દોષિતોને જીવે ત્યાં સુધી જેલમાં રહેવાની સજા ફરમાવવામાં આવી છે

(A) તા. 01 જૂલાઇ-2005 (B) તા. 05 જૂલાઇ-2006

(C) તા. 08 જૂલાઇ-2007 **(D) તા. 26 જૂલાઇ-2008**

**2.** અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસ-2008ના ચૂકાદામાં નીચેનામાંથી ક્યા એક્ટ હેઠળ વિવિધ ગુન્હાઓ દાખલ કરવામાં આવ્યા હતા

1. અનલૉફુલ એક્ટિવિટિઝ (પ્રિવેન્શન) એક્ટ (UAPA)
2. ભારતીય દંડ સંહિતા (ઈન્ડિયન પીનલ કોડ-IPC)
3. એમ્પ્લોઝિવ સબસ્ટન્સ એક્
4. ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** વર્ષ 1967માં અમલી બનેલા UAPAના કાયદામાં 2019માં કેન્દ્ર સરકાર દ્વારા સુધારા કરાયા બાદ સૌપ્રથમવાર ક્યા કેસમાં સૌથી વધુ 38 આરોપીઓને ફાંસીની સજા ફટકારવામાં આવી

**(A) અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસ-2008**

(B) જયપુર બ્લાસ્ટ

(C) સમજૌતા એક્સપ્રેસ બ્લાસ્ટ (D) મુંબઇ બ્લાસ્ટ કેસ

**4.** ગુજરાત સરકાર દ્વારા ફેબ્રુઆરી-2022માં પ્રજાના પ્રતિનિધિઓ સરકારમાં બેઠેલા કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીઓ સાથે પરામર્શ કરી વહીવટી ક્ષેત્રમાં નીતિના અમલને લગતી બાબતોમાં માર્ગદર્શન

આપી શકે તે માટે કેટલા ધારાસભ્યો અને સાંસદોની પરામર્શ સમિતિની રચના કરાઇ

(A) 11 (B) 12 (C) 14 **(D) 16**

**5.** ફેબ્રુઆરી-2022માં ગુજરાત સરકાર દ્વારા જાહેર કરેલી "આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના" અંતર્ગત રાજ્યની નગરપાલિકાઓ દ્વારા વસુલવામાં આવતા ટેક્ષ-કરવેરા રાહત સંદર્ભે કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. નાણાંકીય વર્ષ 2022-23ની વેરાની રકમ જો નાગરિકો તા.31-મે-2022 સુધીમાં એડવાન્સ ભરપાઇ કરે તો તેમને 10 ટકા વળતર અપાશે

2. વેરાની રકમ મોબાઇલ એપ કે ઇ-નગરના ઓનલાઇન પોર્ટલ મારફતે તા.31-મે-2022 સુધીમાં ભરપાઇ કરનારા નાગરિકોને વધારાનું 5 ટકા સાથે કુલ 15 ટકા વળતર અપાશે

3. અગાઉના વર્ષોના વેરા ભરવાના બાકી હોય તે જો તા.31 માર્ચ-2022 સુધીમાં ભરપાઇ કરે તો નોટિસ ફી, વ્યાજ, પેનલ્ટી, વોરંટ ફી ની રકમ 100 ટકા માફ કરાશે

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**6.** જન્મથી લઇ 18 વર્ષ સુધીના રાજ્યના 1 કરોડ 60 લાખ બાળકોના સ્ક્રિનિંગ, નિદાન અને સારવાર કરવા માટે ગુજરાત અને કેન્દ્ર સરકાર દ્વારા ફેબ્રુઆરી-2022માં ગાંધીનગરથી ક્યો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે

(A) રાષ્ટ્રીય બાલિકા સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK)

**(B) રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK)**

(C) રાષ્ટ્રીય શિશુ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RSSK)

(D) રાષ્ટ્રીય તરુણ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RTSK)

**7.** ભારતમાં ક્યા રાજ્યએ પ્રથમવાર હાઇ એન્ડ જિનોમ સિકવન્સિંગ મશીન ઇન્સ્ટોલ કરવાની સિદ્ધિ ફેબ્રુઆરી-2022માં પ્રાપ્ત કરી છે

(A) મહારાષ્ટ્ર (B) દિલ્હી (C) હરિયાણા **(D) ગુજરાત**

**8.** ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ફેબ્રુઆરી-2022માં હાઇ-થ્રુપુટ નેક્સ્ટ જનરેશન સિકવન્સિંગ-Novaseq 6000નું ક્યાં અનાવરણ કરવામાં આવ્યું

(A) ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી-ગાંધીનગર

(B) સિવિલ હોસ્પિટલ-અમદાવાદ

**(C) ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર-ગાંધીનગર**

(D) સાયન્સ સિટી-અમદાવાદ

**9.** ભારતની UPI સિસ્ટમ અપનાવનાર વિશ્વનો પ્રથમ દેશ જણાવો

(A) બાંગ્લાદેશ **(B) નેપાળ** (C) શ્રીલંકા (D) ભૂતાન

**10.** ભારતમાં ડિજિટલ પેમેન્ટ માટેની યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) સિસ્ટમનું કઈ સંસ્થા દ્વારા સંચાલન કરવામાં આવે છે

(A) નીતિ આયોગ (B) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)

**(C) નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા-NPCI**

(D) PMO

**11.** ભારતના આધ્યાત્મિક સંત, વિચારક અને સ્વામી વિવેકાનંદના ગુરુનું નામ જણાવો

(A) રામદાસ **(B) સ્વામી રામકૃષ્ણ પરમહંસ**

(C) રવિદાસ (D) દયાનંદ સરસ્વતી

**12.** બાળપણમાં ગદાધર એટલે વિષ્ણુ તરીકે ઓળખાતા સ્વામી રામકૃષ્ણ પરમહંસનો જન્મ તા.18 ફેબ્રુઆરી 1836ના રોજ ક્યા રાજ્યમાં થયો હતો

**(A) પશ્ચિમ બંગાળ** (B) કર્ણાટક

(C) બિહાર (D) ઉત્તરપ્રદેશ

**DATE : 19-02-2022**

**1. ગુજરાતી ભાષા માટે મહત્વનો નિર્ણય**

**: ગુજરાતમાં હોટેલ, હોસ્પિટલ, મોલ્સ, બેંક, કેફે, સિનેમા સહિતના બોર્ડમાં હવેથી ગુજરાતી ભાષા ફરજિયાત**




**વિગત :** અલાયદા ગુજરાત રાજ્યની સ્થાપનાની સાથે સૌથી પહેલા જે કાયદો અસ્તિત્વમાં આવ્યો તે 'ગુજરાત અધિનિયમ-1961'માં જ ગુજરાતીને રાજભાષાનો દરજ્જો મળ્યો છે.

- ✓ શહેરીકરણ વચ્ચે ગુજરાતી ભાષાનો બહોળો ઉપયોગ થાય તેના માટે પ્રથમ તબક્કે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગર એમ આઠ મહાનગરોમાં મ્યુનિસિપલ કમિશનરો તેમજ વિકાસ સત્તા મંડળોમાં મુખ્ય કારોબારી અધિકારી-CEOને ઉપરોક્ત સુચનાઓનો ફરજિયાત અમલ કરાવવા આદેશ થયો છે.
- ✓ રાજ્યના સરકારી અને સાર્વજનિક સ્થળોએ ગુજરાતી ભાષાનો ઉપયોગ પહેલાથી જ ફરજીયાત છે.
- ✓ રાજભાષાના ઉપયોગમાં ઉત્તેજના અને વેગ લાવવા જરૂરી પગલાં સૂચવવા રામલાલ પરીખ સમિતિની રચના કરવામાં આવી હતી.
- ✓ આ સમિતિ દ્વારા લોકાભિમુખ વહીવટ માટેની વહીવટી સુધારણા સમિતિએ તેમના અહેવાલમાં રાજ્યનો સમગ્ર વહીવટ ગુજારાતી ભાષામાં ચલાવવો તેવી ભલામણ કરી હતી.

**ક્યા ક્યા સ્થળોએ ગુજરાતી ભાષાનો ઉપયોગ કરાશે**

- ✓ 1. સરકારી કાર્યાલયો, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ જ્યાં પણ સાઇનબોર્ડ કે સૂચના, માહિતી હોય તે તમામ લખાણોમાં અંગ્રેજી અને હિન્દી સાથે ગુજરાતી ભાષાનો ફરજીયાત ઉપયોગ કરવાનો રહેશે
- ✓ 2. ખાનગી માલિકીના સાર્વજનિક સ્થળો જેવાં કે સિનેમાગૃહ, નાટયગૃહ, બેન્કવેટ હોલ, સ્કૂલ, કોલેજ, સુપર માર્કેટ, શોપિંગ મોલ્સ, હોસ્પિટલ, હોટલ અને રેસ્ટોરન્ટ, કેફે બેન્ક, પુસ્તકાલય, બગીચા જેવી જગ્યાએ લગાવેલા બોર્ડમાં અન્ય ભાષા સાથે ગુજરાતી ફરજીયાત રહેશે.
- ✓ 3. વિભાગના આદેશનું પાલન કરવાની જવાબદારી જે તે સરકારી કચેરીના ખાતાના વડાની રહેશે. એ ઉપરાંત જે તે મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળોની કચેરી અને તેમના હસ્તકના મકાનો કે તેમના દ્વારા સંચાલિત બાગ-બગીચામાં ફરજીયાત

ગુજરાતી ના હોય તે માટે મ્યુનિસિપલ કમિશનર અને મુખ્ય કારોબારી અધિકારીએ કામગીરી કરવાની રહેશે.

- ✓ સામાન્ય વહીવટ વિભાગ(GAD)ને બદલે પહેલીવાર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા તા. 18 ફેબ્રુઆરી-2022ના રોજ નવેસરથી ઠરાવ પ્રસિદ્ધ કર્યો
- ✓ **યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગના રાજ્યમંત્રી : શ્રી હર્ષ સંઘવી**

**2. ગૌરવ : કેન્દ્ર સરકાર દ્વારા મહેસાણા જિલ્લાની 'બેસ્ટ પર્ફોન્સ જિલ્લા' તરીકે પસંદગી**

**તા. 2 માર્ચ 2022ના રોજ નવી દિલ્હી ખાતે જિલ્લા કલેક્ટર ઉદિત અગ્રવાલનું બહુમાન કરાશે**

- ✓ મહેસાણા જિલ્લાની રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ(NCPCR) તથા નાર્કોટીકસ કંટ્રોલ બ્યુરો(NCB) દ્વારા મહેસાણા જિલ્લાને બેસ્ટ પર્ફોન્સ જિલ્લા તરીકે પસંદગી કરાઈ.

**પસંદગીનો માપદંડ :**

- ✓ ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય,નવી દિલ્હી દ્વારા સમગ્ર ભારતમાં 272 જિલ્લામાં "નશા મુક્ત ભારત અભિયાન"ની શરૂઆત 15 ઓગસ્ટ 2020થી કરવામાં આવેલ હતી. જેમાં રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા"ડ્રગ્સ અને અન્ય માદક પદાર્થોથી બાળકોનો બચાવ" અંર્તગત જિલ્લાનો જોઇન્ટ એકશન પ્લાન બનાવવામાં આવેલ હતો
- ✓ રાષ્ટ્ર કક્ષાએ બનાવેલ એકશન પ્લાન અંતર્ગત સમાજ સુરક્ષા અને બાળ સુરક્ષા વિભાગ દ્વારા બાળકો સાથે કામ કરતાં વિભાગો સાથે સંકલન કરી જાગૃતિ કાર્યક્રમો,વ્યસન મુક્તિ રથ શાળાઓ,કોલેજોમાં નશા મુક્ત અંર્તગત ઓનલાઇન ક્વિઝ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, પેઇન્ટીગ જેવી સ્પર્ધાઓનું આયોજન કરાયુ હતું

**3. ગુજરાતમાં 'હર ઘર જલ મિશન યોજના' હેઠળ કચ્છને ઘર ઘર નળ જોડાણ ધરાવતો 12મો જિલ્લા જાહેર કરાયો**




- ✓ તા. 15 મી ઓગષ્ટ 2019ના રોજ જલ જીવન મિશન હેઠળ દેશના તમામ ઘરે નળ જોડાણની જાહેરાત કરાઇ હતી જેના પગલે ગુજરાતમાં કચ્છ જિલ્લો હર ઘર જળ તરીકે જાહેર થયો.

**4. કિસાન ડ્રોન પ્રોજેક્ટ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક સાથે 100 સ્થળોએ કિસાન ડ્રોન પ્રોજેક્ટ લોન્ચ કર્યા**



- ✓ વડાપ્રધાને ઇન્દોરમાં 550 ટનની ક્ષમતા ધરાવતા બાયોગેસ પ્લાન્ટનું ઉદઘાટન કર્યુ હતુ. તેના લીધે સ્વચ્છ ઉર્જામાં મદદ મળશે.

**5. નવી શિક્ષણ નીતિ : UAEમાં ભારતીય પ્રૌદ્યોગિક સંસ્થા (IIT)નું પ્રથમ કેમ્પસ ખુલશે**

- ✓ સંયુક્ત આરબ અમીરાત (યૂએઇ)માં IITનું પ્રથમ કેમ્પસ ખુલશે. થયેલી સમજૂતિ મુજબ ભારત-યૂઇએ વચ્ચે સમજૂતી પર હસ્તાક્ષર થયા હતા.
- ✓ વર્ષ 2020માં જાહેર કરાયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં દેશમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારી સંસ્થાઓ અને યુનિવર્સિટીના કેમ્પસો દેશ બહાર ખોલવાનો પ્રસ્તાવ હતો. શિક્ષણ મંત્રાલયે આ માટે 16 સભ્યોની સમિતિ ગઠિત કરી છે.

**લાભ :** ભારતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ બીજા દેશમાં ખુલવાથી આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં પણ પ્રદર્શન સુધરશે.

**6. ખેલકૂદ : ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ**

**સાકિબુલ ગની ફર્સ્ટ ક્લાસની ડેબ્યૂ મેચમાં ત્રેવડી સદી નોંધાવનાર પ્રથમ ખેલાડી બન્યો**

**બિહારના 22 વર્ષીય સાકિબુલ ગનીએ રણજી ટ્રોફીની ડેબ્યૂ મેચમાં જ ટ્રીપલ સદી ફટકારી રેકોર્ડ નોંધાવ્યો**



- ✓ **હરીફ : મિઝોરમ**

**7. ભારત 40 વર્ષ બાદ ઇન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિના 140મા સેશનની યજમાની કરશે**



- ✓ ઇન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિના (આઇઓસી) વર્ષ-2023ના સેશનની યજમાની ભારતને મળી છે.
- ✓ સ્થાન : મુંબઇના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આ મીટિંગ યોજાશે.
- ✓ ભારતે તા. 19 ફેબ્રુઆરી-2022ના રોજ ચીનના બેઇજિંગ ખાતે 139માં આઇઓસી સેશન દરમિયાન 2023ની યજમાનીના અધિકાર હાંસલ કર્યા હતા.
- ✓ સેશનની યજમાની માટે થયેલા વોટિંગમાં ભારતે 99 ટકા એટલે કે 76માંથી 75 વોટ મેળવ્યા હતા.

**પ્રકિયા :**

- ✓ આઇઓસીના સભ્યો સામે ભારતના પ્રથમ વ્યક્તિગત ગોલ્ડ મેડાલિસ્ટ શૂટર અભિનવ બિન્દ્રા, આઇઓસી મેમ્બર નીતા અંબાણી, ભારતીય ઓલિમ્પિક એસોસિયેશનના (આઇઓએ)ના પ્રમુખ નરેન્દ્ર બત્રા અને રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર સહિત ભારતીય પ્રતિનિધિ મંડળે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.
- ✓ **ભારત બીજી વખત આઇઓસી સેશનની યજમાની કરશે. આ પહેલાં વર્ષ 1983માં નવી દિલ્હી ખાતે સેશન યોજાયું હતું.**

**8. દિન વિશેષ : 19 ફેબ્રુઆરી**

**(1) આઠ અક્ષરનું નામઃ ભૂપત વડોદરિયા**





**જન્મ : 19 ફેબ્રુઆરી-1929 અવસાન : 4 ઓક્ટોબર-2011**

- ✓ મૂળ પાળિયાદના પણ સૌરાષ્ટ્રના ધ્રાંગધ્રા ખાતે જન્મેલા ભૂપત છોટાલાલ વડોદરિયાએ 3 વર્ષની વયે માતાની છત્રછાયા ગુમાવી હતી.
- ✓ વર્ષ 1946માં વિજ્ઞાન સ્નાતક થઇ લોકશક્તિ દૈનિકમાં પત્રકાર તરીકે જોડાયા. વર્ષ 1955માં 26 વર્ષની વયે ફૂલછાબ દૈનિકના સૌથી યુવા તંત્રી બન્યા.
- ✓ ગુજરાતી ભાષાના વિવિધ સામયિકો અને દૈનિકોમાં ભૂપતભાઇ સંપાદક તરીકે સેવાઓ આપતા રહ્યા હતા.
- ✓ વર્ષ 1982થી 1986 દરમિયાન તેઓ ગુજરાત સરકારના ઈન્ફર્મેશન વિભાગના માહિતી નિયામક તરીકે રહ્યા હતા.

**સાહિત્ય સર્જન :**

- ✓ પ્રેમ એક પૂજા, કસુંબીનો રંગ, જીવન જીવવાનું બળ, પંચામૃત, અંતરના રૂપ, ઘરે બાહિરે ભાગ 1 - 5 અને આઝાદીની આબોહવા તેમની નવલકથા, વાર્તા અને નિબંધના પુસ્તકો છે.

**(2) ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા**




**જન્મ : 19 ફેબ્રુઆરી-1900 અવસાન : 19 સપ્ટેમ્બર-1965**

- ✓ જન્મસ્થળ : ભાવનગર
- ✓ તા. 19 સપ્ટેમ્બર, 1963ના રોજ તેઓ ગુજરાતના બીજા મુખ્ય પ્રધાન બન્યા હતા.

**(3) RSSના દ્વિતિય સરસંઘચાલક વડા શ્રી માધવ સદાશિવ ગોલવલકર**




**(4) છત્રપતિ શિવાજી મહારાજ : મહાન યોદ્ધા અને રણનીતિકાર - મરાઠા સામ્રાજયના મહારાજા**

**જન્મ : 19 ફેબ્રુઆરી 1630 અવસાન : 3 એપ્રિલ 1680**




- ✓ બીજાપુરની આદિલશાહી સલ્તનતમાંથી પોતાનું વિશાળ મરાઠા સામ્રાજ્ય વિકસાવનાર છત્રપતિ શિવાજી માતા જીજાબાઈ અને પિતા શાહજીનું એકમાત્ર સંતાન હતા.
- ✓ એમણે મહારાષ્ટ્રમાં કિલ્લા બાંધ્યા એ ઉપરાંત ભારતમાં તેમણે સૌપ્રથમ નૌકાદળની સ્થાપના કરી.
- ✓ એમના સરદાર તાનાજીની યુદ્ધમાં શહાદતને બિરદાવતી એમની એક ઉક્તિ જગપ્રસિદ્ધ છે, "ગઢ આલા પરંતુ સિંહ ગેલા."
- ✓ શિવાજીનો જન્મ પુના શહેરની પાસેના જુન્નર તાલુકાના શિવનેરીના કિલ્લામાં થયો હતો
- ✓ બચપણથી જ માતા જીજાબાઇએ તેમને હિંદુ ધર્મના સંસ્કારો આપ્યા હતા અને રામાયણ તથા મહાભારતની વાર્તાઓ સંભળાવી હતી.
- ✓ ગુરુ સમર્થ રામદાસ તેમના ધાર્મિક ગુરુ હતા.
- ✓ સુરતના મોગલ સુબા શાહિસ્ત ખાનનો સરકારી મોગલ ખજાનો લૂંટવા એમણે 1664માં સુરત પર ચડાઇ કરી હતી.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (19-02-2022)

**1.** ગુજરાતમાં હોટેલ, હોસ્પિટલ, મોલ્સ, બેંક, કેફે, સિનેમા સહિતના બોર્ડમાં હવેથી કઇ ભાષા ફરજિયાત કરવાનો પહેલીવાર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા તા. 18 ફેબ્રુઆરી-2022ના રોજ નવેસરથી ઠરાવ પ્રસિદ્ધ કરાયો

(A) સંસ્કૃત (B) હિન્દી **(C) ગુજરાતી** (D) અંગ્રેજી

**2.** અલાયદા ગુજરાત રાજ્યની સ્થાપનાની સાથે સૌથી પહેલા કયા વર્ષે ગુજરાતીને રાજભાષાનો દરજ્જો આપતો 'ગુજરાત અધિનિયમ કાયદો અસ્તિત્વમાં આવ્યો હતો

(A) વર્ષ 1960 **(B) વર્ષ 1961** (C) વર્ષ 1962 (D) વર્ષ 1965

**3.** યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા તા. 18 ફેબ્રુઆરી-2022ના રોજ ગુજરાતી ભાષા ફરજિયાત કરવા સંદર્ભના ઠરાવમાં પ્રથમ તબક્કામાં ગુજરાતમાં નીચેના પૈકી ક્યા શહેરનો સમાવેશ થતો નથી

**(A) પોરબંદર** (B) રાજકોટ, ભાવનગર અને જામનગર

(C) જૂનાગઢ અને ગાંધીનગર

(D) અમદાવાદ, વડોદરા અને સુરત

**4.** ફેબ્રુઆરી-2022માં રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ(NCPCR) તથા નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો(NCB) દ્વારા ગુજરાતના ક્યા જિલ્લાને બેસ્ટ પર્ફોર્ન્સ જિલ્લા તરીકે પસંદગી કરાઇ

(A) ગાંધીનગર (B) આણંદ (C) સુરત **(D) મહેસાણા**

**5.** ફેબ્રુઆરી-2022ની સ્થિતિએ ગુજરાતમાં કયા જિલ્લા ને 'હર ઘર જલ મિશન યોજના' હેઠળ ઘર ઘર નળ જોડાણ ધરાવતો 12મો જિલ્લા જાહેર કરાયો

(A) પાટણ (B) સુરેન્દ્રનગર **(C) કચ્છ** (D) મોરબી

**6.** તા. 19 ફેબ્રુઆરી-2022ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્યા સ્થળેથી ઓનલાઈન એક સાથે 100 સ્થળોએ કિસાન ડ્રોન પ્રોજેક્ટ લોન્ચ કર્યો

(A) બનારસ **(B) નવી દિલ્હી**

(C) હરદોઈ (D) ચંદીગઢ

**7.** નવી શિક્ષણ નીતિ 2020 અંતર્ગત આગામી કયા દેશમાં પ્રૌધોગિક સંસ્થા (IIT)નું પ્રથમ કેમ્પસનો પ્રારંભ કરાશે

**(A) સંયુક્ત આરબ અમીરાત** (B) યમન

(C) ઈન્ડોનેશિયા (D) ઈરાન

**8.** તાજેતરમાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં કયા ખેલાડીએ ડેબ્યૂ મેચમાં ત્રેવડી સદી નોંધાવનાર પ્રથમ ખેલાડી બન્યો

(A) મોહમ્મદ ગની (B) અશરફ ગની

**(C) સાકિબુલ ગની** (D) મનપ્રિત ગોની

**9.** ભારત 40 વર્ષ બાદ ઇન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિના સેશનની યજમાની કરશે તે બાબતે કઇ વિગતો યોગ્ય છે

1. પહેલી વખત વર્ષ 1983માં નવી દિલ્હી ખાતે સેશન યોજાયું

2. ઇન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિના (આઇઓસી) વર્ષ-2023ના 140માં સેશનની બીજી વખત ભારત યજમાની કરશે

3. સ્થાન : મુંબઇના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે બેઠક યોજાશે

4. તા. 19 ફેબ્રુઆરી-2022ના રોજ થયેલા વોટિંગમાં ભારતે 99 ટકા એટલે કે 76માંથી 75 વોટ મેળવ્યા હતા

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**10.** ગુજરાતી પત્રકાર-સાહિત્યકાર ભૂપત વડોદરિયાનો જન્મદિવસ જણાવો

(A) તા.20.02.1930 **(B) તા.19.02.1929**

(C) તા.21.02.1928 (D) તા.22.02.1927

**11.** ગુજરાતના બીજા મુખ્યમંત્રી બળવંતરાય મહેતાનો જન્મદિવસ જણાવો

(A) તા.25 ફેબ્રુઆરી-1908 (B) તા.23 ફેબ્રુઆરી-1906

(C) તા.21 ફેબ્રુઆરી-1903 **(D) તા.19 ફેબ્રુઆરી-1900**

**12.** હિન્દવી સ્વરાજના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજનો જન્મદિવસ જણાવો

**(A) તા.19.02.1630** (B) તા.20.02.1631

(C)તા.21.02.1632 (D)તા.22.02.1633

**DATE : 20-02-2022**

**1. 12મી અખિલ ભારત ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધા 2022-જૂનાગઢ:**




✓ જૂનાગઢમાં યોજાયેલી ગિરનાર સ્પર્ધામાં દેશના 11 રાજ્યોના 360 સ્પર્ધકોએ ગિરનાર સર કર્યો.

**માપદંડ :**

✓ ભાઇઓ માટે 5000 પગથીયા

✓ બહેનો માટે 2500 પગથીયા

**વિજેતાઓ :**

✓ જૂનાગઢના લાલા પરમારે બાજી મારીને પ્રથમ સ્થાન હાંસલ કરીને 2013માં હરી મજીઠીયાનો 55.31 (નેશનલ) મિનીટનો રેકોર્ડ માત્ર એક સેકન્ડથી તોડીને નવો રેકોર્ડ 55.30 મિનીટનો સર્જ્યો હતો.

✓ સિનીયર બહેનોમાં ઉત્તરપ્રદેશની તામસીસિંગએ 2008નો ગાયત્રી ભેંસાણીયાનો 34.14 (સ્ટેટ) મિનીટનો રેકોર્ડ તોડીને નવો રેકોર્ડ 32.15 મિનીટનો સર્જ્યો હતો.

**ઇનામી રકમ :**

✓ નેશનલ સ્પર્ધામાં વિજેતાઓને રાજ્ય સરકાર તરફથી કુલ 5.50 લાખ રોકડ પુરસ્કાર, શિલ્ડ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

✓ મહાનગરપાલિકા તરફથી એક લાખના ઇનામો આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ આવનારને 50 હજાર, દ્વિતીયને 25 હજાર અને ત્રિજા સ્થાને આવનારને 15 હજાર આપવામાં આવ્યા હતા.

**ગિરનાર સ્પર્ધાના અત્યાર સુધીના વિજેતા :**

**ભાઈઓમાં :**

✓ 2002 – કાનજી ભાલીયા – 55.33 મિનીટ (સ્ટેટ)

✓ 2013 – હરીભાઇ મજીઠીયા – 55.31 મિનીટ (નેશનલ)

✓ 2022 – લાલા પરમાર – 55.30 મિનીટ (નેશનલ)

**બહેનોમાં :**

✓ 2008 – ગાયત્રી ભેંસાણીયા – 34.14 મિનીટ (સ્ટેટ)

✓ 2022 – તામસીસિંગ – 32.15 મિનીટ (નેશનલ)

**2. 'ખારાઇ ઊંટ'- કચ્છ : વિશ્વની એકમાત્ર ઊંટની પ્રજાતિ જે ખારા મેન્ગ્રોવ્સ પર જ ઉછરે છે**

**દરિયામાં લાંબા અંતર સુધી તરી શકતું 'ખારાઇ ઊંટ'**




**ખારાઇ ઊંટની વિશેષતા :**

✓ દરિયામાં નાના બેટમાં ચેરિયા નામની વનસ્પતિ ખારાઈ ઊંટનો મુખ્ય ખોરાક છે, ખારાઇ ઊંટ દરિયામાં એક થી દોઢ કિલોમીટર સુધી ઊંડા પાણીમાં તરીને બેટ સુધી પહોંચી જાય છે.

✓ ખંભાતના અખાતમાં પણ કચ્છના ખારાઈ ઊંટ જોવા મળે છે. કચ્છમાં ખારાઈ ઊંટની સંખ્યા 2000 જેટલી છે.

**રાષ્ટ્રીય માન્યતા**

✓ આવી વિશિષ્ટ પ્રજાતિના ખારાઈ ઊંટને ગુજરાત સરકારના પ્રયાસોથી 2015માં દેશની 8મી ઊંટની નસલ તરીકે રાષ્ટ્રીય માન્યતા મળી છે.

✓ ઊંટનું દૂધ ઔષધિય રીતે ખુબજ ગુણકારી હોઈ, શરૂઆતથી જ તે રૂ.51 લીટર જેટલા ઊંચા ભાવથી ખરીદવામાં આવે છે.

**3. કૃષ્ણનગરી દ્વારકાથી શિવનગરી સોમનાથ સુધીની 300 કિલોમીટરની સમુદ્ર તરણનો પ્રારંભ : ગુજરાત**



**4. અંગોનાં પ્રત્યારોપણ મામલે ગુજરાત દેશમાં છઠ્ઠા નંબરે : કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય**

**ગુજરાતમાં કોવિડને લીધે અંગ પ્રત્યારોપણ ઘટ્યું : વર્ષ 2021માં 712 ટ્રાન્સપ્લાન્ટ**

| વર્ષ ૨૦૨૧માં થયેલાં અંગ પ્રત્યારોપણ | | | | |
|---|---|---|---|---|
| | રાજ્ય | સંખ્યા | કેરળ | ૭૨૭ |
| | દિલ્હી | ૧,૫૪૩ | ગુજરાત | ૭૧૨ |
| | તામિલનાડુ | ૧,૪૯૫ | હરિયાણા | ૭૦૦ |
| | મહારાષ્ટ્ર | ૧,૧૪૩ | પશ્ચિમ બંગાળ | ૭૦૦ |
| | તેલંગાણા | ૯૧૩ | ઉત્તર પ્રદેશ | ૪૮૩ |

## 5. ખેલકૂદ : રણજી ડેબ્યૂ મેચની બંને ઇનિંગમાં સદી ફટકારનાર દિલ્હીનો યશ ધુલે ત્રીજો બેટ્સમેન




**યશ ધુલએ તામિલનાડુ સામેની મેચમાં બંને ઇનિંગમાં સદી ફટકારી**

**વિગત :** અંડર-19 વર્લ્ડ કપમાં ભારતીય ટીમને પોતાની કેપ્ટનશિપમાં ચેમ્પિયન બનાવનારા યશ ધુલએ પોતાની રણજી કેરિયરની શાનદાર શરૂઆત કરી.

- ✓ પોતાની ડેબ્યૂ મેચમાં યશે બંને ઇનિંગમાં સદી ફટકારી છે. ધુલ આવી સિદ્ધિ મેળવનાર ત્રીજો ભારતીય બેટ્સમેન બન્યો છે, જેણે પોતાની ડેબ્યૂ મેચમાં બંને ઇનિંગમાં સદી ફટકારી.
- ✓ રણજીની બંને ઇનિંગમાં સદી ફટકારનાર પહેલા બેટ્સમેન એસએમ કાદરી હતા. તેમણે 105 અને 114 રન બનાવ્યા હતા.

## 6. ખેલકૂદ : ગુજરાત ટાઈટન્સનો લોગો લોન્ચ

- ✓ ગુજરાત ટાઈટન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા તથા કોચ આશિષ નહેરાએ ડિજિટલી માધ્યમથી લોગો લોન્ચ કર્યો

## 7. યુક્રેન સંકટ વિશે : કોની શું ભૂમિકા

- ✓ યુક્રિન- સંકટ દુનિયા માટે કોઇ અલગ બાબત હોઇ શકે નહીં. યુક્રેન પર આજે દુનિયાની આર્થિક સ્થિતિ નિર્ભર કરે છે. આ સંકટ દુનિયાની બાબતોમાં અમેરિકાના હસ્તક્ષેપ સામે પ્રશ્નચિન્હ પણ ઊભું કરી રહ્યું છે.

### લડાઈની સ્થિતિ કેમ પેદા થઈ :

- ✓ હકીકતમાં રશિયા અને પશ્ચિમની દુનિયા યુક્રેનને એક-બીજા વિરુદ્ધ એક બફર સ્ટેટ એટલે કે ઢાલ તરીકે જૂએ છે. સોવિયત સંઘમાં સામેલ રહેલા અનેક પૂર્વ યુરોપિયન દેશ પહેલાથી જ નાટોનો ભાગ બની ચૂક્યા છે. આ સ્થિતિમાં યુક્રેન પણ હાથમાંથી છટકી જવું રશિયાને કબૂલ નથી. આમ તો યુક્રેન હજુ પણ યુરોપિયન યુનિયન કે નાટોનો ભાગ નથી, પરંતુ તેને યુરોપ અને અમેરિકા તરફથી મોટું આર્થિક અને સૈનિક સમર્થન મળે છે. આ સ્થિતિમાં યુક્રેન પર રશિયાનો હુમલો સીધો જ પશ્ચિમી દેશોને પડકાર હશે.

### ટ્રમ્પ શું માનતા હતા :

- ✓ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનને આપવામાં આવતી 391 મિલિયન ડોલરની મદદ અટકાવી દીધી હતી. તેમણે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદીમીર જેલેન્સ્કીને આગ્રહ પણ કર્યો હતો કે તેઓ તેમના હરીફ જોસેફ આર. બાઈડેન જુનિયર પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપોની તપાસ કરે. આ મુદ્દે ટ્રેમની એમ કહીને ટીકા કરાઈ હતી કે તેઓ ઘરેલુ બાબતોમાં બહારના દેશોને સામેલ કરી રહ્યા છે.

### યુક્રેન પોતે શું ઈચ્છે છે :

- ✓ રશિયાના આક્રમણને જોતાં યુક્રેનમાં રાષ્ટ્રીય ગૌરવનો ભાવ જાગૃત થયો છે અને યુક્રેનના એ નાગરિકો પણ આજે દેશભક્તીની ભાષા બોલી રહ્યા છે જે રશિયન ભાષા બોલીને મોટા થયા છે. યુક્રેનની વસતીનો મોટો હિસ્સો સોવિયત સંઘ સાથે વિખૂટા પડવાને સારું માને છે, જ્યારે અન્ય અનેક લોકો આજે નાટોમાં સામેલ થઈ જવાની તરફેણ કરી રહ્યા છે. જોકે, યુક્રેનની સરકાર જો નાટોમાં સામેલ થવાના વિચારને છોડી દેવાનું વચન આપે છે કે ભૂતકાળમાં રશિયાને સમર્થન આપવાના શાંતિ-કરાર એટલે કે 'મિન્સ્ક એકોર્ડ'નું પાલન કરવાનો નિશ્ચય કરે છે તો તે રશિયાનું આક્રમણ ટાળી શકે છે.

### પશ્ચિમી દેશો તૈયાર છે :

- ✓ એવું નથી કે પશ્ચિમી દેશો હાથ પર હાથ મુકીને બેઠા છે. અમેરિકા રશિયાની આર્થિક સંસ્થાઓને અપાતી મદદ બંધ કરીને રશિયાના અર્થતંત્રને ભાંગી શકે છે. જર્મની રશિયા અને યુરોપ વચ્ચે પ્રસ્તાવિક એક મોટી પાઈપલાઈન યોજના 'નોર્ડ સ્ટ્રીમ-2' અટકાવી શકે છે. યુકે એ રશિયન શ્રીમંતો પર પ્રતિબંધ લગાવી શકે છે, જેમની સંપત્તિઓ બ્રિટનમાં છે.

### શું યુક્રેન નબળું છે :

- ✓ પશ્ચિમના દેશોના સમર્થન છતાં હકીકત એ છે કે, યુક્રેન હજુ સુધી નાટોનું સભ્ય નથી અને એ વાત પર આંખ મીંચીને વિશ્વાસ ન કરી શકે કે, યુદ્ધની સ્થિતિમાં તેને અમેરિકા તથા તેના સહયોગીઓની મદદ મળશે જ. તાજેતરના વર્ષોમાં પશ્ચિમના દેશોએ તેની ભલે ગમે તેટલી સૈનિક મદદ કરી હોય, રશિયા સામે તે ટકી શકે એમ નથી. આટલું જ નહીં, યુક્રેન રશિયા સહિત તેના સહયોગી-દેશોથી ઘેરાયેલું પણ છે. રશિયન સેના આજે યુક્રેનના બેલારૂસ અને મોલ્દાવીયાની સરહદો પર ગોઠવાઈ ગઈ છે.

### ખનિજ તેલનો ખેલ :

- ✓ સત્ય તો એ છે કે, આજે યુરોપ રશિયન ઈંધણ પર વધુ પડતું નિર્ભર છે. યુરોપના ગેસ પૂરવઠામાં રશિયાની ભાગીદારી લગભગ એક તૃતિયાંશ છે. આટલું જ નહીં, દુનિયાના અનાજના સપ્લાયનો મોટો ભાગ પણ રશિયા અને યુક્રેનમાં થઈને પસાર થાય છે. જો યુદ્ધ થયું તો પેટ્રોલિયમની સાથે જ ખાદ્ય પદાર્થોના ભાવ પણ આભને આંબી જશે.

### તો શું યુદ્ધ અટલ છે :

- ✓ જરૂરી નથી. અમેરિકાનું કહેવું છે કે, યુદ્ધ ટૂંક સમયમાં જ શરૂ થઈ શકે છે, પરંતુ રશિયા આમ કરે તેની સંભાવના ઓછી છે. યુદ્ધથી થનારા નુકસાનને સહન કરવા માટે મોસ્કો એટલું પણ તૈયાર નથી, જેટલું મનાઈ રહ્યું છે.
- ✓ આજે યુક્રેન દુનિયા માટે ખૂબ જ મહત્ત્વનો દેશ છે, આપણે તેને ક્યારેય નજરઅંદાજ કરી શકીએ નહીં

### આ બધામાં નાટોની શું ભૂમિકા છે :

- ✓ ઝઘડાનું મૂળ તો નાટોનું વર્ચસ્વ જ છે. રશિયાનું કહેવું છે કે, સમસ્યા યુક્રેનની એટલી નથી, જેટલી નાટોની પૂર્વ યુરોપમાં સૈનિક હસ્તક્ષેપની છે, જેને પુતિન રશિયાની સુરક્ષા માટે જોખમ માને છે. તેઓ ઈચ્છે છે કે, આ ક્ષેત્રમાંથી નાટો પોતાના વર્ચસ્વને સમાપ્ત કરે અને એવી ગેરન્ટી આપે કે યુક્રેન સહિત અન્ય દેશ તેમાં સામેલ

નહીં થાય. આ બાજુ, બાઈડેનનું કહેવું છે કે, દરેક દેશને પોતાના ગઠબંધન સહયોગીની પસંદગી કરવાનો અધિકાર છે.

**8. સિંધુ આયોગની વાર્ષિક બેઠક**

**તા. 1થી 3 માર્ચ-2022**



- ✓ 10 સભ્યનું ભારતીય પ્રતિનિધિમંડળ સિંધુ આયોગની વાર્ષિક બેઠક માટે 1થી 3 માર્ચ દરમિયાન પાકિસ્તાન જશે.
- ✓ સિંધુ જળ સંધિ પર સહી-સિક્કા બાદ પહેલીવાર 3 મહિલા અધિકારી પણ ભારતીય પ્રતિનિધિમંડળનો હિસ્સો હશે, જે પ્રતિનિધિમંડળ બેઠક દરમિયાન વિવિધ મુદ્દે ભારતીય કમિશનરને સલાહ આપશે.
- ✓ ગત વર્ષે પાકિસ્તાનના સિંધુ જળ કમિશનરના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ વાર્ષિક બેઠક માટે ભારત આવ્યું હતું.

**9. બેઈજિંગ વિન્ટર ઓલિમ્પિક-2022નું સમાપન : હવે વર્ષ 2026માં ઇટાલીના મિલાનો-કોર્ટિનામાં વિન્ટર ઓલિમ્પિક યોજાશે**



- ✓ વિવિધ રમતોના મહાકુંભ સમા વિન્ટર ઓલિમ્પિક 2022માં નોર્વેએ સૌથી વધુ 16 ગોલ્ડ, 8 સિલ્વર અને 13 બ્રોન્ઝ એમ કુલ મળીને 37 મેડલ્સ જીત્યા હતા. જ્યારે જર્મની 12 ગોલ્ડ સાથે 27 મેડલ જીતીને બીજા સ્થાને રહ્યું.
- ✓ સ્થાન : બર્ડ નેસ્ટ સ્ટેડિયમ, બેઇજિંગ

**10. 'યુનસ' તોફાન : દક્ષિણ બ્રિટનમાં ફૂંકાયેલું ભયાનક વાવાઝોડું**

- ✓ **પ્રભાવિત વિસ્તાર : દક્ષિણ બ્રિટન**
- ✓ **અંદાજે 5 હજાર કરોડનું નુકસાન**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (20-02-2022)

**1.** ફેબ્રુઆરી-2022માં જૂનાગઢ ખાતે કેટલામી અખિલ ભારત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ

(A) 10 (B) 11 **(C) 12** (D) 13

**2.** વિશ્વની એકમાત્ર ઊંટની પ્રજાતિ 'ખારાઇ ઊંટ' જે ખારા મેન્ગ્રોવના જંગલોમાં ચેરિયા નામની વનસ્પતિ પર જ ઉછરે છે તે મુખ્યત્વે ગુજરાતના ક્યા જોવા મળે છે

**(A) કચ્છ જિલ્લો તથા ખંભાતનો અખાત**
(B) સુરેન્દ્રનગર તથા ખંભાતનો અખાત
(C) જામનગર તથા ખંભાતનો અખાત
(D) બનાસકાંઠા તથા ખંભાતનો અખાત

**3.** ગુજરાતની વિશિષ્ટ પ્રજાતિના ખારાઈ ઊંટને ક્યા વર્ષે દેશની 8મી ઊંટની નસલ તરીકે રાષ્ટ્રીય માન્યતા મળી હતી

(A) વર્ષ 2013 **(B) વર્ષ 2015**
(C) વર્ષ 2017 (D) વર્ષ 2018

**4.** કૃષ્ણનગરી દ્વારકાથી શિવનગરી સોમનાથ સુધી કેટલા કિલોમીટર લાંબી સમુદ્ર તરણ સ્પર્ધા દર વર્ષે ગુજરાતના દરિયા કિનારે યોજાઇ છે

(A) 150 (B) 250 **(C) 300** (D) 350

**5.** ફેબ્રુઆરી-2022માં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરાયેલા વર્ષ 2021માં અંગોનાં પ્રત્યારોપણ બાબતે ગુજરાત છઠ્ઠો ક્રમ ધરાવે છે જ્યારે દેશના પ્રથમ ચાર રાજ્યોમાં કોનો સમાવેશ થતો નથી

**(A) કેરળ** (B) તેલંગાણા
(C) દિલ્હી અને તામિલનાડુ (D) મહારાષ્ટ્ર

**6.** ફેબ્રુઆરી-2022માં યોજાયેલી રણજી ટ્રોફીમાં ડેબ્યૂ મેચની બંને ઇનિંગમાં સદી ફટકારનાર દિલ્હીના બેટ્સમેનનું નામ જણાવો

(A) એસએમ કાદરી (B) ઋષભ પંત
**(C) યશ ધુલ** (D) ઈશાન કિશન

**7.** સિંધુ આયોગની આગામી વાર્ષિક બેઠક ક્યા સમયગાળા દરમિયાન પાકિસ્તાનમાં યોજાશે જેમાં 10 સભ્યનું ભારતીય પ્રતિનિધિમંડળ હાજરી આપશે

**(A) તા. 1થી 3 માર્ચ-2022** (B) તા. 2થી 5 માર્ચ-2022
(C) તા. 3 થી 5 માર્ચ-2022 (D) તા. 5થી 7 માર્ચ-2022

**8.** આગામી વર્ષ-2026માં વિન્ટર ઓલિમ્પિક ક્યાં યોજાશે

(A) મોસ્કો (રશિયા) **(B) મિલાનો-કોર્ટિના (ઈટાલી)**
(C) રોમ (ઈટાલી) (D) પેરીસ (ફ્રાંસ)

**9.** બેઈજિંગ વિન્ટર ઓલિમ્પિક-2022માં 16 ગોલ્ડ મેડલ સાથે કયો દેશ પ્રથમ સ્થાને રહ્યો છે

(A) રશિયા **(B) નોર્વે** (C) ચીન (D) જર્મની

**10.** ફેબ્રુઆરી-2022ના અંતમાં દક્ષિણ બ્રિટનમાં કયુ ભયાનક વાવાઝોડું ફૂંકાયું

(A) યુનાઈટેડ (B) વિનસ (C) ફનસ **(D) યુનસ**

## DATE : 21-02-2022

**1. નિમણૂક : ગુજરાત કેડરના નિવૃત્ત IAS હસમુખ અઢિયાની PDEU તથા 'GERMI'માં નિયુક્તિ**

- ✓ ઉપાધ્યક્ષ-મેનેજિંગ ટ્રસ્ટી : ગુજરાત એનર્જી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ-GERMI
- ✓ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન : પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર.
- ✓ વિભાગ : ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત સરકાર

**2. નવતર પહેલ-ગુજરાત પોલીસ :**

**ગુજરાતમાં ક્રાઇમના હોટસ્પોટ શોધવા FIRમાં અક્ષાંશ-રેખાંશનો ઉલ્લેખ કરાશે**

- ✓ લેટલોંગ એટલે કે જિયોગ્રાફિકલ મેપિંગ તૈયાર કરી પોલીસ મથકથી ગુનાના સ્થળના અંતર સાથે લેટીટ્યુડ-લોંગીટ્યુડ પણ દર્શાવાશે
- ✓ સુરત સહિત રાજયમાં વધતી ગુનાખોરી ડામવા માટે સીસીટીવી કેમેરાની ઉપયોગની સાથે પોલીસ તંત્ર દ્વારા હવે લેટલોંગ એટલે કે લેટીટ્યુડ અને લોંગીટ્યુડની મદદથી ક્રાઇમ જીયોગ્રાફીકલ મેપીંગ કરવાનું શરૂ કર્યુ છે. જે અંતર્ગત પોલીસ ફરીયાદમાં ગુનાના સ્થળની સાથે લેટલોંગ પણ દર્શાવવામાં આવી રહ્યું છે. જેના આધારે ગુનાખોરીના હોટ સ્પોટ શોધી પ્રિવેન્શનના પગલા લઇ શકશે.

**3. સ્વદેશી કોર્બેવેક્સ વેક્સિન :**

**ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) દ્વારા ભારતમાં 12 થી 18 વર્ષના કિશોરો માટે કોર્બેવેક્સ વેક્સિનને મંજૂરી**

**ભારતની પહેલી સ્વદેશમાં વિકસાવવામાં આવેલી રિસેપ્ટર બાઈન્ડિંગ ડોમેન (RBD) પ્રોટિન સબ યુનિટ ધરાવતી વેક્સિન**




**કોર્બેવેક્સ વેક્સિન વિશે :**

- ✓ કોર્બેવેક્સનું ઉત્પાદન ભારતમાં બાયોલોજિકલ – E દ્વારા કરાઈ રહ્યું છે. જે ભારતની પહેલી સ્વદેશમાં વિકસાવવામાં આવેલી રિસેપ્ટર બાઈન્ડિંગ ડોમેન (RBD) પ્રોટિન સબ યુનિટ ધરાવતી વેક્સિન છે. જેના ઈમરજન્સી ઉપયોગની પરવાનગી આપવામાં આવી છે.

**4. દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ 2022 – મુંબઈ**



**એવોર્ડ અને વિજેતા :**

- ✓ ફિલ્મ ઓફ ધ ઈયર : પુષ્પા : ધ રાઇઝ
- ✓ બેસ્ટ ફિલ્મ : શેરશાહ
- ✓ બેસ્ટ એક્ટર : રણવીર સિંહ અને સિદ્ધાર્થ મલ્હોત્રા
- ✓ બેસ્ટ એક્ટ્રેસ : ક્રિતી સેનોન

**5. 12મી પ્રેસિડેન્ટ ફ્લીટ રિવ્યૂ-2022 : નૌસેનાનું શક્તિ પ્રદર્શન**

**તા.21 ફેબ્રુઆરી 2022ના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા વિશાખાપટ્ટનમ ખાતે પ્રથમ ફ્લીટ રિવ્યૂ-2022 અંતર્ગત મુલાકાત**




**ફ્લીટ રિવ્યૂ-2022 વિશે :**

- ✓ રાષ્ટ્રપતિ INS સમિત્રા પર સવાર હતા.
- ✓ 60થી વધુ જહાજો, સબમરિન અને એરક્રાફ્ટ સામેલ .
- ✓ આઝાદીની 75મી વર્ષગાંઠ પર અમૃત મહોત્સવના ભાગરૂપે આ ઉજવણી.
- ✓ 3 દિવસીય રિવ્યૂ બાદ આ મહિનાના અંતે 50થી વધુ દેશો નૌસેનાનો અભ્યાસ શરૂ થશે.
- ✓ **સ્થળ: પોર્ટ સિટી, વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ)**

**6. વૈશ્વિક સંબંધો : ભારત-UAE વર્ચ્યુઅલ શિખર સંમેલન**

**બંને દેશ વચ્ચે કોમ્પ્રિહેન્સિવ ઇકોનોમિક પાર્ટનરશિપ એગ્રિમેન્ટ (CEPE) પર હસ્તાક્ષર**




- ✓ **ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અબુધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ મહોમ્મદ બિન જાયેદ**ની હાજરીમાં મળેલા વર્ચ્યુઅલ શિખર સંમેલનમાં ભારત અને યુએઈ વચ્ચેના સીઈપીઈ એટલે કે કોમ્પ્રિહેન્સિવ ઇકોનોમિક પાર્ટનરશિપ એગ્રિમેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

**ભારત-UAE વ્યાપાર સંબંધો વિશે :**

- ✓ ભારત અને યુએઇ વચ્ચે અત્યારે 60 અબજ ડૉલરનો વેપાર થાય છે. આગામી પાંચ વર્ષમાં આ વેપારને 100 અબજ ડૉલર સુધી લઇ જવામાં આવશે. હજુ ગયા વર્ષે સપ્ટેમ્બર 2021માં તો બંને દેશોએ વેપાર માટે સમજૂતી કરવાનો નિર્ણય કર્યો હતો. છ મહિના કરતાં ઓછા સમયમાં તેનો અમલ કરી દેવાયો.
- ✓ યુએઇ અને સાઉદી અરેબિયા બંને ભારતના મજબૂત સાથીદારો છે. આ બંને 56 મુસ્લિમ દેશોના સંગઠન ઓર્ગેનાઇઝેશન ઓફ ધ ઇસ્લામિક કો-ઓપરેશન પર વર્ચસ્વ ધરાવે છે.
- ✓ યુએઇમાં ભારતના 35 લાખ લોકો કામધંધાર્થે ગયા છે. આપણા દેશમાં હવે એવા ધંધાર્થીઓ છે જેને દુબઇ અને અબુધાબી સાથે રોજિંદા સંબંધો છે. લોકો દેશમાંથી મુંબઇ અને દિલ્હી જાય એ જ રીતે દુબઇ અને અબુધાબી જવા લાગ્યા છે.

**7. ફ્રેન્કલીન વાવાઝોડુ-ઈંગ્લેન્ડ**

- ✓ પ્રભાવિત વિસ્તાર : ઈંગ્લેન્ડ, વેલ્સ, ઉત્તરી આયરલેન્ડ અને સ્કોટલેન્ડ



**8. દિન વિશેષ : 21 ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ**




- ✓ **ઉજવણીનો પ્રથમ વિચાર આપનાર દેશ- બાંગ્લાદેશ**

**પ્રથમ પ્રારંભ :**

- ✓ **નવેમ્બર-1999માં યુનેસ્કોએ માતૃભાષા ઉજવવાનું નક્કી કર્યું. જે ફેબ્રુઆરી-2000થી દર વર્ષે મનાવવામાં આવે છે.**
- ✓ **થીમ-2022 : "Using technology for multilingual learning: Challenges and opportunities".**

**હેતુ :**

- ✓ ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવું તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવું.

- ✓ અનેક ભાષાઓ પર તોળાઈ રહેલો ખતરો તેમજ તેના લુપ્ત થવાના ભય વચ્ચે યુનેસ્કોના સભ્ય દેશોનો સાંસ્કૃતિક ભાષાકીય વારસો જળવાઈ રહે

**લુપ્ત થતી ભાષાઓ અંગે :**

- ✓ વિશેષજ્ઞોનું માનવું છે કે રોજ એક ભાષા લુપ્ત થાય છે. માતૃભાષાઓના સંદર્ભમાં ભારતની પરિસ્થિતિ બેહદ ચિંતાજનક છે. ભારતની એક સમયની કુલ 1365 જેટલી માતૃભાષાઓમાંથી હવે 169 જેટલી ભાષાઓ લુપ્ત થવાની અણી પર છે. અમેરિકામાં 192 જેટલી માતૃભાષાઓ દમ તોડી રહી છે.
- ✓ દુનિયામાં કુલ 6900 જેટલી ભાષાઓ બોલાય છે, પરંતુ વિશ્વમાં અંગ્રેજી ભાષાનો પ્રચાર અને પ્રસાર જે રીતે વધી રહ્યો કરી છે તે જોતાં લાગે છે કે આવતા એક દાયકામાં 2500 જેટલી ભાષાઓ લુપ્ત થઈ જશે.
- ✓ દુનિયાભરમાં 199 ભાષાઓ એવી છે જેને બોલવાવાળા લોકોની સંખ્યા એક ડઝનથી પણ ઓછી છે. વિશ્વમાં 178 ભાષાઓ એવી છે કે જેને બોલવાવાળાઓની સંખ્યા 150થી ઓછી છે.
- ✓ ભારતમાં હિંદી ભાષા હવે આખા દેશમાં બોલાય- સમજી શકાય છે, 10 રાજ્યોમાં તે પ્રમુખતા સાથે બોલાય છે.
- ✓ એક અભ્યાસ પ્રમાણે વર્ષ 2100ના અંત સુધીમાં પૃથ્વી પર બોલાતી 5,000 જેટલી ભાષાઓ લુપ્ત થઈ શકે છે.
- ✓ ભારત સરકારે એ ભાષાઓના આંકડાનો સંગ્રહ કર્યો જેને 10 હજારથી ઓછા લોકો બોલે છે.
- ✓ નેશનલ જ્યોગ્રાફિક સોસાયટી ફોર એન્ડેજર્ડ લેંગ્વેજીસના અભ્યાસ અનુસાર દર પખવાડિયે એક ભાષા મૃતપાય થઈ રહી છે.
- ✓ વર્ષ 2100ના અંત સુધીમાં ધરતી પર બોલાઈ રહેલી 6900 જેટલી ભાષાઓમાંથી ઘણી બધી ભાષાઓ મૃતપાય થશે.
- ✓ હાલ વિશ્વની 2700 જેટલી માતૃભાષાઓ મોત સામે ઝઝૂમી રહી છે. આવી ભાષાઓમાં આસામની 17 ભાષાઓનો સમાવેશ થાય છે.
- ✓ યુનેસ્કોએ જાહેર કરેલા એક અહેવાલ અનુસાર આસામની ડેવરી, મિલિંગ, કછારી, બેઈટે, તિવા અને કોચ રાજવંશી જેવી ભાષાઓ સંકટમાં છે. આ ભાષાઓનું ચલણ હવે ખતમ થવાના આરે.
- ✓ આસામની નવી પેઢી અસમિયા, હિંદી અને અંગ્રેજી જ વધુ બોલે છે.
- ✓ આમ છતાં આસામના 28,000 જેટલા લોકો દેવરી ભાષા બોલે છે. ત્યાંના સાડા પાંચ લાખ લોકો મિલિંગ ભાષા બોલે છે. 19 હજાર લોકો બેઈટી ભાષા બોલે છે.
- ✓ વિશ્વના કેટલાક દેશો તેમની નવી પેઢી અંગ્રેજી ભાષાની ગુલામ ન બની જાય તેના ઉપાય શોધી રહ્યા છે. વિશ્વભરની નવી પેઢીને હવે અંગ્રેજી ભાષાનું જ આકર્ષણ છે. આ કારણે વિશ્વની 90 ટકા ભાષાઓ લુપ્ત થવાની કગાર પર છે.
- ✓ વિશ્વની સહુથી પ્રાચીન એવી સંસ્કૃત ભાષા હવે દેશમાં 25,000 લોકોની જ માતૃભાષા બનીને રહી ગઈ છે.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (21-02-2022)

**1.** ગુજરાત કેડરના ક્યા નિવૃત્ત IAS અધિકારીની ફેબ્રુઆરી-2022માં GERMIના ઉપાધ્યક્ષ-મેનેજિંગ ટ્રસ્ટી તથા PDEU સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે નિમણૂક કરાઈ

(A) જે.એન.સિંઘ (B) અનિલ મુકીમ (C) ડી. જે. પાંડિયન **(D) હસમુખ અઢિયા**

**2.** ગુજરાતમાં ક્રાઇમના હોટસ્પોટ શોધવા FIRમાં લેટલોંગ એટલે કે જિયોગ્રાફિકલ મેપિંગ તૈયાર કરી ક્યો નવો વિશેષ ઉલ્લેખ કરાશે

(A) અક્ષાંશ (B) રેખાંશ (C) મેપ **(D) A અને B બંને**

**3.** તા.21 ફેબ્રુઆરી-2022ના રોજ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) દ્વારા ભારતમાં 12 થી 18 વર્ષના કિશોરો માટે કઈ સ્વદેશી વેક્સિનને મંજૂરી અપાઈ

(A) કોબોવેક વેક્સિન **(B) કોર્બેવેક્સ વેક્સિન** (C) કોવેક્સ વેક્સિન (D) ચાઈલ્ડ વેક્સિન

**4.** સ્વદેશી કોર્બેવેક્સ વેક્સિનનું ભારતમાં કઈ કંપની દ્વારા ઉત્પાદન કરવામાં આવે છે

**(A) બાયોલોજિકલ-E** (B) ભારત બાયોટેક (C) સિરમ ઈન્સ્ટિટ્યૂટ (D) ઝાયડસ

**5.** ફેબ્રુઆરી-2022માં મુંબઈમાં જાહેર કરાયેલા દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ સંદર્ભે નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે

(A) બેસ્ટ એક્ટર : રણવીર સિંહ અને સિદ્ધાર્થ મલ્હોત્રા તથા બેસ્ટ એક્ટ્રેસ : ક્રિતી સેનોન

(B) બેસ્ટ ફિલ્મ : શેરશાહ (C) ફિલ્મ ઓફ ધ ઇયર : પુષ્પા : ધ રાઇઝ

**(D) આપેલ તમામ**

**6.** નૌસેના શક્તિ પ્રદર્શન તરીકે ઓળખાતી 12મી પ્રેસિડેન્ટ ફ્લીટ રિવ્યૂ-2022 ફેબ્રુઆરીમાં ક્યાં યોજાઈ

(A) મુંબઈ (B) ગોવા **(C) વિશાખાપટ્ટનમ** (D) કોચ્ચિ

**7.** કયા બે દેશ વચ્ચે ફેબ્રુઆરી-2022માં વર્ચ્યુઅલ શિખર સંમેલન દરમિયાન કોમ્પ્રિહેન્સિવ ઇકોનોમિક પાર્ટનરશિપ એગ્રિમેન્ટ (CEPE) પર હસ્તાક્ષર કરાયા

(A) ભારત અને ઈરાન (B) ભારત અને ઈઝરાયેલ **(C) ભારત અને UAE** (D) ભારત અને શ્રીલંકા

**8.** ફેબ્રુઆરી-2022માં ફ્રેન્કલીન વાવાઝોડુ કયા દેશમાં ફૂંકાયુ હતુ

(A) USA **(B) ઈંગ્લેન્ડ** (C) ફિલિપાઈન્સ (D) ઈન્ડોનેશિયા

**9.** વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીનો સૌપ્રથમ વિચાર આપનાર દેશનું નામ જણાવો

(A) નેપાળ (B) જાપાન **(C) બાંગ્લાદેશ** (D) ભારત

**10.** વિશ્વ માતૃભાષા દિવસ-2022ની થીમ જણાવો

(A) Using technology for multilingual learning: opportunities and Challenging

(B) Using Computer for multilingual learning: Challenges and opportunities

**(C) Using technology for multilingual learning: Challenges and opportunities**

(D) Using technology for learning: Challenges and opportunities

**11.** 'વિશ્વ માતૃભાષા દિવસ' ક્યારે ઉજવાય છે

(A) તા.24 ફેબ્રુઆરી (B) તા.23 ફેબ્રુઆરી (C) તા.22 ફેબ્રુઆરી **(D) તા.21 ફેબ્રુઆરી**

**12.** યુનેસ્કો દ્વારા વિશ્વ માતૃભાષા દિવસ કયા વર્ષથી ઉજવવામાં આવે છે

(A) વર્ષ-1999 **(B) વર્ષ-2000** (C) વર્ષ-2001 (D) વર્ષ-2002

**DATE : 22-02-2022**

**1. ભારત-અફઘાન રાજદ્વારી સંબંધો :**

**વાઘા બોર્ડરથી અફઘાનિસ્તાન માટે ઘંઉની પ્રથમ 50 ટ્રક રવાના કરાઈ**



- ✓ અફઘાનિસ્તાનના લોકોને મદદ માટે ઘઉં પહોંચાડવા માંગતા ભારતે તે માટે પાકિસ્તાનને જમીન માર્ગને ખુલ્લો કરવાની વિનંતી કર્યાના સાડા ચાર મહિના બાદ આશરે 2,000 મેટ્રિક ટન ઘઉં ભરેલી 50 ટ્રકનો પ્રથમ કાફલો અટ્ટારી વાઘા બોર્ડરના માર્ગે રવાના થયો.
- ✓ ગયા વર્ષના ઓગસ્ટના મધ્યમાં તાલિબાનોએ અફઘાનિસ્તાન પર કબજો જમાવ્યો હતો.

**2. ખેલકૂદ – સિદ્ધિ**

**ભારતીય મહિલા ક્રિકેટર રિચા ઘોષ વન-ડેમાં ભારત તરફથી સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર ખેલાડી**




- ✓ રિચા ઘોષે ન્યુઝીલેન્ડ સામે 26 બોલમાં 52 રન ફટકારી ભારત તરફથી સૌથી ઝડપી વનડે 50નો રેકોર્ડ પોતાના નામે કર્યો.
- ✓ આ અગાઉ ફાસ્ટેટ 50નો રેકોર્ડ વેદા ક્રિષ્નમૂર્તિ (Veda Krishnamurthy)ના નામે હતો જેમણે ફેબ્રુઆરી 2018માં દક્ષિણ આફ્રિકા સામે 32 બોલમાં 70 રન ફટકાર્યા હતા.

**3. રશિયા-યૂક્રેન સંકટ :**

**રશિયન પ્રમુખ પુતિને પૂર્વ યૂક્રેનનાં બે પ્રાંત ડોનેટ્સ્ક અને લુહાંસ્કને અલગ સ્વતંત્ર દેશ જાહેર કર્યા : આ બંને પ્રાંત સંયુક્ત રીતે ડોન્બાસ તરીકે ઓળખાય છે**




**અન્ય વિગતો :**

- ✓ ડોનેટ્સ્ક અને લુહાંસ્ક પ્રાંતમાં સુરક્ષા અને શાંતિની જાળવણી માટે રશિયાની સેનાનાં ત્યાં મોકલી છે. આમ પુતિને આડકતરી રીતે યૂક્રેનમાં ઘૂસણખોરી કરી.
- ✓ બંને નવા દેશ સાથે મૈત્રી સમજૂતી કરી છે. નવા બંને દેશમાં રશિયાની ટેન્કો અને સૈનિકો ફરતા જોવા મળી રહ્યાં છે. પુતિને યૂક્રેન પર સીધું આક્રમણ કરવાને બદલે બે પ્રાંતોને અલગ દેશ જાહેર કરતા સંકટ વધુ ગંભીર બન્યું છે.
- ✓ પૂર્વ યૂક્રેનનાં નવા અલગ પડેલા પ્રાંતમાં સેન્ટ્રલ ડોનેટસ્ક ખાતે કેટલાક શક્તિશાળી ધડાકા સંભળાયા છે.
- ✓ બંને પ્રાંત સાથે મૈત્રી કરાર કરીને તેની સુરક્ષા માટે કટિબદ્ધતા વ્યક્ત કરી છે. રશિયા હવે આ નવા બંને પ્રાંતમાં લશ્કરી બેઝ બનાવવાનો અધિકાર ધરાવશે.
- ✓ રશિયાનાં પ્રમુખ પુતિનને સંસદના ઉપલા ગૃહે રશિયા બહાર લશ્કરનો ઉપયોગ કરવાની મંજૂરી આપી.

**ડોનેટસ્ક અને લુહાંસ્કની સ્થિતિ શું છે?**

- ✓ પૂર્વિય યૂક્રેન રશિયાની સરહદ પાસે આવેલા ડોનેટસ્કની ગણતરી એક સમયે યુક્રેનના સૌથી મોટા ઔદ્યોગિક ક્ષેત્ર તરીકે થતી હતી. તે ડોનબાસ રાજ્યનું મુખ્ય શહેર છે, જ્યાં ઘણા અગત્યના ખનિજોનો ભંડાર છે.
- ✓ આ શહેર યુક્રેનના સૌથી મોટા સ્ટીલ ઉત્પાદન કેન્દ્રોમાંનું એક છે. આ શહેરની વસતી લગભગ 20 લાખની છે.
- ✓ લુહાસ્ક કે જેને અગાઉ વોરોશિલોવગ્રાદના નામથી ઓળખવામા આવતું હતું તે યુક્રેન માટે કોલસાનો અગત્યનો ભંડાર છે.
- ✓ આ શહેર પણ ડોનબાસ ક્ષેત્રનો હિસ્સો છે અને રશિયાની સરહદને અડીને જ આવેલું છે. આ શહેરનો ઉત્તરીય છેડો કાળા સમુદ્ર સાથે જોડાયેલો છે.

**ઈતિહાસ :**

- ✓ રશિયા તરફથી 2014માં ક્રીમિયા ઉપર કબજો કર્યા બાદ આ બન્ને શહેરોમાં રશિયન સમર્થક અલગાવવાદીઓએ કબજો કરવાનો પ્રયાસ કર્યો હતો અને મોટાભાગના વિસ્તારોમાં નિયંત્રણ હાંસલ પણ કરી લીધું હતું.
- ✓ યુક્રેને આ બન્ને ક્ષેત્રમાં સૈન્ય મોકલીને તેમને રોકવાનો ભરચક પ્રયાસ કર્યો હતો.
- ✓ ડોનેટસ્ક અને લુહાસ્કને યુક્રેનમાં જાળવી રાખવા માટે યુક્રેનના સૈનિકો પાછલા આઠ વર્ષથી અલગાવવાદીઓનો સામનો કરી રહ્યા છે અને આ અથડામણોમાં અત્યાર સુધીમાં 14 હજાર લોકોએ જીવ ગુમાવ્યો છે.

આ ક્ષેત્રને લઇને રશિયા અને યૂક્રેન વચ્ચે તંગદિલી કેમ છે?

- ✓ ડોનેટસ્ક અને લુહાંસ્ક જે ડોનબાસ ક્ષેત્રનો હિસ્સો છે તે રશિયા અને યુક્રેન વચ્ચે તંગદિલીનું મુખ્ય કારણ છે. વાસ્તવમાં સોવિયેત સંઘના વિઘટન બાદ ડોનબાસ ક્ષેત્ર યુક્રેનનો હિસ્સો બન્યું.
- ✓ રશિયાનું કહેવું હતું કે ડોનબાસની મોટાભાગની વસતી રશિયન ભાષા બોલે છે અને તેને કારણે તેને યુક્રેનના રાષ્ટ્રવાદથી બચાવવા જરૂરી છે.
- ✓ ડોનેટસ્ક અને લુહાંસ્ક યુક્રેનના એવા બે રાજ્ય છે જ્યા રશિયન સમર્થક અલગાવવાદીઓએ યૂક્રેન સરકાર સામે સતત યુદ્ધની સ્થિતિ જાળવી રાખી છે.
- ✓ ઉગ્રવાદીઓએ આ બન્ને શહેરોને આઝાદ પણ જાહેર કરી દીધા છે. સાથે લાંબા સમયથી તેને યૂક્રેનથી અલગ સ્વતંત્ર ક્ષેત્ર જાહેર કરાવવાના પ્રયાસો કરી રહ્યા છે, પુતિને પણ સ્પષ્ટ રીતે

અલગાવવાદીઓને સમર્થન આપતા આ બન્ને ક્ષેત્રમાં પોતાના સૈનિકોને મદદ માટે મોકલવાની જાહેરાત કરી છે.

**4. દિન વિશેષ : 22 ફેબ્રુઆરી**

**વિશ્વ ચિંતન દિવસ**




- ✓ થીમ-2022 : "Our World: Our Equal Future: The Environment and Gender Equality."

**ઉજવણી વિશે :**

- ✓ વિશ્વના 150 દેશોમાં વિશ્વ ચિંતન દિવસની ઉજવણી
- ✓ સ્કાઉટ ગાઇડ્સના જનક મનાતા લોર્ડ પોવેલનો જન્મ 22મી ફેબ્રુઆરી 1857ના દિવસે થયો હતો અને લેડી પાવેલનો જન્મ 22મી ફેબ્રુઆરી 1889ના દિવસે થયો હતો. બેડેન પાવેલની પ્રેરણાથી ભારતમાં શ્રીરામ વાજપેયી દ્વારા સ્કાઉટ-ગાઇડનો પ્રચાર પ્રસાર થયો હતો.
- ✓ ભારતમાં સ્કાઉટીંગની શરૂઆત વર્ષ 1909માં થઇ હતી. વર્ષ 1938માં સ્કાઉટ આંદોલનનું સભ્ય બનેલા ભારતમાં વર્ષ 1911માં ગાઇડીંગની શરૂઆત થઇ, અને વર્ષ 1928માં ગર્લ ગાઇડ્સ તથા ગર્લ સ્કાઉટ્સના વૈશ્વિક સંગઠનનું ભારત સ્થાપક સભ્ય બન્યું હતું.
- ✓ સ્વતંત્ર ભારતમાં તા.7 મી નવેમ્બર 1950માં ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સની સ્થાપના થઇ હતી, જે બીએસજી તરીકે પ્રચલિત છે.

**5. જન્મ દિન વિશેષ : 22 ફેબ્રુઆરી**

**ઈન્દુલાલ યાજ્ઞિક : ચાચા**




**જન્મ : 22 ફેબ્રુઆરી-1892 અવસાન : 17 જુલાઈ-1972**

- ✓ **ગુજરાતના ઘડવૈયા: અમીર નગરીના ફકીર નેતા સ્વાતંત્ર્ય સેનાની, ચળવળકાર, પત્રકાર, વકીલ, ફિલ્મ નિર્માતા અને સાહિત્યકાર** ઈન્દુચાચાના લોકલાડીલા નામથી જાણીતા ઈન્દુલાલ યાજ્ઞિકનો **નડિયાદમાં જન્મ** થયો હતો.
- ✓ BLLB થઈ વકિલાત શરૂ કરી રાજકારણની પ્રથમ દીક્ષા એમણે શ્રીનિવાસ શાસ્ત્રી પાસેથી લીધી.
- ✓ મુંબઈ સમાચારમાં નોકરી સાથે લેખન શરૂ કર્યું પછી હિંદુસ્તાન દૈનિકમાં જોડાયા. એ દરમિયાન રાજકારણમાં રંગાયા અને સ્વાતંત્ર્ય ચળવળમાં ગાંધીજી અને સરદાર સાથે જોડાયા.
- ✓ અમદાવાદના હુલ્લડો ખાળવામાં તેમનો સિંહફાળો હતો. ગાંધીજીનાં રેંટિયો - રૂપિયાની હાકલના અનુસંધાને તેમણે 1 કરોડ રૂપિયાનો ફાળો કરાવી આપ્યો.
- ✓ એમનું રાજકીય કદ અને વગ વધતા, કોંગ્રેસના નવા બંધારણની 21 સમિતિઓના મંત્રી બન્યા.
- ✓ પ્રમુખ સાથે વૈમનસ્ય થતાં યુગધર્મ માસિક શરૂ કર્યું. પણ સરદારે મનાવી લીધા. પછી પૂર્ણ સમયના રાજકીય નેતા બન્યા.

**આઝાદીની લડતમાં ભૂમિકા :**

- ✓ હોમરૂલ ચળવળમાં ભાગ લીધો. ગાંધીજીના સંપર્કમાં આવ્યા, દક્ષિણ આફ્રિકા હિન્દીઓને સત્યાગ્રહ સફળ કરનાર ગાંધીજી પહેલવહેલા મુંબઈ આવ્યા, એમની સાથે સાથે ચાલતા ઈન્દુચાચાએ ગાંધીજીને કહેલું કે, આફ્રિકામાં હિન્દીઓને સત્યાગ્રહ નેતૃત્વ આપ્યું, તો સ્વદેશના હિન્દીઓનું નેતૃત્વ લો, ગાંધીજીએ દેશવાસીઓને નેતૃત્વ આપ્યું અને વિદેશી ગુલામીમાંથી મુક્ત કરી સ્વરાષ્ટ્રનું નિર્માણ કર્યું.
- ✓ ઈન્દુચાચાએ સમાજવાદ, સામ્યવાદ અને સર્વોદય, સ્વાતંત્ર્ય ચળવળ, મજૂર-કિસાન પ્રશ્નો, મહાગુજરાત આંદોલનના સૂત્રધાર બન્યા.
- ✓ **લોકસભામાં ચાર વાર ચૂંટાઈ આવ્યા.** અંગત સુખ સગવડો ફગાવી દઇ, ચવાણું ફાકી, સાદાં કપડાંથી, અલગારી રીતે જાહેર કામોમાં રચ્યાપચ્યા રહેવાની એમનામાં અજબ ખંત-ખમીરી-ખુદારી હતી.

**સર્જન :**

- ✓ 'જીવનવિકાસ' 'ગુજરાતમાં નવજીવન', 'કારાવાસ', 'જીવનસંગ્રામ', 'કિસાનકથા' અને (મરણોત્તર) 'છેલ્લાં વહેણ' નામક પેટાશીર્ષકો નીચે પ્રગટ થયેલા 'આત્મકથા'ના છ ભાગ (1955, 1955, 1956, 1969, 1971, 1973) એમનું ગુજરાતી સાહિત્યને મહત્વનું પ્રદાન છે.
- ✓ જૂહુ દરિયાકાંઠે આરામ કરતાં ગાંધીજીએ વેદવ્યાસ બની સત્યના પ્રયોગો-આત્મકથા સંભળાવી લખાવી ઇન્દુચાચાએ શ્રીગણેશ બની એ આત્મકથા લખેલી.
- ✓ ઈન્દુલાલ યાજ્ઞિકનું નામ પડે અને નજર સમક્ષ આઝાદીનું આંદોલન, મહાગુજરાત આંદોલન, 'નવજીવન અને સત્ય' તથા 'યુગધર્મ' દ્વારા પત્રકારત્વ, પાવાગઢનું પતન ફિલ્મનું નિર્માણ, બૃહદ આત્મકથાનું લેખન વગેરે આવે !
- ✓ ઈન્દુલાલના સંવેદનાસભર વલણને પરિણામે તરત જ દાહોદમાં ભીલ સેવા મંડળ નામની આદિવાસી ઉત્કર્ષની મહાન સંસ્થાની સ્થાપના અને આદિવાસી કલ્યાણના ક્ષેત્રે નવો અધ્યાય રચાયો હતો.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (22-02-2022)

**1.** ભારત-અફઘાન રાજદ્વારી સંબંધોના ભાગરૂપે અફઘાનિસ્તાનના લોકોને મદદ માટે વાઘા બોર્ડરથી ભારતે ફેબ્રુઆરી-2022 કેટલા મેટ્રિક ટન ઘઉંનો જથ્થો મોકલાવ્યો

(A) 1,500 મેટ્રિક ટન **(B) 2,000 મેટ્રિક ટન**
(C) 2,500 મેટ્રિક ટન (D) 3,000 મેટ્રિક ટન

**2.** ફેબ્રુઆરી-2022માં ભારતીય ક્રિકેટર રિચા ઘોષે કયા દેશ સામે 26 બોલમાં 52 રન ફટકારી ભારત તરફથી સૌથી ઝડપી વનડે 50નો રેકોર્ડ પોતાના નામે કર્યો

(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા
(C) વેસ્ટ ઈન્ડિઝ **(D) ન્યુઝીલેન્ડ**

**3.** રશિયા-યૂક્રેન સંકટ દરમિયાન રશિયન પ્રમુખ પુતિન દ્વારા પૂર્વ યૂક્રેનનાં ક્યા પ્રાંતને અલગ સ્વતંત્ર દેશ જાહેર કર્યા

(A) કિવ (B) લુહાંસ્ક (C) ડોનેટસ્ક **(D) B અને C બંને**

**4.** વિશ્વ ચિંતન દિવસ-2022ની થીમ જણાવો

(A) Your World: Our Equal Future: The Environment and Gender Equality
(B) My World: Our Equal Future: The Environment and Gender Equality
**(C) Our World: Our Equal Future: The Environment and Gender Equality**
(D) Our World: Our Equal Future: The Population and Gender Equality

**5.** સ્વતંત્ર ભારતમાં ક્યારે ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સની સ્થાપના કરાઈ હતી
(A) તા.15 ઓગસ્ટ 1947 (B) તા. 22 નવેમ્બર 1948
**(C) તા.7 નવેમ્બર 1950** (D) તા. 22 ફેબ્રુઆરી1951

**6.** ઈન્દુલાલ યાજ્ઞિકનો જન્મ ક્યાં થયો હતો
**(A) નડિયાદ** (B) બારડોલી (C) પેટલાદ (D) આણંદ

**7.** વિશ્વ ચિંતન દિવસ ક્યારે મનાવવામાં આવે છે
(A) તા. 28 ફેબ્રુઆરી (B) તા. 26 ફેબ્રુઆરી
**(C) તા. 22 ફેબ્રુઆરી** (D) તા. 20 ફેબ્રુઆરી

**8.** મહાગુજરાત આંદોલનના મુખ્ય પ્રણેતા ઇન્દુલાલ યાજ્ઞિકનો જન્મ દિવસ જણાવો
(A) તા. 28 ફેબ્રુઆરી 1899 (B) તા. 26 ફેબ્રુઆરી 1895
**(C) તા. 22 ફેબ્રુઆરી 1892** (D) તા. 20 ફેબ્રુઆરી 1890

**9.** દાહોદમાં ભીલ સેવા મંડળ નામની આદિવાસી ઉત્કર્ષની મહાન સંસ્થાના સ્થાપક ઇન્દુલાલ યાજ્ઞિક કયું બિરુદ ધરાવતા હતા
(A) દાદા (B) મામા
**(C) ચાચા** (D) ફરીસ્તા

**DATE : 23-02-2022**

**1. શિક્ષણ વિભાગ અને IIT-GN વચ્ચે MOU : ગાંધીનગર**

**વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત(STEM)ના કૌશલ્યો વિકસાવવા માટે ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી-ગાંધીનગર વચ્ચે MOU કરાયા**

**હેતુ :**
- ✓ રાજ્યના વિદ્યાર્થીઓ અને યુવાનોમાં સર્જનાત્મકતા અને STEM (Science, Technology, Engineering, Mathematics) શિક્ષણને પ્રોત્સાહન આપવા.

**MOU વિશે :**
- ✓ આ એમઓયુ અંતર્ગત IIT-GNએ GCSC સાથે STEM (વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) પ્રદર્શનો અને વિડિઓઝ, DIY (Do It Yourself) કિટ્સ અને વીડિયો, પુસ્તકો, પ્રકાશનો વગેરે પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવશે.
- ✓ IIT-GN દ્વારા મુલાકાતીઓ માટે STEM પ્રદર્શન સત્રો અને વર્કશોપ તેમજ વિદ્યાર્થીઓ માટે ટિંકરિંગ લેબ વિકસાવવામાં આવશે.
- ✓ વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના શિક્ષકો માટે કેપીસીટી બિલ્ડીંગ વર્કશોપ IIT-GN દ્વારા યોજવામાં આવશે જયારે 100થી વધુ મોટા પ્રદર્શનો, પ્રવૃત્તિઓ અને શિક્ષણ આધારિત DIY કિટ્સ IIT-GN તૈયાર કરવામાં આવશે.
- ✓ શિક્ષણ મંત્રી : શ્રી જીતુભાઈ વાઘાણી

**2. 'ધરતી મિત્ર એવોર્ડ 2021' :**

**પ્રથમવાર ગુજરાતી ખેડૂત ઉપેન્દ્રભાઈ નાથાણીને 'ધરતી મિત્ર એવોર્ડ 2021' આપી સન્માનિત કરાયા**

- ✓ **ઈનામી રકમ : રૂ. 5 લાખ.**

**પ્રદાન :**
- ✓ સુભાષ પાલેકર ખેતીને અનુસરીને મગફળી, કપાસ, ઘઉં, ચણા, જીરું, હળદર, મરચી, લીંબુ, જામફળ જેવી અનેક કૃષિ પેદાશોનું મબલખ ઉત્પાદન મેળવીને તેઓ અન્ય ધરતી પુત્રોને પણ પ્રેરણા આપી રહ્યા છે.



**ઓર્ગેનિક ઇન્ડિયા સંસ્થા વિશે :**
- ✓ ઉત્તર પ્રદેશના લખનઉ અને દિલ્હી ખાતે કાર્યરત અને પ્રાકૃતિક ખેતી કરતા અંદાજે પાંચ હજારથી પણ વધુ ખેડૂતોનો સંપર્ક ધરાવતી ઓર્ગેનિક ઇન્ડિયા સંસ્થા કે જે છેલ્લાં 25 વર્ષથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરી રહી છે, તે સંસ્થાએ શ્રી ઉપેન્દ્રભાઇ નાથાણીને વર્ષ-2021નો 'ધરતી મિત્ર એવોર્ડ' એનાયત કરીને તેમનું સન્માન કર્યું છે.

**3. રાજસ્થાનમાં જૂની પેન્શન યોજના ફરીથી શરૂ કરવાની જાહેરાત : રાજસ્થાન સરકાર**
- ✓ બજેટ રજૂ કર્યું હતું. 125 પાનાના આ બજેટમાં ખેડૂતોથી લઇને કર્મચારીઓ માટે અનેકવિધ જાહેરાત કરાઇ હતી. આ બજેટમાં સરકારી કર્મચારીઓને ભેટ અપાઈ છે.
- ✓ રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત સરકારે કર્મચારીઓ માટે જૂની પેન્શન સ્કીમને ફરી લાગુ કરવાની બજેટમાં જાહેરાત કરી.
- ✓ અગાઉ કોંગ્રેસ સરકારમાં 2004 બાદ સરકારી નોકરીમાં પેન્શનની સ્કીમ બંધ કરાઇ હતી. તેના બદલે કોન્ટ્રીબ્યુટરી પેન્શન યોજના શરૂ કરાઇ હતી.
- ✓ **રાજધાની : જયપુર**

**4. નિમણૂક : કેન્દ્રીય નાણા મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકાર સંજીવ સાન્યાલની PM આર્થિક સલાહકાર પરિષદ (EAC-PM)ના પૂર્ણ-સમયના સભ્ય તરીકે નિમણૂક**



**કારકિર્દી :**

- ✓ સંજીવ સાન્યાલ પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને ઇતિહાસકાર છે. તેઓ હાલમાં નાણા મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકાર તરીકે કામ કરી રહ્યા છે.
- ✓ તેઓ ડ્યૂસ બેંકમાં વૈશ્વિક વ્યૂહરચનાકાર અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપી છે.

**5. 'એક્સ કોબ્રા વોરિયર 2022' : કવાયત-UK**

- ✓ ભારતીય વાયુસેના તા. 06 થી 27 માર્ચ 2022 દરમિયાન યુકેના વેડિંગ્ટન ખાતે 'એક્સ કોબ્રા વોરિયર 22' નામની બહુરાષ્ટ્રીય હવાઈ કવાયતમાં ભાગ લેશે.

**કવાયતનો ઉદ્દેશ્ય :**

- ✓ ઓપરેશનલ એક્સપોઝર પ્રદાન કરવાનો છે અને સહભાગી વાયુ સેનાઓ વચ્ચે શ્રેષ્ઠ પ્રથાઓ વહેંચવાનો છે, જેનાથી લડાયક ક્ષમતામાં વધારો થાય છે અને મિત્રતાના બંધનનું નિર્માણ થાય છે.

**કવાયતમાં ક્યા વિમાનો જોડાશે :**

- ✓ પાંચ IAF લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસ યુકેના અન્ય લડાયક વિમાનો અને અગ્રણી એર ફોર્સ સાથે કવાયતમાં જોડાશે.
- ✓ IAF C-17 એરક્રાફ્ટ ઇન્ડક્શન અને ડી-ઇન્ડક્શન માટે જરૂરી ટ્રાન્સપોર્ટ સપોર્ટ આપશે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (23-02-2022)

**1.** ફેબ્રુઆરી-2022માં ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી દ્વારા વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત(STEM)ના કૌશલ્યો વિકસાવવા કઈ સંસ્થા સાથે MOU કરાયા

(A) NFSU-ગાંધીનગર
(B) GTU ગાંધીનગર
**(C) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી-ગાંધીનગર**
(D) IIM અમદાવાદ

**2.** ગુજરાતમાં સુભાષ પાલેકર આધારિત પ્રાકૃતિક ખેતીને અપનાવનારા કયા ગુજરાતીને પ્રથમવાર 'ધરતી મિત્ર એવોર્ડ 2021' આપી સન્માનિત કરાયા

(A) નરસિંહભાઇ પટેલ **(B) ઉપેન્દ્રભાઇ નાથાણી**
(C) મહેશભાઇ જીવાણી (D) નથુભાઇ રામાણી

**3.** ફેબ્રુઆરી-2022માં કઈ રાજ્ય સરકાર દ્વારા જૂની પેન્શન યોજના ફરીથી શરૂ કરવાની જાહેરાત કરાઈ

**(A) રાજસ્થાન** (B) પંજાબ (C) મધ્યપ્રદેશ (D) પશ્ચિમ બંગાળ

**4.** ભારતમાં PM આર્થિક સલાહકાર પરિષદ (EAC-PM)ના પૂર્ણ-સમયના સભ્ય તરીકે ફેબ્રુઆરી-2022માં કોની નિમણૂક કરાઈ

(A) રઘુરામ રાજન (B) સંજીવ સુબ્રહ્મણ્યમ
(C) રાજીવ સાન્યાલ **(D) સંજીવ સાન્યાલ**

**5.** તા. 06 થી 27 માર્ચ 2022 દરમિયાન 'એક્સ કોબ્રા વોરિયર 2022' ક્યાં દેશમાં યોજાશે જેમાં ભારતીય વાયુસેનાના તેજસ સહિતના યુદ્ધ વિમાનો જોડાશે

(A) UAE **(B) UK** (C)જાપાન (D) ઈઝરાયેલ

**DATE : 24-02-2022**

**1. ગરીબ કલ્યાણ મેળા : 12મો તબક્કો**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દાહોદ ખાતેથી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ**




**ગરીબ કલ્યાણ મેળા વિશે :**

- ✓ તા.24, 25 અને 26મી ફેબ્રુઆરી-2022 દરમિયાન 33 જિલ્લા તથા 8 મહાનગરપાલિકાઓમાં 37 ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે.
- ✓ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિ તા.24.02.2022ના રોજ દાહોદ, તા.25.02.2022ના રોજ મોરબી તેમજ તા.26.02.2022ના રોજ અમરેલી

**હેતુ :**

- ✓ વચેટીયાઓનું વર્ચસ્વ થયું નાબૂદ કરીને ગરીબ લાભાર્થીઓને એક જ દિવસે એક જ સ્થળે યોજનાકીય લાભ આપવાનું આયોજન

**ગરીબ કલ્યાણ મેળાની ફળશ્રુતિ :**

- ✓ અગિયાર તબક્કામાં યોજાયેલ 1530 ગરીબ કલ્યાણ મેળાઓ થકી 1.47 કરોડ લાભાર્થીઓને રૂા.26,676.69 કરોડની સહાય : જેમાં 14.34 લાખ અનુસૂચિત જાતિના, 35.21 લાખ અનુસૂચિત જનજાતિના તથા 65.30 લાખ મહિલા લાભાર્થીઓનો સમાવેશ
- ✓ સ્વરોજગાર માટે જુદી-જુદી ટુલકીટ-સાધનોની સહાય
- ✓ ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાનો સૌપ્રથમ પ્રારંભ વર્ષ-2009-10માં થયો હતો.

**2. સ્વાગત ઓનલાઇન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્ય કક્ષાનો સ્વાગત ઓનલાઇન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ ગાંધીનગરમાં સંપન્ન :**

**'સ્વાગત' કાર્યક્રમ વિશે :**

- ✓ આ 'સ્વાગત' કાર્યક્રમ અંતર્ગત દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાતા રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રી નાગરિકોની ફરિયાદો રજૂઆતો પ્રત્યક્ષ સાંભળે છે.




- ✓ રાજ્યના નાગરિકો-જનતા જનાર્દનની ફરિયાદો રજૂઆતોના ટેક્નોલોજીના માધ્યમથી સંવાદ-માર્ગદર્શન દ્વારા નિવારણનો

**સ્વાગતનો પ્રથમ પ્રારંભ :**

- ✓ **"સ્ટેટ વાઇડ એટેન્શન ઓન પબ્લીક ગ્રિવન્સીસ બાય એપ્લીકેશન ઓફ ટેક્નોલોજી" (SWAGAT) સ્વાગત કાર્યક્રમ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના તેમના મુખ્યમંત્રી પદ કાળ દરમ્યાન એપ્રિલ-2003થી ગાંધીનગરથી શરૂ કર્યો હતો.**

**3.મૂડીઝ : ભારતનો GDP અંદાજ વધારી 9.5 ટકા કરાયો**

- ✓ US રેટિંગ એજન્સી મૂડીઝ ઇન્વેસ્ટર્સ સર્વિસે વર્ષ 2022 માટે ભારતનો જીડીપી ગ્રોથ રેટ અંદાજ 7%થી વધારીને 9.5% કર્યો.
- ✓ વર્ષ-2023 માટે 5.5%નો અંદાજ યથાવત્
- ✓ વર્ષ 2022-23માં વૃદ્ધિદર 8.4% અને 2023–24માં 6.57% રહેવાનો અંદાજ.

**4. ચંદ્રયાન 2 – સિદ્ધિ : ઇસરો**




- ✓ છેલ્લાં ત્રણ વર્ષથી કાર્યરત ચંદ્રયાન-2ના ઓર્બિટરમાંનાં લાર્જ એરિયા સોફ્ટ એક્સ-રે સ્પેક્ટ્રોમીટર (CLASS) નામના વૈજ્ઞાનિક ઉપકરણે સોલાર પ્રોટોન ઇવેન્ટ્સની ગતિવિધિની નોંધ લીધી.
- ✓ ક્લાસ ઉપકરણે 18 જાન્યુઆરીએ સૂર્યમાં થતી કોરોનલ માસ ઇજેક્શન્સ(CMES) પ્રક્રિયા પણ રેકોર્ડ કરી હતી.
- ✓ કોરોનલ માસ ઇજેક્શન એટલે સૂર્યમાં ભયંકર ખળભળાટ થાય ત્યારે તેની બાહ્ય સપાટી (જેને કોરોના કહેવાય છે)માંથી વિદ્યુત ચુંબકીય ક્ષેત્રનાં તોફાનો સર્જાય છે. સાથોસાથ તેમાંથી ભારે વિનાશક સૌર જ્વાળાઓ પણ આખા અંતરીક્ષમાં ફેંકાય છે.
- ✓ સૂર્યનારાયણનાં આવાં વિદ્યુત ચુંબકીય તોફાનો અને સૌર જ્વાળાઓ છેક પૃથ્વીના વાતાવરણ સુધી આવી જાય ત્યારે પૃથ્વીના બંને ધ્રૂવ પ્રદેશમાં અરોરા લાઇટ્સના સુંદર અને મનોહર રંગબેરંગી પટ્ટા સર્જાય છે. આકાશમાંથી જાણે કે લાલ, ભૂરા, લીલા અને પીળા રંગના વિશાળ પટ્ટા ઉતરતા હોય તેવાં અદભૂત દ્રશ્ય સર્જાય.
- ✓ ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ મુજબ સોલાર પ્રોટોન ઇવેન્ટસ એટલે સૂર્યની ભયંકર જ્વાળાઓમાંનાં વિદ્યુતભારવાહી પદાર્થ કણોનું તોફાન.

**5. NATOની ભૂમિકા : રશિયા-યુક્રેન સંકટ**




**'નાટો' વિશે :**

- ✓ સ્થાપના : 1949
- ✓ બીજા વિશ્વયુધ્ધની સમાપ્તિના ચાર વર્ષ પછી અમેરિકાની પહેલના કારણે યુરોપ-અમેરિકાને અલગ પાડતા એટલાન્ટિક મહાસાગરના કાંઠે ફેલાયેલા દેશોએ 'નાટો' બનાવ્યું હતું.
- ✓ **'નાટો'ની સ્થાપના સમયે તેમાં 12 દેશો હતા પણ અત્યારે 30 દેશ.**
- ✓ 'નાટો' વિશ્વનું નું સૌથી મોટું લશ્કરી જોડાણ.
- ✓ **હેતુ :** 'નાટો'ની રચના એક સંયુક્ત લશ્કર બનાવીને એકબીજાનું રક્ષણ કરવાનો હતો.

**'નાટો'ના સભ્ય દેશો :**

- ✓ યુએસ, યુકે, કેનેડા, ફ્રાન્સ, જર્મની, તુર્કી, સ્પેન, બેલ્જિયમ, બલ્ગેરિયા, અલ્બાનિયા, ક્રોએશિયા, ચેક રીપબ્લિક, ડેન્માર્ક, એસ્ટોનિયા, ગ્રીસ, હંગેરી, આઇસલેન્ડ, ઇટાલી, લેટવિયા, લિથુઆનિયા, લક્ઝમબર્ગ, મોન્ટેનેગ્રો, નેધરલેન્ડ્સ, નોર્થ મેસેડોનિયા, નોર્વે, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનિયા, સ્લોવાકિયા, સ્લોવેનિયા છે.
- ✓ 'નાટો'નું વાર્ષિક બજેટ 1 ટ્રિલિયન ડોલર એટલે કે લગભગ રૂ. 75 લાખ કરોડ.
- ✓ 'નાટો'ના સભ્ય દેશો એકબીજાને લશ્કરી મદદ કરવા બંધાયેલા છે. આ કારણે બધા દેશો વચ્ચે ગાઢ સંબધો છે.
- ✓ 'નાટો'ના દેશો વચ્ચે આર્થિક વ્યવહારો સરળતાથી ચાલે છે કેમ કે અમેરિકા 'નાટો'ના દેશોને ખાસ છૂટછાટ આપે છે. અમેરિકા 'નાટો'નું આગેવાન છે.
- ✓ અમેરિકાના 'નાટો'ના બજેટમાં સૌથી વધારે યોગદાન આપે છે તેથી 'નાટો'નું લશ્કર અમેરિકાની ઈચ્છા પ્રમાણે ચાલે છે.
- ✓ અમેરિકાને કોઈ દેશ સામે લશ્કરી કાર્યવાહી કરે ત્યારે 'નાટો'નું લશ્કર મોકલાય છે. ઈરાક, અફઘાનિસ્તાન, લિબિયા વગેરે દેશોમાં 'નાટો'નું લશ્કર લડયું હતું.

**6. દિન વિશેષ : 24 ફેબ્રુઆરી (1) સેન્ટ્રલ એક્સાઈઝ દિવસ**




**7. જન્મદિન વિશેષ : 24 ફેબ્રુઆરી બર્ડમેન : લવકુમાર ખાચર**




**જન્મ : 24 ફેબ્રુઆરી-1931 અવસાન : 2 માર્ચ-2015**

- ✓ જસદણના રાજવી પરિવારમાં જન્મેલા લવકુમાર ખાચરે રાજકુમાર કોલેજ રાજકોટ અને દિલ્હી યુનિ.માંથી શિક્ષણ લીધુ
- ✓ લવકુમાર ખાચરે વર્ષ-1967થી પર્યાવરણ-પકૃતિવાદી પ્રવૃતિઓ હિંગોલગઢમાં પ્રકૃતિ શિબિરો શરુ કરીને કરી હતી.
- ✓ જીવનકાળ દરમિયાન તેઓએ 3 હજારથી વધુ પ્રકૃતિ શિબિરો કરી હજારો લોકોને પ્રકુતિ પરત્વે અભિમુખ બનાવ્યા હતા.
- ✓ સામયિકોમાં પર્યાવરણ-પ્રકૃતિ વિષયક લેખો દ્વારા પણ લવકુમાર ખાચરે પ્રકુતિ શિક્ષણનું સ્તુત્ય કાર્ય કાર્ય કર્યું હતું.
- ✓ કચ્છના અખાતમાં દરિયાઇ પાર્કની સ્થાપના એ લવકુમાર ખાચરના વિચારોનું પ્રતિબિંબ છે.
- ✓ હિંગોળગઢમાં પકૃતિ સરક્ષણ શિક્ષણ કાર્યક્રમના સ્થાપક હતા. તેણે માનસરોવરની યાત્રા કરી હતી.
- ✓ પર્યાવરણ અને પ્રકૃતિ સુરક્ષાને લગતી અનેક સંસ્થાઓમાં લવકુમાર સભ્ય અને હોદ્દેદાર રહ્યા.

**સન્માન :**

- ✓ લવકુમાર ખાચરનું વર્લ્ડ વાઈલ્ડ લાઇફ સોસાયટી, બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી, વેનું મેનન લાઈફ ટાઇમ એચીવમેન્ટ, પક્ષી સરક્ષણ મંડળ, ગુજરાત જેવી અનેક સંસ્થાઓ દ્વારા તેઓનું બહુમાન

✓ "બોલો ઓછું, કામ વધુ કરો"ના જીવન ગણિતમાં માનતા લવકુમાર ખાચરનું રાજકોટ ખાતે 84 વર્ષની વયે અવસાન થયું હતું.

✓ અંગ્રેજી વર્તમાનપત્રોએ તેમના અવસાન પછી લવકુમાર ખાચરને "બર્ડ મેન" તરીકે અંજલિ આપી હતી.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (24-02-2022)

**1.** ગુજરાતમાં તા.24 ફેબ્રુઆરી-2022ના રોજ ગરીબ કલ્યાણ મેળાનો કયા તબક્કાનો પ્રારંભ થયો

(A) 10 (B) **(C) 12** (D) 13

**2.** ગુજરાતમાં 12 તબક્કાનો ગરીબ કલ્યાણ મેળાનો રાજ્યકક્ષાના કાર્યક્રમનો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં ક્યાંથી પ્રારંભ કરાયો

**(A) દાહોદ** (B) જૂનાગઢ (C) અમરેલી (D) મોરબી

**3.** ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાનો સૌપ્રથમ પ્રારંભ ક્યા વર્ષે થયો હતો

(A) વર્ષ-2008-09 **(B) વર્ષ-2009-10**

(C) વર્ષ-2010-11 (D) વર્ષ-2011-12

**4.** ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાતા સ્વાગત કાર્યક્રમ સંદર્ભે ક્યા વિધાનો સાચા છે

1. તા.24 ફેબ્રુઆરી-2022ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'સ્વાગત' કાર્યક્રમ યોજાયો
2. 'દર મહિનાના ચોથા ગુરૂવારે સ્વાગત' કાર્યક્રમનું આયોજન
3. સ્ટેટ વાઇડ એટેન્શન ઓન પબ્લીક ગ્રિવન્સીસ બાય એપ્લીકેશન ઓફ ટેક્નોલોજી (SWAGAT)
4. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સૌપ્રથમવાર એપ્રિલ-2003માં ગાંધીનગરથી કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**5.** US રેટિંગ એજન્સી મૂડીઝ ઇન્વેસ્ટર્સ સર્વિસ દ્વારા આ વર્ષે ભારતનો GDP અંદાજ વધારી ફેબ્રુઆરી-2022માં કેટલા ટકા નક્કી કરાયો

**(A) 9.5 ટકા** (B) 9.3 ટકા (C) 9.1 ટકા (D) 8.7 ટકા

**6.** ઇસરો દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી કાર્યરત ક્યા ઉપગ્રહના ઓર્બિટરમાંનાં લાર્જ એરિયા સોફ્ટ એક્સ-રે સ્પેક્ટ્રોમીટર (CLASS) નામના વૈજ્ઞાનિક ઉપકરણે સોલાર પ્રોટોન ઇવેન્ટ્સની ગતિવિધિની નોંધ લીધી

(A) મંગળયાન (B) ગગનયાન

(C) આદિત્ય **(D) ચંદ્રયાન-2**

**7.** રશિયા-યુક્રેન સંકટ વચ્ચે NATO સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. હેતુ : 'નાટો'ની રચના એક સંયુક્ત લશ્કર બનાવીને એકબીજાનું રક્ષણ કરવાનો હતો.
2. સ્થાપના : વર્ષ-1949
3. 'નાટો'ની સ્થાપના સમયે તેમાં 12 દેશો હતા અત્યારે 30 દેશ
4. 'નાટો' વિશ્વનું નું સૌથી મોટું લશ્કરી જોડાણ

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**8.** સેન્ટ્રલ એક્સાઇઝ દિવસ કયારે મનાવવામાં આવે છે

**(A) તા. 24 ફેબ્રુઆરી** (B) તા. 23 ફેબ્રુઆરી

(C) તા. 22 ફેબ્રુઆરી (D) તા. 21 ફેબ્રુઆરી

**9.**પક્ષી પ્રેમી ગુજરાતી લવકુમાર ખાચર જન્મદિવસ છે

**(A) તા. 24 ફેબ્રુઆરી-1931** (B) તા. 23 ફેબ્રુઆરી-1930

(C) તા. 22 ફેબ્રુઆરી-1929 (D) તા. 21 ફેબ્રુઆરી-1928


**10.**કયા ગુજરાતી પક્ષી પ્રેમી બર્ડમેનના ઉપનામથી ઓળખાય છે

(A) આત્મારામ ખાચર (B) લવકુમાર અગ્રવાલ

**(C) લવકુમાર ખાચર** (D) મહેન્દ્રનાથ દવે

## DATE : 25-02-2022

**1. મિલન અભ્યાસ : ભારતીય નૌકાદળ**



✓ વિશાખાપટ્ટનમ્ ખાતે ભારતીય નૌકાદળના મિલન યુદ્ધ અભ્યાસનો તા. 25 ફેબ્રુઆરીએ પ્રારંભ થયો.

✓ યુદ્ધ અભ્યાસમાં સામેલ દેશ : 40

**2. ખેલકૂદ : સિંગાપોર વેઇટલિફ્ટિંગ ઇન્ટરનેશનલ ચેમ્પિયનશિપ-2022**

**ભારતીય મીરાબાઈ ચાનૂએ ગોલ્ડ મેડલ જીતી કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાય કર્યું**



✓ મીરાબાઈ ચાનૂએ ગોલ્ડ મેડલ જીતીને કોમનવેલ્થ ગેમ્સ માટે 55 કિલોગ્રામ વેઇટ કેટેગરી માટે ક્વોલિફાય કર્યું હતું.

✓ પ્રથમ વખત આ કેટેગરીમાં ભાગ લેનાર ચાનૂએ કુલ 191 કિલોગ્રામ (86 અને 105) વજન ઊંચક્યું હતું. અને તે પ્રથમ સ્થાને રહી હતી.

**3. ખેલકૂદ : સિદ્ધિ**

**તામિલનાડુના 16 વર્ષના રમેશબાબુ પ્રાગનનંદાએ ઓનલાઇન રેપિડ ચેસ ટૂર્નામેન્ટમાં નોર્વેના વર્લ્ડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને હરાવ્યો**



**કાર્લસનને હરાવનાર ત્રીજો ભારતીય**

**પ્રેરણા :**

✓ પ્રાગીની મોટી બહેન વૈશાલી તેના માટે પ્રેરણા સ્ત્રોત બની. પરિવારજનોએ વૈશાલીને ટીવીથી દૂર રાખવા માટે ચેસ રમતા શીખવાડ્યું. પ્રાગનનંદાએ પણ 3 વર્ષની વયે રમવાનું શરૂ કર્યું હતું.

✓ પ્રાગીએ એરથિંગ્સ માસ્ટર્સમાં કાર્લસનને હરાવવા 10 દિવસ સુધી રાતના 3 વાગ્યા સુધી જાગી સતત પ્રેક્ટિસ કરી હતી. કારણ કે, ઓનલાઇન ટૂર્નામેન્ટ રાતે જ યોજાતી હતી. આ જીતને તે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માને છે.

**પ્રાગનનંદાની સિદ્ધિ :**

✓ વર્ષ 2013માં અંડર-8 કેટેગરીનું વર્લ્ડ યુથ ચેમ્પિયનશિપ ટાઇટલ જીત્યું હતું. તેને ફીડ માસ્ટરનું ટાઇટલ મળ્યું.

✓ માગીએ 2015માં અંડર-10 ટાઇટલ જીત્યું હતું. તે પાંચમો સૌથી યુવા ગ્રાન્ડ માસ્ટર છે. તે 12 વર્ષ 10 મહિના 13 દિવસની વયે જ ગ્રાન્ડ માસ્ટર બન્યો હતો.

✓ "પ્રાગનનંદા 10 વર્ષ, 10 મહિના, 19 દિવસની વયે સૌથી યુવા ઈન્ટરનેશનલ માસ્ટર બન્યો હતો.

## 4. રશિયા-યુક્રેન સંકટ : એક અહેવાલ



### રશિયા પ્રતિબંધથી શા માટે નથી ડરી રહ્યું ?

✓ અમેરિકા અને યુરોપીય દેશોએ મૂકેલા તમામ કડક પ્રતિબંધો છતાં રશિયાએ યૂક્રેન પર હુમલો કરી જ દીધો. પશ્ચિમના દેશો રશિયા પર એક પછી એક પ્રતિબંધ લગાવી રહ્યા છે, પરંતુ રશિયાને તેની કોઇ પરવા નથી. એવી કઇ તાકાત અને પદ્ધતિ છે કે રશિયાને પ્રતિબંધોની પરવા જ નથી?

✓ વર્ષ-2014માં ક્રિમિયાના વિલય વખતે પણ રશિયા પર પ્રતિબંધ લાદવામાં આવ્યા હતા. તે વખતે રશિયાનું અર્થતંત્ર નબળું હતું. વર્ષ 2014ના મુકાબલે રશિયાનું અર્થતંત્ર આજે ખૂબ મજબૂત છે. તજજ્ઞો પણ માને છે કે રશિયાએ માત્ર રોષ કે જોશમાં આવીને યૂક્રેન પર હુમલો નથી કરી દીધો. હકીકતે રશિયાએ તે માટે વર્ષો સુધી મહેનત કરી છે. રશિયાએ વિતેલા 8 વર્ષમાં તેના અર્થતંત્રને પ્રતિબંધ પ્રતિરોધક બનાવી દીધું છે.

✓ જાન્યુઆરીમાં રશિયા 630 અબજ ડોલરનું આંતરરાષ્ટ્રીય હૂંડિયામણ ધરાવતું હતું. તે પૈકી માત્ર 16 ટકા ભાગ જ ડોલરના રૂપમાં રાખ્યો હતો. પાંચ વર્ષ પહેલાં હૂંડિયામણમાં ડોલરનો ભાગ 40 ટકા હતો. રશિયાએ તે ઉપરાંત વિદેશી હૂંડિયામણમાં ચીની ચલણ રેમિનબીની 13 ટકા ભાગીદારી જાળવી રાખી છે.

✓ વર્ષ 2014માં અમેરિકાએ યૂક્રેન મુદ્દે રશિયા પર પ્રતિબંધ લાધા ત્યારથી જ રશિયા ડોલર પરની પોતાની નિર્ભરતા ઘટાડી રહ્યું છે.

✓ વર્ષ 2018માં આ નીતિને વેગીલી બનાવીને રશિયાએ અમેરિકી બોન્ડમાંના પોતાના રોકાણો ઘટાડીને અડધોઅડધ કરી દીધા હતા. તે રાહે મળેલી રકમમાંથી રશિયાએ સોનું, યૂરો અને યુનાનની ખરીદી કરી હતી.

✓ એક દાયકા પહેલાં રશિયા અમેરિકી બોન્ડમાં 170 અબજ ડોલરથી વધુનું રોકાણ ધરાવતું હતું.

### પેમેન્ટ માટે ચીનનો સાથ

✓ પશ્ચિમના દેશો રશિયાને સ્વિફ્ટ સેવાથી દૂર કરે તો તેનો સામનો કરવા ચીન રશિયાને મદદ કરી જ રહ્યું છે.

✓ ચીને વર્ષ 2015મા જ ક્રોસ બોર્ડર ઇન્ટરબેન્ક પેમેન્ટ સિસ્ટમ (સીઆઇપીએસ) શરૂ કરી દીધી હતી. તેવામાં રશિયન કંપનીઓ અને સરકારને નાણાકીય વ્યવહારોમાં મુશ્કેલી પડવાની સંભાવના ઓછી છે.

### યુરોપ ઊર્જા માટે રશિયા પર નિર્ભર

✓ યુરોપના કેટલાક દેશો માટે રશિયાના ગેસ ઉદ્યોગો પર પ્રતિબંધ લગાવવા આસાન છે. તેવા દેશો પોતાની ઊર્જા જરૂરિયાતો માટે રશિયા પર ઓછા નિર્ભર છે.

✓ બ્રિટન પોતાની તેલ અને ગેસ જરૂરિયાત માટે રશિયા પર 3 ટકા જ નિર્ભર છે. પરંતુ યુરોપીય સંઘ પોતાનો 40 ટકા કુદરતી ગેસનો પુરવઠો રશિયા પાસેથી મેળવે છે.

✓ રશિયા સામે પ્રતિબંધ લાદવા યુરોપ એકજૂથ થાય તેવી સંભાવના ઘટી જાય છે. રશિયામાં યુરોપીય દેશો પણ 311.4 અબજ યૂરો (2019માં)નું રોકાણ કરી ચૂક્યા છે. જાહેર છે કે રશિયા ડૂબશે તો આ રોકાણ પણ ડૂબી જશે.

### રશિયાને ચીનનો સાથ : પ્રતિબંધો રશિયાને માઠી અસર નહીં કરે

### પુતિન અને રશિયા સામે ટકરાવું સરળ નથી

✓ રશિયા અને પુતિન સામે ટકરાવું કોઈપણ દેશ માટે સરળ નથી. અમેરિકા પણ આ વાત સારી રીતે જાણે છે. આથી તેણે કહ્યું કે તે યુએસ સેના યૂક્રેનમાં મોકલશે નહીં. નાટોએ પણ તેના સૈનિકોને સીધા જંગમાં મોકલવા ઇનકાર કર્યો છે. પરિણામે યૂક્રેન એકલું પડી ગયું છે અને એકલા હાથે જેટલું લડાય તેટલું રશિયા સામે લડવાનું છે.

✓ યૂક્રેનમાં અમેરિકાનાં કોઈ હિતો નથી, યૂક્રેન નાટો દેશોનું સભ્ય નથી, અફઘાનિસ્તાન અને સીરિયામાં લડયા પછી અમેરિકનો હવે વધુ યુદ્ધ અને પરાજય વહોરવા ઇચ્છતા નથી, રશિયા પાસે પરમાણુ શસ્ત્રો છે જે વિનાશક પુરવાર થઇ શકે છે. આ બધા કારણોસર અમેરિકાએ યૂક્રેનમાં રશિયા સાથે સીધો જંગ ખેલવાનું ટાળ્યું છે.

### રશિયાથી યુરોપના દેશો શા માટે ડરી રહ્યા છે?

✓ રશિયાથી યુરોપનાં દેશો ડરી રહ્યા છે કારણ કે, તેમની મોટાભાગની ઇકોનોમી રશિયા પર નિર્ભર છે. યુરોપનાં દેશોને રશિયા દ્વારા ઊર્જાની તમામ જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે. યુરોપીય સંઘનાં દેશો કે જેઓ નાટોનાં સભ્ય છે છતાં 40 ટકા ગેસ તે રશિયા પાસેથી ખરીદે છે.

✓ રશિયા ગેસ અને ક્રૂડનો સપ્લાય બંધ કરે તો યુરોપમાં મોટામાં મોટું ઊર્જા સંકટ સર્જાય તેમ છે. ત્યાં વીજળી અને પેટ્રોલિયમના ભાવ આસમાને પહોંચી શકે છે. આથી તેઓ રશિયા સાથે જંગમાં ઊતરીને તેની ખફગી વહોરવા માંગતા નથી.

### પુતિન ધમકીઓને ઘોળીને પી ગયા

✓ રશિયા જ્યારે યૂક્રેન પર હુમલાની તૈયારી કરતું હતું ત્યારે અમેરિકા અને નાટો દેશો તેમજ બ્રિટને રશિયાને આર્થિક પ્રતિબંધોની ધમકીઓ આપી હતી. પુતિન આવી ધમકીઓ ઘોળીને પી ગયા હતા. યુએસ દ્વારા માઠાં પરિણામો ભોગવવા આપેલી ધમકીઓ આખરે પોકળ નીકળી. પુતિને તેમનું ધાર્યું કર્યું અને યૂક્રેન પર હુમલો કર્યો.

### રશિયા પર યુએસ અને નાટોના પ્રતિબંધોની કોઇ અસર નહીં

✓ યુએસ તેમજ નાટો દેશો અને બ્રિટન દ્વારા રશિયા પર જે આર્થિક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે તેની રશિયા પર કોઇ માઠી અસર પડે તેમ નથી. રશિયાએ તેનો પ્રભાવ અને વર્ચસ્વ એવું વધાર્યું છે કે તેને પ્રતિબંધો હચમચાવી શકે તેમ નથી.

✓ રશિયાના વિદેશી હૂંડિયામણના 630 અબજ ડોલરના ભંડારમાંથી હવે ફક્ત 16 ટકા હિસ્સો જ ડોલરના મૂલ્યમાં છે જે રશિયાને માઠી અસર કરે તેમ નથી.

**5. દિન વિશેષ : 25 ફેબ્રુઆરી**

**ગુજરાતના મૂકસેવક : રવિશંકર મહારાજ**

**જન્મ : 25 ફેબ્રુઆરી-1884 અવસાન : 1 જૂલાઈ-1984**




✓ સાચા સંત, મુઠ્ઠી ઊંચેરા માનવી, કરોડપતિ ભિક્ષુક, મૂકસેવક, **ગુજરાતના બીજા ગાંધી, ભૂદાન પ્રવૃત્તિમાં 1955-58 સુધીમાં 6 હજાર કિલોમીટર પદયાત્રા 71 વર્ષે કરનારા, કરોડો વીઘા જમીન અને કરોડોનું દાન મેળવીને જળકમળવત્ જીવનાર,** ગરીબોના વંચિતોના અને જેમણે મહી નદીની કોતરોમાંના પાટણવાડિયા, ભીલ અને બારૈયાઓને સુધારવાનું, વ્યસનો અને બદીઓથી મુક્ત કરવાનું કામ જાનનાં જોખમે કર્યું હતુ એવાં રવિશંકર વ્યાસનો જન્મ ખેડા જિલ્લાના રઢુ ગામે થયો હતો.

✓ 1921માં જીવન રાષ્ટ્રને સમર્પિત કરી દીધું.

✓ સુણાવ ગામમાં શાળાની સ્થાપના કરી આચાર્યથી લઈ સેવક સુધીની જવાબદારી સંભાળી હતી.

✓ ખેડા જિલ્લામાં બારૈયા અને પાટણવાડિયા જેવી કોમોના ઉત્થાન માટે પ્રવૃત્ત થયા.

✓ 1923માં હૈડિયા વેરાની વિરુદ્ધ શરૂ થયેલા બોરસદ સત્યાગ્રહથી લઈ બારડોલી સત્યાગ્રહ, સવિનય કાનૂનભંગ અને હિન્દ છોડો આંદોલનથી લઈ ગુજરાત કક્ષાએ થયેલા લગભગ પ્રત્યેક સત્યાગ્રહમાં મહારાજશ્રીનું સીધું યોગદાન અને માર્ગદર્શન રહ્યું હતું.

✓ તેથી વધુ તેમનું યોગદાન સુરાજ્યની રચનાત્મક પ્રવૃત્તિઓમાં રહ્યું છે.

✓ **1 મે 1960ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના તેમના વરદ હસ્તે થઈ હતી.**

✓ સાદાઈના પર્યાયસમા રવિશંકર મહારાજની સ્મૃતિમાં ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

✓ તેમની વ્યક્તિમત્તાને પ્રમાણતા ઘણા પુસ્તકો લખાયા છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (25-02-2022)

**1.** ભારતીય નૌકાદળ દ્વારા ફેબ્રુઆરી-2022 યોજાયેલા યુદ્ધ અભ્યાસ સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. તા. 25 ફેબ્રુઆરીએ મિલન અભ્યાસનો પ્રારંભ

2. યજમાન : વિશાખાપટ્ટનમનો દરિયાકિનારો

3. યુદ્ધ અભ્યાસમાં સામેલ દેશ : 40

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** ફેબ્રુઆરીમાં યોજાયેલી સિંગાપોર વેઇટલિફ્ટિંગ ઇન્ટરનેશનલ ચેમ્પિયનશિપ-2022માં ગોલ્ડ મેડલ જીતી ભારતીય મીરાબાઈ ચાનૂએ આગામી કયા રમતોત્સવ માટેની 55 કિલોગ્રામ વેઇટ કેટેગરી માટે ક્વોલિફાય કર્યું

(A) એશિયન ગેમ્સ **(B) કોમનવેલ્થ**

(C) નેશનલ ગેમ્સ (D) ઓલિમ્પિક

**3.** ફેબ્રુઆરી-2022માં યોજાયેલી ઓનલાઈન રેપિડ ચેસ ટૂર્નામેન્ટમાં નોર્વેના વર્લ્ડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને હરાવીને ક્યા રાજયના 16 વર્ષના રમેશબાબુ પ્રાગનનંદાએ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી

(A) તેલંગાણા **(B) તામિલનાડુ**

(C) આંધ્રપ્રદેશ (D) કર્ણાટક

**4.** પૂજ્ય રવિશંકર મહારાજ સંદર્ભે નીચેનામાંથી કયા વિધાનો યોગ્ય છે

1. સાચા સંત તથા મુઠ્ઠી ઊંચેરા માનવી

2. ગુજરાતના મૂકસેવક તથા કરોડપતિ ભિક્ષુક

3. ગુજરાતના બીજા ગાંધી

4. એકોતેર વર્ષેની ઉંમરે ભૂદાન પ્રવૃત્તિમાં 1955-58 સુધીમાં 6 હજાર કિલોમીટર પદયાત્રા કરી

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**5.** પૂજ્ય રવિશંકર મહારાજનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા. 28 ફેબ્રુઆરી 1888 તથા વડોદરાનું રઢુ ગામ

(B) તા. 27 ફેબ્રુઆરી 1887 તથા અમદાવાદનું રઢુ ગામ

(C) તા. 26 ફેબ્રુઆરી 1886 તથા દાહોદનું રઢુ ગામ

**(D) તા. 25 ફેબ્રુઆરી 1884 તથા ખેડાનું રઢુ ગામ**

**6.** પૂજ્ય રવિશંકર મહારાજના વરદ હસ્તે, ગુજરાત રાજ્યની સ્થાપના ક્યારે કરાઈ હતી

(A) તા. 01.05.1956 (B) તા. 01.05.1959

**(C) તા. 01.05.1960** (D) તા. 01.05.1965

**DATE : 26-02-2022**

**1. 'ઓપરેશન ગંગા' - ભારત સરકાર :**

**ભારત સરકાર દ્વારા યુક્રેનમાંથી ભારતીયોને બહાર લાવવાના મિશનને ઓપરેશન ગંગા નામ અપાયું**



✓ પ્રથમ તબક્કામાં એર ઈન્ડિયાનું વિમાન AI-1943 219 ભારતીય નાગરિકોને લઈને મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યું હતું.

✓ ઓપરેશન ગંગા હેઠળ યુક્રેનથી ગુજરાતના 44 વિદ્યાર્થી હેમખેમ ફર્યા પરત, વોલ્વોમાં તમામને અમદાવાદ લવાયા

✓ વિદેશ મંત્રી : એસ જયશંકર

**2. કેન્દ્રીય કેબિનેટ મહત્વના નિર્ણયો : ભારત સરકાર**

**(1) LICમાં 20 ટકા સુધી FDIને મંજૂરી**

✓ દેશના ઇતિહાસના સૌથી મોટા IPOને મુદ્દે કેન્દ્ર સરકારે મહત્વનો નિર્ણય લીધો. PM નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે તા. 26મી ફેબ્રુઆરી મળેલી આર્થિક બાબતોની કેન્દ્રીય કેબિનેટે જીવન વીમા નિગમ-LICના IPO માટે ઓટોમેટિક રૂટથી 20 ટકા સુધીના પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)ને મંજૂરી આપી. LICના વિનિર્દેશ માટે આ નિર્ણય લેવામાં આવ્યો.

**(2) આયુષ્યમાન ભારત ડિજિટલ મિશનને મંજૂરી**

✓ મિશન હેઠળ પાંચ વર્ષ માટે રૂપિયા 1,600 કરોડની નાણાકીય જોગવાઈ.

✓ દેશની જનતા પોતાના માટે આયુષ્યમાન ભારત એકાઉન્ટ નંબર જનરેટ કરી શકશે, તેની સાથે ડિજિટલ આરોગ્ય રેકર્ડને સાંકળી શકાશે.

✓ આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન પાયલોટ પ્રોજેક્ટ દેશના છ કેન્દ્ર શાસિત રાજ્યોમા પૂર્ણ.

**(3) સહિયારી ઇ-ઓક્શન વિન્ડો મારફતે કોલસા હરાજીને મંજૂરી**

✓ જાહેર ક્ષેત્રની CIL સહિતની કોલસા કંપનીઓ દ્વારા સહિયારી ઇ-ઓક્શન વિન્ડો પર કોલસા હરાજીને મંજૂરી આપી.

✓ આ નિર્ણયને પગલે કોલસા બજારમાં પ્રવર્તી રહેલી વિકૃતિઓ ખતમ થશે, તમામ ગ્રાહકો માટે એક દર ધરાવતી ઇ ઓક્શન બજાર વ્યવસ્થા ઊભી થશે

**3. સંરક્ષણ : ડિઝાઈન અને ઇનોવેશન ઇન ડિફેન્સ એન્ડ એરોસ્પેસના ત્રિદિવસીય કાર્યક્રમનો કર્ણાવતી યુનિવર્સિટી ઉવારસદ (ગાંધીનગર) ખાતે પ્રારંભ**

✓ **પ્રથમ દિવસે ભારતીય સેનાના ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ એમ.એમ.નરવણે દ્વારા** કાર્યક્રમનું ઉદ્ઘાટન.

✓ સંરક્ષણ ક્ષેત્રના રોકાણકારો અને ડિઝાઈન ક્ષેત્રના અગ્રણીઓ સામેલ

**4. 'ધર્મ ગાર્ડિયન 2022' : ભારત-જાપાનની વાર્ષિક સંયુક્ત લશ્કરી કવાયત ડ્રિલ તા. 27 ફેબ્રુઆરીથી યોજાશે**

✓ સમયગાળો : **તા. 27 ફેબ્રુઆરી - 10 માર્ચ-2022**

✓ યજમાન : **બેલગામ (કર્ણાટક)**

**હેતુ :**

✓ ભારત દ્વારા વિવિધ દેશો સાથે કરાતી લશ્કરી તાલીમ કવાયતોની શ્રેણીમાં જાપાન સાથેનો આ કાર્યક્રમ, વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિના સંદર્ભમાં બંને દેશોએ સુરક્ષા અંગે જેનો સામનો કરવો પડે છે એ મુદ્દે કસોટીપૂર્ણ અને મહત્ત્વપૂર્ણ છે.

**કવાયત વિશે :**

✓ ઇન્ડો-પેસિફિક વિસ્તારમાંના અગત્યના દરિયાઇ રૂટોને ચીનની બદદાનતભરી હિલચાલોથી રક્ષવા માટે રચાયેલા ક્વાડ જૂથના ભારત, જાપાન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા સભ્યો છે.

✓ ધર્મ ગાર્ડિયન કવાયત અંતર્ગત જંગલ, અર્ધશહેરી અને શહેરી પંથકોમાંની કાર્યવાહી અંગે પાયદળની ટુકડીના સ્તરની સંયુક્ત તાલીમને આવરી લેવાશે.

✓ આ વર્ષે આ કવાયતમાં ભારતીય સૈન્યની મરાઠા લાઇટ ઇન્ફન્ટ્રી રેજિમેન્ટના યુધ્ધના અનુભવી દળો તેમજ જાપાનીઝ ગ્રાઉન્ડ સેલ્ફ ડીફેન્સ ફોર્સિસની 30મી ઇન્ફન્ટ્રી રેજિમેન્ટ ભાગ લેશે.


**5. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) : રશિયા વિરુદ્ધ નિંદા પ્રસ્તાવ અંગેના મતદાનથી ભારત દૂર રહ્યું**

**પ્રસ્તાવ વિશે :**

✓ **પ્રસ્તાવની તરફેણમાં પરિષદના 15 સભ્યોમાંથી 11એ મતદાન કર્યું.**

✓ **પરિષદના સ્થાયી સભ્ય તરીકે રશિયાએ વીટો વાપરતા આ પ્રસ્તાવ પરિષદમાં પાસ થઈ શક્યો નહીં.**

✓ **ભારત, ચીન અને યુએઈ આ પ્રસ્તાવના મતદાનથી દૂર રહ્યા હતા.**




✓ ભારત મતદાનમાં હાજર ન રહેતાં રશિયાએ ભારતના આ પગલાંની પ્રશંસા કરી છે. રશિયાએ કહ્યું કે, યુક્રેન મુદ્દે ભારતે નિષ્પક્ષ અને સંતુલિત વલણ અપનાવ્યું છે. અમે તેની પ્રશંસા કરીએ છીએ. રશિયાએ એમ પણ કહ્યું કે, યુક્રેન મુદ્દે અમે સતત ભારતના સંપર્કમાં છીએ.

✓ યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી અને તેમને વર્તમાન સ્થિતિથી માહિતગાર કર્યા હતા. તેમણે ટ્વીટ કરીને લખ્યું કે, પીએમ મોદીને રશિયાના હુમલાની માહિતી આપી છે અને જણાવાયું કે, એક લાખથી વધુ હુમલાખોરો તેમની ધરતી પર ઘૂસી આવ્યા છે અને રહેણાંક વિસ્તારો પર અંધાધૂંધ ગોળીબાર કરી રહ્યા છે. અમે ભારતને સુરક્ષા પરિષદમાં રાજકીય સમર્થન આપવા અને સાથે મળીને આ હુમલા રોકવા આગ્રહ કરીએ છીએ.

**6. દિન વિશેષ : 26 ફેબ્રુઆરી**

**દેશના પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદનો 611મો સ્થાપના દિવસ**




**સ્થાપના : તા. 26 ફેબ્રુઆરી-1411,**

**સ્થાપક : અહેમદ શાહ**

**સ્થાપના દિવસે ઉજવણી નિમિત્તે માણેકબુર્જ ખાતે ધજા બદલાવાઈ**

✓ અમદાવાદ શહેર 611 વર્ષનું થયું. અગાઉ આ શહેર અહમદાબાદ તરીકે પણ જાણીતું હતું. તા.26 ફેબ્રુઆરી, 1411માં અહેમદશાહે માણેકબુર્જ પાસે સ્થાપના કરી હતી.

✓ દર વર્ષે સ્થાપના દિવસે માણેકબુર્જની ધજા બદલવાની પરંપરા છે. જેમના આશીર્વાદથી અહેમદશાહ બાદશાહનું અમદાવાદ બનાવવાનું સપનું સાકાર થયું એ માણેકનાથજીના વંશજો અને અમદાવાદના મેયર સાથે મળીને આ પરંપરા નિભાવી રહ્યાં છે.

**અમદાવાદ મહાનગરના કેટલાક સંભારણાં**

✓ પહેલી જૂલાઈ-1950ના રોજ અમદાવાદ શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો

✓ અમદાવાદ શહેરના પ્રથમ મેયર ચિનુભાઈ ચીમનલાલ શેઠ હતા.

- ✔ શહેરના પ્રથમ મ્યુનિસિપલ કમિશનર બી.પી. પટેલ હતા. પ્રથમ કમિશનર તરીકે બી. પી. પટેલે વર્ષ-1950થી વર્ષ-1954 સુધી કાર્યભાર સંભાળ્યો.
- ✔ વર્ષ-1951માં અમદાવાદ શહેરની કુલ વસ્તી 8,37,163 હતી.
- ✔ વર્ષ-1951માં અમદાવાદ શહેર 52 ચોરસ કીલોમીટર વિસ્તારમાં વસેલુ હતુ.

**સરદાર વલ્લભભાઈ નગરપાલિકાના પ્રમુખ બન્યા**

- ✔ લોખંડી પુરુષ તરીકે જાણીતા સરદાર વલ્લભભાઈ પટેલ તા. 5 જૂલાઈ-1917ના રોજ અમદાવાદના દરીયાપુર વોર્ડમાં થયેલી પેટા ચૂંટણીમાં વિજયી બન્યા હતા.
- ✔ અમદાવાદ નગરપાલિકાના પ્રમુખ તરીકે સરદાર વલ્લભભાઈએ તા. 9 ફેબ્રુઆરી-1924થી તા. 13 એપ્રિલ-1928 સુધી કાર્યભાર સંભાળ્યો હતો.
- ✔ તા. 14 જૂલાઈ-2017ના દિવસે અમદાવાદ શહેરને યૂનેસ્કો દ્વારા વર્લ્ડ હેરીટેજ શહેરનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

**7. દિન વિશેષ : 26 ફેબ્રુઆરી**

**વીર સાવરકરની પૂણ્યતિથિ**




**જન્મ : 28 મે 1883 અવસાન : 26 ફેબ્રુઆરી 1966**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (26-02-2022)

**1.** ફેબ્રુઆરી-2022માં ભારત સરકાર દ્વારા યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી ભારતીયોને સલામત રીતે બહાર લાવવાના મિશનને કયુ નામ અપાયું છે

(A) ઓપરેશન યુક્રેન (B) ઓપરેશન યમુના

**(C) ઓપરેશન ગંગા** (D) ઓપરેશન ભારત

**2.** કેન્દ્રીય કેબિનેટ દ્વારા ફેબ્રુઆરી-2022માં લેવાયેલા નિર્ણયો મુજબ LICના IPO માટે ઓટોમેટિક રૂટથી કેટલા ટકા સુધીના FDIને મંજૂરી અપાઈ

**(A) 20** (B) 25 (C) 30 (D) 35

**3.** ડિઝાઈન અને ઇનોવેશન ઇન ડિફેન્સ એન્ડ એરોસ્પેસના ત્રિદિવસીય કાર્યક્રમનો તા.26 ફેબ્રુઆરી-2022ના રોજ કોના હસ્તે ક્યાંથી પ્રારંભ કરાયો

(A) રક્ષા મંત્રી રાજનાથસિંહ તથા IIT મદ્રાસ

(B) આર.કે.ચૌધરી તથા DRDO બેંગ્લુરૂ

(C) ગૃહ મંત્રી અમિત શાહ તથા કર્ણાવતી યુનિ. ગાંધીનગર

**(D) ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ એમ.એમ.નરવણે તથા કર્ણાવતી યુનિવર્સિટી ઉવારસદ**

**4.** ફેબ્રુઆરી-2022માં આયોજિત ભારત-જાપાનની વાર્ષિક સંયુક્ત લશ્કરી કવાયત ડ્રિલ સંદર્ભે કયુ વિધાન યોગ્ય નથી

1. 'ધર્મ ગાર્ડિયન 2022' ડ્રિલ
2. ધર્મ ગાર્ડિયન કવાયત અંતર્ગત દરિયાઇ, રણ અને પર્વતીય પંથકોમાં કાર્યવાહી અંગે સંયુક્ત તાલીમને આવરી લેવાશે
3. સમયગાળો : તા. 27 ફેબ્રુઆરી - 10 માર્ચ-2022
4. યજમાન : બેલગામ (કર્ણાટક)

(A) 1 અને 3 (B) 3 અને 4 (C) માત્ર 2 **(D) આપેલ તમામ**

**5.** સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) દ્વારા રશિયાએ યુક્રેન પર કરેલા લશ્કરી હુમલા સંદર્ભના નિંદા પ્રસ્તાવ અંગેના મતદાનથી ભારત દૂર રહ્યું જ્યારે પ્રસ્તાવની તરફેણમાં પરિષદના 15 સભ્યોમાંથી કેટલાએ મતદાન કર્યું

(A) 10 **(B) 11** (C) 12 (D) 13

**6.** સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) દ્વારા રશિયાએ યુક્રેન પર કરેલા લશ્કરી હુમલા સંદર્ભના નિંદા પ્રસ્તાવમાં ક્યા દેશો મતદાનથી દૂર રહ્યાં તેમાં કોનો સમાવેશ થતો નથી

**(A) જાપાન** (B) યુએઇ (C) ચીન (D) ભારત

**7.** વીર સાવરકરની પુણ્યતિથિ જણાવો

(A) તા. 20 ફેબ્રુઆરી 1960 (B) તા. 22 ફેબ્રુઆરી 1962

(C) તા. 24 ફેબ્રુઆરી 1964 **(D) તા. 26 ફેબ્રુઆરી 1966**

**8.** અમદાવાદને ભારતના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો ક્યારે પ્રાપ્ત થયો હતો

(A) તા. 01 જુલાઈ 2015 (B) તા. 04 જુલાઈ 2016

**(C) તા. 14 જુલાઈ 2017** (D) તા. 18 જુલાઈ 2018

**9.** ભારતના માન્ચેસ્ટર અમદાવાદનો સ્થાપના દિવસ જણાવો

(A) તા. 02 ફેબ્રુઆરી 1141, મોહમદશાહ

**(B) તા. 26 ફેબ્રુઆરી 1411, અહમદશાહ**

(C) તા. 06 ફેબ્રુઆરી 1414, મહમૂદ બેગડા

(D) તા. 26 ફેબ્રુઆરી 1415, અહેમદ બેગડા

**10.** તા. 26 ફેબ્રુઆરી-2022ના રોજ અમદાવાદ શહેરના કેટલામા સ્થાપના દિવસની ઊજવણી કરવામાં આવી

(A) 609 (B) 610 **(C) 611** (D) 612

## DATE : 27-02-2022

**1. PM મોદી દ્વારા મન કી બાતની 86મી આવૃતિ યોજાઈ**




**મોદીની મન કી બાતના મુખ્ય અંશો :**

- ✔ માતાની જેમ જમાતૃભાષા પણ આપણા જીવનને ઘડે છે
- ✔ વીતેલા સાત વર્ષોમાં ભારત 200થી વધુ કિમતી મૂર્તિઓ સફળતાપૂર્વક પરત લાવ્યું છે.
- ✔ મન કી બાત : દર મહિનાનો અંતિમ રવિવાર.

**2. પુસ્તક વિમોચન : DMKના વડા, તામિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિનની આત્મકથા 'ઉંગાલિલ ઓરુવન'(તમારામાંથી એક)નું વિમોચન**



**આત્મકથા બે ભાગમાં**

- ✓ આત્મકથાના પહેલા ભાગમાં સ્ટાલિનના 1976 સુધીના સંઘર્ષ વિશે જણાવાયું છે. તેમણે વિદ્યાર્થી નેતા તરીકે રાજકારણમાં પોતાના પ્રવેશ, પેરિયાર, સી. એન. અન્નાદુરઇ તથા પોતાના પિતા કરુણાનિધિ જેવા નેતાઓના માધ્યમથી શીખેલા રાજકારણ અને સમાજસેવાના પાઠનો ઉલ્લેખ કર્યો છે.
- ✓ પુસ્તકમાં તામિલનાડુના મુખ્યમંત્રીએ પેરિયાર, અન્નાદુરઇ અને કરુણાનિધિ સહિત દ્રવિડ આંદોલનના સંસ્થાપક નેતાઓએ કરેલા સંઘર્ષનો પણ ઉલ્લેખ કર્યો છે. કટોકટી દરમિયાન સ્ટાલિનની 'મીસા' હેઠળ કરાયેલી અટકાયતનો પણ ઉલ્લેખ છે. ડીએમકેના જણાવ્યાનુસાર આત્મકથાનો બીજો ભાગ વર્ષના અંતમાં આવી શકે.

**3. ભાષા પ્રમાણપત્ર સેલ્ફી અભિયાન : શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર**

**અભિયાનનો હેતુ :**

- ✓ સાંસ્કૃતિક વિવિધતાને, બહુભાષાવાદને અને અને એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને પ્રોત્સાહન આપવા.

**અભિયાનનો વિશે :**

- ✓ શિક્ષણ મંત્રાલય અને MyGov India દ્વારા વિકસિત ભાષા સંગમ મોબાઇલ એપ્લિકેશનને પ્રોત્સાહન આપવા.
- ✓ એપ્લિકેશનનો ઉપયોગ કરીને, લોકો 22 જેટલી ભારતીય ભાષાઓમાં દૈનિક ઉપયોગના 100+ વાક્યો શીખી શકે છે.
- ✓ એક ભારત શ્રેષ્ઠ ભારતના નેજા હેઠળ આ પહેલ લોકો ભારતીય ભાષાઓમાં મૂળભૂત વાર્તાલાપ કૌશલ્ય પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવાનો ઉદ્દેશ્ય હશે. આને હાંસલ કરવા માટે, 75 લાખ લોકો મૂળભૂત વાર્તાલાપ કૌશલ્ય પ્રાપ્ત કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.
- ✓ **'ભાષા પ્રમાણપત્ર સેલ્ફી' પહેલ લોકોને #BhashaCertificateSelfie હેશટેગનો** ઉપયોગ કરીને તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સમાંથી પ્રમાણપત્ર સાથે તેમની સેલ્ફી અપલોડ કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે.
- ✓ સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતી નિમિત્તે દર વર્ષે 31 ઓક્ટોબરે ઉજવવામાં આવતા રાષ્ટ્રીય એકતા દિવસની યાદમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા ભાષા સંગમ મોબાઇલ એપ લોન્ચ કરવામાં આવી હતી.

**4. રશિયા-યુક્રેન સંકટ : US, UK, કેનેડાએ રશિયાની બેન્કોને ગ્લોબલ પેમેન્ટ SWIFT સિસ્ટમમાંથી બાકાત કરી**

- ✓ અમેરિકા, બ્રિટન, યુરોપ અને કેનેડાઓ યૂક્રેન પર આક્રમણ કરનાર રશિયા પર વધુ આકરાં આર્થિક પ્રતિબંધો લાદતા પગલાં લીધા છે. જે હેઠળ રશિયાની મુખ્ય બેન્કોને ગ્લોબલ પેમેન્ટ સિસ્ટમ SWIFT માંથી બાકાત કરવામાં આવી છે. રશિયાની સેન્ટ્રલ બેન્કની ઈન્ટરનેશનલ રિઝર્વ પર પણ પ્રતિબંધો આવી ગયા છે. આ ઉપરાંત બીજા આકરા પ્રતિબંધો લાદવા વિચારાઇ રહ્યું છે. યુએનની બેઠકમાં આ અંગે નિર્ણય લેવાશે.

**રશિયા ગ્લોબલ નાણાકીય સિસ્ટમમાંથી વૈશ્વિક ઇકોનોમીમાંથી બહાર**

- ✓ રશિયાને સામૂહિક રીતે ગ્લોબલ નાણાકીય સિસ્ટમ અને વૈશ્વિક ઇકોનોમીમાંથી બહાર કાઢવામાં આવ્યું છે.
- ✓ રશિયાને નાણાકીય રીતે અલગ પાડવામાં આવશે.
- ✓ આ પગલાંથી રશિયા વિશ્વનાં અનેક દેશોમાં પડેલા તેનાં 630 અબજ ડૉલરનો ઉપયોગ કરી શકશે નહીં અને તેનાં ચલણ રૂબલને ગગડતો અટકાવી શકશે નહીં.

**SWIFT સિસ્ટમ વિશે :**

- ✓ SWIFT એ એક પ્રકારની ગ્લોબલ પેમેન્ટ સિસ્ટમ છે જેમાં દરેક દેશની મુખ્ય બેન્કો અને અન્ય પસંદગીની બેન્કો જોડાયેલી હોય છે. SWIFT એ સોસાયટી ફોર વર્લ્ડવાઇડ ઇન્ટરબેન્ક ફાઇનાન્શિયલ ટેલિકોમ્યુનિકેશન્સ સિસ્ટમ છે. જે હેઠળ રેપિડ ક્રોસ બોર્ડર પેમેન્ટની સુવિધા મળે છે. આનાથી વિશ્વ વેપાર સરળ બને છે. દર વર્ષે ખર્વો ડૉલરનાં કારોબાર થાય છે.

**5. દિન વિશેષ : 27 ફેબ્રુઆરી**

**વર્લ્ડ NGO (નોન ગવર્મેન્ટલ ઓર્ગેનાઇઝશન) દિવસ**




**શા માટે વર્લ્ડ NGO દિવસ ઊજવાય છે ?**

- ✓ NGO એટલે 'નોન ગવર્મેન્ટલ ઓર્ગેનાઇઝેશન', વિશ્વભરના લોકોને NGO સાથે જોડવા તેમજ તેઓની સેવાકીય પ્રવૃતિઓ વિશે લોકોને શિક્ષિત કરવા 27મી ફેબ્રુઆરીએ વિશ્વ એનજીઓ દિવસ ઉજવાય છે.
- ✓ આ દિવસે NGOના સ્થાપકો, સ્વંયસેવકો, સભ્યો અને સમર્થકોને યાદ કરવાની સાથે તેઓને યાદ કરવાની તક પૂરી પાડે છે.
- ✓ વર્લ્ડ એનજીઓ દિવસની ઉજવણીની શરૂઆત લંડનથી થઇ હતી. જે માર્સીસ લિઓર્સ સ્કેડમેનિસ દ્વારા ઉજવણી કરવાનો આરંભ કરાયો હતો.

**6. દિન વિશેષ : 27 ફેબ્રુઆરી**

**ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદ**

**જન્મ : 23 જૂલાઈ-1906 અવસાન : 27 ફેબ્રુઆરી-1931**




વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (27-02-2022)

**1.** ફેબ્રુઆરી-2022માં PM મોદી દ્વારા મન કી બાતની કેટલામી આવૃતિ યોજાઇ

(A) 90 (B) 88 **(C) 86** (D) 84

**2.** મન કી બાત દર મહિનાના ક્યા રવિવારે યોજાઇ છે

(A) પ્રથમ રવિવાર (B) બીજો રવિવાર

(C) ત્રીજો રવિવાર **(D) અંતિમ રવિવાર**

**3.** ફેબ્રુઆરી-2022માં વિમોચન કરાયેલ 'ઉંગાલિલ ઓરુવન'(તમારામાંથી એક) આત્મકથા દક્ષિણ ભારતના ક્યા મુખ્યમંત્રીની છે

**(A) તામિલનાડુના CM એમ. કે. સ્ટાલિન**

(B) કર્ણાટકના CM બસવરાજ બોમાઇ

(C) તેલંગાણાના CM ટી.એન.રાવ

(D) કેરળના CM પી. વિજયન

**4.** માતૃભાષાને પ્રોત્સાહન આપવા કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા કયુ વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે

**(A) ભાષા પ્રમાણપત્ર સેલ્ફી અભિયાન**

(B) મારી ભાષા અભિયાન

(C) એક ભાષા શ્રેષ્ઠ ભાષા અભિયાન

(D) ભાષા સંગમ અભિયાન

**5.** રશિયા-યુક્રેન સંકટ વચ્ચે ક્યા દેશોએ રશિયાની બેન્કોને ગ્લોબલ પેમેન્ટ સિસ્ટમ સોસાયટી ફોર વર્લ્ડવાઇડ ઇન્ટરબેન્ક ફાઇનાન્શિયલ ટેલિકોમ્યુનિકેશન્સ (SWIFT)માંથી બાકાત કરી

(A) US (B) કેનેડા (C) UK **(D) ઉપરોક્ત તમામ**

**6.** વર્લ્ડ NGO (નોન ગર્વમેન્ટલ ઓર્ગેનાઈઝેશન) દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 24 ફેબ્રુઆરી (B) તા. 25 ફેબ્રુઆરી

(C) તા. 26 ફેબ્રુઆરી **(D) તા. 27 ફેબ્રુઆરી**

**7.** વર્લ્ડ એનજીઓ દિવસની ઉજવણીની શરૂઆત ક્યા શહેરમાંથી થઇ હતી

(A) ટોક્યો **(B) લંડન** (C) જિનિવા (D) બેઈજિંગ

**8.** ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદની પૂણ્યતિથિ જણાવો

(A) તા. 25 ફેબ્રુઆરી-1933 (B) તા. 26 ફેબ્રુઆરી-1932

**(C) તા. 27 ફેબ્રુઆરી-1931** (D) તા. 28 ફેબ્રુઆરી-1930

## DATE : 28-02-2022

**1. ત્રિપક્ષીય સમજૂતી કરાર :**

**કેન્દ્ર અને રાજ્ય સાથે તાતા કંપની દ્વારા સ્થપાનાર ઈન્ડિયન ઈન્સ્ટિ. ઓફ સ્કિલ્સ માટે કરાર-ગાંધીનગર**

**કરારની વિગત :**

- ✓ તાતા જૂથ દ્વારા કેન્દ્ર સરકારના સ્કિલ ઈન્ડિયા મિશન હેઠળ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ મંત્રાલયના સહયોગથી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સની સ્થાપના કરાશે.

**ઈન્ડિયન ઈન્સ્ટિ. ઓફ સ્કિલ્સ વિશે :**

- ✓ ગુજરાત સરકારે પણ આ ઇન્સ્ટિટ્યૂટ માટે ગાંધીનગર જિલ્લાના નાસ્મેદ ખાતે 20 એકર જમીન ફાળવીને સહયોગ કર્યો છે.
- ✓ આઇઆઇટીની માફક જ આઇઆઇએસની સ્થાપના થશે, જેમાં યુવા વર્ગને રોજગાર માટે નવી ટેકનોલોજી સાથે અત્યાધુનિક તાલીમ પૂરી પાડવામાં આવશે.
- ✓ **શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગ-મંત્રી : શ્રી બ્રિજેશ મેરજા**

**2. નિમણૂક : SEBIના ચેરપર્સન તરીકે માધબી પુરી બૂચ સેબીતાની નિયુક્તિ**

**IIM અમદાવાદ પાસઆઉટ માધબી પુરી બૂચ સેબીતા SEBIના પ્રથમ મહિલા ચેરપર્સન બન્યાં**

- ✓ **તેઓ સેબીના ચેરમેન અજય ત્યાગીનું સ્થાન લેશે.**

**માધવીપુરી બુચની કારકિર્દી :**

- ✓ તેમણે IIM અમદાવાદમાંથી મેનેજમેન્ટની ડિગ્રી મેળવી છે.
- ✓ તેઓ નવી દિલ્હી સ્થિત સેન્ટ સ્ટીફન કોલેજના મેથેમેટિક્સ ગ્રેજ્યુએટ છે.
- ✓ તેઓ ફાયનાન્સિયલ માર્કેટમાં 30 વર્ષનો અનુભવ ધરાવે છે.
- ✓ તેમણે 1989માં ICICI બેન્કથી કરિયરની શરૂઆત કરી હતી.
- ✓ બૂચ ફેબ્રુઆરી વર્ષ 2009થી મે 2011 દરમિયાન ICICI બેન્કની એમડી અને સીઈઓ રહી ચૂકી છે.
- ✓ ICICI સિક્યોરિટીઝની ભૂતપૂર્વ લીડર બૂચ વર્ષ 2017થી 2021 વચ્ચે સેબીના ફુલટાઇમ સભ્ય તરીકે પણ કામ કરી ચૂક્યા છે.
- ✓ તે પછી સિંગાપોરમાં ગ્રેટર પેસિફિક કેપિટલમાં મોટી ભૂમિકા ભજવી હતી.

**સેબીના વડાની પસંદગીની પ્રક્રિયા :**

- ✓ સેબીના વડાની નિમણૂક પ્રક્રિયા અનુસાર કેબિનેટ સચિવના વડપણ હેઠળની ફાયનાન્સિયલ સેક્ટર રેગ્યુલેટરી અપોઇન્ટમેન્ટ સર્ચ કમિટિ દ્વારા શોર્ટલિસ્ટ કરવામાં આવે છે.
- ✓ આ પેનલ અરજીઓને શોર્ટલિસ્ટ કરવાની સાથે અન્ય નામોની ભલામણ કરવાનો અધિકાર પણ ધરાવે છે.
- ✓ આ પેનલ વડાપ્રધાનના વડપણ હેઠળની કેબિનેટ કમિટિને નામની ભલામણ કરે છે.

**SEBI : સિક્યોરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા, મુંબઈ**

**3. ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટર એટલે કે ઓક્ટોબર-ડિસેમ્બર વચ્ચે ભારતનો જીડીપી વૃદ્ધિ દર 5.4 ટકા- NSO**

- ✓ કોર ઈન્ડસ્ટ્રી ગ્રોથ રેટ ઘટીને 3.7%.
- ✓ સમગ્ર નાણાકીય વર્ષ 2021-22નો કુલ GDP 8.9 ટકા રહેવાનો અંદાજ




- ✓ **ભારતની ફિસ્કલ ડિફિસિટ જાન્યુઆરીમાં 1.5 લાખ કરોડ રૂપિયા રહી હતી જે ગત વર્ષે આ જ મહિના દરમિયાન રૂ. 75,500 કરોડ હતી**. આ સિવાય એપ્રિલ 2021થી જાન્યુઆરી 2022 સુધીમાં ભારતને ટેક્સ દ્વારા 15.47 કરોડ રૂપિયાની આવક થઈ હતી. આ દરમિયાન કુલ ખર્ચ 28 લાખ કરોડ રહ્યો હતો.

**ભારતનો ત્રિમાસિક વિકાસદર**

| ત્રિમાસિક | જીડીપી ગ્રોથ |
|---|---|
| એપ્રિલ થી જૂન-૧૯ | +૫.૨ ટકા |
| જુલાઈ થી સપ્ટેમ્બર-૧૯ | +૪.૪ ટકા |
| ઓક્ટોબર થી ડિસેમ્બર-૧૯ | +૪.૧ ટકા |
| જાન્યુઆરી થી માર્ચ-૨૦ | +૩.૧ ટકા |
| એપ્રિલ થી જૂન-૨૦ | -૨૪.૪ ટકા |
| જુલાઈ થી સપ્ટેમ્બર-૨૦ | -૭.૩ ટકા |
| ઓક્ટોબર થી ડિસેમ્બર-૨૦ | +૦.૪ ટકા |
| જાન્યુઆરી થી માર્ચ-૨૧ | +૧.૬ ટકા |
| એપ્રિલ થી જૂન-૨૧ | +૨૦.૧ ટકા |
| જુલાઈ થી સપ્ટેમ્બર-૨૧ | +૮.૪ ટકા |
| ઓક્ટોબર થી ડિસેમ્બર-૨૧ | +૫.૪ ટકા |

- ✓ **NSO : નેશનલ સ્ટેટિક્લ ઓફિસ-નવી દિલ્હી**

**4. રશિયા-યુક્રેન સંકટ : ચેચેન ફોર્સ**

**ચેચેન ફોર્સ વિશે :**

- ✓ ચેચેન ફોર્સ દક્ષિણ રશિયામાં આવેલા નાનકડા દેશ ચેચેન્યાના ફેડરલ ગાર્ડ સર્વિસની દક્ષિણ બટાલિયનના લડવૈયાઓ છે. જે હાલમાં રશિયન ફેડરેશનનો હિસ્સો છે. તેમાં હજારો લડવૈયા તૈયાર કરવામાં આવે છે.

- ✓ આ લડવૈયાઓ મોટાભાગે જંગલમાં જ રહે છે અને પોતાની ક્રૂરતા માટે જાણીતા છે.
- ✓ રશિયન પ્રેસિડેન્ટે આ લડવૈયાઓને યૂક્રેનમાં મનોવૈજ્ઞાનિક દબાણ વધારવા માટે મોકલ્યા છે.
- ✓ આ લડવૈયાને યૂક્રેનના પ્રેસિડેન્ટ વોલોદિમિર ઝેલેસ્કીને પકડવા અથવા તેની હત્યા કરવાનો આદેશ અપાયો છે.
- ✓ રશિયન ન્યૂઝ એજન્સીના દાવા અનુસાર યૂક્રેનમાં હાલમાં લગભગ 12 હજાર ચેચેન લડવૈયા હાજર છે અને તેઓ પુતિનના આદેશનું પાલન કરી રહ્યા છે.

**5. દિન વિશેષ : રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ :**

**28 ફેબ્રુઆરી**

**નોબેલ પ્રાઈઝ વિજેતા ડૉ. સી.વી. રામનનો જન્મદિવસ**

- ✓ **થીમ-2022 :** "Integrated Approach in Science and Technology for Sustainable Future."




**રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ વિશે :**

- ✓ ઈ.સ. 1930માં નોબલ પ્રાઈઝ મેળવનારા એશિયાના સૌપ્રથમ ભારતીય વિજ્ઞાની સી.વી. રામનની યાદમાં દેશમાં દર વર્ષે 28મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**(2) દિન વિશેષ : 28 ફેબ્રુઆરી**

**વર્લ્ડ ટેઈલર ડે**




**6. દિન વિશેષ : 29 ફેબ્રુઆરી**

**ગુજરાતી અને ભારતના પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈનો જન્મ દિવસ**



- ✓ **જન્મ : 29 ફેબ્રુઆરી 1896    અવસાન : 10 એપ્રિલ 1995**
- ✓ **જન્મ સ્થળ : ભડેલી (વલસાડ)**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (28-02-2022)

**1.** ફેબ્રુઆરી-2022માં કેન્દ્ર અને ગુજરાત સરકારે કઈ કંપની દ્વારા સ્થપાનાર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સ માટે ગાંધીનગર ખાતે ત્રિપક્ષીય કરાર કર્યા

(A) વિપ્રો કંપની    **(B) તાતા કંપની**

(C) ઇન્ફોસિસ કંપની    (D) રિલાયન્સ કંપની

**2.** SEBIના ચેરપર્સન તરીકે ફેબ્રુઆરી-2022માં IIM અમદાવાદમાંથી પાસઆઉટ થયેલા કઈ મહિલાની સૌપ્રથમ નિયુક્તિ કરાઈ

(A) ડૉ. એસ. અપર્ણા    (B) શિખા શર્મા

**(C) માધબી પુરી બૂચ સેબીતા**    (D) અરુંધતી ભટ્ટાચાર્ય

**3.** નેશનલ સ્ટેટિક્લ ઓફિસ(NSO) મુજબ ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટર એટલે કે ઓક્ટોબર-ડિસેમ્બર વચ્ચે ભારતનો જીડીપી વૃદ્ધિ દર કેટલા ટકા રહ્યો

(A) 5.1 ટકા    (B) 5.2 ટકા    (C) 5.3 ટકા    **(D) 5.4 ટકા**

**4.** સમગ્ર નાણાકીય વર્ષ 2021-22નો કુલ GDP કેટલા ટકા રહેવાનો અંદાજ NSO દ્વારા અપાયો છે

**(A) 8.9 ટકા**    (B) 9.1 ટકા    (C) 9.5 ટકા    (D) 9.8 ટકા

**5.** રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન ચર્ચામાં આવેલા ચેચેન ફોર્સ સંદર્ભે નીચેનામાંથી ક્યુ વિધાન યોગ્ય નથી

(A) દક્ષિણ રશિયામાં આવેલા નાનકડા દેશ ચેચેન્યાના ફેડરલ ગાર્ડ સર્વિસની દક્ષિણ બટાલિયનના લડવૈયાઓ

(B) ચેચેન્યા હાલમાં રશિયન ફેડરેશનનો હિસ્સો

**(C) આ લડવૈયાઓ મોટાભાગે શહેરી વિસ્તારમાં જાણીતા**

(D) આ લડવૈયાને યૂક્રેનના પ્રેસિડેન્ટ વોલોદિમિર ઝેલેસ્કીને પકડવા અથવા તેની હત્યા કરવાનો આદેશ અપાયાના અહેવાલ

**6.** રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ-2022 માટે નીચેનામાંથી કઈ થીમ નક્કી કરાઈ છે

(A) Integrated Advance in Science and Technology for Sustainable Future

**(B) Integrated Approach in Science and Technology for Sustainable Future**

(C) Indian Approach in Science and Technology for Sustainable Future

(D) Integrated Approach in Science and Technology for Sustainable world

**7.** દર વર્ષે ડૉ. સી.વી.રામનના જન્મદિવસની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 21 ફેબ્રુઆરી    (B) તા. 25 ફેબ્રુઆરી

**(C) તા. 28 ફેબ્રુઆરી**    (D) તા. 29 ફેબ્રુઆરી

**8.** વર્લ્ડ ટેઈલર ડે ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 24 ફેબ્રુઆરી    (B) તા. 25 ફેબ્રુઆરી

(C) તા. 26 ફેબ્રુઆરી    **(D) તા. 28 ફેબ્રુઆરી**

**9.** ગુજરાતી અને ભારતના પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા. 27 ફેબ્રુઆરી 1844 તથા ભડેલી (સુરત)

(B) તા. 28 ફેબ્રુઆરી 1869 તથા ભડેલી (દમણ)

**(C) તા. 29 ફેબ્રુઆરી 1896 તથા ભડેલી (વલસાડ)**

(D) તા. 28 ફેબ્રુઆરી 1895 તથા ભડેલી (નવસારી)

**...........વંદે માતરમ્..........**



વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.
GPSC (1/2)
Dy.S.O. / નાયબ મામલતદાર
PSI / ASI / Constable
TET / TAT / HTAT
ક્લાર્ક / તલાટી
સંસ્થાની વિશેષતા :
નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાકંન
OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
લાયબ્રેરીની સુવિધા
ગુણવત્તાસભર મટિરિયલ્સ
દરેક વિદ્યાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.
જનરલ નોલેજ-1
જનરલ નોલેજ-2
જનરલ નોલેજ-3
ગુજરાતી વ્યાકરણ
ગુજરાતી સાહિત્ય
ગુજરાતની ભૂગોળ
રીઝનીંગ
(તાર્કિક બુદ્ધિ કસોટીઓ)
॥ સુગણિતમ્ ॥
અંગ્રેજી વ્યાકરણ
ભારતનું સંવિધાન
ભારતનો ઈતિહાસ
ગુજરાતનો ઈતિહાસ
ભારતીય કાયદો
વિજ્ઞાન અને ટેક્નોલોજી
વિવેકાનંદ એકેડમી
700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.
M:9925698721 | 8490927713
ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી